જણાવવામાં આવી છે—૧. યુક્તાહારવિહાર, ૨. શરીર નિર્વાહને માટે ઉચિત ચેષ્ટા, ૩. યથાયોગ્ય સૂવું અને ૪. યથાયોગ્ય જાગવું. પહેલા વિભાગમાં શરીરને સશક્ત અને સ્વસ્થ રાખવાને માટે શૌચ, સ્નાન, ફરવું, વ્યાયામ, ખાન-પાન, ઔષધ-સેવન વગેરે ચેષ્ટાઓ સામેલ છે. બીજો વિભાગ છે—આજીવિકા પેદા કરવાને માટે; જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વગેરેને માટે પોતપોતાના વર્ણ-ધર્મના અનુસાર ન્યાયયુક્ત કર્તવ્યકર્મોનું પાલન કરવાનું બતાવવામાં આવ્યું છે. ત્રીજો વિભાગ છે—શયન કરવાને માટે, એમાં કોઈ ખાસ ઉલ્લેખનીય બાબત નથી. હવે ચોથો મુખ્ય વિભાગ છે—જાગવાનો. આ શ્લોકમાં 'અવબોધ'નો અર્થ તો રાત્રે છ કલાક સૂઈને અન્ય સમયમાં જાગતાં રહેવું અને તેમાં સવાર-સાંજ દિવસભરમાં છ કલાક સાધન કરવાનું છે. પરંતુ 'અવબોધ'થી અહીંયાં ખરેખર તો મોહનિદ્રાથી જાગીને પરમાત્માની પ્રાપ્તિ કરવાની બાબતને જ મુખ્ય માનવી જોઈએ. શ્રીશંકરાચાર્યજીએ પણ કહ્યું છે—**'जागर्ति को वा सदसद्विवेकी'**.

હવે આના પર વિચાર કરો. આપણી પાસે સમય છે ચોવીસ કલાક અને કામ છે ચાર. ત્યારે સરખા વિભાગ કરવાથી એકએક કાર્યને માટે છ-છ કલાક મળે છે. ઉપરોક્ત ચાર કામોમાં આહાર-વિહાર અને શયન—એ બન્ને તો ખરચના કામ છે અને વ્યાપાર તથા અવબોધ (સાધન કરવું)—એ બન્ને ઉપાર્જનનાં કામ છે. આ રીતે ખર્ચ અને ઉપાર્જનને માટે ક્રમશઃ બારબાર કલાક મળે છે. એમાં લગાડવાને માટે આપણી પાસે પૂંજી છે બે—એક સમય અને બીજું દ્રવ્ય, આમાં દ્રવ્ય તો લૌકિક પૂંજી છે અને સમય અલૌકિક પૂંજી છે. આહાર-વિહારમાં તો દ્રવ્યનો વ્યય થાય છે અને શયનમાં સમયનો. આવી રીતે આજીવિકા અને અવબોધ (સાધન કરવા)માં માત્ર સમયનો વ્યય થાય છે, પરંતુ અલૌકિક પૂંજીરૂપ સમયનો તો ચારેયમાં વ્યય થાય છે. હવે આપણે વિચારવું જોઈએ કે અલૌકિક પૂંજીનો ખર્ચ કરીને તો અલૌકિક લાભ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. સામાન્ય રીતે આહાર-વિહાર અને આજીવિકાના કાર્યથી આપણે લૌકિક લાભ જ ઉઠાવીએ છીએ તથા શયનમાં તો શ્રમ દૂર કરવાના સિવાય કોઈ ખાસ લાભની વાત દેખાતી જ નથી, પરંતુ એ બધાંય કર્મ જો નિષ્કામભાવથી કરવામાં આવે તો સર્વોત્તમ અલૌકિક લાભ પ્રદાન કરી શકે છે.

અહીંયાં એક વધારે વાત સમજવાની છે કે જો સાધન પણ સકામ-ભાવથી કરવામાં આવે છે તો તે સમય પણ લૌકિક લાભ જ આપવાવાળો થાય છે અને નિષ્કામભાવથી કરવાથી એ જ સાધન અલૌકિક લાભ દેવાવાળું થઈ જાય છે. તેથી આપણે બધાં જ કામ નિષ્કામભાવથી જ કરવાં જોઈએ.

અભિપ્રાય એ છે કે આપણે અવબોધ—મોહનિદ્રાથી જાગીને પરમાત્માની તરફ જ પોતાની બધી ક્રિયાઓનું લક્ષ્ય બનાવી લેવું જોઈએ. એનાથી આપણને જે હાલ સુધી ફક્ત સાંસારિક—લૌકિક લાભ જ થઈ રહ્યો હતો, તેની જગાએ અલૌકિક લાભ થવા લાગશે અને આ રીતે આપણે લૌકિક પૂંજીને પણ અલૌકિક પૂંજી બનાવી શકીશું.

એ વાત તો ઉપર કહેવાઈ ચુકી છે કે આહાર-વિહાર અને શયન—એ બન્ને ખર્ચનાં કામ છે, એમાં પણ આહાર-વિહારમાં તો દ્રવ્યનો ખર્ચ છે અને શયનમાં જીવનનો. આવી રીતે આજીવિકા અને અવબોધ—એ બન્ને ઉપાર્જનનાં કામ છે. આમાં આજીવિકામાં દ્રવ્યનું ઉપાર્જન થાય છે અને અવબોધમાં નિત્ય-જીવન (મોક્ષ)નું ઉપાર્જન. તેથી મનુષ્યને માટે જરૂરી છે કે નિત્ય-જીવનના ઉપાર્જનનો સમય જે અલૌકિક છે, દ્રવ્યોપાર્જનનાં સાધન—આજીવિકાના કાર્યમાં ન લગાડે, બલકે તેમાં પણ નિષ્કામભાવ અને પ્રભુસ્મૃતિને સામેલ કરીને તેને નિત્ય-જીવનના ઉપાર્જનનું સાધન બનાવી લેવું. શયનમાં જીવનનો ખર્ચ અને અવબોધમાં નિત્ય-જીવનનું ઉપાર્જન થાય છે. એટલા માટે જેટલું સંભવ હોય, દ્રવ્ય-ખર્ચના કારણભૂત આહાર-વિહારમાંથી અને જીવનના ખર્ચના કારણભૂત શયનમાંથી સમય કાઢીને નિષ્કામ-ભાવપૂર્વક દ્રવ્યોપાર્જનમાં તથા નિત્ય-જીવન—અવબોધ (સાધન કરવામાં) સમય લગાડવો.

ભાવ એ છે કે શૌચ-સ્નાન વગેરેમાં જો પાંચ કલાકથી કામ ચાલી જાય તો સાત કલાક નિષ્કામભાવપૂર્વક દ્રવ્યોપાર્જન વગેરે કર્મોમાં લગાડવા અને જો શૌચ-સ્નાન વગેરેમાં ચાર કલાકથી જ કામ ચાલી જાય તો આઠ કલાક નિષ્કામભાવથી દ્રવ્યોપાર્જનમાં લગાડવા. આવી રીતે સૂવામાં જો પાંચ કલાકથી જ કામ ચાલી જાય તો સાત કલાક ભજન-ધ્યાન, જપ, સ્વાધ્યાય-સત્સંગ, પૂજા-પાઠ વગેરે પારમાર્થિક સાધનમાં લગાડવા જોઈએ અને જો શયનમાં ચાર કલાકથી જ કામ નીકળી જાય તો આઠ કલાક ભજન-ધ્યાન વગેરેમાં અવશ્ય લગાડવા જોઈએ. તાત્પર્ય એ છે કે આવક વધારે અને ખર્ચ ઓછો થવો જોઈએ. અર્થાત્ બની શકે તેટલો સમય નિદ્રામાંથી કાઢીને ભજનમાં લગાડવામાં આવે અને ખાવા-પીવામાંથી સમય કાઢીને નિષ્કામ-ભાવપૂર્વકના જરૂરી કામકાજમાં લગાડવો જોઈએ.

કારણ કે કામકાજ કરવાના સમયે પણ જો નિષ્કામભાવ રાખીને ભગવદાજ્ઞાથી ન્યાયપૂર્વક કર્તવ્યપાલન કરવામાં આવે તો તે સમય પણ ભજનમાં જ ગયો છે, એવું માની શકાય છે તથા ખાવું-પીવું વગેરે માત્ર પ્રભુપ્રાપ્તિના ઉદ્દેશ્યથી જ કરવામાં આવે તો તે પણ એક રીતે ભજન જ છે તેમજ નિદ્રા પણ પ્રભુપ્રાપ્તિના ઉદ્દેશ્યથી લેવામાં આવે તો તે પણ ભજનમાં જ સામેલ થઈ શકે છે. એમાં પણ સાથે

સાથે ભગવાનના નામનો જપ અને સ્વરૂપનું ધ્યાન તો કરતાં રહેવું જ જોઈએ. આવી રીતે ઉદ્દેશ્ય એક બની જવાથી તમામ કાર્ય પ્રભુપ્રાપ્તિ કરાવવાવાળાં બની જાય છે.

જેમ કોઈ નદીના ઘણા મોટા પ્રવાહને પણ જ્યારે નહેરો કાઢીને અનેક શાખાઓના રૂપમાં અલગ કરી દેવામાં આવે છે, ત્યારે તે ઘણો મોટો પ્રવાહ પણ પોતાના એકમાત્ર અંતિમ લક્ષ્ય સમુદ્ર સુધી પહોંચી શકતો નથી અને જમીન પર જ અહીં-તહીં વિખરાઈને સમાઈ જાય છે; કિંતુ કોઈ નદીનો એક સાધારણ પ્રવાહ પણ જો પોતાના લક્ષ્ય સમુદ્રની તરફ એક રૂપથી વહેતો રહે છે તો બીજાં નાનાંનાનાં ઝરણાં વગેરેની અનેક શાખાઓના પ્રવાહ પણ તેમાં આવીને ભળતા રહે છે અને એ જ ઘણો મોટો પ્રવાહ બનીને પોતાના ગંતવ્ય લક્ષ્ય સમુદ્ર સુધી પહોંચી જાય છે.

આવી રીતે ઉદ્દેશ્ય અનેક હોવાથી એટલે કે કોઈ નક્કી કરેલું લક્ષ્ય ન હોવાથી યા માત્ર લૌકિક લક્ષ્ય હોવાથી મોટાં મોટાં કાર્ય અને પરિશ્રમ પણ વાસ્તવિક કાર્યની સિદ્ધિ નથી કરી શકતા, પરંતુ ધ્યેય એક અને કેવળ પારમાર્થિક હોવાથી સાધારણમાં સાધારણ ક્રિયાઓ પણ ઘણું કરી શકે છે, અર્થાત્ તેમનાથી પણ પ્રભુપ્રાપ્તિ થઈ શકે છે; કેમ કે જેનું લક્ષ્ય ભક્ત ધ્રુવની જેમ ધ્રુવ એટલે કે અટલ છે, તે જ નિર્વિઘ્નરૂપે અને જલદી સિદ્ધિ મેળવી શકે છે. તેના માર્ગમાં કોઈ પણ મુશ્કેલી, અડચણો નથી આવતી, જે આવે છે, તેઓ પણ મદદગાર જ બની જાય છે.

સંસારના મનુષ્યોને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે—દ્વેષી, પ્રેમી અને ઉદાસીન. ધ્રુવજીને તેમની સાથે દ્વેષ રાખવાવાળી માતા સુરુચિએ પણ એ જ ઉપદેશ દીધો કે આ પદને પ્રાપ્ત કરવાને માટે તું ભગવાન વિષ્ણુની આરાધના કર અને તેમને પ્રેમ કરવાવાળી માતા સુનીતિએ પણ એનું સમર્થન કર્યું તથા ઉદાસીન નારદજીએ પણ અંતે શ્રીવિષ્ણુ-ભક્તિનો જ ઉપદેશ આપ્યો. કહેવાનો અભિપ્રાય એ છે કે જેની સાધના, તપસ્યાનું લક્ષ્ય ધ્રુવ છે, અટલ છે, તેને માટે કોઈ બાધક નથી; દ્વેષી-પ્રેમી યા ઉદાસીન—બધા વિભિન્ન પ્રકારે તેના મદદગાર જ બની જાય છે.

પરંતુ હિરણ્યકશિપુની માફક જેનું લક્ષ્ય પારમાર્થિક નથી, તેની ક્રિયાઓ જોરદાર હોવા છતાં પણ વાસ્તવિક સિદ્ધિ આપી શકતી નથી. બ્રહ્માજીએ જાતે જણાવ્યું કે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ જેવી તપસ્યા સૃષ્ટિમાં હજુ સુધી કોઈએ નથી કરી. હજારો વર્ષ સુધી આવી કઠોર તપસ્યા કરવા છતાં પણ તેમનું લક્ષ્ય પારમાર્થિક ન હોવાથી વાસ્તવિક સિદ્ધિ નહિ થઈ—તેમના વિરોધી અને ઉદાસીન વ્યક્તિઓની તો વાત જ શું, સહાયક પણ છિન્ન-ભિન્ન થઈ ગયા.

તેથી મનુષ્યને માટે યોગ્ય છે કે પોતાનું લક્ષ્ય એક પરમાત્માને બનાવીને સાવધાનીની સાથે તત્પરતાપૂર્વક યથોક્ત રીતે કર્તવ્યકર્મ કરતા રહેવું. આમ કરવાથી તે અનાયાસે જ પરમ ધ્યેયની સિદ્ધિ કરી શકે છે. આવશ્યકતા છે સજાગ રહેવાની—સાવધાનીની. મનુષ્યે હરદમ જાગરૂક થઈને એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે મન, ઇન્દ્રિયો, અને શરીર વગેરેની ચેષ્ટાઓ ક્યાંક સંસારને કીમતી સમજીને ન થવા લાગે, અર્થાત્ સંસાર લક્ષ્ય ન બની જાય; આ રીતે હરદમ એક લક્ષ્યસિદ્ધિની જાગૃત કાયમ રહેવી જોઈએ.

લક્ષ્ય સ્થિર કરીને ચાલવાવાળાને માટે નીચે જણાવેલ બે બાબતોમાંથી કોઈ એકને સારી રીતે સમજી લેવાની અને સતત યાદ રાખવાની તો ઘણી જ આવશ્યકતા હોય છે. બન્ને રહે ત્યારે તો કહેવું જ શું છે. એક તો એ કે આપણે પહોંચવાનું ક્યાં છે, બીજી એ કે તેનો રસ્તો કયો છે. જેમ કે આપણે કોઈ પહાડ પર એક દેવમંદિરમાં જવાનું છે તો પહેલાં તેનું દિગ્દર્શન થઈ જાય કે ક્યાં જવાનું છે તો પછી આપણે તે દિશાની તરફ દૃષ્ટિ કરીને ચાલતા રહેવું અથવા મંદિર ન દેખાવા છતાં પણ આપણને ફક્ત રસ્તો મળી જાય કે આ રસ્તે આ રીતે પહાડ પર આવેલા દેવમંદિરમાં પહોંચી શકાય છે તો આપણે માત્ર રસ્તાના આધારે જ ચાલી શકીએ છીએ.

પહેલાં લક્ષ્યના સ્વરૂપને સમજવું જોઈએ કે પરમાત્માની પ્રાપ્તિ શું છે. ભગવાને ગીતામાં જણાવ્યું છે—

યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।
યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥

(૬ । ૨૨)

અર્થાત્ તેની પ્રાપ્તિ થવાથી તેનાથી વધીને અન્ય કોઈ લાભ થાય છે, એવી માન્યતા તેના મનમાં રહી જ શકતી નથી અને તેમાં સ્થિત થઈ જવાથી ઘણું ભારે દુઃખ પણ તેને કદી વિચિલત કરી શકતું નથી, એટલે કે ગમે તેવું ભારે દુઃખ પણ કેમ ન આવે, આપણા પરમ આનંદમાં કદી કમી આવી શકતી જ નથી, તો પછી દુઃખ તો ત્યાં રહી જ કેવી રીતે શકે છે ? દુઃખનો તો ત્યાં આરંભ જ નથી થઈ શકતો, કેમ કે સુખમાં કમી આવવાથી જ દુઃખના આવવાની ગુંજાશ રહે છે અને સુખની કદી જરા પણ કમી ત્યાં રહેતી નથી. એ સ્થિતિમાં હરદમ એકરસ સમતા કાયમ રહે છે, રાગ-દ્વેષ, હર્ષ-શોક, ચિંતા-ભય-ઉદ્વેગ વગેરે ભાવ અંતઃકરણમાં કદી થઈ શકતા જ નથી. કર્મ, ક્લેશ, વિકાર, અજ્ઞાન, સંશય, ભ્રમ વગેરે દુઃખ અને દુઃખોનાં કારણોનો સદાને માટે વિનાશ થઈ જાય છે. આ છે વસ્તુસ્થિતિ; આ જ

પ્રાપ્તવ્ય છે અને આ જ ગંતવ્ય લક્ષ્ય છે.

બીજો છે માર્ગ. માર્ગ શું છે ? આપણે કોઈ પણ કામ કરીએ, તે શાસ્ત્રવિહિત અને આપણે માટે વિશેષરૂપે નક્કી કરેલું હોવું જોઈએ. એ કામને રાગ-દ્વેષ રહિત થઈને ભગવદાજ્ઞા માનીને કેવળ પ્રભુપ્રીત્યર્થે પ્રભુચિંતન કરતા રહીને નિષ્કામભાવથી તત્પરતાપૂર્વક કરતા રહેવું.

લક્ષ્ય અને માર્ગ સ્થિર કરી લેવા છતાં પણ સાધકને માટે એક ઘણી અગત્યની આવશ્યકતા છે—ભગવાન પર ભરોસો રાખવાની. હૃદયમાં સુદૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે 'મારું તે કાર્ય જરૂર સફળ થશે, કેમ કે મારા પર ભગવાનની ઘણી ભારે કૃપા છે.' ભગવાનના માર્ગ પર ચાલવાવાળાને માટે ઘણા ભારે આશ્વાસનની વાત એ છે કે આમાં ખોટ (હાનિ) તો કદી જ થતી જ નથી.

તુલસી સીતારામ કહુ દૃઢ રાખહુ બિસ્વાસ ।
કબહૂઁ બિગરે ના સુને રામચન્દ્ર કે દાસ ॥

એટલા માટે આપણે પરમાત્માની પ્રાપ્તિના માર્ગની તરફ ઘણા જોરથી ઉત્સાહપૂર્વક લાગી જવું જોઈએ, કેમ કે સમય છે ઘણો થોડો અને કામ છે ઘણું વધારે. સંસારના ભોગોનો તો કોઈ અંત જ નથી—

દુનિયા કે જો મજે હૈં હરગિજ ભી કમ ન હોંગે ।
ચરચે યહી રહેંગે અફસોસ હમ ન હોંગે ॥

—ત્યારે પછી આપણું કોણ હશે ? તેટલા માટે—

તૂર્ણં યતેત ન પતેદનુમૃત્યુ યાવ-
ન્નિઃશ્રેયસાય વિષયઃ ખલુ સર્વતઃ સ્યાત્ ॥

'કલ્યાણને માટે અતિશીઘ્ર યત્ન કરવા અને મૃત્યુ સુધી ક્યાંય પણ માર્ગથી ચ્યુત ન થઈએ. આના માટે સદા સાવધાન રહેવું; કેમ કે વિષય-પદાર્થ તો સર્વત્ર જ મળી રહે છે.'

આ ભગવદ્વાક્યના મુજબ શીઘ્રતા કરવી જોઈએ; કેમ કે બીજી બધી વસ્તુઓ અને બાબતો તો બધી જગ્યાએ મળી જશે, પણ ભગવત્પ્રાપ્તિનો સુઅવસર તો માત્ર આ માનવ-શરીરમાં જ છે.

શ્રીભર્તૃહરિજીએ કહ્યું છે—

યાવત્ સ્વસ્થમિદં કલેવરગૃહં યાવચ્ચ દુરે જરા
યાવચ્ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ ક્ષયો નાયુષઃ ।
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્
પ્રોદીપ્તે ભવને તુ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદૃશઃ ॥

'જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે અને જ્યાં સુધી વૃદ્ધાવસ્થા દૂર છે તથા જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ નષ્ટ નથી થઈ તેમજ જ્યાં સુધી આયુનો ક્ષય નથી થયો, ત્યાં સુધી સમજુ મનુષ્યે આત્મકલ્યાણને માટે મહાન પ્રયત્ન કરી લેવા જોઈએ; નહિતર ઘરમાં આગ લાગી જાય ત્યારે કૂવો ખોદવાને માટે મહેનત કરવાથી શું લાભ ?'

****

વૈરાગ્ય

તપસામપિ સર્વેષાં વૈરાગ્યં પરમં તપઃ ।

યજ્ઞ, દાન, યોગ, તીર્થ, વ્રત, સ્વાધ્યાય વગેરે પુણ્ય કર્મરૂપ બધાં જ પ્રકારની તપસ્યાઓમાં વૈરાગ્ય પરમ તપ છે. કેમ કે બીજાબીજા ધાર્મિક કાર્ય (તપ) સકામભાવથી કરવાથી તેમના દ્વારા સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ થાય છે અને નિષ્કામભાવથી કરવાથી જ તેઓ પરમાત્માની પ્રાપ્તિનાં સાધન બને છે, પરંતુ વૈરાગ્ય તો નિષ્કામભાવથી જ થાય છે. સકામભાવ અને વૈરાગ્ય—બન્ને એક જગાએ રહી જ કેવી રીતે શકે છે ? તેથી પારમાર્થિક સાધકને માટે એક વૈરાગ્ય જ ઘણો જરૂરી અને પરમ ઉપયોગી છે. જ્યાં સુધી વૈરાગ્ય નથી, ત્યાં સુધી ચાહે જેટલી ડિંગ મારીએ, તેનાથી કોઈ પણ આધ્યાત્મિક કાર્ય સિદ્ધ થતું નથી. બીજી તરફ જો આપણને વાતો કરવાનું નથી આવડતું; જ્ઞાનયોગ તથા હઠયોગની યુક્તિઓ પણ આપણે નથી જાણતા; તોપણ માત્ર વૈરાગ્ય થવાથી ધ્યાન વગેરે સાધન સરળતાથી આપમેળે થવા લાગે છે, ધ્યાન વગેરેની યુક્તિઓ શીખ્યા વિના આપમેળે સ્ફુરિત થવા લાગે છે. જ્યાં સુધી સંસારના પદાર્થોમાં રાગ છે અને પ્રભુમાં પ્રેમ નથી, ત્યાં સુધી વૈરાગ્ય નથી. વૈરાગ્ય નામ છે, સાંસારિક પદાર્થોમાં આંતરિક રાગના અભાવનું. બહારના વેશનું નામ વૈરાગ્ય નથી. વૈરાગ્ય ભીતરના ત્યાગના ભાવનો વાચક છે.

વૈરાગ્ય કેટલાય હેતુઓથી થાય છે—દુઃખથી, ભયથી, વિચારથી, સાધનથી અને પરમાત્મતત્ત્વના બોધથી. આ બધામાં શરૂશરૂના વૈરાગ્ય કરતાં પાછળ પાછળનો વૈરાગ્ય શ્રેષ્ઠ છે.

દુઃખથી થવાવાળો વૈરાગ્ય—ઘર, ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરેની અનુકૂળતા ન થવાથી તથા પરિસ્થિતિની પ્રતિકૂળતા પ્રાપ્ત થવાથી જે મનમાં સંસારના ત્યાગની કંટાળાભરી ભાવના થાય છે, તેને દુઃખથી થવાવાળો વૈરાગ્ય કહે છે. આ દુઃખથી થવાવાળો વૈરાગ્ય અસલી નથી; કેમ કે આપણને આરામ નહિ મળવો, ધુત્કાર મળવો, તિરસ્કાર મળવો યા મનમાની ચીજ નહિ મળી તો મનમાં ભાવ આવ્યો કે છોડો સંસારને, આમાં શું પડ્યું છે ? સંસારમાં તો કેવળ દુઃખ જ દુઃખ ભર્યું છે. આવી રીતનો વૈરાગ્ય તો બધાને થઈ શકે છે. કૂતરો પણ ઉગામેલી લાઠી જોઈને ભાગે છે, પોતાનો જાન બચાવે છે. તેથી તે યથાર્થ વૈરાગ્ય નથી. આમાં જે કંઈ કંટાળો છે અને અનુકૂળતાનું અનુસંધાન છે, તે વૈરાગ્ય નથી. તેમાં તો રાગ જ કારણ છે; કેમ કે

દુઃખનાં કારણ હટવાથી અર્થાત્ અનુકૂળતા પ્રાપ્ત થઈ જવાથી તે ત્યાગનો ભાવ રહેવો કઠણ છે. જો પ્રતિકૂળતા ન રહે, બધા કુટુંબીજનો મનને અનુકૂળ સેવા કરવા લાગે, તો પછી વૈરાગ્ય ભૂલાઈ જાય છે. એમાં કેવળ જે પદાર્થોને દુઃખનું કારણ સમજવાનો ભાવ છે, તે જ વૈરાગ્યનો અંશ છે. આ રીતે દુઃખના કારણે થવાવાળો વૈરાગ્ય યથાર્થ વૈરાગ્ય નથી, પરંતુ તે સમયે જો સંગ સારો મળી જાય તો તે જ વૈરાગ્ય વધારે વધીને આત્મોદ્ધારમાં કારણ બની શકે છે. એટલા માટે તેને પણ વૈરાગ્ય કહી શકીએ છીએ.

ભયથી થવાવાળો વૈરાગ્ય—દુઃખથી થવાવાળા વૈરાગ્ય કરતાં ભયથી થવાવાળો વૈરાગ્ય શ્રેષ્ઠ છે. સ્વાસ્થ્યનો ભય, રાજ્યનો ભય, સમાજનો ભય, માન-પ્રતિષ્ઠાનો ભય, જન્મ-મરણનો ભય અને નરકોનો ભય—આવા અનેક પ્રકારના ભયોથી થવાવાળા રાગના અભાવને 'ભયથી થવાવાળો વૈરાગ્ય' કહે છે.

ભોગોને ભોગવવાથી શરીર નબળું થાય છે, રોગ વધે છે, શક્તિ ઘટે છે, કાર્ય કરવાનું સાહસ નથી થતું—વગેરે વગેરે ક્લેશોના ભયથી ખાવા-પીવાની જે દરેક ચીજ અને સ્ત્રીસંગ વગેરે ભોગોથી મનનું હટવું છે તેમજ આવી રીતે રોગો વગેરે થઈ જવાથી તેની વૃદ્ધિ ન થઈ જાય; તેથી તેમાં કુપથ્યરૂપ ભોગોથી જે મનનું હટવું છે, આ 'સ્વાસ્થ્યનાશના ભયના કારણે થવાવાળો વૈરાગ્ય' છે.

દંડ, કેદ, ફાંસી વગેરેના ભયથી ચોરી, વ્યભિચાર, લૂંટફાટ, હિંસા વગેરે અત્યાચાર-અનાચારથી પ્રાપ્ત થવાવાળા ભોગોથી જે મનનું હટી જવું છે, આ 'રાજ્યભયથી થવાવાળો વૈરાગ્ય' છે.

જાતિ-બહિષ્કાર, આર્થિક ખર્ચ, છોકરા-છોકરીનાં લગ્નમાં કઠણાઈ, સમાજમાં બદનામી વગેરેના ભયથી જે જાતિના નિયમોનો ભંગ કરીને ભોગ ભોગવવાની ઇચ્છાનો ત્યાગ કરવાનો છે, આ 'સમાજ-ભયથી થવાવાળો વૈરાગ્ય' છે.

વેશ્યાગમન, મદિરપાન, હિંસા વગેરેથી કુલપરંપરાગત માનનો નાશ થશે તથા લોકો અમને તુચ્છ દૃષ્ટિથી જોશે—એવા વિચારથી લૌકિક મર્યાદાને છોડીને ભોગોના ઉપભોગના ત્યાગનો જે ભાવ છે, આ 'માન-પ્રતિષ્ઠાના ભયથી થવાવાળો વૈરાગ્ય' છે.

જન્મ-મરણનું મુખ્ય કારણ છે—પદાર્થ, ક્રિયા, ભાવ અને વ્યક્તિ વગેરેમાં આસક્ત રહેવું. તેથી આવા પદાર્થોનું ચિંતન થશે તો મરણના સમયે પણ એવાનું સ્મરણ થશે અને અંતકાળના સમયે થયેલા સ્મરણ અનુસાર જ આગળનો જન્મ થશે—આવા ભયથી પદાર્થ-ક્રિયા વગેરેમાં જે રાગનું ન રહેવું, આ 'જન્મ-મરણના ભયથી થવાવાળો વૈરાગ્ય' છે.

કામ, ક્રોધ, લોભ વગેરે વૃત્તિઓને વશ થઈને શાસ્ત્રથી વિરુદ્ધ પદાર્થોનું અન્યાયપૂર્વક સેવન કરવાથી વૈતરણી, અસિપત્રવન, લાલાભક્ષ્ય, રૌરવ, મહારૌરવ, કુમ્ભીપાક વગેરે નરકોની પ્રાપ્તિ થશે, ત્યાં અનેક ભયાનક કષ્ટ ભોગવવાં પડશે, અહીંયાંનાં વિષય-સુખ તો ક્ષણિક હશે પરંતુ એના પરિણામમાં પ્રાપ્ત થવાવાળી નરકની પીડા અત્યંત ભયાનક અને ઘણો સમય સુધી રહેવાવાળી હશે— આ ભયને કારણે મનના કામ-ક્રોધાદિથી હટવાને 'નરકોના ભયથી થવાવાળો વૈરાગ્ય' કહે છે.

આવી રીતે ભયથી થવાવાળા વૈરાગ્યના કેટલાંય રૂપ છે. એમાં નરકોના ભયથી થવાવાળો વૈરાગ્ય અન્ય ભયોથી થવાવાળા વૈરાગ્ય કરતાં સ્થાયી અને શ્રેષ્ઠ છે, પરંતુ આ પણ અસલી વૈરાગ્ય નથી. આમાં પણ પદાર્થોથી સૂક્ષ્મ રાગ છૂટ્યો નથી. કેવળ ભયના કારણે પદાર્થોથી મન હટ્યું છે—આ ભયથી થવાવાળો વૈરાગ્ય છે. ભય ન રહે તો આ વૈરાગ્યનું રહેવું પણ કઠણ છે.

વિચારથી થવાવાળો વૈરાગ્ય—ભયથી થવાવાળા વૈરાગ્ય કરતાં વિચાર—વિવેકથી થવાવાળો વૈરાગ્ય ઊંચો છે. વિચારનો અર્થ છે—સત્-અસત્, સાર-અસાર, હેય-ઉપાદેય અને કર્તવ્ય-અકર્તવ્ય વગેરેનો વિવેક. આ વિવેકથી જે અસત્, અસાર, હેય અને અકર્તવ્યનો મનથી પરિત્યાગ છે અર્થાત્ એમના તરફ મનના રાગનો જે અભાવ થઈ જવો છે, તેને વિચારથી થવાવાળો વૈરાગ્ય કહે છે. વિષય સેવન કરવાના પરિણામે વિષયોમાં રાગ-આસક્તિ વધે છે, જે દુઃખોનું કારણ છે અને વિષયોમાં ખરેખર સુખ છે પણ નહિ. કેવળ શરૂઆતમાં સુખ લાગે છે. ગીતામાં કહ્યું છે—

યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।
આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥
વિષયેન્દ્રિયસંયોગાદ્ યત્તદગ્રેઽમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્ સુખં રાજસં સ્મૃતમ્ ॥

(૫ । ૨૨, ૧૮ । ૩૮)

'જે ઇન્દ્રિયો અને વિષયોના સંયોગથી પેદા થવાવાળા બધા ભોગ છે, તેઓ જોકે વિષયી પુરુષોને સુખરૂપ ભાસે છે તોપણ દુઃખનાં જ કારણ છે અને આદિ-અંતવાળા એટલે કે અનિત્ય છે. એટલે હે અર્જુન ! બુદ્ધિમાન-વિવેકી પુરુષ તેમાં રમણ નથી કરતો.'

'જે સુખ વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી થાય છે, તે પહેલાં—ભોગકાળમાં અમૃતના તુલ્ય લાગવા છતાં પણ પરિણામમાં વિષના જેવું છે, એટલા માટે તે સુખ રાજસ કહેવામાં આવ્યું છે.'

વિષયોમાં સુખ હોત તો મોટામોટા ધનિક, ભોગી અને પદાધિકારીઓ પણ સુખી હોત. પણ વિચારપૂર્વક

જોવાથી માલૂમ પડે છે કે તેઓ પણ દુઃખી જ છે. પદાર્થોમાં શાંતિ છે જ નહિ, થઈ નથી, થશે નહિ, થઈ શકતી નથી. વિચારશીલ વ્યક્તિને તો કદમ-કદમ પર અનુભવ થાય છે કે એમનામાં સુખ નથી.

ચાખ ચાખ સબ છાડ઼िયા માયા-રસ ખારા હો ।
નામ-સુધારસ પીજિયે છિન બારંબારા હો ॥

જે જે ભોગ સુખ-બુદ્ધિથી ભોગવવામાં આવ્યા, તે તે ભોગોથી ધીરજ નાશ પામી, ધ્યાન નાશ પામ્યું, રોગ પેદા થયા, ચિંતા થઈ, વ્યગ્રતા થઈ, પશ્ચાતાપ થયો, બેઇજ્જતી થઈ, બળ ગયું, ધન ગયું, શાંતિ ગઈ તેમજ ઘણું કરીને દુઃખ-શોક-ઉદ્વેગ આવ્યા—આવું આ પરિણામ પ્રત્યક્ષ જોવામાં આવે છે. આનાથી માલૂમ પડે છે કે વિષયોમાં સુખ નથી. જેવી રીતે સ્વપ્નમાં પાણી પીઈએ છીએ, પણ તરસ મટતી નથી, એવી રીતે પદાર્થોથી ન તો શાંતિ મળે છે અને ન તો બળતરા મટે છે. મનુષ્ય વિચારે છે કે આટલું ધન થઈ જાય, આટલું ઐશ્વર્ય થઈ જાય તો શાંતિ મળશે. પરંતુ એટલું થઈ જવા છતાં પણ શાંતિ મળતી નથી, ઊલટું પદાર્થોના વધવાથી તેમની લાલસા ઘણી વધી જાય છે—**'જિમિ પ્રતિ લાભ લોભ અધિકાઈ'** ધન-પરિવાર થવાથી તેમના વધારે વધવાની લાલસા થાય છે. રાજ્ય થવાથી રાજ્ય વધારે વધી જાય, એ લાલસા થાય છે. આવી રીતે 'વધારે થઈ જાય', 'વધારે થઈ જાય'—આ ક્રમ ચાલતો જ રહે છે. પરંતુ સંસારમાં જેટલાં ધન-ધાન્ય છે, જેટલી સ્ત્રીઓ છે, જેટલી સામગ્રીઓ છે, તે બધેબધી એક સાથે **કોઈ** એક વ્યક્તિને મળી જાય તોપણ તેમનાથી તેને તૃપ્તિ નથી થઈ શકતી. શાસ્ત્રમાં કહ્યું છે—

યત્ પૃથિવ્યાં વ્રીહિયવં હિરણ્યં પશવઃ સ્ત્રિયઃ ।
એકસ્યાપિ ન પર્યાપ્તમિતિ મત્વા શમં વ્રજેત્ ॥

આનું કારણ એ છે કે જીવ પરમાત્માનો અંશ તથા ચેતન છે અને પદાર્થ પ્રાકૃત તથા જડ છે. ચેતનની ભૂખ જડ પદાર્થોથી કેવી રીતે મટી શકે છે. ભૂખ છે પેટમાં અને શીરો બાંધવામાં આવે પીઠ પર તો ભૂખ કેવી રીતે મટે. તરસ લાગવાથી ગરમાગરમ સારામાં સારો શીરો ખાવાથી પણ તરસ મટી શકતી નથી. ભૂખ્યા વ્યક્તિની ભૂખ ઠંડુ પાણી પીવાથી કેવી રીતે નિવૃત્ત થઈ શકે છે. આવી રીતે જીવને તરસ તો છે ચિન્મય પરમાત્માની, પરંતુ તે એ તરસને મટાડવા ચાહે છે જડ પદાર્થોથી ! આમાં મુખ્ય કારણ છે—અવિવેક ! જીવનો અવિવેક મટાડવામાં પદાર્થ સર્વથા અસમર્થ છે; તેથી તેઓ શાંતિ આપી શકતા નથી. ઊંધા રસ્તે ચાલવાથી પહોંચવાની જગાએ કેવી રીતે પહોંચીશું. ચાહે બ્રહ્માજીના આયુષ્યના સમય સુધી જીવ ઐશ્વર્યના સંગ્રહ અને ભોગોને ભોગવવામાં લાગેલો રહે તોપણ તેની ભૂખ કદી નથી મટી શકતી, તેને શાંતિ મળી શકતી નથી. શાંતિ તો ત્યારે જ મળશે, જ્યારે કામનાનો અત્યંત અભાવ થશે.

યચ્ચ કામસુખં લોકે યચ્ચ દિવ્યં મહત્ સુખમ્ ।
તૃષ્ણાક્ષયસુખસ્યૈતે નાર્હતઃ ષોડશીં કલામ્ ॥

'સંસારમાં ઇષ્ટ પદાર્થોના મળવાથી જે પણ સુખ થાય છે તથા જે સ્વર્ગીય મહાન સુખ છે, તે બધાં સુખ મળીને પણ તૃષ્ણા-નાશના સુખના સોળમા ભાગના બરાબર પણ નથી થઈ શકતાં.'

ન સુખં દેવરાજસ્ય ન સુખં ચક્રવર્તિનઃ ।
યત્ સુખં વીતરાગસ્ય મુનેરેકાન્તશીલિનઃ ॥

'એકાંતશીલ વીતરાગ મુનિને જે સુખ છે, તે સુખ ન તો ઇન્દ્રને છે, ન ચક્રવર્તી સમ્રાટને ય.' સંતોએ શું સુંદર કહ્યું છે—

ના સુખ કાજી પંડિતાં ના સુખ ભૂપ ભયાં ।
સુખ સહજાં હી આવસી તૃષ્ણા રોગ ગયાં ॥

'તૃષ્ણારૂપી રોગના ચાલ્યા જવાથી સુખ સહજ જ આવી જશે.' જ્યાં સુધી પદાર્થોની લોલુપતા છે, દાસતા છે, ત્યાં સુધી સુખ ક્યાં ? દાસતા, લોલુપતા, દીનતા નાબૂદ થવાથી જ સુખ થશે અને એ નાબૂદ થશે ચાહના ન રહેવાથી.

ચાહ ગયી ચિંતા મિટી મનુવા બેપરવાહ ।
જિનકો કછૂ ન ચાહિયે સો જગ શાહંશાહ ॥

જ્યાં સુધી ચાહના છે, ત્યાં સુધી ચિંતા નથી જતી અને ચિંતા નથી જતી, ત્યાં સુધી સુખ નથી થઈ શકતું.

પિંગલા નામની એક વેશ્યા હતી. તે ઘણી જાણીતી હતી. ઘણા ભોગી, ધનિક તેને ત્યાં આવ્યા કરતા હતા અને તેને ધન આપ્યા કરતા હતા, પણ એક દિવસ રાત્રે તે રાહ જોતી જ રહી ગઈ, પણ કોઈ ધન આપવાવાળું આવ્યું જ નહિ. આનાથી તે ઘણી ઉદ્વિગ્ન હતી. એટલામાં જ તેણે જોયું કે એક દત્તાત્રેયજી પોતાની મસ્તીમાં ફરતા ચાલ્યા આવી રહ્યા છે. તેમને જોઈને તે વિચારવા લાગી કે 'આ જનક રાજાની વિદેહનગરીમાં હું જ એવી મૂર્ખ છું, જે બીજા પુરુષોથી સુખ અને તૃપ્તિ ચાહું છું. તેઓ મને શું સુખ આપશે, મારી શું તૃપ્તિ કરશે. જો તેમની પાસે સુખ હોત અને મને સુખ આપી શકત તો મારી પાસે તેને લેવા શા માટે આવત ? જે પોતાની તરસ નથી છીપાવી શકતો તે બીજાની તરસને શું છીપાવશે. જે સ્વયં ટુકડાની પાછળ કૂતરાની જેમ સુખને માટે જગા જગાએ ભટકે છે, તે બીજાઓને શું સુખ આપશે ?' દત્તાત્રેયજીની મસ્તી જોઈને મનમાં આવા વિચાર આવ્યા અને તેને વૈરાગ્ય થઈ ગયો. તેણે વિચાર્યું—'અત્યાર સુધી મેં મોટી ભૂલ કરી, હવે હું મારો કીમતી સમય નષ્ટ નહિ કરીશ.' તેના વિષયમાં

શ્રીશુકદેવજીએ કહ્યું છે—

આશા હિ પરમં દુઃખં નૈરાશ્યં પરમં સુખમ્ ।
યથા સંછિદ્ય કાન્તાશાં સુખં સુષ્વાપ પિંગલા ॥

(શ્રીમદ્‌ભા૦ ૧૧। ૮ । ૪૪)

'આશા જ સૌથી મોટું દુઃખ અને નિરાશા જ સૌથી મોટું સુખ છે. પિંગલા વેશ્યાએ જ્યારે પુરુષની આશા છોડી દીધી, ત્યારે જ તે સુખથી સૂઈ શકી.'

ખરેખર આશા જ દુઃખો અને પાપોનું મૂળ છે. ગીતામાં અર્જુને ભગવાનને પ્રશ્ન કર્યો છે કે 'મનુષ્ય પાપ કરવા નથી ઇચ્છતો, છતાં પણ પરવશ થઈને કોની પ્રેરણાથી પાપ કરે છે ?' આના પર ભગવાને જવાબમાં કામનાને જ પાપનું કારણ બતાવ્યું. જેટલી વ્યક્તિઓ જેલમાં પડી છે, જેટલા નરકોની ભીષણ યાતના સહી રહ્યા છે અને જેમના ચિત્તમાં શોક, ઉદ્વેગ થઈ રહ્યા છે તથા જેઓ ન ઇચ્છવા છતાં પાપાચારમાં પ્રવૃત્ત થાય છે, એ બધામાં કારણ ભીતરની કામના જ છે. સંસારમાં જેટલા પણ દુઃખી છે, એ બધાનું કારણ એક કામના જ છે. કામના દરેક હાલતમાં દુઃખનો અનુભવ કરાવતી રહે છે—જેમ કે પુત્ર ન થવાથી પુત્ર થવાની લાલસાનું દુઃખ, જન્મવાથી તેના પાલન-પોષણ, વિદ્યાધ્યયન અને લગ્ન વગેરેની ચિંતાનું દુઃખ અને મરવાથી અભાવનું દુઃખ થાય છે. કામનાના રહેવાથી તો દરેક પરિસ્થિતિમાં દુઃખ જ થશે. તેથી જેવી રીતે આશા જ પરમ દુઃખ છે, એવી રીતે નિરાશા—વૈરાગ્ય જ પરમ સુખ છે. સ્ત્રી, પુત્ર, પરિવાર—બધા આજ્ઞાકારી મળી જાય, ત્યારે પણ સુખ નહિ થશે, સુખ તો એમની કામનાના પરિત્યાગથી જ થશે. આવો વિચાર કરીને પિંગલા પોતાની તમામ ધન-સંપત્તિને લૂંટાવીને વૈરાગ્યના નશામાં નીકળી જાય છે અને નિશ્ચય કરે છે કે હું પરમાત્માનું ભજન-ધ્યાન કરીશ અને પરમ સુખી થઈ જઈશ.

મૈવં સ્યુર્મન્દભાગ્યાયાઃ ક્લેશા નિર્વેદહેતવઃ ।
યેનાનુબન્ધં નિર્હૃત્ય પુરુષઃ શમમૃચ્છતિ ॥
તેનોપકૃતમાદાય શિરસા ગ્રામ્યસંગતાઃ ।
ત્યક્ત્વા દુરાશાઃ શરણં વ્રજામિ તમધીશ્વરમ્ ॥
સંતુષ્ટા શ્રદ્દધત્યેતદ્ યથાલાભેન જીવતી ।
વિહરામ્યમુનૈવાહમાત્મના રમણેન વૈ ॥

(શ્રીમદ્‌ભા૦ ૧૧ । ૮ । ૩૮—૪૦)

'(જરૂર મારા પર આજે ભગવાન પ્રસન્ન થયા છે) નહિ તો મારે અભાગણિને આવા ક્લેશ જ ઉઠાવવા ન પડત, જેનાથી 'વૈરાગ્ય' થાય છે. મનુષ્ય વૈરાગ્યના દ્વારા જ બધાં બંધનોને કાપીને શાંતિ-લાભ કરે છે. હવે હું ભગવાનનો આ ઉપકાર શિર ઝૂકાવીને સ્વીકારું છું અને વિષયભોગોની ખોટી આશા છોડીને એ પરમેશ્વરનું શરણું સ્વીકારું છું. હવે મને પ્રારબ્ધવશાત્ જે કંઈ મળી જશે, તેનાથી નિર્વાહ કરી લઈશ અને સંતોષ તથા શ્રદ્ધાથી રહીશ. હવે હું કોઈ બીજાની તરફ ન જોઈને મારા હૃદયેશ્વર આત્મસ્વરૂપ પ્રભુની સાથે જ વિહાર કરીશ.'

સુખ જો પદાર્થોમાં હોત તો રાજા-મહારાજા રાજ્યનો અને પદાર્થોનો ત્યાગ શા માટે કરત ? રાજા ભર્તૃહરિએ કહ્યું છે—

એકાકી નિઃસ્પૃહઃ શાન્તઃ પાણિપાત્રો દિગમ્બરઃ ।
કદ શમ્ભો ભવિષ્યામિ કર્મનિર્મૂલને ક્ષમઃ ॥

'એકલો, સ્પૃહારહિત, શાંતચિત્ત, કરપાત્રી અને દિગંબર થઈને હે શંભો ! હું ક્યારે મારાં કર્મોને નિર્મૂળ કરવામાં સમર્થ થઈશ.'

ભર્તૃહરિ બધાં કર્મોનું નિર્મૂલન એટલે કે અત્યંત અભાવ—એવી અવસ્થા માત્ર ઇચ્છતા જ હતા, એવી વાત નથી, તેઓ તેને પ્રાપ્ત કરીને જ રહ્યા. વ્યાકરણના નિયમોની તેમની કારિકાઓ (શ્લોક) જોવામાં આવે છે, તેમનું ઘણું સુંદર સાહિત્ય મળે છે. તેઓ વ્યાકરણ-સાહિત્ય વગેરેના પ્રકાંડ વિદ્વાન હતા અને અધ્યયન વગેરે જે કામમાં લાગ્યા, તેને તેમણે ઘણી તલ્લીનતાથી કર્યું. જ્યારે રાજ્યકાર્ય હાથમાં લીધું, ત્યારે તેને ઘણી તત્પરતાથી અને લગનીથી સંભાળતા રહ્યા. રાત્રે જાતે વેશ બદલીને ફરતા અને નિરીક્ષણ કરતા કે મારી પ્રજાને કોઈ કષ્ટ તો નથી ને. આવી રીતે પ્રજાનું પાલન પણ કર્યું. બધાં કામ કર્યાં, પણ કોઈ જગાએ ટક્યા નહિ, અટક્યા નહિ. પણ જ્યારે વૈરાગ્ય લઈ લીધો, ત્યારે પછી તેને છોડીને ક્યાંય ગયા નહિ. યોગ્ય જ છે—રહેવા યોગ્ય, રોકાવા યોગ્ય એક નિર્ભય સ્થાન તો વૈરાગ્ય જ છે. બીજા તો બધા જ ભય આપવાવાળા છે. સ્વયં ભર્તૃહરિજી કહે છે—

ભોગે રોગભયં કુલે ચ્યુતિભયં વિત્તે નૃપાલાદ્‌ભયં
માને દૈન્યભયં બલે રિપુભયં રૂપે જરાયા ભયમ્ ।
શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયં કાયે કૃતાન્તાદ્‌ભયં
સર્વં વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્યમેવાભયમ્ ॥

'ભોગોમાં રોગો વગેરેનો, કુળમાં પડવાનો, ધનમાં રાજાનો, માનમાં દીનતાનો, બળમાં શત્રુનો, રૂપમાં ઘડપણનો, શાસ્ત્રમાં વિવાદનો, ગુણમાં દુર્જનનો અને શરીરમાં મૃત્યુનો ભય સદા રહે છે. આ પૃથ્વીમાં મનુષ્યને માટે બધી જ વસ્તુઓ ભયથી ભરેલી છે. એક વૈરાગ્ય જ એવો છે, જે સર્વથા ભયરહિત છે !'

રાજા ભર્તૃહરિને પોતાની અગાઉની પરિસ્થિતિમાં કરેલાં કાર્યો પર તો પસ્તાવો જ થયો, અંતે સંતોષ તો વૈરાગ્યથી જ થયો. તેઓ કહે છે—

ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા-
સ્તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ ।
કાલો ન યાતો વયમેવ યાતા-
સ્તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥

'અમે ભોગોને નથી ભોગવ્યા, ભોગોએ જ અમને ભોગવી લીધા, અમને સમાપ્ત કરી દીધા.' સારા કુળમાં જન્મ થવાથી પણ તેનાથી પડવાનો ભય રહે છે. ધનવાનને પોતાના પુત્રથી પણ ભય લાગે છે, પછી રાજાથી ભય થાય, એમાં તો કહેવાનું જ શું હોય ! માનમાં દીનતાનો ભય રહેલો છે તો બળમાં શત્રુનો ભય પેદા થઈ જાય છે. ઘડપણનો ભય તો જાણીતો જ છે. એ અવસ્થામાં માણસ ત્રણ પગે ચાલે છે.

લકરી પકરી સુખરી કરમેં પગ પંથ પરે ન ભરે ડગ રી ।
નગરી તનરી સુપુરાનિ પરી, અબ લૂટત હૈ ભગરી બગરી ॥
ન થરી ભર બૈઠ ભજ્યો સુહરી કથ કૂર કરી જગરી સગરી ।
અબ રી બિરધાપન બાત બુરી સુ અરી સમ લાગત હૈ સુત રી ॥

એક સંત કહે છે—

જરા કુતી જોબન સસો કાલ અહેરી લાર ।
પાવ પલકમેં મારસી ગરબ્યો કહા ગૈંવાર ॥

ઘડપણ આવવાથી તે બળ, તે ઉત્સાહ, તે સાહસ ક્યાં ગયું !

શાસ્ત્રમાં વાદ-વિવાદનો મોટો ભય રહે છે. બીજી વ્યક્તિઓ કરતા તો ભણેલા-ગણેલાનો તાપ પણ વધારે હોય છે. ગામડિયાના માત્ર આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક—એ ત્રણ તાપ હોય છે, પણ ભણેલા-કરેલા વિદ્વાનના સાત તાપ હોય છે (૧) આધિભૌતિક (૨) આધિદૈવિક, (૩) આધ્યાત્મિક, (૪) અભ્યાસ (શાસ્ત્રનો અભ્યાસ), (૫) ભંગ (અપમાનનો ભય), (૬) વિસ્મૃતિ (ભૂલી ન જઉં–એની ચિંતા) અને (૭) ગર્વ (વિદ્વત્તાનું અભિમાન).

'ગુણે ખલભયમ્'—જ્યાં પરીક્ષક નથી, ગુણી નથી, ગુણગ્રાહી નથી, ત્યાં મૂર્ખોમાં અમારી કિંમત જ શું. એક ગવૈયા હતા. તે ઘણો સુંદર સિતાર લઈને રાજાની પાસે ગયા, પરંતુ રાજા મૂર્ખ હતો, સંગીતને શું સમજે ! આના પર કોઈક કવિએ કહ્યું—

રે ગાયક યે ગાયસુત તૂ જાનત પરબીન ।
યે ગાહક કડ઼બીન કે તૈં લીન્હીં કર બીન ॥

ગુણ કેટલાય હોય, પણ ગુણગ્રાહક નથી તો તેમને કોણ લેશે. ભર્તૃહરિ કહે છે—'અમારી પાસે ઘણી વિદ્યા હતી, પણ કોઈએ નહિ લીધી'—

બોદ્ધારો મત્સરગ્રસ્તાઃ પ્રભવઃ સ્મયદૂષિતાઃ ।
અબોધોપહતાશ્ચાન્યે જીર્ણમંગે સુભાષિતમ્ ॥

આવી રીતે એક કવિએ કહ્યું છે—

કૌન સુનૈ કાસોં કહૂઁ સુને તો સમુઝૈ નાહિં ।
કહના સુનના સમઝના મન હી કા મન માહિં ॥

'કાયે કૃતાન્તાદ્ભયમ્'—શરીરની પાછળ તો યમરાજ સદા લાગ જોતા રહે છે, કે ક્યારે કલવો કરવો—

ઈસ સ્વાસકા મૂઢ઼ વિશ્વાસ કહા પલ આવત હી રહ જાવતા હૈ ।
સબ પીર પૈગમ્બર ખાક મિલે તેરો કા અનુમાન ફુલાવતા હૈ ॥

મોટામોટા મહારાજા થઈ ગયા. હાલ તેમના મહેલોનાં તૂટેલાં-ફૂટેલાં ખંડિયેર પડ્યાં છે. તેમને જોવાથી મનમાં વૈરાગ્ય થાય છે, જે સર્વથા અભયપ્રદ છે. જેના હૃદયમાં વૈરાગ્ય છે, તેને શરીરના જવાનો ભય પણ નથી; પછી નાશવાન પદાર્થોના ચાલ્યા જવાનો તો ભય જ શું છે ! કેમ કે—

અવશ્યં યાતારશ્ચિરતરમુષિત્વાપિ વિષયા
વિયોગે કો ભેદસ્ત્યજતિ ન જનો યત્ સ્વયમમૂન્ ।
વ્રજન્તઃ સ્વાતન્ત્র્યાદતુલપરિતાપાય મનસઃ
સ્વયં ત્યક્તા હ્યેતે શમસુખમનન્તં વિદધતિ ॥

વિષય-પદાર્થ ચાહે લાંબા સમય સુધી રહે, પણ એક દિવસ તેઓ જરૂર જવાવાળા છે—ચાહે આપણે તેમનો ત્યાગ કરી દઈએ અથવા તેઓ આપણને ત્યાગી દે. તેમનો વિયોગ જરૂર થશે. પરંતુ સંસારી માનવી જાતે તેમનો ત્યાગ નથી કરતા. જ્યારે વિષય-પદાર્થ સ્વતંત્રતાથી તેમનો ત્યાગ કરે છે, ત્યારે તેમના મનને ઘણો સંતાપ થાય છે; પરંતુ જો તેઓ જાતે તેમનો ત્યાગ કરી દે તો તેમને અનંત સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે.

મનથી છોડી દેવાથી એ બધા જ પદાર્થ સુખ આપવાવાળા થઈ જશે. જેમ દસ રૂપિયા ચોરાઈ ગયા તો દુઃખ થાય છે, પણ પોતાની ઇચ્છાથી દાન આપી દીધા તો સુખ થાય છે, પરંતુ તેનાથી સંબંધ-વિચ્છેદમાં તો કોઈ ભેદ નથી.

કહા પરદેસીકી પ્રીતિ જાવતો બાર ન લાવૈ,
આત ન દેખ્યો જાત ન જાણ્યો ક્યા કહિયાં બણિ આવૈ । ૧ ।
જૈસે બાસ ફૂલન તેં બિછુરે માંહો માહિ સમાવૈ । ૨ ।
જૈસે સંગ સરાયકો દિન ઊગે ઉઠિ જાવૈ । ૩ ।
જૈમલદાસ અગમ રસ ઘટમેં, જો ખોજૈ સો પાવૈ । ૪ ।

—જવાવાળું હોય, તેને એક ધક્કો પોતાની તરફથી દઈએ અને કહી દઈએ કે જા, ચાલ્યું જા તો મોજ થઈ જાય!

એક જાટ દંપતી હતા. બન્નેમાં ખટપટ ચાલ્યા કરતી. જાટણી વારંવાર કહ્યા કરતી કે 'હું હવે તારા ઘેર નહિ રહીશ, ચાલી જઈશ'. જાટે વિચાર્યું—'હમેશાં લડાઈ કરે છે, અંતે તે જશે જ; છજ્જત પણ લેતી જશે.' આનાથી તો એને પહેલાં જ ત્યાગી દેવી સારું છે. એક દિવસ જ્યારે રાત્રે સ્ત્રીએ સ્પષ્ટ કહી દીધું કે 'કાલે સવારે હું ચાલી જ જઈશ,' ત્યારે જાટે રાત્રે પોતાની અટારીમાં ઊભા રહીને ગામવાળાઓને જોરથી જાહેરાત કરી દીધી કે 'હવે મને

'અમે ભોગોને નથી ભોગવ્યા, ભોગોએ જ અમને ભોગવી લીધા, અમને સમાપ્ત કરી દીધા.' સારા કુળમાં જન્મ થવાથી પણ તેનાથી પડવાનો ભય રહે છે. ધનવાનને પોતાના પુત્રથી પણ ભય લાગે છે, પછી રાજાથી ભય થાય, એમાં તો કહેવાનું જ શું હોય ! માનમાં દીનતાનો ભય રહેલો છે તો બળમાં શત્રુનો ભય પેદા થઈ જાય છે. ઘડપણનો ભય તો જાણીતો જ છે. એ અવસ્થામાં માણસ ત્રણ પગે ચાલે છે.

લકરી પકરી સુખરી કરમેં પગ પંથ પરે ન ભરે ડગ રી ।
નગરી તનરી સુપુરાનિ પરી, અબ લૂટત હે ભગરી બગરી ॥
ન ઘરી ભર બૈઠ ભજ્યો સુહરી કથ કૂર કરી જગરી સગરી ।
અબ રી બિરધાપન બાત બુરી સુ અરી સમ લાગત હે સુત રી ॥

એક સંત કહે છે—

જરા કુતી જોબન સસો કાલ અહેરી લાર ।
પાવ પલકમેં મારસી ગરબ્યો કહા ગૈંવાર ॥

ઘડપણ આવવાથી તે બળ, તે ઉત્સાહ, તે સાહસ ક્યાં ગયું !

શાસ્ત્રમાં વાદ-વિવાદનો મોટો ભય રહે છે. બીજી વ્યક્તિઓ કરતા તો ભણેલા-ગણેલાનો તાપ પણ વધારે હોય છે. ગામડિયાના માત્ર આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક—એ ત્રણ તાપ હોય છે, પણ ભણેલા-કરેલા વિદ્વાનના સાત તાપ હોય છે (૧) આધિભૌતિક (૨) આધિદૈવિક, (૩) આધ્યાત્મિક, (૪) અભ્યાસ (શાસ્ત્રનો અભ્યાસ), (૫) ભંગ (અપમાનનો ભય), (૬) વિસ્માર (ભૂલી ન જઉં–એની ચિંતા) અને (૭) ગર્વ (વિદ્વત્તાનું અભિમાન).

'ગુણે ખલભયમ્'—જ્યાં પરીક્ષક નથી, ગુણી નથી, ગુણગ્રાહી નથી, ત્યાં મૂર્ખોમાં અમારી કિંમત જ શું. એક ગવૈયા હતા. તે ઘણો સુંદર સિતાર લઈને રાજાની પાસે ગયા, પરંતુ રાજા મૂર્ખ હતો, સંગીતને શું સમજે ! આના પર કોઈક કવિએ કહ્યું—

રે ગાયક યે ગાયસુત તૂ જાનત પરબીન ।
યે ગાહક કડ઼બીન કે તેં લીન્હીં કર બીન ॥

ગુણ કેટલાય હોય, પણ ગુણગ્રાહક નથી તો તેમને કોણ લેશે. ભર્તૃહરિ કહે છે—'અમારી પાસે ઘણી વિદ્યા હતી, પણ કોઈએ નહિ લીધી'—

બોદ્ધારો મત્સરગ્રસ્તાઃ પ્રભવઃ સ્મયદૂષિતાઃ ।
અબોધોપહતાશ્ચાન્યે જીર્ણમંગે સુભાષિતમ્ ॥

આવી રીતે એક કવિએ કહ્યું છે—

કૌન સુનૈ કાસોં કહૂઁ સુનૈ તો સમુઝૈ નાહિં ।
કહના સુનના સમઝના મન હી કા મન માહિં ॥

'કાયે કૃતાન્તાદ્ભયમ્'—શરીરની પાછળ તો યમરાજ સદા લાગ જોતા રહે છે, કે ક્યારે કલવો કરવો—

ઈસ સ્વાસકા મૂઢ વિસ્વાસ કહા પલ આવત હી રહ જાવતા હૈ ।
સબ પીર પૈગમ્બર ખાક મિલે તેરો કા અનુમાન કુલાવતા હૈ ॥

મોટામોટા મહારાજા થઈ ગયા. હાલ તેમના મહેલોનાં તૂટેલાં-ફૂટેલાં ખંડિયેર પડ્યાં છે. તેમને જોવાથી મનમાં વૈરાગ્ય થાય છે, જે સર્વથા અભયપ્રદ છે. જેના હૃદયમાં વૈરાગ્ય છે, તેને શરીરના જવાનો ભય પણ નથી; પછી નાશવાન પદાર્થોના ચાલ્યા જવાનો તો ભય જ શું છે ! કેમ કે—

અવશ્યં યાતારશ્ચિરતરમુષિત્વાપિ વિષયા
વિયોગે કો ભેદસ્ત્યજતિ ન જનો યત્ સ્વયમમૂન્ ।
વ્રજન્તઃ સ્વાતન્ત્ર્યાદતુલપરિતાપાય મનસઃ
સ્વયં ત્યક્તા હ્યેતે શમસુખમનન્તં વિદધતિ ॥

વિષય-પદાર્થ ચાહે લાંબા સમય સુધી રહે, પણ એક દિવસ તેઓ જરૂર જવાવાળા છે—ચાહે આપણે તેમનો ત્યાગ કરી દઈએ અથવા તેઓ આપણને ત્યાગી દે. તેમનો વિયોગ જરૂર થશે. પરંતુ સંસારી માનવી જાતે તેમનો ત્યાગ નથી કરતા. જ્યારે વિષય-પદાર્થ સ્વતંત્રતાથી તેમનો ત્યાગ કરે છે, ત્યારે તેમના મનને ઘણો સંતાપ થાય છે; પરંતુ જો તેઓ જાતે તેમનો ત્યાગ કરી દે તો તેમને અનંત સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે.

મનથી છોડી દેવાથી એ બધા જ પદાર્થ સુખ આપવાવાળા થઈ જશે. જેમ દસ રૂપિયા ચોરાઈ ગયા તો દુઃખ થાય છે, પણ પોતાની ઇચ્છાથી દાન આપી દીધા તો સુખ થાય છે, પરંતુ તેનાથી સંબંધ-વિચ્છેદમાં તો કોઈ ભેદ નથી.

કહા પરદેસીકી પ્રીતિ જાવતો બાર ન લાવૈ,
આત ન દેખ્યો જાત ન જાણ્યો ક્યા કહિયાં બણિ આવૈ । ૧ ।
જૈસે બાસ ફૂલન તેં બિછુરે માંહો માહિ સમાવૈ । ૨ ।
જૈસે સંગ સરાયકો દિન ઊગે ઉઠિ જાવૈ । ૩ ।
જૈમલદાસ અગમ રસ ઘટમેં, જો ખોજે સો પાવૈ । ૪ ।

—જવાવાળું હોય, તેને એક ધક્કો પોતાની તરફથી દઈએ અને કહી દઈએ કે જા, ચાલ્યું જા તો મોજ થઈ જાય!

એક જાટ દંપતી હતા. બન્નેમાં ખટપટ ચાલ્યા કરતી. જાટણી વારંવાર કહ્યા કરતી કે 'હું હવે તારા ઘેર નહિ રહીશ, ચાલી જઈશ'. જાટે વિચાર્યું—'હમેશાં લડાઈ કરે છે, અંતે તે જશે જ; છજ્જત પણ લેતી જશે.' આનાથી તો એને પહેલાં જ ત્યાગી દેવી સારું છે. એક દિવસ જ્યારે રાત્રે સ્ત્રીએ સ્પષ્ટ કહી દીધું કે 'કાલે સવારે હું ચાલી જ જઈશ,' ત્યારે જાટે રાત્રે પોતાની અટારીમાં ઊભા રહીને ગામવાળાઓને જોરથી જાહેરાત કરી દીધી કે 'હવે મને

કોઈ દોષ ન દેશો, મેં આજથી જ મારી પત્નીનો પરિત્યાગ કરી દીધો છે. પત્ની ચાલી નથી ગઈ, તેને મેં કાઢી મૂકી છે.' આવી જ રીતે સંસારના સઘળા પદાર્થ જાટણીના જેવા છે. તેથી તેમને પહેલાંથી જ ત્યાગી દો. પદાર્થોને જાતે જ છોડવાથી એ પરમ શાંતિ આપનારા બની જાય છે.

अंतहु तोहि तजैंगे पामर ! तू न तजे अबही ते ।

એવો વિચાર કરીને ભર્તૃહરિ કહે છે—

अजानन् दाहार्त्तिं पतति शलभस्तीव्रदहने
न मीनोऽपि ज्ञात्वा वडिशयुतमश्नाति पिशितम् ।
विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिलान्
न मुंचामः कामानहह ! गहनो मोहमहिमा ॥

'પતંગિયું એ વાત જાણતું નથી કે બળવાથી કેવી પીડા થાય છે, તેથી તે પ્રચંડ અગ્નિમાં કૂદી પડે છે. માછલીને પણ વાંસમાં લગાડેલા માંસના ટુકડાને ખાતી વખતે માલૂમ નથી પડતું કે તેની અંદર લોખંડનો કાંટો છે. પરંતુ વિષયભોગ વિપત્તિના ફંદામાં ફસાવનાર છે, એવું આપણે તો જાણીએ છીએ, છતાં તે વિષયો છોડી શકતા નથી. હાય રે ! આપણું કેટલું મોટું અને ઘોર અજ્ઞાન છે !'

ઘણી વાર પદાર્થોને જોયા, અનેક વાર ભોગ ભોગવી જોયા; છતાં પણ તેમની પાછળ પડ્યા છીએ. પતંગિયાં ઇત્યાદિ જીવો તો વિષયસંગથી એક જ વાર મરે છે. પરંતુ આપણે તો ભોગ ભોગવીને વારંવાર મરી રહ્યા છે; છતાં પણ જાગૃત નથી થતા. વારંવાર ઠોકરો લાગવા છતાં પણ જાતને સંભાળવાનું નામ જ લેતા નથી. છેવટે ક્યારે અક્કલ આવશે ? ઘરડા થયા; જીવનનો અમૂલ્ય સમય પસાર થઈ ગયો; છતાં પણ વિષયો પ્રતિ લાલચભરી દૃષ્ટિથી જોઈ રહ્યા છીએ. પૌત્રનું, પ્રપૌત્રનું મુખ જોવા ઇચ્છીએ છીએ. અરે, ધનથી સુખ મળતું દેખાય તો પૈસાદારને પૂછો; સ્ત્રીઓમાં સુખનો ભ્રમ હોય તો જેને બે-ત્રણ સ્ત્રીઓ છે, તેને પૂછો; સામગ્રીઓમાં સુખ દેખાય તો અધિક સામગ્રીવાળાને મળો. રાજ્યમાં સુખ દેખાય તો રાજાઓને મળીને વાતચીત કરી લો. સુખ તો ક્યાંયે નહિ મળે; કારણ કે સુખ માત્ર ઇચ્છા-ત્યાગ—વૈરાગ્યથી જ છે. કહ્યું છે—

चाह चूहडी रामदास सब नीचोंमें नीच ।
तू तो केवल ब्रह्म था चाह न होती बीच ॥

પરંતુ રાગથી ભરેલી દૃષ્ટિવાળાને તો કોઈ વૈરાગી દેખાતો જ નથી. જ્યાં જુઓ ત્યાં રાગી જ રાગી દેખાય છે અને વાત પણ સાચી છે, સાચા વિરાગીઓ ઘણા જ થોડા છે. કારણ કે—

आदि अविद्या अटपटी घट घट बीच अड़ी ।
कहो कैसे समझाइये कूअँ भांग पड़ी ॥

વાતો તો મોટી મોટી વૈરાગ્યની કહે છે, પરંતુ પદાર્થોને, ભોગોને જોઈને જીભ લપકારા મારતી હોય છે. ગીધ ઘણું ઊંચું ઉડે છે, પણ તેની દૃષ્ટિ નીચે સડેલા માંસ પર રહે છે. આ જ તો રાગ છે !

જે સાચો વિરાગી હોય છે, તેની દૃષ્ટિ જ નિરાળી બની જાય છે. વૈરાગી જ્યાંથી પસાર થઈ જાય છે, ત્યાં જ મહાન મસ્તી પ્રસરવા લાગે છે. વૈરાગી પુરુષની સુખપ્રદ સ્થિતિનું વર્ણન કરતાં રહીને ભર્તૃહરિજી કહે છે—

महीं रम्या शय्या मयूणमुपधानं भुजलता
वितानश्चाकाशो व्यजनमनुकूलोऽयमनिलः ।
स्फुरदीपश्चन्द्रो विरतिवनितासंगमुदितः
सुखी शान्तः शेतें विगतभवभीतिर्नृप इव ॥

'વિરક્તરૂપી સ્ત્રી મળવાના પ્રસંગથી આનંદિત થઈને પૃથ્વીની રમણીય શય્યા, પોતાના ભુજલતાનો સુંદર તકિયો, આકાશરૂપી ચંદરવો, પવનરૂપી અનુકૂળ પંખો, ચંદ્રરૂપી સુંદર દીપક વગેરે વિવિધ સામગ્રીઓથી યુક્ત સંસારભયથી મુક્ત પુરુષ શાંતચિત્ત બનીને રાજાની જેમ સુખથી ઊંઘે છે.'

વૈરાગી પુરુષ શહેરની ગંદી ગલીઓમાં વિષ્ટાના કીડાઓની જેમ શા માટે ઘૂમશે ? એક સાધુ કહ્યા કરતા હતા કે 'હું મારા મનને સમજાવું છું કે ભોજન-વસ્ત્રો વગેરેની કોઈ ઇચ્છા કરીશ નહિ; નહિ તો તારે શહેરની ગંદી ગલીઓ સૂંઘવી પડશે અને વારંવાર જન્મવું-મરવું પડશે.' શ્રીશંકરાચાર્યજી કહે છે—

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननीजठरे शयनम् ॥

મનુષ્ય વિષયોની ગંદકીનો જરા પણ વિચાર કરી લે તો તેને ઉલ્ટીઓ જ થવા લાગે.

गंदगीको कीड़ो मूढ़ मानत अनंदगी ।
माया को मजूर बंदो कहा जाने बंदगी ॥

વિષયલોલુપ જીવો વિષયોમાં રચ્યા-પચ્યા રહેવામાં સુખ માને છે. એવી વ્યક્તિઓમાં અને કીડાઓમાં શો ફેર છે ?

गुल शोर बबूला आग हवा सब कीचड़ पानी मिट्टी है ।
हम देख चुके इस दुनियाको, सब धोखेकी-सी टट्टी है ॥

x x x x

दूरहि ते पर्वत दिषै, वेस्या बदन बिभात ।
रनका बरनन, रम्य त्रय दूरहि से दरसात ॥

પર્વત અને વેશ્યાનું મુખ દૂરથી જ સુંદર દેખાય છે, તથા દૂરથી જ રણનું વર્ણન રમણીય લાગે છે, પરંતુ ત્યાં પહોંચતાં જ ભલ-ભલાના છક્કા છૂટી જાય છે. એવી રીતે વૈરાગીની મસ્તીનો અનુભવ વિરક્ત જ કરે છે. આપણે પદાર્થોમાં સુખ શોધીએ છીએ, પરંતુ પદાર્થોમાં સુખ ક્યાં છે ? ભગવાન તો આ જગતને દુઃખનો ભંડાર અને નશ્વર બતાવે છે. જેમાં આપણા પૂર્વજોને પણ સુખ નથી મળ્યું,

તેમાં આપણને કેવી રીતે સુખ મળશે ? રજ્જબજી વરરાજા બનીને જઈ રહ્યા હતા. રસ્તામાં ગુરુને મળવા ગયા તો ગુરુએ કહ્યું—

રજ્જબ તૈં ગજબ કિયો, માથે બાંધ્યો મૌર ।
આયો થો હરિભજનકો, કરી નરક મહઁ ઠૌર ॥

રજ્જબજીએ કહ્યું—'**રજ્જબ ગજબ જબ હુતો, જાતો દુનિયા સાથ !**' રજ્જબજી આવા હતા, જેમને—

દાદૂસે સતગુરુ મિલે, સિષ રજ્જબસે જાન ।
એકહિ સબ્દ સુલઝિ ગયે, રહી ન ખૈંચાતાન ॥

એક જ શબ્દ કામ કરી ગયો ! વૈરાગી પુરુષોને તો જોતાં જ વૈરાગ્ય પેદા થઈ જાય છે. દત્તાત્રેયજીએ વેશ્યાને કંઈ પણ કહ્યું નહિ, તેમને જોતાં જ તેને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો ! કારણ કે વૈરાગીની મુખમુદ્રા જ એવી હોય છે.

ખંડી હંડી હાથ મેં બંડી-સી કૌપીન ।
રંડી દિસિ દેખે નહીં, કાયા દંડી કીન ॥

વૈરાગ્યની વાતમાં પણ આટલો આનંદ છે, તો પછી જો અંતઃકરણથી સાચો વૈરાગ્ય ઉત્પન્ન થઈ જાય, તો આનંદનું પૂછવું જ શું ? સાચા વૈરાગીની સામે સુંદર વસ્ત્ર પરિધાન કરીને, અત્તર વગેરે છાંટીને તથા શણગાર સજીને બેસવાવાળાઓને બેસવામાં પણ સંકોચ થાય છે. ઉપર્યુક્ત પ્રકારનો વૈરાગ્ય વિવેક-વિચારથી ઉત્પન્ન થનારો વૈરાગ્ય છે.

પરંતુ સાધનાથી ઉત્પન્ન થનારો વૈરાગ્ય વિચારથી ઉત્પન્ન થતા વૈરાગ્યથી પણ શ્રેષ્ઠ છે. વાણીથી રામનામનો જાપ શરૂ કરી દીધો—'**રામ રામ રામ રામ રામ**'। શરીર રોમાંચિત અને પુલકિત થઈ રહ્યું છે તથા હૃદયમાં છલોછલ પ્રેમ ભર્યો છે, ભગવાનનું નામ સાંભળતા જ નાચવા લાગી જાય છે. આવી અવસ્થામાં ક્યારેય ભૂલથી પણ પદાર્થો તરફ મન આકર્ષાતું નથી, તેને સ્વાભાવિક જ ભોગો પ્રતિ વૈરાગ્ય રહે છે. મન તો ભગવાન પ્રત્યે જ પ્રતિક્ષણ કસોકસ ખેંચતું રહે છે. તેના હૃદયમાં પ્રેમાનંદ સમાતો નથી. તે તો એમ જ કહેતું રહે છે કે '**ગિરધારીલાલ ! ચાકર રાખો જી**' અને તે મીરાની જેમ પ્રેમમાં મસ્ત બનીને નાચવા લાગે છે.

પગ ઘુઁઘરૂ બાઁધ મીરા નાચી રે ।

મતવાલી મીરા પ્રેમમાં મસ્ત બનીને નાચવા લાગી. કારણ શું છે ? ભજનનો રસ મળી ગયો. સાંસારિક દૃષ્ટિથી વધારેમાં વધારે આકર્ષક માન-મોટાઈ, યશ-કીર્તિ છે; એમની તો પરવા જ શું હોય, ઊલટું બદનામીનો ડર રાખ્યા સિવાય તે બદનામીને મધુર બનાવવા લાગે છે. મીરા કહે છે—

યા બદનામી લાગે મીઠી । રાણાજી ! મ્હઁને યા બદનામી લાગે મીઠી ।
થારે શહરકો રાણા ! લોક નિમાણો, બાત કરે અણદીઠી ।
હરિ મંદિરકો નેમ હમારે, દુરજન લોકાં મ્હાને દીઠી ॥ રાણાજી॰
સાઁકડી શેરથાઁમેં મ્હારા સતગુરુ મિલિયા, કિસ બિધિ કિરૂઁ અકૂટી ।
મ્હારો સાઁવરિયો રાણા ઘટ-ઘટ બ્યાપક, થારે હિયેં રી કાંઈ ફૂટી ॥
સાસુ નનદ મ્હારી દેરાણી જેઠાની, બલ જલ હો ગયી અઁગીઠી ।
મીરાકે પ્રભુ ગિરધર નાગર ચઢ ગયો ચોલ મજીઠી । રાણાજી॰

આ પ્રકારે સાધન-ભજન કરવાથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તેનાથી પદાર્થોમાં રહેલી આસક્તિ આપોઆપ અનાયાસે નાશ પામે છે. ભજનાનંદીને પદાર્થો પ્રત્યે અરુચિ કરવી પડતી નથી. તેનું મન તો ભગવાનમાં સહજ રીતે જ સંલગ્ન થઈ જાય છે. જો આપણે કહીએ કે અમારું મન તો દરેક સ્થળે જાય છે; તો ઠીક છે; દરેક જગ્યાએ જાય છે, પરંતુ ભગવાન તરફ નથી જતું અને જો ભગવાન તરફ ચાલ્યું જાય તો ફરીથી પાછું વળીને સંસારમાં આવશે નહિ. માખી દરેક જગ્યા પર જઈને બેસે છે, પણ અગ્નિ ઉપર નહિ. તે આગ ઉપર બેસતી જ નથી; પરંતુ જો આગ પર બેસી જાય તો ફરીથી ઉઠતી જ નથી. આ રીતે ભગવાનમાં મન લાગ્યા પછી ક્યાંયે જતું નથી, તદ્રુપ થઈ જાય છે. તેથી સંસારથી વૈરાગ્ય અને ભગવાનમાં પ્રેમ થવા માટે આપણે ખૂબ જ તીવ્રતાથી ભગવાનનું ભજન કરવું જોઈએ—

કહે દાસ સગરામ બડ઼ગડ઼[1] ઘાલો ઘોડ઼ા ।
ભજન કરો ભરપૂર રયા દિન બાકી થોડ઼ા ॥
થોડ઼ા દિન બાકી રયા કદ પહુઁ ચોલા ટેટ ।
અધબિચમેં બાસો બાસો તો પડ઼સો કિણરે પેટ ॥
પડ઼સો કિણરે પેટ પડ઼ૈલા ભારી ફોડ઼ા ।
કહે દાસ સગરામ બડ઼ગડ઼ૈ ઘાલો ઘોડ઼ા ॥

એક ભક્ત દંપતી હતું. પતિ-પત્ની બંને જણ ખૂબ જ ભજનાનંદી હતાં. એમની ભજન કરવાની રીત એવી હતી કે તેઓ પોતાની પાસે થોડા અડદ રાખતાં હતાં અને એક માળા ફેરવ્યા પછી એક અડદનો દાણો ઉઠાવીને બાજુમાં રાખી દેતાં. આ પ્રકારે શેર, દોઢ શેર તથા બે-બે, ત્રણ-ત્રણ શેર સુધી અડદ સમાપ્ત થઈ જતા. પતિ કહેતો કે હું અડધો શેર ભજન કરીશ તો પત્ની કહેતી, હું એક શેર કરીશ. પરસ્પરમાં શરત લાગી જતી. આપણે પણ આવા પ્રકારે તીવ્રતાથી કરવું જોઈએ. ભજન કરતાં કરતાં શું સ્થિતિ થાય છે; એ બાબતે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે—

વાગ્ ગદ્ગદા દ્રવતે યસ્ય ચિત્તં
રુદત્યભીક્ષ્ણં હસતિ ક્વચિચ્ચ ।
વિલજ્જ ઉદ્ગાયતિ નૃત્યતે ચ
મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ ॥

'મારા નામ-ગુણ-કીર્તન કરતી વખતે જેનું ગળું ગદ્ગદિત થાય છે, હૃદય દ્રવિત થઈ જાય છે, જે વારંવાર મારા પ્રેમમાં આંસુ સારે છે, ક્યારેક હસવા લાગે છે, ક્યારેક

[1] બડ઼ગડ઼ે—તેજીથી

લાજ-શરમ છોડીને ઊંચા અવાજે ગાવા અને નાચવા લાગે છે; એવો મારો ભક્ત ત્રણે લોકને પવિત્ર કરી દે છે.'

આ પ્રકારે રામગીતામાં પણ કહ્યું છે—

યઃ સેવતે મામગુણં ગુણાત્પરં
હૃદા કદા વા યદિ વા ગુણાત્મકમ્ ।
સોઽહં સ્વપાદાંચિતરેણુભિઃ સ્પૃશન્
પુનાતિ લોકત્રિતયં યથા રવિઃ ॥

'જે મારા નિર્ગુણસ્વરૂપની મનથી ઉપાસના કરે છે અથવા ક્યારેક ક્યારેક માયાવી ગુણોથી અતીત મારા સગુણસ્વરૂપની પણ સેવા-અર્ચના કરે છે, તે મારું જ સ્વરૂપ છે. તે પોતાની ચરણ-રજના સ્પર્શથી સૂર્યની જેમ ત્રણે લોકને પવિત્ર કરી દે છે.'

આવા ભગવાનના વહાલા ભક્તો ભગવાનની યાદમાં આનંદ-વિભોર બનીને ઘૂમે છે તો તેમનાં દર્શનથી જ વૈરાગ્ય થઈ જાય છે. જે ગલીમાંથી તેઓ પસાર થઈ જાય, ત્યાં જ વૈરાગ્ય તથા ભગવત્-પ્રેમની ગંગા વહેવા લાગે છે. સુતીક્ષ્ણ જેવા ભક્તોની યાદ આવી જાય તો વૈરાગ્ય થઈ જાય. ભગવાન પણ ઝાડની ઓથે છૂપાઈને જુએ છે. કેમ? પોતાના ધ્યાનમાં મગ્ન એવા ભક્તને જોઈને તેઓ પણ મસ્ત બની ગયા અને છૂપાઈને જોવા લાગ્યા.

સાધન કરવાથી હૃદય નિર્મળ થાય છે. ત્યાર બાદ તેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આ પ્રકારનો વૈરાગ્ય વિચારથી ઉત્પન્ન થયેલા વૈરાગ્ય કરતાં પણ શ્રેષ્ઠ છે.

પરમાત્માની પ્રાપ્તિ થયા પછી ઉત્પન્ન થવાવાળો વૈરાગ્ય ઘણો જ અલૌકિક છે, તેનું તો વર્ણન જ ના થઈ શકે; તેને તો ના કહી શકાય કે ના વૈરાગ્ય કહી શકાય. એવો વિલક્ષણ વૈરાગ્ય જેમણે પરમાત્મા મેળવ્યા છે એવા મહાપુરુષોને પ્રાપ્ત થાય છે. ક્યારેક બ્રહ્મલોક સુધીના કેવા અને કેટલાયે ભોગો કેમ પ્રાપ્ત ના થાય; પરંતુ તેમના અંતઃકરણમાં આસક્તિની ગંધ પણ કદાપિ જાગૃત થવાની સંભાવના રહેતી નથી; કારણ કે જ્યારે એક પરમાત્માતત્ત્વ સિવાય બીજી સત્તા જ નાશ પામે છે, ત્યારે કોના પ્રતિ રાગ થાય ? પદાર્થોમાં સત્તા ન રહેવાને કારણે તેમને પરમાત્મતત્ત્વ સિવાય કોઈ રસ યા સાર કંઈ પણ અનુભવાતું નથી. તેમના અંતઃકરણમાં અંતઃકરણ સહિત સંસારના મૃગ-જળની જેમ તથા ઊંઘમાંથી જાગ્યા પછી સ્વપ્નની જેમ અત્યંત અભાવ અને પરમાત્મતત્ત્વનો ભાવ દરરોજ અને હમેશાં દૃઢતા સાથે સ્વાભાવિક જ કાયમ રહે છે. પછી તો પરમાત્મા સિવાય બીજું કંઈ રહેતું જ નથી.

ઉપર કહેલી અવર્ણનીય અવસ્થા મેળવવા માટે વૈરાગી પુરુષોનો તથા જેમને ભગવત્પ્રાપ્તિ થઈ છે એવા પુરુષોનો સંગ કરવો જોઈએ. તેમના શબ્દોમાંથી, તેમની ક્રિયાઓમાંથી બોધ ગ્રહણ કરીને આપણે ઝડપથી ચાલવું જોઈએ. સંસારના પદાર્થોમાંથી ક્યારેય કોઈને સુખ મળ્યું નથી, મળશે નહિ અને મળી શકશે નહિ. એવું વિચારીને ભક્તિ-માર્ગીએ ભગવાનમાં મન લગાવવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા જ્ઞાનમાર્ગીઓએ મનથી પદાર્થોની સત્તાનો નાશ કરીને એક સચ્ચિદાનંદઘન પૂર્ણ બ્રહ્મ પરમાત્મા જ છે—એવો દૃઢ નિશ્ચય હમેશાં રાખવો જોઈએ.

****

બધાં નામ-રૂપોમાં એક જ ભગવાન

ભારતીય સંસ્કૃતિમાં વેદ બધામાં મુખ્ય માનવામાં આવે છે. તેઓ અપૌરુષેય છે, અનાદિ છે અને સનાતન-નિત્ય છે. તેઓમાં (કર્મ, ઉપાસના અને જ્ઞાન) ત્રણ કાણ્ડ માનવામાં આવે છે. તેમનું વિશદ તેમજ વિસ્તૃત વર્ણન પુરાણો અને ઇતિહાસ-ગ્રંથોમાં મળે છે. જેમની રચના સુંદર સુંદર કથાઓ દ્વારા સર્વસામાન્ય જનતાને ગંભીર વિષયો સરળતાથી સમજાવવા માટે શ્રીવ્યાસદેવે કૃપા કરી છે. આમ તો પુરાણો પણ અનાદિ જ માનવામાં આવે છે, પરંતુ એમનો સમય-સમય પર જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. પુરાણોમાં જ લખાણ મળે છે કે એમનું કલેવર ઘણું મોટું હતું. તેને અલ્પાયુ કલિયુગના જીવો માટે સંક્ષિપ્તરૂપ આપવામાં આવ્યું છે. એમનામાં સાંસારિક તથા પારમાર્થિક સર્વોપયોગી બધા જ વિષયોનું ઘણું સારું વર્ણન કરવામાં આવ્યું છે. વાંચવાથી માલૂમ થાય છે કે દૈવી સંપત્તિ, આસુરી સંપત્તિ, તીર્થ, વ્રત, ઉપવાસ, યજ્ઞ, દાન તપ, સંયમ, આશ્રમધર્મ, વર્ણધર્મ, સ્ત્રીધર્મ, સામાન્યધર્મ, રાજધર્મ, પ્રજાધર્મ, જાતિ, દેશ, કાળ, સમય, સંબંધ, પરિસ્થિતિ ઇત્યાદિને લઈને આવશ્યક કર્તવ્ય-કર્મ વગેરે વગેરે વિષયોનું ગૂઢ, આશયસહિત વિચિત્ર ઢંગથી વર્ણન થયું છે.

સામાન્ય રીતે જોતા ક્યાંય ક્યાંય પરસ્પર ઘણા વિરોધ જેવું માલૂમ પડે છે, જેનું સામાન્ય મનુષ્યો દ્વારા સમાધાન કરવું કઠિન થઈ જાય છે. એટલું જ નહિ, પરંતુ પોતાના અવિવેકને કારણે પુરાણોની વાતો પક્ષપાતપૂર્ણ, અનર્ગલ તેમજ અસત્ય માલૂમ પડે છે. જેથી મનમાં નાસ્તિકતા આવી જાય છે; કારણ કે જ્યારે જ્યાં જે તીર્થ, વ્રત વગેરેના મહિમાનું વર્ણન કરવા લાગે છે, ત્યાં તેને જ સર્વોપરી બતાવવામા આવે છે. જેમ કે શ્રીગંગાજીનો મહિમા આવ્યો તો કહ્યું—એના સમાન ના સરયૂ છે, ના તો પુષ્કર છે, ના યમુના છે, ના તીર્થરાજ પ્રયાગ જ છે અને તીર્થરાજનું વર્ણન કરવા લાગે તો કહ્યું એના જેવું બીજું કોઈ તીર્થ નથી—ના ગંગા, ના યમુના, ના સરયૂ, ના પુષ્કર છે. એક આ જ સંપૂર્ણ તીર્થોનો રાજા છે. કાશી-માહાત્મ્યમાં આવ્યું છે કે આ મોક્ષદાયિની નગરી જેવું તીર્થ આ ત્રિલોકમાં કોઈ નથી; એની તુલનામાં સરયૂ નથી, ના યમુના કે ના પુષ્કર છે;

કારણ કે એ ભગવાન શંકરના ત્રિશૂલ પર વસેલી છે. એવી રીતે જ કાર્તિક-માહાત્મ્ય, વૈશાખ-માહાત્મ્ય, માગશર-માહાત્મ્ય તથા એકાદશી આદિ વ્રતોની બાબતમાં પણ કથન છે. આવી રીતે એક દ્વારા બીજાનું ખંડન થવાથી બધાનું ખંડન થઈ જાય છે.

ક્યાંક-ક્યાંક તો એ સિવાય વિવિધ રીતે એવું કહ્યું છે કે તીર્થ-યાત્રાનું ફળ સામાન્ય છે. વ્રત વિશેષ. વ્રતથી ઇન્દ્રિય-સંયમનું અને ઇન્દ્રિય-સંયમથી ભજન-ભગવત્-ચિંતનનું હજુ વધારે તેમજ ભગવત્-પ્રેમનું તેનાથી પણ અતિ અધિક છે.

ધર્મઃ સ્વનુષ્ઠિતઃ પુંસાં વિષ્વક્સેનકથાસુ યઃ।
નોત્પાદયેદ્ યદિ રતિં શ્રમ એવ હિ કેવલમ્॥

ઇત્યાદિ-ઇત્યાદિ.

સમાધાન કરવા માટે આના બે વિભાગ કરી લેવા જોઈએ કે પ્રથમનું વર્ણન નિષ્ઠાની દૃષ્ટિથી છે અને બીજું વર્ણન વસ્તુ-તત્ત્વ-દૃષ્ટિથી. તેથી એમાં કોઈ વિરોધ નથી. નિષ્ઠાનો અર્થ છે—એક વ્યક્તિ-વિશેષની કોઈ ઇષ્ટ પર હૃદયની દૃઢ ધારણા. તે ધારણાને અત્યધિક દૃઢ કરવા માટે જ પહેલું વર્ણન છે. આથી હૃદય-પ્રધાન સાધકની વૃત્તિ બધી તરફથી હટીને એક ઇષ્ટમાં લાગી જાય છે અને એમાં જ સર્વોપરી અનન્ય ભાવના થઈ જાય છે. આવું થવાથી જ્યારે સર્વોપરી પરમાત્મા પ્રગટ થઈ જાય છે, ત્યારે કાં તો ભગવાન તેને સંપૂર્ણ યથાર્થ તત્ત્વ સમજાવી દે છે; કાં તો તે જાતે તેની સમજમાં આવી જાય છે.

કહ્યું પણ છે—

આદિ અન્ત જન અનંતકે સારે કારજ સોય।
જૌંહિ જિવ ઉર નહચો ધરૈ તૌંહિ ઢિગ પરગટ હોય॥

પછી તો તેના માટે કંઈ પણ કરવું-જાણવું બાકી રહેતું નથી. તે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞાતવ્ય થઈ જાય છે.

બીજા પ્રકારનું વર્ણન બુદ્ધિ-પ્રધાન, તર્કશીલ મનુષ્યોને માટે છે. તેના પર વિશ્વાસ કરીને ચાલવાવાળો ક્રમશઃ એકથી બીજું અને બીજામાંથી ત્રીજા સાધન પર યથાર્થ સ્થિતિમાં પહોંચી જશે. જો તારતમ્યતાના વિવેક દ્વારા નિઃસંદિગ્ધ થઈને ઝડપથી ચાલતો રહેશે તો તે પણ ક્રમશઃ બધી શ્રેણીઓ પાર કરતો રહીને તે પાર પહોંચીને કાયમ માટે કૃતકૃત્ય, જ્ઞાતજ્ઞાતવ્ય થઈ જશે.

સિદ્ધાંતિક વાત એ છે કે શ્રીપરમાત્મા એક છે, તેઓ જ અનેક જગ્યાએ અનેક નામો દ્વારા બતાવવામાં આવ્યા છે. તેઓ અનેક જગ્યાએ, અનેક સ્વરૂપોમાં રહેવા છતાં પણ દરેક જગ્યાએ પૂર્ણરૂપથી જ બિરાજમાન છે. જે તેમને જે ભાવથી, જે રૂપમાં, જે પ્રકારે ચાહે છે, તે તેવી રીતે જ તેમને પ્રાપ્ત કરી લે છે; કારણ કે તેઓ પણ તેને તેવી રીતે જ ચાહે છે. તેમની આ ઘોષણા છે—

'યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્।'

તેથી કોઈ મનપસંદ કોઈ પણ રીતથી તેમને ભજે, જો આજ સુધી કોઈએ પણ જે પ્રકારની ઉપાસના ના કરી કરી હોય, એવી કોઈ નવા ઢંગની ઉપાસના પણ કોઈ કરે, તોપણ પ્રેમની પરિપૂર્ણતા હોવાથી તેને પરમાત્માની પ્રાપ્તિ અવશ્ય થશે, કારણ કે તે એકમાત્ર પોતાના પ્રિયતમ પરમાત્માને જ ચાહે છે. તેમના માટે જે કનક, કામિની, આરામ, માન, સત્કાર, કીર્તિ ઇત્યાદિ લોક અને પરલોકની ભોગ-સામગ્રીઓનો ત્યાગ કરે છે, કોઈ પણ નાશવંત પદાર્થને ચાહતો નથી, સાચી હાર્દિક લગનીથી સર્વોત્તમ પરમપુરુષ પુરુષોત્તમ ભગવાનને ચાહે છે; એવા સાધકને મળ્યા સિવાય તેઓ કેમ રહી શકે ?

કહેવાનું તાત્પર્ય એ છે કે સાચી લગની અને ઈમાનદારીની સાથે જે તત્ત્વને મનુષ્ય સર્વશ્રેષ્ઠ, સર્વોપરી, સર્વથા પૂર્ણ માને છે, તેનાં તે ગમે તે નામરૂપને કેમ ના માનતો હોય, ગમે તે કોઈ પણ ખાસ રીતથી તેની સેવા, પૂજા, ઉપાસના કેમ ના કરતો હોય, ભગવાન તેને પોતાની જ ઉપાસના, સેવા અને પૂજા માને છે, કારણ કે સર્વોપરી તત્ત્વ એક છે અને તે જ છે ભગવાન. સાધકની સમજણમાં ભૂલ થઈ શકે છે, પરંતુ ભગવાનને ત્યાં તો ભૂલ થતી નથી. તેઓ એકમાત્ર ભાવને જ નિહાળે છે. તેથી શ્રદ્ધાળુ સાધકે ઇચ્છવું જોઈએ કે ભગવાનના કોઈ પણ રૂપ અને નામ ઉપર પૂર્ણ વિશ્વાસ કરીને અનન્ય પ્રેમપૂર્વક તેમનું સ્મરણ કરતો રહે, કોઈ પણ અવસ્થામાં તેમને ભૂલે નહિ, તો પ્રાપ્તિ ભગવાનની જ થશે.

****

ભગવત્તત્ત્વ

પરાકૃતનમદ્વન્દ્વં પરબ્રહ્મ નરાકૃતિ।
સૌન્દર્યસારસર્વસ્વં વન્દે નન્દાત્મજં મહઃ॥

પરમાત્માનું વાસ્તવિક તત્ત્વ સમજવા માટે સંપૂર્ણપણે યોગ્ય એવું કોઈ દૃષ્ટાંત નથી કે કોઈ યુક્તિ પણ નથી. પરમાત્માનું નિર્ગુણ, સગુણ, નિરાકાર, સાકાર ઇત્યાદિ સ્વરૂપો દ્વારા વર્ણન કરવામાં આવે છે, તેથી તેમનું અસલી સ્વરૂપ તો એક બાજુએ જ રહી જાય છે, પૂરું વર્ણન પણ નથી થઈ શકતું. કારણ કે વાણી, મન, બુદ્ધિ તથા યુક્તિઓ—બધાં કંઈક અંશે માયાયુક્ત છે, પ્રકૃતિનાં કાર્યો છે અને જડ છે; તેથી તેઓ તે ચિન્મય પરમાત્માને સમજવામાં અશક્તિમાન છે. જેટલાં દૃષ્ટાંતો અને યુક્તિઓ બતાવવામાં આવે છે, તે બધી પરમાત્માના સાચા સ્વરૂપને સમજીને મન-બુદ્ધિ તેમના પ્રતિ જોડાઈ જાય—એટલા માટે કહેવામાં આવે છે. પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરવામાં તો દેવો

તથા ઋષિઓનાં પણ મન-બુદ્ધિ કુંઠિત થઈ જાય છે; તો પછી ત્યાં સાધારણ મનુષ્યોનાં મન-બુદ્ધિ કેવી રીતે પહોંચી શકે ? ગીતામાં કહ્યું છે—

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥

(૧૦ । ૨)

'મારી ઉત્પત્તિને અર્થાત્ લીલાથી પ્રગટ થવાનું ના દેવો જાણે છે કે ના મહર્ષિલોક જાણે છે, કારણ કે હું બધી રીતે દેવતાઓનું અને મહર્ષિઓનું પણ આદિકારણ છું.'

જ્યારે દેવતા અને ઋષિ-ગણ પણ તે તત્ત્વ સુધી પહોંચી શકતા નથી, તો પછી આ માનવ-બુદ્ધિથી તેને સમજવું-સમજાવવું તો એકમાત્ર બાળ-ચેષ્ટા જ છે.

આ ભગવત્-તત્ત્વનો વિષય ખૂબ જ ગૂઢ અને રહસ્યમય છે. એને અવશ્ય જાણવો જોઈએ. માનુષ્ય-જન્મ એટલા માટે મળ્યો છે. એ તત્ત્વને જાણવાથી જ આ જન્મ સાર્થક થાય છે તથા તેને જાણ્યા પછી મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય છે; પછી તેને પોતાના માટે કંઈ પણ જાણવું અથવા કરવાનું બાકી રહેતું નથી. **'यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥'** (ગીતા ૭ । ૨). આ વિષય જાણવો એટલો અઘરો હોવા છતાં પણ ભગવાન અને મહાપુરુષોની કૃપાથી સહજ જાણી શકાય છે. તે કૃપા પ્રાપ્તિ માટે કૃતર્ક ત્યાગીને તેમના દ્વારા સરળતાપૂર્વક એ તત્ત્વને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા તેમની આજ્ઞા પ્રમાણે પોતાના કર્તવ્યપાલનમાં તત્પર થઈ જવું જોઈએ. એવું કરવાથી જ મનુષ્ય આ દુર્વિજ્ઞેય તત્ત્વને સમજીને દેવોને પણ દુર્લભ એવા મનુષ્ય-જન્મને અનાયાસ જ સફળ બનાવી શકે છે.

હવે નીચે એક યંત્ર લખવામાં આવ્યું છે. એનાથી પોતાની વૃત્તિઓને ભગવાન તરફ જોડીને આ ગૂઢ તત્ત્વને કંઈ અંશે જાણી શકાય છે.



આમ તો પરમાત્માનાં સ્વરૂપો અનંત છે; પરંતુ સમજવા માટે અહીંયાં ત્રણ રૂપ બતાવવામાં આવ્યાં છે—(૧) નિર્ગુણ-નિરાકાર, (૨) સગુણ-નિરાકાર અને (૩) સગુણ-સાકાર. પરમાત્મા નિર્ગુણ પણ છે, સગુણ પણ છે તથા સગુણ-નિર્ગુણ પણ છે અને તેઓ આ બધાથી ભિન્ન પણ છે.

નિર્ગુણ-નિરાકાર-તત્ત્વ

પરમાત્માનું નિર્ગુણ તત્ત્વ એ મન-વાણીનો વિષય નથી. એ સત્-અસત્થી વિલક્ષણ છે. ભગવાને ગીતામાં કહ્યું છે—

ज्ञेयं यत् तत् प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत् परं ब्रह्म न सत् तन्नासदुच्यते ॥

(૧૩ । ૧૨)

'જે જાણવા યોગ્ય છે તથા જેને જાણીને મનુષ્ય પરમાનંદને પ્રાપ્ત કરે છે, તેને સારી રીતે કહીશ. તે આદિરહિત બ્રહ્મ 'સત્' પણ કહી શકાતું નથી, 'અસત્' પણ કહી શકાતું નથી.'

તે પરમાત્માને અસીમ, અપાર, અનંત બતાવવામાં આવે છે. પરંતુ તેને અસીમ અને આદિ-અંતથી રહિત કહેવા તે પણ દેશ-કાળનો સ્વીકાર કરીને જ છે. પરંતુ પરમાત્મા દેશ-કાળથી પરિચ્છિન્ન નથી. વાસ્તવમાં તે દેશ, કાળ, વસ્તુથી સર્વથા પર છે. ત્યાં વાણી પહોંચી શકતી નથી. એટલા માટે એ નામોથી કહેવું તે દેશ-કાળના આધારે ફક્ત સંકેત કરવા પૂરતું જ છે. તેને નિર્ગુણ-નિરાકાર કહેવામાં આવે છે. ત્યાં સત્ત્વ, રજ, તમ ઇત્યાદિ કોઈ ગુણ નથી, તેની કોઈ આકૃતિ નથી, કોઈ નામ જ નથી. તે તો આ ગુણોથી સર્વથા પર અને નામરૂપ રહિત જ છે. તેનું કોઈ વર્ણન કરી શકતું નથી. તેને સચ્ચિદાનંદ કહે છે—આ લક્ષણ છે. બ્રહ્મ કહે છે—આ નામ છે. નિર્ગુણ-નિરાકાર કહે છે—આ રૂપ છે. પરંતુ એ કેવું રૂપ છે ? અરૂપ જ રૂપ છે. એનું એ રીતે વર્ણન કરવામાં આવે છે. વાસ્તવમાં તો નિર્ગુણ-નિરાકારનું વર્ણન જ થઈ શકતું નથી. જે કંઈ પણ વર્ણન કરવામાં આવે છે તે ગુણોના આધારે જ કરવામાં આવે છે. ફક્ત લક્ષ્ય નિર્ગુણનું રહે છે, કારણ કે વર્ણન કરવાની સામગ્રીઓ—ઇન્દ્રિય, વાણી, મન, બુદ્ધિ વગેરે સઘળી માયાયુક્ત જ છે. તે પરમાત્માના તત્ત્વને સમજાવવા માટે શાસ્ત્રકારોએ બે પ્રકારનાં વિશેષણ આપ્યાં છે—(૧) વિધેય અને (૨) નિષેધ. વિધેય વિશેષણો તેમને કહે છે, જેઓ પરમાત્માનાં સ્વરૂપનાં સાક્ષાત્ દ્યોતક હોય છે; પરંતુ તેઓ પણ પરમાત્મા અનિર્દેશ્ય હોવાના કારણે તટસ્થ જ રહી જાય છે અને નિષેધ વિશેષણો તેમને કહે છે, જેઓ પરમાત્મામાં આકાર, ગુણ, વિનાશ, ક્રિયા, પદાર્થ, દેશ, કાળ આદિનો અભાવ બતાવે છે. પરમાત્માનાં સત્, ચિત્, આનંદ આદિ 'વિધેય' વિશેષણ કહેવામાં આવે છે અને નિરાકાર, નિર્ગુણ, અવ્યય, અવિનાશી, અક્રિય, અચળ, અદ્વૈત, અપ્રમેય, અસીમ, અપાર, અનાદિ, અનંત આદિ વિશેષણ 'નિષેધ'

કહેવામાં આવે છે. વાસ્તવમાં પરમાત્માનું નિર્ગુણ સ્વરૂપ લક્ષણો તથા વિશેષણોથી રહિત જ છે. એવું કહેવું પણ સમજવા માટે જ છે તથાપિ તે નિર્ગુણ પરમાત્માના સાચા તત્ત્વને બુદ્ધિથી પકડવાને માટે એ વિશેષણો જ કામ આપી શકે છે; એમના સિવાય બુદ્ધિને પરમાત્માની નજીક પહોંચાડવા માટે બીજો કોઈ સહારો નથી. માટે તેમનું વર્ણન કરવામાં આવે છે.

સત્-તત્ત્વ

સત્ શું છે—જે કાયમ રહે, દરેક વસ્તુમાં રહે અને દરેક સ્થળે રહે. ભગવાને પણ કહ્યું છે—**'અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણઃ'** (ગીતા ૨ । ૨૦)—'આ આત્મા અજ, નિત્ય, શાશ્વત અને પુરાણ છે.' પરંતુ શબ્દોના દ્વારા કેવી રીતે સમજાવાય ? છેવટે કોઈ પણ સમજાવશે તો આપણી ભાષાનો આશ્રય લઈને જ આપણને સમજાવી શકે છે. આવી રીતે શ્રુતિ ભગવતી પણ દેશ-કાળને આધાર લઈને જ તેનું લક્ષ્ય કરાવે છે. શ્રુતિ કહે છે—

'સદેવ સોમ્યેદમગ્ર આસીદેકમેવાદ્વિતીયમ્'—

(છા૦ ઉ૦ ૬ । ૨ । ૧)

વગેરે.

'એકમ્ એવ અદ્વિતીયમ્'—આ શબ્દો દ્વારા તે પરમાત્માને ક્રમશઃ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદોથી રહિત બતાવ્યા છે. મનુષ્ય બધા સમાન હોવા છતાં પણ વ્યક્તિરૂપથી એક-એક અલગ છે—આ સજાતીય ભેદ છે. મનુષ્ય અને ઝાડ—એમનામાં સજાતીયતા નથી. એક-બીજાથી ભિન્ન છે, તેથી આ વિજાતીય ભેદ છે. 'આ મારો હાથ છે; પગ છે.' આ પ્રકારે અવયવોનો ભેદ સ્વગત ભેદ છે. પરમાત્મા આ બધા ભેદોથી રહિત છે. આ ભેદો પ્રકૃતિમાં છે, પરમાત્મા પ્રકૃતિથી ખૂબ જ પર છે.

જેમાં કોઈ વિકાર નથી, ભેદ નથી, જે ઘટતો નથી કે વધતો નથી. જે કદાપિ ક્ષરણ થતો નથી, જેનો કદાપિ કયાંયે જરાપણ અભાવ યા પરિવર્તન નથી હોતું; જે હમેશાં સર્વત્ર, સર્વથા એકરસ, એકરૂપ અને પરિપૂર્ણ રહે અને જેમાં જરા પણ વિકારની સંભાવના જ ના હોય, તે 'સત્' છે.

તે પરમાત્મા સિવાય જે કંઈ પણ લૌકિક યા અલૌકિક પદાર્થોમાં જોવામાં-સાંભળવામાં અને સમજવામાં આવે છે, તે બધામાં વિચાર કરવાથી પ્રત્યક્ષ એ અનુભવ થાય છે કે એક સમયે એ વસ્તુઓ હતી નહિ અને કોઈક સમયે એ બધી રહેશે નહિ તથા એક દેશમાં હોવા છતાં પણ બીજા દેશમાં તે ચીજોનો અભાવ માલૂમ પડે છે તેમજ વસ્તુનો ભેદ તો પ્રત્યક્ષ જ છે. પરંતુ સત્-સ્વરૂપ પરમાત્મામાં દેશ, કાળ, વસ્તુનો સદંતર અભાવ હોવાને કારણે તેના દેશ-કાળ-વસ્તુ નિમિત્તના અભાવની કદી સંભાવના પણ હોઈ શકતી નથી અને સ્વરૂપથી તો તે પરમાત્મા સત્ એટલે કે નિત્ય વિદ્યમાન છે જ. એટલા માટે તેને 'સત્' કહે છે. આ 'સત્' તત્ત્વનું વર્ણન ગીતાના બીજા અધ્યાયના ૧૨, ૧૩, ૧૭, ૨૩, ૨૪, ૨૫; આઠમા અધ્યાયના ૨૦; બારમા અધ્યાયના ૩ અને અને તેરમાના ૨૭મા શ્લોકમાં વિશેષરૂપથી કરવામાં આવ્યું છે.

ચિત્-તત્ત્વ

'ચિત્'થી ચેતન, બોધ, જ્ઞાન સમજવું જોઈએ. ચેતન તે છે, જ્યાં જડતાની કદી, કોઈ પણ રીતે અલ્પ પણ સંભાવના નથી. તે ચેતન તો ફક્ત ચિન્મય બોધસ્વરૂપ જ છે. જડતાનો અત્યંત અભાવ હોવાના કારણે તેમાં જ્ઞાતાપણાનો આરોપ પણ હોઈ શકે નહિ. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, દ્રષ્ટા-દર્શન-દૃશ્ય અને પ્રમાતા-પ્રમાણ-પ્રમેય ઇત્યાદિ ભાવો પણ જેનાથી સ્વભાવિક જ પ્રકાશિત થાય છે, એવું તે ચેતન ફક્ત એક પ્રકાશમાન જ છે. સામાન્ય લોકો પ્રાણ અને ચેષ્ટાયુક્ત જીવોને ચેતન કહે છે તથા જેમાં પ્રાણ અને ક્રિયા હોતાં નથી, તેને જડ કહે છે; પરંતુ પરમાત્મામાં ક્રિયા અને પ્રાણના સંબંધથી થનારી ચેતનતા નથી, તેમાં તો ફક્ત ચિતિ—જાણવુંમાત્ર જ છે. તાત્પર્ય એ છે કે ત્યાં જડતા, અજ્ઞાન, મોહ, અંધકાર વગેરે કંઈ પણ નથી, કેવળ ચેતનમાત્ર જ છે તથા તે પણ સ્વાભાવિક સ્વતઃ જ છે.

તે ચિત્-તત્ત્વને સમજવાને માટે એક વાત કહેવામાં આવે છે. સંસારમાં બે પદાર્થો છે—(૧) દેખાનાર અને (૨) દેખનારો. દેખનારો ચેતન છે અને દેખાનારો પદાર્થ જડ છે. દેખનારો દ્રષ્ટા છે, દેખાતો પદાર્થ દૃશ્ય છે. દૃશ્ય દૃશ્ય જ રહે છે અને દ્રષ્ટા દ્રષ્ટા જ. ઘટ-પટ વગેરે સંસારના સંપૂર્ણ પદાર્થોને પ્રકાશિત કરનારાં નેત્રો છે. ઘટ-પટાદિમાં પરિવર્તન થાય છે, તેમનો પરસ્પર ભેદ પણ છે, ક્યારેક તેઓ પ્રકાશિત થાય છે તો ક્યારેક તેઓ અપ્રકાશિત રહે છે. પરંતુ નેત્રોમાં કોઈ ભેદ ના રહેવા છતાં પણ પ્રકાશિત કરવાની શક્તિ છે. નેત્રો પણ મનના દ્વારા પ્રકાશ્ય છે. તેથી નેત્રોમાં પણ અંધતા, ઝાંખાશ, પટુતા આદિ ધર્મ રહે છે. તે ધર્મોને મન એકરૂપથી જુએ છે. નેત્રોનો વિકાર મનમાં આવતો નથી; કારણ કે નેત્ર પ્રકાશ્ય છે અને મન તેમનું પ્રકાશક છે. મનથી પણ આગળ બુદ્ધિતત્ત્વ છે, તે એક રહીને જ મનની જ સંકલ્પ-વિકલ્પ આદિ અનેક વૃત્તિઓને નિર્વિકારરૂપથી પ્રકાશિત કરે છે. એટલા માટે બુદ્ધિ પ્રકાશક અને મન પ્રકાશ્ય છે. એવી રીતે બુદ્ધિમાં પણ અજ્ઞતા, વિજ્ઞતા વગેરે અનેક ધર્મ રહે છે. તેથી બુદ્ધિ દૃશ્ય અને આત્મા દ્રષ્ટા છે, કારણ કે બુદ્ધિ અને બુદ્ધિગત વિજ્ઞતા-અજ્ઞતા આદિ ધર્મો નિર્વિકાર આત્મા દ્વારા જ પ્રકાશિત થાય છે અને આત્મા કોઈનાથી પણ પ્રકાશિત થતો નથી. અર્થાત્ તે મન, બુદ્ધિ, ઇન્દ્રિય, શરીર વગેરે કોઈનો પણ વિષય હોતો નથી. એટલા માટે વાસ્તવિક

દ્રષ્ટા તે જ છે. એમાં પણ એ સમજવાની વાત છે કે આત્માની દ્રષ્ટા-સંજ્ઞા દ્રશ્યના લીધે જ છે. જો દ્રશ્ય ના હોય તો આત્માની દ્રષ્ટા-સંજ્ઞા પણ રહેતી નથી, પરંતુ એક ચેતનમાત્ર જ રહી જાય છે. તે પછી એકદેશીય રહેતો નથી; કારણ કે ત્યાં દ્રશ્યનો—દેશ, કાળ, વસ્તુનો સર્વથા અભાવ છે. તે જ પરિપૂર્ણ 'ચિત્' તત્ત્વ કહેવાય છે. આ ચિત્-તત્ત્વનું વર્ણન ગીતામાં પાંચમા અધ્યાયના ૨૪, આઠમા અધ્યાયના ૮, ૯; તેરમા અધ્યાયના ૧૭, ૩૩ અને પંદરમા અધ્યાયના ૧૫મા શ્લોકોમાં મુખ્યત્વે કરવામાં આવ્યું છે.

આનંદ-તત્ત્વ

પરમાત્માનું આનંદ-સ્વરૂપ પણ એક અવર્ણનીય તત્ત્વ છે. તે અત્યધિક સુખસ્વરૂપ છે. તે આનંદ સાતિશય નથી. જે સુખની સીમા (હદ) થઈ જાય છે, તેને સાતિશય કહે છે. તે આનંદ અસીમ છે. તે અનુભવમાં આવે તેવો આનંદ નથી. તે તો અનુભવરૂપ છે. આનંદ એક ઘણા વિશેષ સુખને કહે છે. તે પરમાત્મા જાતે જ એકમાત્ર સુખરૂપ છે. તે સુખ મન-વાણીનો વિષય નથી. તે તો એકમાત્ર આનંદ જ છે—જેનાં પ્રતિદ્વન્દ્વો દુઃખ, અશાંતિ, વિક્ષેપ વગેરેની ક્યાંય જરાપણ સંભાવના જ નથી.

મનુષ્યને પોતાના ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ થવાથી મનમાં જે એક પ્રકારના આનંદનો અનુભવ થાય છે, તેનાથી અનંતગણો આનંદ સાચા વૈરાગ્ય, સત્સંગ અને ભજનના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. તેનાં કરતાં પણ પરમાત્માના ધ્યાનથી ઉત્પન્ન થતો આનંદ ઘણો જ વિલક્ષણ છે. પરંતુ પરમાત્માનો સ્વરૂપભૂત આનંદ તો તે છતાં પણ અલગ જ રહી જાય છે. તે આનંદ કોઈ પણ રીતે સમજી અથવા સમજાવી શકાતો નથી. તે આનંદ-જ-આનંદ છે. તે આનંદ અપરિમિત, અસીમ, અપાર, અનંત, એકરસ, પરિપૂર્ણ, સમ, નિર્વિકાર અને ઘન છે—જે આનંદમાં અન્ય કોઈની કોઈ પણ સમયે જરાપણ ગુંજાશ નથી. તે ફક્ત આનંદ-જ-આનંદ છે. એ કહેવાનું પણ દેશ, કાળ, વસ્તુને લીધે જ છે. વાસ્તવિક આનંદ તો દેશ, કાળ, વસ્તુથી સર્વથા અસંબંદ્ધ પરમાત્મસ્વરૂપ જ છે. આ 'આનંદ'તત્ત્વનું વર્ણન ગીતામાં પાંચમા અધ્યાયના ૨૧, ૨૪; છઠ્ઠા અધ્યાયના ૨૧, ૨૭, ૨૮ અને ચૌદમા અધ્યાયના ૨૭મા શ્લોકોમાં મુખ્યત્વે કરવામાં આવ્યું છે.

સત્-ચિત્-આનંદની એકતા

આ સત્, ચિત્, આનંદ વિશેષણો પરમાત્માના દ્યોતક છે, વસ્તુતઃ તેના વાચક નથી અને ન એ બધા કોઈ તેનાથી અલગ તેના ભિન્ન ભિન્ન વિશેષણો જ છે. તે એક જ ભગવત્-તત્ત્વને સમજાવવાને માટે જ શાસ્ત્રોમાં ઋષિ-મહાત્માઓએ આ વિશેષણોનું વર્ણન કર્યું છે. તે પરમાત્મતત્ત્વ પ્રત્યેક સમયે, પ્રત્યેક જગ્યાએ, પ્રત્યેક વસ્તુમાં એકરસ અપરિવર્તિતરૂપથી વિદ્યમાન રહેવાને કારણે 'સત્' કહેવામાં આવે છે. તે નિત્ય વિદ્યમાન સત્-તત્ત્વ જ પોતે પોતાને જાણે છે, એટલા માટે તેને 'ચેતન' કહે છે. તે સત્ત-તત્ત્વ જ સ્વયંપ્રકાશ તેમજ જ્ઞાનસ્વરૂપ છે, એટલા માટે ચેતન તેનું કોઈ અલગ વિશેષણ નથી. તે જાતે જ ચિત્-સ્વરૂપ છે. તેમાં દુઃખ, અશાંતિ વગેરેની કદાપિ સંભાવના નથી અને તેમાં નિરતિશય સુખની કદાપિ કમી અથવા અભાવ નથી હોતો—એટલા માટે તે જ 'આનંદ' છે. આવી રીતે 'ચેતન' તત્ત્વ જ નિત્ય વિદ્યમાન રહેવાના કારણે 'સત્' અને પરમ સુખરૂપ હોવાથી 'આનંદ' છે. તથા આનંદ પણ એક પરિપૂર્ણ આનંદ છે, તેથી 'સત્' તત્ત્વ તેમનાથી કોઈ અલગ વસ્તુ નથી અને તે આનંદ કેવળ જ્ઞાન-સ્વરૂપ હોવાથી 'ચેતન' તત્ત્વ પણ તેનાથી કોઈ અલગ ચીજ નથી; કારણ કે પરમાત્માનું જ્ઞાન થવાથી પરમ શાંતિ તત્કાળ થઈ જાય છે (ગીતા ૪ । ૩૯) તથા કોઈ પણ વિષયને આપણે જેટલો સમજીએ છીએ, તેટલો જ આનંદ તેને જાણવાની સાથે પણ ઉત્પન્ન થઈ જાય છે. આથી એ સાબિત થાય છે કે જાણવું અને આનંદ—બે ચીજો નથી પણ એક જ છે. આ પ્રકારે સાત્ત્વિક આનંદ ખૂબ વધી જવાથી તે તત્ત્વનું જ્ઞાન પણ આપો-આપ જ થઈ જાય છે. (ગીતા ૨ । ૬૫); કારણ કે તે આનંદ જ જ્ઞાનસ્વરૂપ છે. ત્યાં તે જ્ઞાન-આનંદની સત્તા હોવાથી તે સ્વતઃસિદ્ધ તો છે જ. એ પ્રમાણે પરમાત્માની સત્તાનો દૃઢ નિશ્ચય થઈ જવાથી ભય, અશાંતિ વગેરે સઘળાં દૂર થઈને સાધકને પરમ આનંદ અને પરમ શાંતિની પ્રાપ્તિ થઈ જાય છે અને તે જલદીથી જ પરમાત્માનું યર્થાથ તત્ત્વ જાણી લે છે. એટલા માટે સચ્ચિદાનંદસ્વરૂપ દ્વારા નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનું જ વર્ણન કરવામાં આવે છે,

સગુણ-નિરાકાર-તત્ત્વ

સચ્ચિદાનંદઘન નિર્ગુણ પૂર્ણબ્રહ્મ પરમાત્માના કોઈ એક અંશમાં પ્રકૃતિ છે, તે પ્રકૃતિથી યુક્ત હોવાથી જ તે પૂર્ણબ્રહ્મ પરમાત્માને સગુણ ચેતન સૃષ્ટિકર્તા ઈશ્વર કહે છે, તે જ આદિપુરુષ પુરુષોત્તમ, માયાવિશિષ્ટ ઈશ્વર આદિ નામોથી કહેવામાં આવે છે. પ્રકૃતિને લઈને જ તેમાં સમસ્ત જીવોની સ્થિતિ છે. પ્રકૃતિ તે પરમાત્માની એક અલૌકિક દિવ્ય શક્તિ છે. તે શક્તિના લીધે જ પરમાત્મા સંપૂર્ણ સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કર્યા કરે છે. તેઓ જ માયાપતિ પરમાત્મા પરિપૂર્ણ સર્વાંતર્યામી સચ્ચિદાનંદસ્વરૂપ હોવા છતાં પણ વસ્તુઓમાં અસ્તિ, ભાતિ અને પ્રિયરૂપથી માલૂમ પડે છે.

અગ્નિની સત્તા બધી જ જગ્યાએ સામાન્યરૂપથી વિદ્યમાન છે, પરંતુ તેમાં દાહિકા અને પ્રકાશિકા શક્તિ

રહેવા છતાં પણ સમય સમયે જ પ્રગટ થાય છે. લાકડું, દીવાસળી આદિ બધામાં એક સત્તા જ માલૂમ પડે છે, ચંદ્રમામાં સત્તા અને પ્રકાશ—બંને પ્રત્યક્ષ દેખાય છે અને સૂર્યમાં સત્તા, પ્રકાશ તથા દહન—ત્રણે પ્રગટરૂપથી દેખાય છે. એ પ્રકારે ભૂત, ભૌતિક તથા જડ, ચેતન, સ્થાવર, જંગમ—બધામાં પરમાત્માની સત્તા તો સામાન્યરૂપથી માલૂમ પડે છે; પરંતુ ચિતિશક્તિનો પ્રકાશ વિશેષતાથી પ્રાણીઓમાં જ જોવામાં આવે છે, જડ ચીજોમાં નહિ તેમજ આનંદની પ્રતીતિ તો જ્ઞાની-મહાત્માઓમાં જ વિશેષરૂપથી પ્રગટ છે, બીજી જગ્યાએ તે લુપ્ત જ છે. તમોગુણનાં કાર્ય જડ પદાર્થોમાં પણ સત્તા તો પ્રગટ છે, પરંતુ તમોગુણનું અધિક્ય હોવાને કારણે ત્યાં ચિદંશ અને આનંદાંશ તિરસ્કૃત છે તથા સજીવ પ્રાણીઓમાં સત્તા અને ચેતનતા પ્રત્યક્ષ દેખાતી હોવા છતાં પણ અજ્ઞતારૂપ તમોગુણ અને ચંચળતારૂપ રજોગુણની અધિકતાના કારણે ત્યાં આનંદાંશ તિરસ્કૃત છે. જ્યાં સાધનના દ્વારા રજોગુણ-તમોગુણ અંશ દૂર કરવામાં આવ્યા છે, ત્યાં મહાત્મા પુરુષોમાં સત્, ચિત્, આનંદઘન પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ પ્રગટરૂપથી વિદ્યમાન છે.

અસ્તિ-તત્ત્વ

સંસારમાં જે જડ પદાર્થોની સત્તા દેખાઈ રહી છે, તેનાથી સિદ્ધ થઈ રહ્યું છે કે તેમનું અસ્તિત્વ તે પરમાત્માથી જ છે. તેમને દ્યોતન કરવાવાળું સત્-તત્ત્વ જ પદાર્થોના સંબંધથી 'સત્'ની અપેક્ષાએ સ્થૂળ હોવાથી અસ્તિસ્વરૂપ દ્વારા કહેવાય છે.

સંસારમાં જેટલી પણ જડ વસ્તુઓ છે, એ બધી ઉત્પન્ન થાય છે. વચમાં સત્તારૂપે દેખાય છે, વધે છે, પરિવર્તિત થાય છે, ક્ષીણ થાય છે અને નષ્ટ થઈ જાય છે. તે ઉત્પત્તિ-વિનાશશીલ સંપૂર્ણ વસ્તુઓમાં જે એક સત્તા માલૂમ પડે છે, તે જ અસ્તિરૂપથી ઓળખવામાં આવે છે. અહીંયાં એ સમજવાની વાત છે કે એક પદાર્થને લઈને તેની ઉત્પત્તિની પછી જે તેનું અસ્તિત્વ દેખાય છે, તે તો તે પદાર્થનો નાશ થયા પછી નષ્ટ થઈ જાય છે; કારણ કે તે વિકાર છે. પરંતુ તે પદાર્થોનો અભાવ થઈ જવા છતાં પણ બધી વસ્તુઓમાં સામાન્ય રીતે જે એક 'હોવાપણું' માલૂમ પડે છે, તે હોવાપણું જ અસલી અસ્તિસ્વરૂપ છે. તે અસ્તિસ્વરૂપ નિત્ય વિદ્યમાન રહે છે. જેવી રીતે 'આ મનુષ્ય છે', 'આ પક્ષી છે', 'આ દેશ છે'—આ બધામાં 'છે' અનુસ્યૂત છે. વસ્ત્રમાં દોરો સર્વત્ર એક છે. માટીનાં વાસણોમાં માટી બધામાં એક છે. એવી રીતે આ અસ્તિ-તત્ત્વ બધામાં અનુસ્યૂત છે. આ સર્વત્ર વ્યાપક છે, પરિપૂર્ણ છે. જ્યારે ઘડો ફૂટી જાય છે, ત્યારે ઘડાનો અભાવ હોવા છતાં પણ તેના ટૂકડાઓ તો રહે જ છે. એમ જ પદાર્થોનો અભાવ હોવા છતાં પણ તેમના રૂપાંતરમાં હોવાપણું તેવી રીતે જ ચાલુ રહે છે.

એટલા માટે જે પણ ઉત્પત્તિ—વિનાશવાળી વસ્તુઓ છે, તે બધામાં જે સત્તા માલૂમ પડે છે, તે વસ્તુતઃ તે ચીજોનો આધાર છે, પરંતુ જોવામાં એવું માલૂમ થાય છે કે તે ચીજ પ્રથમ છે અને પછી તેની સત્તા છે. આ જ તો પરમાત્માની દિવ્ય પ્રકૃતિની અવિદ્યા—માયાશક્તિનો વિલક્ષણ પડદો છે.

ભાતિ-તત્ત્વ

સઘળી વસ્તુઓની જે પ્રતીતિ થાય છે, વસ્તુઓ દેખાય છે, તેમનો અનુભવ થાય છે—એ ભાતિ છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન—બધામાં સત્તા માલૂમ પડે છે. એક પદાર્થનું હોવું તે સત્તા છે અને તેનું દેખાવું, અનુભવ થવો તે ભાતિ છે. વિદેશની વસ્તુઓ અહીંયાં દેખાતી નથી; પરંતુ 'ત્યાં તે ચીજ છે' એવા પ્રકારનો સામાન્ય ભાવ તો બુદ્ધિમાં આવે જ છે તથા સાથે જ તે વસ્તુઓનું ન જવાનું પણ પ્રતીત થઈ જ રહ્યું છે. જેથી સંપૂર્ણ વસ્તુઓની પ્રતીતિ થાય છે, વસ્તુઓ પ્રકાશિત થાય છે, તેને ભાતિ-તત્ત્વ કહે છે. આ પરમાત્માનું નિર્ગુણ ચિત્-તત્ત્વ જ માયાના સંબંધથી પ્રકાશરૂપે પ્રતીત થઈ રહ્યું છે. આ પ્રકાશ મહત્તત્ત્વના મિશ્રણથી સામાન્ય જ્ઞાનસ્વરૂપ છે, જેમાં ઘટ-પટાદિ સમગ્ર પદાર્થોનું ભાન થઈ રહ્યું છે. પદાર્થોનું જ્ઞાન-અજ્ઞાન, લૌકિક પ્રકાશ અને અંધકારનું જ્ઞાન, વસ્તુઓનો ભાવ-અભાવ, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ—એ અવસ્થાઓનું જ્ઞાન-અજ્ઞાન—એ બધાં જે એક બુદ્ધિ-તત્ત્વથી પ્રકાશિત થઈ રહ્યાં છે, સમજવામાં આવી રહ્યા છે. તે નિર્ગુણ પરમાત્માનું ચિત્-તત્ત્વ જ મહત્તત્ત્વને લઈ ભાતિરૂપે કહેવામાં આવે છે. તે ભાતિ—તત્ત્વ મહત્તત્ત્વનો સંબંધ થવાને કારણે ચિત્-તત્ત્વ કરતાં સ્થૂળ છે.

એમાં પણ અસ્તિની જેમ વસ્તુઓનું જ્ઞાન વસ્તુઓના પછી માલૂમ પડે છે, પરંતુ વાસ્તવમાં વસ્તુઓનું જ્ઞાન અને અજ્ઞાન એ બંનેને જ આ ભાતિ-તત્ત્વ સામાન્યરૂપે નિરંતર પ્રકાશિત કરી રહ્યું છે. આ જ સગુણ પરમાત્માનું 'ભાતિ' રૂપ છે.

પ્રિય-તત્ત્વ

સંસારના પદાર્થો મનને સારા લાગે છે, આ સારું લાગવું જ 'પ્રિય' છે. વસ્તુમાત્રમાં જ એક પ્રિયતા માલૂમ થતી હોય છે, કારણ કે ઉપયોગી હોવાને કારણે તે કોઈને કોઈના માટે પ્રિય છે જ. કોઈ પણ એવી વસ્તુ નથી, ભલે તે હલકામાં હલકી જ કેમ ના હોય, જે કોઈક એકને પણ પ્રિય ના હોય. પદાર્થોમાં જે આ સુંદરતા, પ્રિયતા અને આકર્ષણ છે, તે બધું વાસ્તવમાં પરમાત્માથી જ છે, પરંતુ દેખાય છે પદાર્થોમાં. આ જ માયા-શક્તિના આવરણની વિલક્ષણતા છે. વસ્તુતઃ પદાર્થોમાં સુંદરતા, પ્રિયતા અને આકર્ષણ નથી.

સમગ્ર પદાર્થો તે પરમાત્મામાં જ અધ્યારોપિત છે અને તે પરમાત્માનું આનંદ-સ્વરૂપ જ માયાશક્તિની સાથે મળેલું હોવાથી પદાર્થમાત્રમાં પ્રિયરૂપથી અનુભૂત થાય છે.

અસ્તિ, ભાતિ, પ્રિયની એકતા

સંસારમાં જે પણ વસ્તુઓ દેખાઈ રહી છે, તેમનામાં પરસ્પર ભેદ હોવા છતાં પણ અસ્તિ, ભાતિ, પ્રિયરૂપનો તેમનામાં એકરૂપથી અનુભવ થઈ રહ્યો છે. વસ્તુગત ભેદ હોવા છતાં પણ અસ્તિ, ભાતિ, પ્રિય-તત્ત્વનો ભેદ નથી હોતો. વસ્તુગત અસ્તિતત્વ જ માલૂમ પડે છે અને વાસ્તવમાં તે જ પ્રિયરૂપ છે અને ભાતિ એટલે કે પ્રતીતિમાત્રમાં જે એક આનંદની અનુભૂતિ થાય છે તે જ પ્રિયતા છે, ત્યાં પણ અસ્તિત્વ તો છે જ. જ્યાં પ્રિયતા છે, ત્યાં પણ પ્રતીતિ અને અસ્તિત્વ મોજૂદ જ છે. તેથી અસ્તિ, ભાતિ, પ્રિય— એ ત્રણે કોઈ અલગ-અલગ વિશેષણ અથવા શક્તિ-વિશેષ નથી, પરંતુ તે સચ્ચિદાનંદઘન પરમાત્મા જ પ્રકૃતિને લીધે અસ્તિ-ભાતિ-પ્રિયરૂપથી માલૂમ પડી રહ્યા છે. એની અન્તર્ગત દેખાનારા નામ-રૂપ-આકારવાળા સંસારની ઉપેક્ષા કરીને એના આધારસ્વરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્માની ઉપાસના કરવાથી સાધક કૃતકૃત્ય થઈ જાય છે.

સગુણ-સાકાર-તત્ત્વ

તે નિર્ગુણ-સગુણ સચ્ચિદાનંદઘન સર્વવ્યાપી, પૂર્ણબ્રહ્મ પરમાત્મા વાસ્તવમાં જન્મ-મૃત્યુરહિત સર્વથા હોવા છતાં પણ જ્યારે જરૂરી સમજે છે, ત્યારે પોતાની દિવ્ય પ્રકૃતિને લઈને સગુણ-સાકારરૂપથી પ્રગટ થાય છે. (ગીતા ૪ । ૬). તે પરમ દયાળુ ભગવાન પોતાના પ્રેમી ભક્તોનો ઉદ્ધાર કરવા, તેમની ઇચ્છા પ્રમાણે તેમને દર્શન આપીને, તેમની સાથે લીલા કરીને તેમને પરમ આનંદિત કરવા, પોતાના દર્શન ઇત્યાદિથી લોકોનાં સઘળાં પાપોનો સમૂળગો વિનાશ કરવા, પોતાના દિવ્ય ગુણ, પ્રભાવ, નામ, રૂપ, લીલા, તત્ત્વ અને રહસ્યનો વિસ્તાર કરીને તેમના શ્રવણ, મનન, પઠન, ચિંતન, કીર્તન ઇત્યાદિ દ્વારા સઘળા લોકો માટે આત્મોદ્ધારનો માર્ગ ખોલી દેવા, દુષ્ટ-દુરાચારી મનુષ્યોની બૂરી આદતો છોડાવવા અને તેમને શિક્ષા કરીને અથવા મારીને પાપમાંથી મુક્ત કરવા માટે લીલા-વિગ્રહ ધારણ કરે છે. તેઓ વેદ-શાસ્ત્રોને અનુકૂળ આચરણો દ્વારા ધર્મનું મહત્ત્વ બતાવીને, પોતાની અલૌકિક, અપ્રતિમ, દિવ્ય પ્રભાવશાળી વાણીના દ્વારા ધર્મના તત્ત્વનો ઉપદેશ આપીને સઘળાં મનુષ્યોનાં અંતઃકરણમાં વેદ, શાસ્ત્ર, ધર્મ, પરલોક, મહાત્મા અને પોતાના પર શ્રદ્ધા ઉત્પન્ન કરાવીને, સદાચાર-સદ્‌ગુણ અને સદ્‌ભાવોથી વિશ્વાસ, પ્રેમ ઉત્પન્ન કરાવીને તથા લોકોને તેમને દૃઢતાથી ધારણ કરાવીને સંસાર-સાગરમાંથી તેમનો ઉદ્ધાર કરવાને માટે રામ, કૃષ્ણ, નૃસિંહ વગેરે સ્વરૂપો દ્વારા પ્રગટ થાય છે (ગીતા ૪ । ૮).

ભગવાનનો અવતાર-વિગ્રહ દિવ્ય, અલૌકિક અને અદ્‌ભુત હોય છે. તે પરમાત્મા માયાને વશ થઈને જન્મ નથી લેતા; પરંતુ પોતાની વિદ્યામયી પ્રકૃતિને પોતાને વશીભૂત કરીને યોગમાયાથી પ્રગટ થાય છે. આ ભગવાનનું પ્રગટ થવું જીવોના જન્મ કરતાં ઘણું જ વિલક્ષણ અને દિવ્ય છે. જગતના બધા જ ચરાચર જીવો પોતાના ગુણ, કર્મ, સ્વભાવના વશમાં થયેલા પ્રારબ્ધ અનુસાર સુખ-દુઃખ વગેરે ભોગ ભોગવવાને માટે જન્મ લે છે; પરંતુ પરમાત્મા કોઈના પણ વશમાં ન થઈને પોતાની ઇચ્છાથી ફક્ત જીવો પર અહૈતુકી કૃપા કરીને જ અવતાર ધારણ કરે છે. આ પ્રકારે ઈશ્વરનું પ્રાકટ્ય તેમની આનંદમયી લીલા છે અને જીવોનું જન્મવું તે દુઃખમય છે. ભગવાન પ્રગટ થવામાં સર્વથા સ્વતંત્ર છે અને જીવ જન્મ લેવામાં સર્વથા પરતંત્ર છે. ઈશ્વરનો અવતાર થવામાં ફક્ત તેમની અહૈતુકી કૃપા જ કારણ છે અને જીવોના જન્મનો હેતુ તેમનાં શુભ-અશુભ કર્મો છે.

વિગ્રહ-તત્ત્વ

તે સર્વત્ર પરિપૂર્ણ સત્સ્વરૂપ પરમાત્મા જ દિવ્ય વિગ્રહરૂપમાં પ્રગટ થાય છે. ભગવાનનો તે દિવ્ય વિગ્રહ અલૌકિક, અદ્‌ભુત અને વિલક્ષણ છે (ગીતા ૪ । ૯) અને તે પરમાત્મા પોતાની પૂર્ણ શક્તિથી જ પ્રગટ થાય છે. તેમનો સાકાર વિગ્રહ એક દેશમાં પ્રગટ થયેલો દેખાવા છતાં પણ તેઓ વાસ્તવમાં તો બીજા દેશમાંથી ખસી જતા નથી અને એક દેશમાં સીમાબદ્ધ પણ થઈ જતા નથી. તેઓ જીવોની જેમ શરીરધારી નથી હોતા. તેમના વિગ્રહમાં દેહ-દેહીભાવ નથી, તેમનો તે વિગ્રહ દિવ્ય ચિન્મયસ્વરૂપ જ છે, જેનો યથાર્થ અનુભવ દિવ્ય નેત્રોવાળા ભક્તોને થાય છે, બીજાઓને નહિ.

चिदानंदमय देह तुम्हारी । बिगत बिकार जान अधिकारी ॥

ભગવાને પણ કહ્યું છે—

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥

(ગીતા ૭ । ૨૫)

'પોતાની યોગમાયાથી છુપાયેલો એવો હું બધાને પ્રત્યક્ષ નથી થતો, એટલા માટે આ અજ્ઞાની જનસમુદાય મને અજન્મા અવિનાશી પરમાત્મા તરીકે જાણતો નથી અર્થાત્ મને જન્મનાર અને મરનાર એવો સમજે છે.'

જીવોનાં શરીર તો અનિત્ય, પાપમય, રોગગ્રસ્ત, લૌકિક, વિકારી, પાંચ ભૌતિક તત્ત્વવાળાં અને રજ-વીર્યથી ઉત્પન્ન થનારાં હોય છે અને પરમાત્માનો તે સાકાર વિગ્રહ નિત્ય, પાપ-પુણ્યથી મુક્ત, અનામય, અપ્રાકૃત, વિકારરહિત, વિશુદ્ધ, પરમ દિવ્ય અને પ્રેમમય હોય છે; બીજા જીવોના કરતાં તો દેવતાઓનાં શરીર પણ દિવ્ય હોય છે; પરંતુ ભગવાનનું

સ્વરૂપ તેનાથી પણ અતિ દિવ્ય વિલક્ષણ હોય છે, જેનું દેવતાલોકો પણ દર્શન કરવાની ઇચ્છા રાખે છે. (ગીતા ૧૧ । ૫૨)

ભગવાન શ્રીરામ તથા શ્રીકૃષ્ણ જ્યારે આ પૃથ્વી પર અવતરિત થયા, ત્યારે તે સમયે તેઓ માતા કૌશલ્યા અને દેવકીના ગર્ભથી ઉત્પન્ન થયા નથી. પહેલાં તેમને પોતાનાં શંખ, ચક્ર, ગદા, પદ્મધારી સ્વરૂપનાં દર્શન આપીને ત્યારબાદ તેઓ જ માતાની પ્રાર્થનાથી બાળરૂપમાં લીલા કરવા લાગ્યા.

શ્રીતુલસીદાસજી કહે છે—

ભએ પ્રગટ કૃપાલા દીનદયાલા કૌસલ્યા હિતકારી ।
હરષિત મહતારી મુનિ મન હારી અદ્ભુત રૂપ બિચારી ॥
લોચન અભિરામા તનુ ઘનસ્યામા નિજ આયુધ ભુજ ચારી ।
ભૂષન બનમાલા નયન બિસાલા સોભાસિંધુ ખરારી ॥
માતા પુનિ બોલી સો મતિ ડોલી તજહુ તાત યહ રૂપા ।
કીજૈ સિસુલીલા અતિ પ્રિયસીલા યહ સુખ પરમ અનૂપા ॥
સુનિ બચન સુજાના રોદન ઠાના હોઇ બાલક સુરભૂપા ।

ઉપસંહર વિશ્વાત્મન્નદો રૂપમલૌકિકમ્ ।
શંખચક્રગદાપદ્મશ્રિયા જુષ્ટં ચતુર્ભુજમ્ ॥
(શ્રીમદ્ભા૰ ૧૦ । ૩ । ૩૦)

માતા દેવકીએ કહ્યું—'વિશ્વાત્મન્ ! શંખ, ચક્ર, ગદા અને પદ્મની શોભાથી યુક્ત આ ચાર ભૂજાવાળા આપના અલૌકિક દિવ્યરૂપને હવે છુપાવી લો.'

જ્યારે ભગવાન શ્રીરામ પરમધામ સીધાવવાના થયા, ત્યારે તે સમયે તેઓ અન્તર્ધાન થયા હતા. મનુષ્ય-શરીરની જેમ તેમનો દેહ અહીંયાં ના રહ્યો, તેઓ એ જ શરીર સાથે વૈકુંઠધામમાં ચાલ્યા ગયા.

પિતામહવચઃ શ્રુત્વા વિનિશ્ચિત્ય મહામતિઃ ।
વિવેશ વૈષ્ણવં તેજઃ સશરીરઃ સહાનુજઃ ॥
(વા૰ રા૰ ઉત્તરકાણ્ડ ૧૧૦ । ૧૨)

'મહામતિ ભગવાને પિતામહ બ્રહ્માજીનાં વચન સાંભળીને અને તે અનુસાર નિશ્ચય કરી ત્રણે ભાઈઓ સાથે પોતાના તે જ શરીરથી વૈષ્ણવ-તેજમાં પ્રવેશ કર્યો.'

ભગવાન શ્રીકૃષ્ણને માટે પણ એવાં જ વચન મળે છે.

લોકાભિરામાં સ્વતનું ધારણાધ્યાનમંગલમ્ ।
યોગધારણયાઽઽગ્નેય્યાદગ્ધ્વા ધામાવિશત્ સ્વકમ્ ॥
(શ્રીમદ્ભા૰ ૧૧ । ૩૧ । ૬)

'ધારણા અને ધ્યાન માટે અત્યંત મંગલરૂપ પોતાની લોકાભિરામ એવી મોહિની મૂર્તિને યોગ-ધારણાથી ઉત્પન્ન થયેલા અગ્નિ દ્વારા ભસ્મ કર્યા સિવાય જ ભગવાને પોતાના ધામમાં પ્રવેશ કર્યો.'

ભગવાનનાં સૃષ્ટિનાં સૃજન, પાલન, સંહાર વગેરે પોતાના અવતારલીલા વગેરે જેટલાં પણ કર્મ હોય છે, તે બધાં પરમ દિવ્ય, ઉજ્જવલ, પ્રકાશમય, આનંદમય, વિશુદ્ધ તેમજ અલૌકિક હોય છે. ભગવાનનાં જેવાં કર્મો સાધારણ મનુષ્ય તો કરી જ શું શકે છે; ઋષિ, મુનિ, દેવતા અને મહાત્મા પણ નથી કરી શકતા. જીવન્મુક્ત અને કારક પુરુષોની પણ ક્રિયાઓ ભગવાનની ક્રિયાઓ જેવી નથી હોતી. ભગવાનનાં કાર્યો આ બધા કરતાં અત્યંત વિલક્ષણ અને અદ્ભુત હોય છે, તેવાં કર્મો કોઈ ગમે તેટલો શક્તિશાળી પણ કેમ ના હોય, કરી શકતો નથી. કારણ એ છે કે બીજા લોકોમાં શક્તિ, વિદ્યા, પ્રભાવ, ઐશ્વર્ય વગેરે સીમિત હોય છે અને તે પણ ભગવાને આપેલાં તથા તે સર્વશક્તિસ્ત્રોતના અંશમાત્રથી જ પ્રકાશિત હોય છે. તેથી સર્વૈશ્વર્યસંપન્ન અમિત પ્રભાવશાળી ભગવાનનાં કર્મ તે બધા કરતાં બધી રીતે વિલક્ષણ, દિવ્ય અને અદ્ભુત હોય છે.

ભગવાનમાં અજ્ઞતા, જડતા, ભૂલ, આળસ, પ્રમાદ, અસાવધાની, ભ્રમ વગેરે કોઈ પણ દોષની જરા પણ સંભાવના ન હોવાથી તથા જ્ઞાન, ચેતનતા, સાવધાની અને વિજ્ઞતા વગેરે સ્વાભાવિક રીતે જ અવિચલરૂપથી નિત્ય વિદ્યમાન રહેવાને કારણે તેમનાં કર્મ અત્યંત જ ઉજ્જવલ હોય છે.

એટલા માટે તેમનાં લીલા-કર્મોનો તથા ગીતા વગેરે પરમ રહસ્યમય ઉપદેશોનો સંસારમાં જેટલો શ્રવણ, મનન, પઠન, કથન, કીર્તન ઇત્યાદિ દ્વારા વિસ્તાર કરવામાં આવે છે, તેટલો જ પ્રાણીમાત્રના હૃદયમાં અજ્ઞાન, અંધકાર, જડતા આદિનો વિનાશ થઈને પરમ દિવ્ય પ્રકાશમય જ્ઞાનનું સામ્રાજ્ય છવાઈ જાય છે. જ્યારે લોકોના હૃદયમાં પણ તેમનાં લીલા-કર્મ તથા ઉપદેશના શ્રવણ આદિથી આટલો દિવ્ય પ્રકાશ છવાઈ જાય છે, તો પછી તેઓ સ્વયં પરમ દિવ્ય પ્રકાશમય હોવામાં તો સંદેહ જ શું હોય ?

તે પ્રેમમય ભગવાન જેમની સાથે જે કંઈ પણ વ્યવહાર કરે છે, તેમાં નિષ્કામ પ્રેમ અને અહૈતુકી કૃપા ભરી રહેવાને કારણે જેમની સાથે વ્યવહાર કરવામાં આવે છે. તે પ્રાણીઓ પરમ આનંદિત બની જાય છે. ભગવાન જે તરફ દૃષ્ટિ કરે છે, તે સંપૂર્ણ દિશા પ્રેમ અને આનંદમય બની જાય છે. તેમણે દૃષ્ટિપાત કરેલી વસ્તુઓમાં, તેમની ક્રિડા-ભૂમિમાં એટલો આનંદ અને પ્રેમભરેલો છે કે હજારો-લાખો વર્ષો સુધી તેમનાથી લોકોને પરમ લાભ થતો રહ્યો છે. ભાવુક પ્રેમી ભક્ત તે લીલા-સ્થળોમાં નિવાસ કરે છે અને જન્મ-મરણ ઇત્યાદિ સાંસારિક દુઃખોથી સર્વથા મુક્ત બનીને તે પરમાનંદનો પ્રત્યક્ષ અનુભવ કરે છે.

જેઓ ભગવાનને અનુકૂળ થઈને પ્રેમ રાખીને શ્રદ્ધા-બુદ્ધિથી તેમનાં દર્શન ઇત્યાદિ કરે છે, તેમના આનંદ-લાભનું તો કહેવું જ શું ? જેઓ દ્વેષભાવથી ભગવાનથી વિરોધ રાખીને વિપરીત આચરણોમાં જ લાગ્યા રહે છે, તેમને પણ ભગવાન દયાવશ થઈને પોતાના હાથોથી મારીને પોતાનું પરમ દિવ્ય આનંદમય ધામ પ્રદાન કરે છે. તેમની મારવાની ઇત્યાદિ ક્રિયાઓમાં પણ પરમકલ્યાણ ભરેલું હોય છે, એટલા

માટે તેમની સંપૂર્ણ ક્રિયામાત્ર જ આનંદમય છે.

लालने ताडने मातुर्नाकारुण्यं यथार्भके ।
तद्वदेव महेशस्य नियन्तुर्गुणदोषयोः ॥

'જેવી રીતે માતાની બાળક પર તેનું પાલન કરવામાં અને મારવામાં ક્યારેય અકૃપા હોતી નથી, તે રીતે ગુણ-દોષ ઉપર નિયંત્રણ કરનાર પરમેશ્વરની ક્યાંયે કોઈ પર અકૃપા નથી હોતી.'

પૂર્ણતમ પુરુષોત્તમ ભગવાનનાં સઘળાં કર્મો નિઃસ્વાર્થ ભાવથી થાય છે. એ કર્મોમાં ક્યાંયે પણ જરાયે સ્વાર્થ હોતો નથી. માત્ર પ્રાણીઓ પર અકારણ કરુણા કરવા માટે જ તેઓ નિઃસ્વાર્થભાવથી કર્મોનું આચરણ કર્યા કરે છે. તેમને પોતાના માટે કંઈ પણ કર્તવ્ય અથવા પ્રાપ્ત કરવાનું હોતું નથી તોપણ તેઓ લોકસંગ્રહાર્થે જગતના કલ્યાણ માટે જ કર્મોમાં પ્રવૃત્ત થાય છે. ભગવાન ગીતામાં જાતે કહે છે—

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

(૩ । ૨૨)

'હે અર્જુન ! મારું આ ત્રણે લોકમાં ના તો કંઈ કર્તવ્ય છે અને ન કોઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત છે, તોપણ હું કર્મમાં જ વર્તન કરું છું.'

ભગવાનનાં કર્મોમાં પોતાનો કોઈ નિજી સ્વાર્થ યા કામના હોતી નથી. તેમનાં કર્મો પવિત્ર અને પાપ-મુક્ત હોય છે. તેમના ઉપદેશો, ભાવ અને આચરણોનું અનુસરણ કરવાથી પાપીમાં પાપી પરમ વિશુદ્ધ તરન-તારન બની જાય છે. એટલા માટે ભગવાનનાં કર્મો પરમ વિશુદ્ધ અને નિર્વિકાર હોય છે.

ભગવાનનાં કર્મો અલૌકિક હોય છે. જ્યાં દેવતાઓની પણ કલ્પના પહોંચી શકતી નથી અને જે બિલકુલ અસંભવ હોય છે, તે કર્મોને પણ તેઓ સંભવ કરી દેખાડે છે. તેમની તો માયા જ અઘટનઘટનાપટીયસી છે, તો પછી તે માયાના એકમાત્ર અધીશ્વર પરમાત્માનાં કર્મ સર્વથા અલૌકિક હોય, તેમાં તો કહેવું જ શું હોય ?

જેવી રીતે સર્વત્ર પરિપૂર્ણ સામાન્ય અગ્નિ સાધનો વડે સાકારરૂપથી પ્રગટ થઈ જાય છે, તેવી રીતે તે સર્વત્ર અસ્તિરૂપ દ્વારા પ્રતીત થનાર નિર્ગુણ સત્તત્ત્વ જ પોતાની અહૈતુકી કૃપા અને ભક્તોના પ્રેમથી વશ થઈને દિવ્ય વિગ્રહરૂપ રૂપે પ્રગટ થાય છે.

પ્રકાશ-તત્ત્વ

ભગવાનના વિગ્રહનો પ્રકાશ દિવ્ય હોય છે. તે નિર્ગુણ સર્વવ્યાપી ચિન્મયસ્વરૂપ જ સ્થૂળરૂપે પ્રકાશ-સ્વરૂપમાં આવે છે. તે પ્રકાશ પ્રાકૃત નેત્રોનો વિષય નથી હોતો, દિવ્ય ચક્ષુથી જ જોઈ શકાય છે. ભગવાને અર્જુનને કહ્યું છે—

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥

(ગીતા ૧૧ । ૮)

'પરંતુ તું આ તારાં પ્રાકૃત નેત્રો વડે મને જોવામાં નિઃસંદેહ સમર્થ નથી; તેથી હું તને દિવ્ય અર્થાત્ અલૌકિક ચક્ષુ આપું છું; એનાથી તું મારી ઈશ્વરીય યોગશક્તિને નિહાળ.'

જોકે અવતારના સમયે ભગવાનનો વિગ્રહ બધાની સમક્ષ હોવાથી બધાયને તેમનાં દર્શન થાય છે, પરંતુ તેમને યોગમાયાથી આવૃત્ત સામાન્ય મનુષ્યના રૂપનાં જ દર્શન થાય છે, દિવ્ય રૂપનાં નહિ.

ભગવાનનો તે દિવ્ય પ્રકાશ સૂર્ય, ચંદ્રમા વગેરેના પ્રકાશથી અત્યંત મહાન અને વિલક્ષણ હોય છે. સંજયે ગીતામાં કહ્યું છે—

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥

(૧૧ । ૧૨)

'આકાશમાં હજારો સૂર્યોનો એકી સાથે ઉદય થવાથી જે પ્રકાશ ઉત્પન્ન થાય, તે વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશ સમાન કદાચિત્ જ હોય.'

જેવી રીતે સૂર્યનો પ્રકાશ હોય છે; તેવી રીતે ભગવાનના વિગ્રહનો પણ પ્રકાશ હોય છે; પરંતુ તેમાં તીક્ષ્ણતા, ઉષ્ણતા અને દુર્નિરીક્ષ્યતા નથી હોતી. ભગવાનના વિગ્રહનો પ્રકાશ સૂર્યથી પણ ઘણો અધિક હોય છે; પરંતુ સૂર્યની માફક તીક્ષ્ણતા હોતી નથી; તે તો ચંદ્રમાની સમાન જ નહિ, ચંદ્રમાથી પણ વધારે વિલક્ષણ, સૌમ્ય, શાંત, શીતલ અને નેત્રાકર્ષક હોય છે. વાસ્તવમાં તે સૂર્ય-ચંદ્ર જેવો જ નથી અને સૂર્ય-ચંદ્રમા તેને પ્રકાશિત કરી શકતા જ નથી; ભગવાનનો પ્રકાશ એમનાથી ઘણો વિલક્ષણ હોય છે. ભગવાન કહે છે—

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

(ગીતા ૧૫ । ૬)

'જે પરમપદને પ્રાપ્ત કરીને મનુષ્યો ફરીથી સંસારમાં નથી આવતા—તે સ્વયંપ્રકાશ પરમપદને ના તો સૂર્ય પ્રકાશિત કરી શકે છે, ના ચંદ્રમા અને ના અગ્નિ પણ; તે જ મારું પરમધામ છે (જે ભગવત્સ્વરૂપ જ છે).'

વાસ્તવમાં સૂર્ય-ચંદ્રમા ઇત્યાદિ પણ તો ભગવાનના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે, ત્યારે તેઓ તેને કેવી રીતે પ્રકાશિત કરી શકે છે ? કારણ કે તેમનું તે તેજ પણ ભગવાનનું જ તેજ છે.

યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્ તેજો વિદ્ધિ મામકમ્ ॥
(ગીતા ૧૫ । ૧૨)

'સૂર્યમાં રહેલું જે તેજ છે, તે સંપૂર્ણ જગતને પ્રકાશિત કરે છે તથા જે તેજ ચંદ્રમામાં છે અને અગ્નિમાં છે, તેને તું મારું જ તેજ જાણ.'

સૂર્ય, ચંદ્રમાનો પ્રકાશ તો પાર્થિવ પદાર્થોથી આવૃત્ત થઈ જાય છે, તેથી તેનાથી છાયા પણ પડે છે, પરંતુ ભગવત્-વિગ્રહનો પ્રકાશ ભલે પહાડ પણ આડે શા માટે ન આવે, આવૃત્ત નથી થતો અને ના તેનાથી છાયા પણ પડે છે. તે પ્રકાશ દિવ્ય ચિન્મય હોય છે અને સૂર્ય-ચંદ્રમાનો પ્રકાશ ભૌતિક હોય છે.

ચિતિશક્તિ જાતે આત્મસ્વરૂપ છે. તે બુદ્ધિ-તત્ત્વથી જાણવાથી જ્ઞાનરૂપે માલૂમ પડે છે અને તે જ નેત્રરૂપથી દેખાવાથી પ્રકાશરૂપે પ્રગટ દેખાવા લાગે છે. તત્ત્વતઃ તે ચિતિ, ભાતિ અને પ્રકાશ એક જ વસ્તુ છે.

પ્રેમ-તત્ત્વ

તે નિર્ગુણ આનંદમય સર્વત્ર પરિપૂર્ણ પરમાત્મા જ પ્રેમરૂપથી સાકાર-વિગ્રહના રૂપે પ્રગટ થાય છે. પરમાત્માનો પ્રેમ ઘણો વિલક્ષણ છે. પરમાત્માનો દિવ્ય વિગ્રહ પ્રેમમય હોય છે, જેનાં દર્શન કરવાથી ખર, દૂષણ, જરાસંધ જેવા વિરોધી જીવોનાં પણ ચિત્ત જબરદસ્તીથી ખેંચાઈ જાય છે. તેમના તે પ્રેમમય વિગ્રહમાં વિલક્ષણ આકર્ષણ હોય છે. જે જગ્યાએ ભગવાનની કથા થાય છે, લીલા-વિગ્રહ વગેરેનું વર્ણન થાય છે, ત્યાં પણ પ્રેમ, આનંદ અને શાંતિનું પૂર આવી જાય છે, સર્વત્ર પરમ શાંતિમય વાતાવરણ છવાઈ જાય છે. તે વર્ણન સાંભળીને શ્રદ્ધાળુ પ્રેમીઓનું હૃદય પ્રેમથી તરબોળ થઈ જાય છે. તેમનાં નેત્રોમાંથી આંસુઓની ધારા વહેવા લાગે છે, કંઠ ગદ્‌ગદ થઈ જાય છે, વાણી આવાફ થઈ જાય છે અને સઘળાં અંગ પુલકિત થઈ ઉઠે છે. એ પ્રકારે ભક્તો પ્રેમમાં પાગલ થઈ જાય છે. મહાત્મા શ્રીનંદદાસજી કહે છે—

કૃષ્ણ નામ જબ તે મૈં શ્રવણ સુન્યૌ રી આલી
ભૂલી રી ભવન મૈં તૌ બાવરી ભઈ રી ॥

જો તેની કથા-વાર્તા સાંભળવાથી જ આટલી અસર પડે છે, તો તે સ્વયં કેટલા પ્રેમમય છે—તેનો અનુભવ તો પરમ પ્રેમાસ્પદ એવા ભગવાનનાં દર્શન કરનાર સાચા પ્રેમી ભક્તો જ કરી શકે છે; પરંતુ તેઓ પણ તે પ્રેમનું વર્ણન કરવામાં પોતાને અસમર્થ જ સમજે છે. પ્રેમના સ્વરૂપનું વર્ણન કરતાં રહીને શ્રીનારદજી કહે છે—

'અનિર્વચનીયં પ્રેમસ્વરૂપમ્ ।' 'મૂકાસ્વાદનવત્ ।'
'ગુણરહિતં કામનારહિતં પ્રતિક્ષણવર્ધમાનમવિચ્છિન્નં સૂક્ષ્મતરમનુભવરૂપમ્ ।'
(નારદભક્તિસૂત્ર ૫૧-૫૨, ૫૪)

પ્રેમનું સ્વરૂપ અનિર્વચનીય છે. મૂંગાના સ્વાદની જેમ તેનું વર્ણન થઈ શકતું નથી. આ પ્રેમ ગુણરહિત છે, કામનારહિત છે, પ્રતિક્ષણ વૃદ્ધિ પામે છે, વિચ્છેદરહિત છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતર છે અને અનુભવરૂપ છે.

જે આ પ્રેમતત્ત્વને જાણી લે છે, તે જાતે જ પ્રેમમય બની જાય છે. તેને પ્રેમ-જ-પ્રેમ દેખાય છે, પ્રેમમય ભગવાન સિવાય તેને અન્ય કોઈ વસ્તુ નજરે જ નથી આવતી.

આ ભગવત્-પ્રેમ એ વાણીનો વિષય નથી. સંસારમાં સ્ત્રી, પુત્ર, ધન, શરીર, માન, મોટાઈ વગેરે પ્રત્યે જે પ્રેમ જોવામાં આવે છે, તે તો પ્રેમ જ નથી, રાગ છે. રાગ અને પ્રેમમાં ઘણું અંતર છે. રાગ રજોગુણી છે અને પ્રેમ ગુણોથી પર છે, ગુણોના દાયરાથી પરની વસ્તુ છે. રાગમાં પોતાની ઇન્દ્રિયોની તૃપ્તિ અને પોતાનો સ્વાર્થ રહે છે, પ્રેમમાં ફક્ત પ્રેમાસ્પદનો આનંદ, તેની પ્રસન્નતા અને પોતાના સ્વાર્થનો સર્વથા ત્યાગ રહે છે. રાગના વિષયો જડ ભોગરૂપ પદાર્થો હોય છે, પરંતુ પ્રેમનો વિષય સાક્ષાત્ ચિન્મય પરમાત્મા હોય છે; જડ પદાર્થ નહિ. જીવોની સાથે જે પ્રેમ કરવામાં આવે છે, તેનો વિષય પણ ચેતન જ હોય છે, કારણ કે પ્રેમ સ્વયં ચિન્મય છે, પરંતુ જ્યાં કેવળ જડ શરીર પ્રત્યે આકર્ષણથી પ્રેમ હોય છે, તે પ્રેમ નહિ, તે તો રાગ જ કહેવાય છે. હા, તે પણ જો સ્વાર્થત્યાગપૂર્વક કેવળ તેના હિત માટે જ કરવામાં આવે છે તો પ્રેમ જ કહેવામાં આવે છે. મહાપુરુષો સાથે જે પ્રેમ કરવામાં આવે છે, ત્યાં જો શરીર પ્રત્યે આકર્ષાઈને પ્રેમ થાય છે, તોપણ તે શરીર અન્ય શરીરો કરતાં અત્યંત વિલક્ષણ હોવા ઉપરાંત ત્યાં પોતાનો સ્વાર્થ ના હોવાના કારણે તેને ચોક્કસપણે પ્રેમ જ માનવામાં આવે છે. તેનું ધ્યેય પારમાર્થિક સત્ય વસ્તુ છે, તેથી તે પ્રેમ શરીરને લીધે હોવા છતાં પણ દોષિત નથી તથા ભગવાનમાં જે કામનાસિદ્ધિ માટે પ્રેમ કરવામાં આવે છે, તે પણ જોકે જડ વસ્તુઓની પ્રાપ્તિ માટે જ છે, તોપણ ભગવાનથી સંબંધ હોવાને કારણે તે મુક્તિપ્રદ જ હોય છે. ભગવાને કહ્યું છે—**'મદ્‌ભક્તા યાન્તિ મામપિ'** (ગીતા ૭ । ૨૩)—'મારા ભક્તો મને ચાહે કોઈ પણ ભાવથી ભજે, અંતમાં તેઓ મને જ પ્રાપ્ત થાય છે' અને તેમની કામના પણ પૂર્ણ થઈ જાય છે અથવા સમાપ્ત થઈ જાય છે. મતલબ એ છે કે મહાત્માઓનાં શરીર પ્રાકૃત હોવા છતાં પણ તેમની સાથે નિઃસ્વાર્થ પ્રેમ કરનારનું ધ્યેય ચેતન છે તથા ભગવાન સાથે સકામ પ્રેમ કરનારનું ધ્યેય જડ પદાર્થ હોવા છતાં પણ ભગવાનનો વિગ્રહ ચેતનસ્વરૂપ છે—અહીંયાં એક અંશમાં કમી રહેવા છતાં પણ બંને જ જગ્યાએ ચેતનનો સંબંધ હોવાથી તે પ્રેમ જ કહેવામાં આવે છે અને તેનાથી નિઃસંદેહ કલ્યાણ થઈ જાય છે. પરંતુ

અસલી પ્રેમ તો તે છે જે જડતારહિત, જ્ઞાનપૂર્ણ, નિષ્કલંક, નિઃસ્વાર્થ, પરમશુદ્ધ અને કેવળ પ્રેમ માટે જ હોય છે. આ પ્રેમ રાગની સમાપ્તિ થયા બાદ જાગૃત થાય છે અને વૈરાગ્યની ઊંચામાં ઊંચી અવસ્થા થયા બાદ તેની શરૂઆત થાય છે.

તે પ્રેમ રસમય, આનંદમય, પ્રકાશમય, ત્યાગરૂપ, દિવ્ય અને પરમશાંતિ રૂપ છે. તેમાં દુઃખ, વિક્ષેપ, બળતરા, ચિંતા, ઉદ્વેગ, ભય વગેરેનો અંશ પણ નથી. પ્રેમ અને ભગવાન વસ્તુતઃ બે નહિ; એકમય જ છે. એવું હોવા છતાં પણ ભગવાનનાં દર્શન થવાથી પ્રેમ થઈ જ જાય, આ સર્વત્ર અબાધિત નિયમ નથી, પરંતુ પ્રેમ થયા પછી તો ભગવાન મળી જ જાય છે. એટલા માટે પ્રેમની કિંમત ભગવાન પણ નથી, પરંતુ ભગવાનની જ કિંમત પ્રેમ છે; તેથી પ્રેમ ભગવાનથી પણ વધારે છે. એટલા માટે દિવ્ય પ્રેમને પ્રાપ્ત થયેલા ભગવત્-ભક્તો ભગવાનનાં દર્શનોની પણ પરવા નથી કરતા, પરંતુ ભગવાન જ તે ભક્તોને પ્રેમ કર્યા કરે છે.

પ્રેમ ઘણી જ અલૌકિક વસ્તુ છે. તે દ્વૈત-અદ્વૈત, ભેદ-અભેદ, બધાથી નિરાળું વિલક્ષણ અલૌકિક તત્ત્વ છે. પ્રેમ અને આનંદ વસ્તુતઃ એક જ વસ્તુ છે. કારણ કે પ્રેમ થયા પછી જ આનંદ થાય છે અને જ્યાં આનંદ હોય છે, ત્યાં જ પ્રેમ હોય છે.

સર્વની એકતા

સત્-રૂપ પરમાત્માનું જે અસ્તિત્વ છે, જે સામાન્ય રીતે સર્વત્ર સર્વદા પરિપૂર્ણ છે, તે જ કૃપા-પરવશ થઈને ભક્તો પર અનુગ્રહ કરવાને માટે શ્રીવિગ્રહરૂપથી પ્રગટ થાય છે અને જે સામાન્ય ચિન્મય જ્ઞાનસ્વરૂપ પરમાત્મા છે, તે જ શ્રીવિગ્રહના પ્રકાશરૂપથી પ્રગટ થાય છે તથા જે નિરતિશય આનંદમય પરમાત્મા છે, તે જ શ્રીવિગ્રહમાં પ્રેમરૂપે પ્રગટ થાય છે. જેવી રીતે સત્, ચિત્, આનંદ—એ ત્રણે શબ્દતઃ અલગ-અલગ હોવા છતાં પણ ખરેખર એક જ છે અને પરમાત્માનાં સ્વરૂપો જ છે, તેના કોઈ વિશેષણ યા ઉપાધિ નથી, તેવી રીતે સાકાર પરમાત્મા તેનો પ્રકાશ તથા પ્રેમ પણ કોઈ ભિન્ન ભિન્ન ચીજો નથી.

પ્રેમ હરીકો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ।
એક હોય દોમેં લસૈ, જ્યોં સૂરજ અરુ ધૂપ ॥

તત્ત્વ-વિવેચન

આ પ્રકારે પરમાત્માનાં સચ્ચિદાનન્દઘન નિર્ગુણ-નિરાકાર, અસ્તિ-ભાતિ-પ્રિયરૂપ સગુણ-નિરાકાર, દિવ્ય વિગ્રહ, પ્રકાશ અને પ્રેમમય સગુણ-સાકાર સ્વરૂપનું તથા તે બધાંની એકતાનો કંઈક સંકેત કરવામાં આવ્યો. હવે એમની એકતાના પ્રતિપાદક ગીતાના નીચેના શ્લોકની થોડી વ્યાખ્યા કરવામાં આવે છે—

અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોઽપિ સન્ ।
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સમ્ભવામ્યાત્મમાયયા ॥

(૪ । ૬)

ભગવાન કહે છે—'હું અજન્મા અને અવિનાશીરૂપ હોવા છતાં પણ તથા સમગ્ર પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ મારી પ્રકૃતિને વશ કરીને મારી યોગમાયાથી પ્રગટ થાઉં છું.'

આ શ્લોકમાં ભગવાને છ વાતો કહી છે—ત્રણ પોતાના સ્વરૂપના સંબંધમાં, બે પ્રકૃતિના સંબંધમાં અને એક અવતાર ધારણ કરવાના સંબંધમાં. એ બધી ક્રમશઃ આ પ્રકારે છે—

હું (૧) અજન્મા હોવા છતાં પણ, (૨) અવિનાશી સ્વરૂપ હોવા છતાં પણ, (૩) સમગ્ર પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ, (૪) મારી પ્રકૃતિને વશ કરીને, (૫) મારી યોગમાયાથી, (૬) પ્રગટ થાઉં છું.

આ છમાંથી 'અજન્મા' અને 'અવિનાશી' હોવા છતાં પણ—આ બે તો નિર્ગુણ-નિરાકાર તથા 'સમગ્ર પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ'—આ સગુણ-નિરાકારનું તેમજ 'મારી પ્રકૃતિને વશ કરીને'—એ ભગવાનના શ્રીવિગ્રહ-તત્ત્વની દ્યોતક છે. 'પ્રગટ થાઉં છું'—એથી પોતાના સાકારરૂપથી પ્રગટ થવાની વાત કહી છે. આવા સાકારરૂપથી પ્રગટ થવા છતાં પણ અભક્તો તેમને જાણી શકતા નથી; કારણ કે ભગવાન યોગમાયાથી સમાવૃત રહે છે—આ વાત ભગવાને 'મારી યોગમાયાથી'—આ પદના દ્વારા વ્યક્ત કરી છે.

ભગવાન અજ અર્થાત્ જન્મરહિત રહેવા છતાંય જન્મ લે છે અર્થાત્ પ્રગટ થાય છે. જન્મ લેવા છતાં પણ ભગવાનના 'અજ'પણામાં કદી કિંચિતમાત્ર પણ કમી થતી નથી. ભગવાન અવ્યયાત્મા એટલે કે પરિવર્તન, ક્ષય, વિનાશ આદિ વિકારોથી સર્વથા રહિત રહેવા છતાંય લોકોની સમક્ષથી અંતર્ધાન થઈ જાય છે; પરંતુ અંતર્ધાન થઈ જવા છતાં પણ તેઓ ક્યારેય નષ્ટ થઈ જતા નથી. આ પ્રકારે પ્રાણીમાત્રના એકમાત્ર મહાન શાસક—ઈશ્વર રહેવા છતાંય તેઓ કોઈ દેશ-વિશેષમાં માતા-પિતાની આજ્ઞાનું પાલન કરનાર નામરૂપ-વિશિષ્ટ બાળક બની જાય છે; પરંતુ બાળક બનવા છતાં પણ તેમના શાસનપણામાં કોઈ પણ ખામી નથી આવતી. તે જ ભગવાન પોતાની પ્રકૃતિને વશ કરીને પ્રગટ થાય છે; પરંતુ આ પ્રકારે પ્રગટ થવા છતાં પણ તેઓ પ્રકૃતિના ગુલામ બની જતા નથી, પરંતુ પ્રકૃતિ તો તેમને અનુકૂળ ચાલનારી તેમની દાસી જ રહે છે. તે નિત્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાની ઉપર યોગમાયાનો પડદો રાખીને પ્રગટ થાય છે, પરંતુ ભગવાનનું દિવ્ય જ્ઞાન તેનાથી જરા પણ આવૃત્ત થતું નથી. પ્રેમી ભક્તો માટે પણ તે પડદો રહેતો

નથી, તેઓ તો તેમનાં ચિન્મય સ્વરૂપનું દર્શન કરી જ લે છે. આ આવરણથી તો ભગવાનની ભક્તિથી રહિત એવા મૂઢલોકો જ તેમને ઓળખી શકતા નથી.

આ શ્લોકોમાં ભગવાને પોતાનાં નિર્ગુણ-નિરાકાર, સગુણ-નિરાકાર તેમજ સગુણ-સાકાર-સ્વરૂપની એકતા કરી છે. ભગવાન શ્રીકૃષ્ણ બતાવે છે કે તે નિર્ગુણ સચ્ચિદાનંદઘન સર્વવ્યાપી પરમાત્મા હું જ છું અને હું જ સમય-સમય પર સાકારરૂપમાં પ્રગટ થાઉં છું. ગીતામાં કહ્યું છે—

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥
(૧૪ । ૨૭)

'તે અવિનાશી પરબ્રહ્મનું અને અમૃતનું તથા નિત્ય-ધર્મનું અને અખંડ એકરસ આનંદનું આશ્રય સ્થાન હું છું.'

અહીંયાં ભગવાને પોતાનાં જે જે રૂપોનું વર્ણન કર્યું છે, તેમનામાંથી જો એક પણ રૂપના તત્ત્વનું જ્ઞાન થઈ જાય તો મનુષ્ય જીવન્મુક્ત અને કૃતકૃત્ય થઈ જાય છે. ભગવાને ગીતામાં પોતાના કોઈ એક રૂપને પણ જાણનારને અસંમૂઢ-જ્ઞાનવાન અને ન જાણનારને મૂઢ બતાવ્યો છે. આ વાત નીચે લખેલાં ઉદાહરણોથી સ્પષ્ટ કરવામાં આવે છે.

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥
(ગીતા ૧૦ । ૩)

અહીંયાં ભગવાને પોતાના 'અજ'—જન્મરહિત રૂપને જાણનારાનું સંપૂર્ણ પાપોથી મુક્ત થવું એવું બતાવ્યું છે તથા તેને બધા મનુષ્યોમાં અસંમૂઢ—જ્ઞાની બતાવ્યો છે.

मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥
(ગીતા ૭ । ૨૫)

અહીંયાં 'અજ'ને નહિ જાણનારને મૂઢ કહ્યો છે.

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥
(ગીતા ૯ । ૧૩)

यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥
यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥
(ગીતા ૧૫ । ૧૭, ૧૯)

અહીંયાં ભગવાને 'અવ્યય' સ્વરૂપને જાણવાવાળાને અસંમૂઢ—જ્ઞાનવાન અને સર્વવિત્ બતાવ્યો છે.

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥
(ગીતા ૭ । ૨૪-૨૫)

આ શ્લોકોમાં 'અવ્યય' સ્વરૂપને ન જાણવાવાળાને બુદ્ધિહીન અને મૂઢ કહેવામાં આવ્યો છે.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥
(ગીતા ૫ । ૨૯)

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥
(ગીતા ૧૦ । ૩)

અહીંયાં 'સર્વલોકમહેશ્વર' રૂપને જાણવાવાળાને શાંતિની પ્રાપ્તિ બતાવી છે અને તેને અસંમૂઢ કહ્યો છે.

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥
(ગીતા ૯ । ૧૧)

અહીંયાં 'ભૂતમહેશ્વર' રૂપને ન જાણવાવાળાને મૂઢ બતાવ્યો છે. વળી ચોથા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં વર્ણવેલી પ્રકૃતિ અને યોગમાયા.—એ બંને અલગ-અલગ તત્ત્વ છે. પ્રકૃતિ પરમાત્માની એક નિત્ય દિવ્ય શક્તિ છે અને તે પ્રકૃતિના જ એક અવિદ્યામય અંશને અજ્ઞાન યા માયા કહે છે. જે પ્રકૃતિના કાર્યરૂપ ત્રણે ગુણોવાળી છે. જ્ઞાનમાર્ગી આ પ્રકૃતિને વિદ્યા કહે છે અને આ બ્રહ્મવિદ્યા—અધ્યાત્મવિદ્યા (ગીતા ૧૦ । ૩૨)નું અવલંબન લઈને અવિદ્યાનો નાશ કરીને પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે તથા ભક્તજન એને ભગવાનની ભક્તિ—દૈવી સંપત્તિ કહે છે, જેનો આશ્રય લઈને તેઓ ભગવાનનાં દર્શન કરે છે. તે જ ભગવાનની તરફ લઈ જનારી ભગવાનની દૈવી પ્રકૃતિ છે.

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥
(ગીતા ૯ । ૧૩)

આમાં પરમાત્માની દૈવી પ્રકૃતિનો આશ્રય લેનારાઓને મહાત્મા કહ્યા છે.

દૈવી યોગમાયા તો બન્ધનકારક, દુસ્તર, મોહિત કરનારી અને પરમાત્મા તરફથી વિમુખ કરનારી છે. તેને જ અવિદ્યા કહે છે.

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥
दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥
(ગીતા ૭ । ૧૩-૧૪)

આ માયાનો આશ્રય લેનારા લોકો તે અવ્યય પરમાત્માને જાણી શકતા નથી.

ગીતામાં શોધ કરતાં એ વાત અધિક સ્પષ્ટ થઈ જાય છે કે આ માયા ગુણમયી છે. ગુણો માયાથી ઉત્પન્ન થતા

નથી. એમને તો ભગવાને પ્રકૃતિથી ઉત્પન્ન થતા બતાવ્યા છે. જેમ કે—

કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ॥

(૩ । ૫)

વિકારાંશ્ચ ગુણાશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસંભવાન્ ॥

(૧૩ । ૧૯)

પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુઙ્ક્તે પ્રકૃતિજાન્ગુણાન્ ।

(૧૩ । ૨૧)

સત્ત્વં રજસ્તમ ઇતિ ગુણાઃ પ્રકૃતિસંભવાઃ ।

(૧૪ । ૫)

સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃ સ્યાત્ત્રિભિર્ગુણૈઃ ॥

(૧૮ । ૪૦)

ભગવાને માયાને ગુણમયી બતાવી છે, નહિ કે પ્રકૃતિને. '**મયટ્**' પ્રત્યય વિકારના અર્થમાં પણ હોય છે, માટે અહીંયાં માયાને ગુણોનો વિકાર માની છે. પ્રકૃતિ તો ગુણોથી તો શું માયાથી પણ પરની વસ્તુ છે. માટે ભગવાન પ્રકૃતિને વશમાં કરીને લીલા-વિગ્રહ ધારણ કરવા છતાં પણ માયાવી યા ગુણમય નથી થઈ જતા. તેઓ તો સદા સર્વથા દિવ્ય અમાયાવી ગુણાતીત જ સ્થિત રહે છે, પરંતુ માયાનો પરદો લઈને પ્રગટ થવાના કારણે સાધારણ જીવ તેમને જાણી શકતા નથી અને ભગવાનને સાધારણ મનુષ્ય માની લે છે (ગીતા ૭।૨૪; ૯।૧૧).

આ રીતે માયા અને પ્રકૃતિ-એ બન્ને જુદાં જુદાં તત્ત્વો છે અને તેમાં ઘણો તફાવત છે.

અહીંયાં એ વાત સમજવાની છે કે સગુણ-સાકાર પરમાત્મા અજ, અવ્યય અને ગુણાતીત છે. ભગવાનનો દિવ્ય વિગ્રહ પ્રકૃતિજન્ય ત્રણે ગુણોની અંદર નથી. ભગવાને કહ્યું છે—

ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભિ સર્વમિદં જગત્ ।
મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્ ॥

(૭ । ૧૩)

'ગુણોના કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ—આ ત્રણ પ્રકારના ભાવોથી આ બધો સંસાર—પ્રાણીસમુદાય મોહિત થઈ રહ્યો છે, એટલા માટે આ ત્રણે ગુણોથી પર એવા મને અવિનાશી પરમાત્માને જાણતો નથી.'

સગુણ-સાકાર ભગવાન આ ત્રણે ગુણોથી અત્યંત પર છે. જ્યારે તેમની ઉપાસના કરવાથી જ મનુષ્ય ગુણાતીત થઈ જાય છે, તો પછી તેઓ જાતે ત્રણે ગુણોથી પર છે—એમાં તો શંકા જ શી હોય ? ભગવાન કહે છે—

માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે ॥

(૧૪ । ૨૬)

'જે પુરુષ અવ્યભિચારી ભક્તિયોગના દ્વારા મને નિરંતર ભજે છે, તે આ ત્રણ ગુણોને સારી રીતે ઓળંગીને સચ્ચિદાનંદઘન બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે યોગ્ય બની જાય છે.'

જો સાકાર ભગવાન ત્રણે ગુણોની અંદર હોત તો તેમની ઉપાસના કરવાથી મનુષ્ય ગુણાતીત કેવી રીતે થઈ શકે. તેથી ભગવાનનો દિવ્ય વિગ્રહ માયિક નથી. જો માયિક હોત તો આત્મનિષ્ઠ જ્ઞાનીજનોનું તેમાં આકર્ષણ કેમ કરીને હોત ? તત્ત્વજ્ઞાની જનકજીનું પણ મન ભગવાન શ્રીરામ-લક્ષ્મણનાં સ્વરૂપને જોઈને આકર્ષિત થઈ જાય છે. ગોસ્વામી તુલસીદાસજીએ તેમની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે—

મૂરતિ મધુર મનોહર દેખી । ભયઉ બિદેહુ બિદેહુ બિસેષી ॥
પ્રેમ મગન મનુ જાનિ નૃપુ કરિ બિબેકુ ધરિ ધીર ।
બોલેઉ મુનિ પદ નાઇ સિરુ ગદગદ ગિરા ગભીર ॥

સહજ બિરાગ રૂપ મનુ મોરા । થકિત હોત જિમિ ચંદ ચકોરા ॥
ઇન્હહિ બિલોકત અતિ અનુરાગા । બરબસ બ્રહ્મ સુખહિ મન ત્યાગા ॥
પુનિ પુનિ પ્રભુહિ ચિતવ નરનાહૂ । પુલક ગાત ઉર અધિક ઉછાહૂ ॥

એક વખતે સનકાદિ ઋષિઓ વૈકુંઠમાં જઈ રહ્યા હતા, ત્યાં ભગવાનના દ્વારપાળ જય-વિજયે તેમને અંદર જતાં રોક્યા. ત્યારે સનકાદિએ તેમને ત્રણ જન્મો સુધી રાક્ષસ થવાનો શ્રાપ આપી દીધો. ભગવાન પોતાના અનુચરો દ્વારા શ્રેષ્ઠ પુરુષોનું અપમાન થયેલું જાણીને જાતે લક્ષ્મીજી સાથે ત્યાં પધાર્યા. તે સમયે ભગવાનનાં દર્શનથી તેમની જે દશા થઈ, તે ઘણી વિલક્ષણ હતી. ભાગવતકાર લખે છે—

તસ્યારવિન્દનયનસ્ય પદારવિન્દ-
કિંજલ્કમિશ્રતુલસીમકરન્દવાયુઃ ।
અન્તર્ગતઃ સ્વવિવરેણ ચકાર તેષાં
સંક્ષોભમક્ષરજુષામપિ ચિત્તતન્વોઃ ॥

(૩ । ૧૫ । ૪૩)

'પ્રણામ કરવાથી તે કમલરૂપીનેત્રવાળા ભગવાનના ચરણરૂપી કમળની પરાગથી ભળેલી તુલસી-મંજરીની હવાએ તેમનાં નાસિકા-છિદ્રોમાં પ્રવેશ કરીને તે અક્ષર પુરુષોત્તમમાં નિત્ય સ્થિત રહેવાવાળા જ્ઞાની મહાત્માઓનાં પણ ચિત્ત અને શરીરને ક્ષુબ્ધ કરી દીધાં.'

જેમનું મન 'સહજ વિરાગરૂપ' હતું જે અક્ષર પરમાત્મામાં નિત્ય સ્થિર રહેવાવાળા હતા, જેમને '**દુઃખદોષાનુદર્શનમ્**'નો સાધનાપૂર્વક વૈરાગ્ય કરવો ન પડતો હતો, તે જનક અને સનકાદિ ઋષિઓનાં ચિત્ત પણ ભગવાનની તરફ ખેંચાઈ જાય છે. તે વિલક્ષણ પ્રેમ-સાગર ભગવાન માયિક કેવી રીતે હોઈ શકે છે ?

આ નિર્ગુણ-સગુણ-સાકાર તત્ત્વની એકતા બતાવવાવાળા શ્લોકમાં '**અપિ**' અને '**સન્**' શબ્દોને બે વાર આપવાનો એ સાર છે કે નિર્ગુણથી નિરાકાર, સગુણ-નિરાકાર અને

સગુણ-સાકાર વસ્તુતઃ એક જ તત્ત્વ છે. એમનામાં અનેકતા તો સાધકોના દ્રષ્ટિભેદને જ કારણે દેખાય છે. પરમાત્માનું જે ધ્યાન, ચિંતન ,ધારણા, ભાવના અને જ્ઞાન કરવામાં આવે છે, તે બધું મન-બુદ્ધિના દ્વારા જ કરવામાં આવે છે અને પરમાત્મા વસ્તુતઃ મન-બદ્ધિથી અતીત છે. તેથી વૃત્તિના દ્વારા જે કંઈ પણ નિશ્ચિત કરવામાં આવે છે, તેનાથી પરમાત્મા વાસ્તવમાં પરે જ રહી જાય છે. એટલા માટે મન-બુદ્ધિથી પકડેલું પરમાત્માનું કોઈ પણ સ્વરૂપ વાસ્તવિક નથી, પરંતુ કાલ્પનિક જ છે. જોકે મન-બુદ્ધિ પરમાત્માના યથાર્થ સ્વરૂપ સુધી પહોંચી શકતાં નથી, તોપણ પરમાત્મા તો સર્વાતીત હોવાથી સાધકની કલ્પનામાં પણ મોજૂદ છે જ; કારણ કે તેઓ દેશ, કાળ, વસ્તુ, ભાવ અને ધારણા—બધામાં જ અવિચ્છિન્ન રુપથી સદાયે વિદ્યમાન છે તથા પરમાત્માની પ્રાપ્તિને માટે સાધન કરવાવાળા પુરુષનું લક્ષ્ય પરમાત્મા હોવાને કારણે તેમના પરમ ભાવને સમજીને સગુણ, નિર્ગુણ, સાકાર, નિરાકાર—કોઈ પણ રૂપની કેવી પણ ભાવના શા માટે ના કરવામાં આવે, તેનું પણ પરિણામ પરમાત્માની પ્રાપ્તિ જ હોય છે. તેથી પરમાત્માની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી જે પણ કોઈ સાધન કરવામાં આવે છે, તેનું ફળ વસ્તુતઃ સત્યસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ જ હોવાને કારણે બધાં સાધન વસ્તુતઃ સત્ય જ છે, કાલ્પનિક નથી.

પરમાત્મા સર્વત્ર સર્વદા વિદ્યમાન છે; પરંતુ લક્ષ્ય પરમાત્મા ન રહેવાને કારણે જ મનુષ્ય શાંતિલાભથી વંચિત રહે છે. જો તેનું લક્ષ્ય પરમાત્મા થઈ જાય તો કોઈ પણ શાસ્ત્રોક્ત ઉપાયથી પરમશાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. કોઈ પણ માર્ગથી ચાલે, વાસ્તવિક પરમાત્માની પ્રાપ્તિના પછી તો તે પુરુષની સ્થિતિમાં જરા પણ અંતર હોતું નથી; પરંતુ સાધનકાળમાં ઉપાયભેદને કારણે અંતર રહે છે તથા સાધનને અંતિમ સીમાની પ્રાપ્તિમાં પણ ભેદ રહે છે. નીચે આ વિષય બાબતે કંઈક લખવામાં આવે છે—

દર્શન, જ્ઞાન, પ્રવેશનું પ્રકરણ

સગુણ, સાકાર ભગવાનની અનન્ય ભક્તિ કરનારા ભક્તોને પરમાત્માનાં દર્શન, તેમનું તત્ત્વજ્ઞાન અને તેમના સ્વરૂપની પ્રાપ્તિ—ત્રણેય થાય છે. ભગવાને કહ્યું છે—

ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ ॥

(ગીતા ૧૧ । ૫૪)

'પરંતપ અર્જુન ! અનન્ય ભક્તિના વડે એ પ્રકારે ચતુર્ભુજ સ્વરૂપવાળો હું પ્રત્યક્ષ જોવાને માટે, તત્ત્વથી જાણવાને માટે તથા પ્રવેશ કરવાને માટે અર્થાત્ એકીભાવથી પ્રાપ્ત થવાને માટે પણ શક્ય છું!'

સગુણ-નિરાકારની ઉપાસનાની બે પ્રણાલીઓ હોય છે—એક તો પરમાત્મા સર્વત્ર પરિપૂર્ણ છે અને હું તેમનો દાસ છું—એ પ્રકારના ભેદ ભાવપૂર્વક કરવામાં આવે છે. જેમ કે—

સો અનન્ય જોકેં અસિ મતિ ન ટરઇ હનુમંત ।
મૈં સેવક સચરાચર રૂપ સ્વામિ ભગવંત ॥

બીજી પ્રણાલીમાં અભેદભાવ રહે છે કે બધું પરમાત્મા જ છે, હું કંઈ તેનાથી અલગ વસ્તુ નથી—

યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।
તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા ॥

(ગીતા ૧૩ । ૩૦)

આ બંનેમાં ભેદ-પ્રણાલીથી ચાલનાર સાધન-કાળમાં ભેદ માનીને સિદ્ધિકાળમાં પોતાનાથી અભિન્ન પણ માની શકે છે અને ભિન્ન પણ. ભિન્ન માનવાવાળો તો ઉપર્યુક્ત સગુણ-સાકારની ઉપાસનાના માર્ગ દ્વારા પરમાત્માનાં દર્શન કરીને તથા તત્ત્વથી જાણીને તેમને પ્રાપ્ત કરી લે છે અને સિદ્ધિકાળમાં સાધ્યને પોતાનાથી અભિન્ન માનવાવાળો પરમાત્માના સ્વરૂપને તત્ત્વતઃ જાણીને નિર્ગુણ-નિરાકારને પ્રાપ્ત થઈ જાય છે. તેને સાકાર-વિગ્રહની ભાવના તથા દર્શનની ઇચ્છા ના રહેવાને કારણે તેમનાં દર્શન થતાં નથી.

સગુણ-સાકારની ઉપાસનાથી આંખોથી દર્શન, બુદ્ધિથી જ્ઞાન અને આત્માથી પ્રાપ્તિ—એ ત્રણેય થાય છે અને સગુણ-નિરાકારની ઉપાસનાથી કેવળ બુદ્ધિથી જ્ઞાન અને આત્માથી પ્રાપ્તિ—એ બે જ હોય છે. એ પ્રમાણે મન, બુદ્ધિનો વિષય ન હોવાથી નિર્ગુણ-નિરાકારની તો ઉપાસના જ થઈ શકતી નથી; ત્યાં કેવળ આત્માની જ પ્રાપ્તિ થાય છે.

અભેદ-ભેદમાર્ગનું વર્ણન

સાધનનો પ્રારંભ સગુણ-નિરાકારથી જ થાય છે. સાધનના મુખ્ય ભેદ બે જ છે—નિર્ગુણ અને સગુણની ઉપાસના અથવા એમ કહો કે અભેદ અને ભેદમાર્ગ.

નિર્ગુણ-નિરાકારનો ઉદ્દેશ્ય રાખીને અભેદભાવથી ઉપાસના કરવામાં મુખ્ય સાધન છે—એક સચ્ચિદાનંદઘન પરમાત્મા જ સર્વત્ર સદા પરિપૂર્ણ છે, તે સિવાય બીજું કંઈ પણ નથી; સંપૂર્ણ પદાર્થ, ક્રિયા, ભાવ, વ્યક્તિ—બધાં મૃગતૃષ્ણાની અથવા સ્વપ્નની સૃષ્ટિની જેમ કેવળ માયામય જ છે—આ પ્રકારની વૃત્તિને પ્રતિક્ષણે અટલ બનાવી રાખવી. આ ભાવ જો બુદ્ધિમાં સારી રીતે ના બેસે તો તે સચ્ચિદાનંદઘન પરમાત્મા સર્વત્ર સદા પરિપૂર્ણ છે—આ પ્રકારે પરમાત્માની સત્તાને જ મુખ્ય લક્ષ્ય બનાવીને સાધન કરવામાં આવે છે.

સગુણ-ઉપાસનામાં ભેદભાવ જ મુખ્ય છે અને ભેદભાવમાં ઊંચામાં ઊંચી અવસ્થા પરમાત્માના સાકાર સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન થવાં તે છે. એ માટે નિરંતર સાકાર

ઇષ્ટદેવના નામનો જપ અને તેમના સ્વરૂપનું ચિંતન કરવું જ મુખ્ય સાધન છે. જો સાકારરૂપ ધ્યાનમાં ના આવે, તોપણ પરમ પ્રેમમય, પરમ દયાળુ ભગવાન સદા સર્વત્ર વિદ્યમાન છે, તેઓ મારી સાથે ચાલે છે, મારી સાથે પ્રત્યેક કાર્ય કરે છે અને પોતાની આજ્ઞાનુસાર મને ચાલતો જોઈને પ્રસન્ન થતા રહે છે તથા ખૂબ જ કૃપાદૃષ્ટિથી મને જોતા રહે છે, હું આ પ્રકારે તેમની કૃપાદૃષ્ટિમાં રહીને હમેશાં પ્રસન્ન રહેતાં તેમની આજ્ઞાનુસાર ચાલું છું. આ રીતે ભગવાનની સત્તાને લક્ષ્ય બનાવીને પણ સાધન કરી શકાય છે.

નિર્ગુણ-સગુણ—બંનેય ઉપાસનાઓ પરમાત્માની સત્તાની પ્રધાનતા રાખીને જ થાય છે, તેથી એ સગુણ-નિરાકારથી જ આરંભ થાય છે. નિર્ગુણ ઉપાસનામાં તો જેમ જેમ બીજી વિજાતીય—પ્રકૃતિની સત્તા હટતી જાય છે અને જીવ-બ્રહ્મનો ભેદ મટતો જાય છે તથા વૃત્તિઓ સૂક્ષ્મ થતી જાય છે, તેમ તેમ તે ઉપાસના ઊંચી—શ્રેષ્ઠ માનવામાં આવે છે. સગુણ-સાકારની ઉપાસનામાં જેમ જેમ ભગવાનનું વિગ્રહરૂપ ધ્યાનમાં આવવા લાગે છે અર્થાત્ વૃત્તિઓ વિશેષરૂપથી ભગવદાકાર બનતી જાય છે, જેટલું જ ભગવાનનું સ્વરૂપ વૃત્તિ અને ઇન્દ્રિયોનો વિષય બનતું જાય છે, એટલી જ તે ઉપાસના ઊંચી—શ્રેષ્ઠ માનવામાં આવે છે.

નિર્ગુણ-નિરાકારને લક્ષ્ય બનાવીને ઉપાસના કરનારા પુરુષની ઉપાસનાની પૂર્ણતા થતાં તેની દૃષ્ટિમાં એક સચ્ચિદાનંદઘન બોધ-સ્વરૂપ પરમાત્મા જ રહી જાય છે. પરમાત્માના સિવાય બીજી કોઈ પણ વસ્તુનો સંકલ્પ પણ રહેતો નથી. તેના જ્ઞાનમાં પોતાની તથા સંસારની સત્તા પરમાત્માથી ભિન્ન રહેતી નથી. જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય—સર્વ કંઈ એક પરમાત્માસ્વરૂપ જ બની જાય છે, ત્યારે તે કૃતકૃત્ય થઈ જાય છે.

સગુણ-સાકારની ઉપાસનાની પૂર્ણતા થતાં ભક્તને નેત્રોથી ભગવાનનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થાય છે, તે તેમના વિગ્રહની દિવ્ય ગંધનો અનુભવ કરે છે, તેનામાં ભક્તોનાં સમગ્ર લક્ષણો દૃષ્ટિગોચર થવા લાગે છે, જેમના બારામાં ભગવાને જાતે જ ગીતા અધ્યાય ૧૨માં શ્લોક ૧૩ થી ૧૯ સુધી કહ્યું છે. તથા ભગવાનના પ્રત્યક્ષ મિલન વખતે જે પણ ઘટનાઓ બને છે, તે પાછળથી પણ સત્ય જ પ્રમાણિત થાય છે—જેવી રીતે ધ્રુવજીને શંખ અડાડતાં સમગ્ર શાસ્ત્રોનું જ્ઞાન થઈ જવું ઇત્યાદિ.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ અધ્યાય ૩ના ત્રીજા શ્લોકમાં પરમાત્માની પ્રાપ્તિના એ બે સ્વતંત્ર માર્ગ બતાવ્યા છે—(૧) સાંખ્યનિષ્ઠા, (૨) યોગનિષ્ઠા. એ બંનેય માર્ગ એકબીજાથી પૂર્વ-પશ્ચિમની જેમ અત્યન્ત ભિન્ન છે; પરંતુ એવું થતાં પણ બંનેના દ્વારા પ્રાપ્ત થતી વસ્તુ એક જ છે. (ગીતા ૫ । ૪-૫). સાંખ્યયોગી પરમાત્માથી પોતાની કોઈ અલગ સત્તા માનતો નથી તથા પ્રકૃતિથી ઉત્પન્ન થતા ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે—આવું સમજીને મન, ઇન્દ્રિય અને શરીર દ્વારા થનારી સમસ્ત ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાનથી સર્વથારહિત બનીને એક સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ અભિન્નભાવથી નિત્ય સ્થિત રહે છે. પરંતુ કર્મયોગી સાધનકાળમાં કર્મ, કર્મફળ, પરમાત્મા અને પોતાને ભિન્ન-ભિન્ન માનીને ફળ અને આસક્તિનો ત્યાગ કરીને ભગવાનની આજ્ઞાના અનુસાર ભગવાન માટે જ સમસ્ત કર્મોનું આચરણ કરે છે. એટલા માટે આ બંને માર્ગ એક-બીજાથી સર્વથા ભિન્ન છે.

આ પ્રકારે એકબીજાથી સર્વથા ભિન્ન હોવાને કારણે એક પુરુષ એક સમયે જ બંનેનું અનુષ્ઠાન એકીસાથે કરી શકતો નથી. હા, કોઈની રુચિ હોય તો પહેલાં કર્મયોગનું સાધન કરીને પછી સાંખ્યયોગનું સાધન કરી શકે છે; પરંતુ સાંખ્યયોગ યોગનિષ્ઠાનું અંગ બની શકતો નથી; કારણ કે સાંખ્યયોગમાં અભેદ-દૃષ્ટિ રહે છે. ત્યારે તે ભેદોપાસના રૂપ યોગનિષ્ઠાનું અંગ કેવી રીતે બની શકે છે. જો કોઈ સાંખ્યયોગનું સાધન કરનારની રુચિ અને મત બદલાઈ જાય અને તે સાધનને છોડીને યોગનિષ્ઠાનું સાધન કરવા લાગે તો વાત જુદી છે.

ઉપસંહાર

પરમાત્મા વાસ્તવમાં ભેદ-અભેદ બંનેથી રહિત છે. પરમાત્મા નિર્ગુણ પણ છે, સગુણ પણ છે; નિરાકાર પણ છે; સાકાર પણ છે; વ્યક્ત પણ છે, અવ્યક્ત પણ છે અને એ બધાઓથી રહિત તથા વિલક્ષણ પણ. જ્યાં મન-બુદ્ધિ પહોંચી શકતાં નથી; પરમાત્મા ત્યાં પણ છે અને પરમાત્માને લક્ષ્ય બનાવીને મન-બુદ્ધિથી આપણે જે કોઈ પણ સ્વરૂપની ધારણા કરીએ છીએ, પરમાત્મા ત્યાં પણ છે જ. એટલા માટે કોઈ પણ મનુષ્ય પરમાત્માના આ તત્ત્વને સમજીને પરમાત્માની પ્રાપ્તિને માટે તેમના કોઈ પણ રૂપને લક્ષ્ય બનાવી સાધન કરે છે તો તેને પરમાત્માની પ્રાપ્તિ અવશ્ય થઈ જાય છે તથા તે પ્રાપ્તિ થયા બાદ જ અસલી સ્વરૂપને સમજે છે. પરંતુ ત્યાં એ કહેવું પણ શક્ય નથી; કારણ કે તે સ્થિતિ દેશ, કાળ, વસ્તુથી અતીત છે અને ત્યાં જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયની ત્રિપુટી નથી. પરંતુ કોઈ એ સમજે કે પહેલાં પરમાત્માના આ તત્ત્વને સંપૂર્ણ રીતે જાણી લેવાય અને પછી ઉપાસના કરવામાં આવે તો એ થઈ શકતું નથી. કારણ કે પૂર્ણરૂપથી પરમાત્માના તત્ત્વ જાણી લેવું તે તો તેમની પ્રાપ્તિ થયા પછી જ થાય છે, પહેલાં તો શાસ્ત્રો, મહાત્માઓનાં વચનો પર વિશ્વાસ કરીને મન-બુદ્ધિના દ્વારા તેવું જ માની લેવું પડે છે. આને જ શાસ્ત્રોમાં શ્રદ્ધા કહી છે તથા શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક કરવામાં આવેલી ઉપાસના

જ સાધકને વાસ્તવિક તત્ત્વ પૂર્ણતઃ સમજાવવામાં સમર્થ હોય છે.

એટલા માટે સાધકે ભેદ, અભેદ અથવા એમ કહો કે ભક્તિ, જ્ઞાન એમાંથી કોઈ પણ એક માર્ગને પકડીને શ્રદ્ધા અને તત્પરતાની સાથે તેને નિશ્ચિત કરવામાં જલદીમાં જલદી લાગી જવું જોઈએ. આ માનવ-શરીર ખૂબ જ દુર્લભ છે અને આનાથી આવું ઘણું ભારે કામ સિદ્ધ થઈ શકે છે, જે દેવયોનિમાં પણ સુલભ નથી. પરંતુ આ શરીર અનિત્ય છે, એટલા માટે જલદીથી જ સાવધાન થઈને સાધનમાં લાગી જવું જોઈએ, કારણ કે પારમાર્થિક સાધન વિના કેવળ સ્ત્રી, પુત્ર, ધન-જન, જમીન-મકાન, ભોગ-સામગ્રીનાં સંગ્રહ અને ઉપભોગમાં જ સમય બરબાદ થઈ જાય છે—જેથી પૂર્વનું પુણ્ય તથા પુણ્યથી મળેલું આયુષ્ય તો નષ્ટ થઈ જાય છે, સાથે જ આસક્તિ અને સ્વાર્થ રહેવાને કારણે ન્યાય-અન્યાયનો કોઈ ખ્યાલ ન રહેવાથી મનુષ્ય ચોરાસી લાખ યોનિઓ તથા નરક પ્રાપ્ત કરાવનારાં ઘણાં ભારે પાપોને પણ ભેગાં કરતો રહે છે અને પરિણામ સ્વરૂપે સદાને માટે દુઃખી બની જાય છે. ભોગોના ઉપભોગથી આયુષ્ય નષ્ટ થાય છે, સમય બરબાદ થાય છે, અંતઃકરણમાં ભોગોના સંસ્કારો જામે છે, આદત બગડી જાય છે, ધન નાશ પામે છે, પુણ્ય ક્ષીણ થાય છે, શરીર નિર્બળ અને રોગી થઈ જાય છે; ભોગોમાં જ રચ્યા-પચ્યા રહેવાને કારણે ધર્મ-સંયમ થઈ શકતો નથી અને અન્યાયથી ભોગ ભોગવવાથી તો પાપોનો બોજ પણ વધે છે. તેથી આવા અસત્ ભોગ-પદાર્થો પ્રતિ લક્ષ્ય ન રાખતાં દુઃખ, અશાંતિ, બંધન, અલ્પતા, ભય, ઉદ્વેગ, ચિંતા, શોક, બળતરા, હ્રાસ વગેરેનો જ્યાં અત્યંત અભાવ છે, એવા 'સત્' સ્વરૂપ પરમાનંદમય પરમાત્માની પ્રાપ્તિને માટે જલદીમાં જલદી પોતાનું સમગ્ર બળ લગાવીને પ્રયત્ન કરવો જોઈએ; કારણ કે આ શરીર અનિત્ય છે, ન જાણે ક્યારે પ્રાણ ચાલ્યો જાય અને જો સાધન ન કરવામાં આવ્યું તો આવો અવસર ફરીથી મળવો ઘણો જ મુશ્કેલ છે. આ દુર્લભ માનવ-શરીર અને આ કળિયુગનો સમય પ્રાપ્ત કરીને પણ મનુષ્ય સાવધ નહિ થાય તો તે મોટી હાનિ ભોગવે છે. શ્રુતિ કહે છે—

ઇહ ચેદવેદીદથ સત્યમસ્તિ
ન ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ ।
ભૂતેષુ ભૂતેષુ વિચિત્ય ધીરાઃ
પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવન્તિ ॥
(કેન૦ ૨ । ૫)

'જો આ મનુષ્ય-શરીરમાં જ તે પરમાત્મ-તત્ત્વને જાણી લીધું તો સત્ય છે એટલે કે ઉત્તમ છે; જો આ જન્મમાં તેને જાણ્યું નથી તો મહાન હાનિ છે. ધીર પુરુષ બધા જ ભૂતોમાં પરમાત્માનું ચિંતન કરી, પરમાત્માને સમજીને આ દેહને છોડી અમૃતસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે.'

તેથી મનુષ્યને માટે ઉચિત છે કે તે પરમાત્મતત્ત્વને જાણવાને માટે મહાપુરુષોને શરણે જઈને, સરળ હૃદયથી શ્રદ્ધાપૂર્વક પૂછીને તે તત્ત્વને સમજે અને બધી શંકાઓનું સમાધાન કરીને કિંકર્તવ્ય-વિમૂઢતાને સર્વથા હટાવીને તેમના કહેવા અનુસાર પરમાત્માની પ્રાપ્તિને માટે તત્પર થઈ જાય. શ્રુતિભગવતી ઘોષણા કરે છે—

ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત ।
(કઠ૦ ૧ । ૩ । ૧૪)

'ઉઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોને પ્રાપ્ત કરીને આ તત્ત્વને જાણો.'

****

સુખ કેવી રીતે મળે ?

જે મન-ઇન્દ્રિયોને અનુકૂળ જણાય છે, તે સુખ અને જે પ્રતિકૂળ લાગે છે, તે દુઃખ છે. આ છે સુખ-દુઃખની સામાન્ય લોકો દ્વારા થયેલી વ્યાખ્યા.

આપણે વિચારીએ છીએ કે આપણને ખોરાક, કપડાં, મકાન, વાહન, જમીન, ખેતર, ન્યાય, વિદ્યા અને ઔષધ વગેરે વસ્તુઓ સસ્તી તથા મોટા પ્રમાણમાં મળી જાય તો આપણે સુખી થઈ જઈશું. પણ વિચારો કે જેની પાસે ઉપર જણાવેલા પદાર્થો અઢળક પ્રમાણમાં છે, શું તે ખરેખર સુખી છે ? કદાપિ નહિ. કેમ કે પદાર્થોના વધવાથી તેમની લાલસા વધે છે અને વસ્તુઓની લાલસા જ સઘળાં દુઃખોનું કારણ છે. ગીતામાં અર્જુને ભગવાનને દુઃખોનાં કારણરૂપ પાપોનું કારણ પૂછ્યું, ત્યારે ભગવાને કામ (લાલસા)ને જ પાપના આચરણનું કારણ જણાવ્યું. દુઃખનું સાક્ષાત્ કારણ પણ લાલસા જ છે. કેદમાં, નરક વગેરેમાં જ્યાં ક્યાંય પણ કોઈ દુઃખી જોવામાં આવે છે, એ બધાનાં દુઃખોનું કારણ અગાઉ કદીક લાલસાથી કરેલાં પાપ અથવા વર્તમાનમાં પદાર્થોની લાલસા જ છે. લાલસા (ચાહના) કરવાથી પદાર્થ મળતા પણ નથી. સંસારી લોકો પણ લાલસાવાળાને નથી આપતા, બલકે જે લેવા ચાહતો નથી, તેને આગ્રહ અને પ્રસન્નતાપૂર્વક આપવા ચાહે છે. કોઈ વ્યક્તિને સકળ સંસારની ઉપર્યુક્ત બધી જ મનચાહી વસ્તુઓ મળી જાય તોપણ તેનાથી તૃપ્તિ નથી થઈ શકતી, બલકે તેની લાલસા ઉત્તરોત્તર વધતી જ જશે **'જિમિ પ્રતિ લાભ લોભ અધિકાઈ'**. આ લાલસાના વધવાનો અર્થ એ જ છે કે તમને તમારામાં કમીનો અનુભવ છે અને જ્યાં સુધી પોતાનામાં કમીનો અનુભવ થશે, ત્યાં સુધી સુખ થઈ શકે છે જ કેવી રીતે, બલકે દુઃખ જ વધશે.

ગંભીરતાથી વિચાર કરશો તો તમને જણાશે કે પદાર્થોના મળવાથી સુખ નથી થતું, પણ પદાર્થ મળવાથી દુઃખનું કારણભૂત ઇચ્છા (ચાહના) વધારે વધે છે. કહ્યું પણ છે—

यत् पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
नालमेकस्य तृप्त्यर्थमिति मत्वा शमं व्रजेत् ॥
न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

'પૃથ્વીમાં જેટલાં પણ ધાન્ય—ચોખા, જવ, ઘઉં, સુવર્ણ, પશુ અને સ્ત્રીઓ છે, તે બધેબધું મળીને એક માણસની તૃપ્તિને માટે પણ પૂરતું નથી, એવું માનીને તૃષ્ણાનું શમન કરવું; કેમ કે ભોગ-પદાર્થોના ઉપભોગથી કામના કદી શાંત નથી થતી, બલકે જેમ ઘીની આહુતિ નાંખવાથી આગ વધારે ભડકી ઉઠે છે, તેવી જ રીતે ભોગવાસના પણ ભોગોને ભોગવવાથી પ્રબળ થઈ જાય છે.'

બધા જ માણસો ચાહે છે તો સુખ જ, પરંતુ સંસારની વસ્તુઓને જ સુખની સામગ્રી માને છે, એટલા માટે એમને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા જોવામાં આવે છે. આજે પૃથ્વી પર અઢી અબજ માણસોની વસ્તી માનવામાં આવે છે, તેમનામાંથી દરેક વ્યક્તિને સંસારની સઘળી વસ્તુઓ કેવી રીતે મળી શકે છે ? કેમ કે વસ્તુઓ પર બધાનો જ હક છે, તેમજ વસ્તુઓ બધી મળીને પણ મર્યાદિત છે અને તેને મેળવવાવાળા છે ઘણા વધારે. જ્યારે એકને પણ પૂરી નથી મળી શકતી, ત્યારે દરેકને બધી જ વસ્તુઓ પૂરી કેવી રીતે મળે ? માની લો, જો બધાને મળી પણ જાય, તોપણ આ વસ્તુઓથી સુખ થવાનો સંભવ નથી, કેમ કે ચેતન જીવને કેવળ પૂર્ણ ચિન્મયતાથી જ શાંતિ મળી શકે છે, અપૂર્ણ અને સીમિત જડ વસ્તુઓથી નહિ. જો આ નશ્વર પદાર્થોના સંયોગથી મૂર્ખતાવશ જે સુખ પ્રતીતિ થાય છે, તેને જ સુખ માની લે, તોપણ જડ વસ્તુઓ તો પ્રતિક્ષણ પરિવર્તનશીલ અને નાશવાન છે તથા જીવન નિત્ય અને અવિનાશી છે. તેથી આ બન્નેનો નિત્ય સંયોગ કેવી રીતે રહી શકે છે ?

તો પછી સુખ કેવી રીતે મળે, સુખનો ઉપાય શું છે ? સુખનો ઉપાય છે—ચિન્મય પરમાત્માની પ્રાપ્તિનું લક્ષ્ય અને ધર્મ તથા ન્યાયનું આચરણ. અભિપ્રાય એ છે કે જ્યારે આપણાં આચરણ ધર્મયુક્ત હશે અને જ્યારે આપણે ન્યાયથી પ્રાપ્ત પોતાના હકના સિવાય બીજું કંઈ લેવાની ઇચ્છા નહિ કરીશું, ત્યારે અસલી સુખની પ્રાપ્તિ થઈ શકશે. આ થશે ત્યાગ અને ઉદારતા આવવાથી. જે વસ્તુઓને આપણે સુખ આપવાવાળી માનીએ છીએ, તેમને જ્યારે આપણે બધા ત્યાગ અને ઉદારતાની ભાવનાથી એકબીજાને આપવા ચાહીશું અને લેવા નહિ ચાહીશું ત્યારે તે વસ્તુઓની આપોઆપ જ વિપુલતા થઈ જશે અને લેવાવાળા થઈ જશે ઓછા. એ સમયે આપણી ઉદારતાના ફળસ્વરૂપે દૈવીશક્તિ પણ પૂરું કામ કરશે, જેથી વસ્તુઓનું ઉત્પાદન અને રક્ષણ પણ વધારે થશે. આવી રીતે સુખનું જ સામ્રાજ્ય છવાઈ જશે.

ત્યાગ અને ઉદારતાની ભાવનાથી આપણું મન જેમ જેમ જડ પદાર્થોની તરફથી હટતું જશે, તેમતેમ તે ચેતન પરમાત્માની તરફ લાગશે. જડની તરફથી દૃષ્ટિ હટવાથી તે ચેતનની તરફ આપમેળે જ પ્રવૃત્ત થશે. ત્યારે તેની જે એ મૂળ ધારણા હતી કે આ પદાર્થોમાં સુખ છે, તે દૂર થઈ જશે. તથા તે ચેતન પરમાત્મા બોધસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે, એમ સમજીને તેની તરફ લક્ષ્ય દૃઢ થઈ જવાથી જીવ સ્વયં જ જ્ઞાનવાન અને આનંદસ્વરૂપ થઈ જશે. એ સ્થિતિમાં આવા પુરુષનાં દર્શન, ભાષણ અને સ્પર્શથી બીજા જીવોને પણ સુખ પહોંચશે; પછી તે જાતે મહાન સુખી છે, એમાં તો કહેવાનું જ શું હોય ? જે પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને જનતાનું હિત ચાહે છે અને બદલામાં કોઈ પણ ચીજને લેવા ચાહતો નથી, તે જ ખરેખર સુખી છે.

કેટલાક ભાઈઓની એ ધારણા છે કે ધનિક માણસો પાસે જે ધન છે, તેને છીનવીને અભાવગ્રસ્તોને વહેંચી દેવામાં આવે તો બધા સુખી થઈ જાય, પરંતુ વિચારવું જોઈએ કે ધનિક માણસોને જેવી રીતનું સુખ મળેલું છે, તે તો દુઃખવાળું (દુઃખપૂર્ણ) જ સુખ છે, જેનાથી તેઓ સ્વયં રાત-દિવસ બળતા રહે છે, તેમને કદી શાંતિ મળતી નથી. તેથી તેમનાથી જે સુખ મળશે, તે તો એ જ પ્રકારનું હશે, જે દુઃખથી ભરેલું છે; તથા જેની પાસેથી ધન છીનવવામાં આવશે, તેને તો ઘણું કષ્ટ થશે જ. તેને કષ્ટ આપીને લેવાથી લેવાવાળાને પણ સુખ કેવી રીતે થશે, બળતરા જ થશે તથા જેને તે ધન આપવામાં આવશે, જ્યાં જશે, ત્યાં પણ દુઃખ, અશાંતિ અને બળતરા જ મળશે.

એ સિદ્ધાંત છે કે આપવાવાળો આપી જ દે અને લેવાવાળો સેવક, પરિચારક લેવા જ ન ચાહે, તો આનાથી આપવાવાળામાં તો ઉદારતા પેદા થઈને પ્રસન્નતા થશે અને આપવાવાળાની પ્રસન્નતાથી લેવાવાળાને પણ ત્યાગપૂર્વક લેવાથી આનંદ આવશે તથા તે અમૃતમય પદાર્થ જ્યાં જશે, ત્યાં પણ સુખ-શાંતિ અને આનંદનું જ વાતાવરણ પેદા કરશે. ત્યારે બધાને સુખ મળશે અને ત્યારે જ સૌના હૃદયના ભાવ ઉદાર થશે, કેમ કે સુખ વસ્તુઓમાં નથી, સુખ છે આપણા હૃદયની ઉદારતામાં. શાસ્ત્રનું વચન છે—

यच्च कामसुखं लोके यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णाक्षयसुखस्यैते नार्हतः षोडशीं कलाम् ॥

'સંસારમાં જે પણ કામોપભોગનું સુખ છે તથા જે સ્વર્ગીય મહાન સુખ છે—એ બન્ને તૃષ્ણાનાશથી થવાવાળા સુખના સોળમા અંશની બરાબર પણ નથી.'

કોઈ કવિએ પણ શું સુંદર કહ્યું છે—

ચાહ ગયી ચિંતા મિટી મનુવા બેપરવાહ ।
જિસકો કછૂ ન ચાહિયે સોઈ શાહંશાહ ॥

તેથી એ વાત સાબિત થઈ ગઈ કે પદાર્થોના અભાવમાં દુઃખ નથી, દુઃખ છે પદાર્થોના અભાવના અનુભવમાં. માની લો, એક માણસે એકાદશીના દિવસે નિરાહાર વ્રત કર્યું અને એક બીજા માણસને તે દિવસે કંઈ ન મળવાથી નિરાહાર રહેવું પડ્યું. આ બન્નેનેય અન્ન વગેરે પદાર્થોના સંયોગનો અભાવ છે, પરંતુ એક પ્રસન્નતાપૂર્વક વ્રત રાખીને સુખી થાય છે અને બીજો પેટમાં અનાજ ન પહોંચવાથી દુઃખનો અનુભવ કરે છે, તેથી અભાવનો અનુભવ જ દુઃખ છે. જો અભાવમાં જ દુઃખ હોય ત્યારે તો વિરક્ત સાધુ-સંન્યાસીઓને પણ દુઃખ થવું જોઈએ, કેમ કે તેમની પાસે ન તો સ્ત્રી છે, ન ધન છે, ન મકાન છે, ન કપડાં છે, ન વાહન છે અને ન તો અગાઉથી કરેલ પેટપૂર્તિને માટે કોઈ પ્રબંધ છે. પરંતુ આ બધાના ન રહેવા છતાં પણ તેઓ ઘણા સુખી છે, કેમ કે તેમની પાસે જઈને મોટા મોટા મહારાજા અને ધનિક પણ પોતાના અંતઃકરણની બળતરા મટાડીને સુખી થાય છે. આનું કારણ એ છે કે તેઓ પદાર્થોના અભાવમાં પણ નિત્ય ભાવરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્માની અનુભૂતિ કરીને આનંદમગ્ન રહે છે. ખરેખર તો અભાવનો અનુભવ થાય છે મૂર્ખતાથી. એટલા માટે ભલેને ગમે તેટલો ય અભાવ કેમ ન હોય, માણસે અભાવનો અનુભવ ન કરીને નિત્ય ભાવરૂપ પરમાત્માનું ચિંતન કરવું જોઈએ. જે પદાર્થોના ન હોવાથી યા તેમની કમી હોવાથી અભાવ યા કમીનો અનુભવ નહિ કરશે, તે ભગવાનના મંગલ વિધાનના મુજબ આવેલા દુઃખમાં દુઃખી નહિ થશે, બલકે તેમાં પોતાનાં અગાઉ કરેલાં પાપોનો નાશ અને ભગવાનની કૃપા સમજીને સુખી જ થશે.

જેઓ ધનને મહત્ત્વ આપીને ખોરાક, કપડાં વગેરે પદાર્થોથી સુખ પામવા ચાહે છે, તેઓ ભૂલ કરે છે. જડને મહત્ત્વ આપવાથી તેના દ્વારા અધર્મ થશે અને અધર્મનું આચરણ થવાથી સુખ કદી ન થયું છે અને ન થશે જ. આનાથી ઊલટું, જો સત્ય ચેતન અને અક્ષય સુખના ભંડાર ભગવાનને મહત્ત્વ આપીને તેમના દ્વારા (ભગવાનના ભાવોનો અનુભવ અને પ્રચાર દ્વારા) સુખ પામવા ચાહીશું તો સદાને માટે સુખની પ્રાપ્તિ થઈ જશે.

એટલા માટે આપણે પરમાત્માની પ્રાપ્તિનું જ લક્ષ્ય બનાવવું જોઈએ. તથા સાંસારિક પદાર્થોથી સદાય વિરક્ત રહેવું અને તેમની લાલસાને મનમાં આણવી નહિ જોઈએ. સાથે જ તત્પરતાથી પરમાત્માના ચિંતનમાં લાગી જવું જોઈએ અને એ ચિંતનમાં મદદગાર સત્-શાસ્ત્રોનું અધ્યયન, સંત-મહાત્માઓનો સંગ, પરમાત્માને સ્તુતિ-પ્રાર્થના તથા નિરંતર નામજપ વગેરે સાધન નિષ્કામભાવથી કરવાં જોઈએ.

કળિયુગમાં તો જે ગુપ્તરૂપથી, નિષ્કામભાવપૂર્વક, નિરંતર ધ્યાનસહિત, આનંદ અને આદરથી કેવળ પરમાત્માના નામનો જપ કરે છે, તેને પરમાનંદસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ શીઘ્ર અને સહજ જ થઈ જાય છે—

ગુપ્ત અકામ નિરંતર, ધ્યાનસહિત સાનંદ ।
આદરજુત જપસે તુરત, પાવત પરમાનંદ ॥

****

વારંવાર નહિ મળે મનુષ્ય-જનમની મોજ

પ્રપન્નપારિજાતાય તોત્ત્રવેત્રૈકપાણયે ।
જ્ઞાનમુદ્રાય કૃષ્ણાય ગીતામૃતદુહે નમઃ ॥

સચ્ચિદાનંદઘન પૂર્ણબ્રહ્મ પરમાત્માને તથા સંતપુરુષોને સાદર અભિવાદન કરીને થોડી વાતો કહેવાની ચેષ્ટા કરું છું. આ વાતોમાં જે તમને સારી લાગે, સુંદર દેખાય, એવી વાતોને તો સંત-મહાત્માઓની, શાસ્ત્રોની અને ભગવાનની માનવી જોઈએ તથા જે ત્રુટિઓ હોય, તેમને મારી. ત્રુટિઓની તરફ ધ્યાન ન આપીને સારી વાતોની તરફ ધ્યાન આપવું, કારણ જે મહાપુરુષોનાં અને ભગવાનનાં વચનો છે, તેઓ મારા અને તમારા માટે પરમ હિત કરવાવાળાં છે, એ વચનો મુજબ આચરણ કરવાથી નિશ્ચિત કલ્યાણ થાય છે. તમે આચરણ કરશો તો તમારું હિત અને કલ્યાણ છે તથા હું કરીશ તો મારું કલ્યાણ છે.

સૌથી પહેલી એક ખાસ ધ્યાન આપવાની વાત એ છે કે આ માનવ-જીવનનો સમય ઘણો જ દુર્લભ છે અને ઘણો ભારે કીમતી છે, શ્રીમદ્‌ભાગવતમાં જણાવ્યું છે—

દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।
તત્રાપિ દુર્લભં મન્યે વૈકુંઠપ્રિયદર્શનમ્ ॥

'દુર્લભો માનુષો દેહઃ'—આ મનુષ્યસંબંધી દેહ—આ માનવ-શરીર અત્યંત દુર્લભ છે. એની પ્રાપ્તિને માટે મોટામોટા દેવતાઓ પણ લલચાય છે, કેમ કે આનાથી મહાનમાં મહાન ઉન્નતિ થઈ શકે છે. પરમાત્માને પામી શકાય છે, જીવનું કલ્યાણ થઈ શકે છે અને સદાને માટે તેને પરમ શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. આવા દુર્લભ શરીરને પામીને જે એને નકામું જ ખોઈ દે છે, તેને પછી ઘણો પશ્ચાતાપ કરવો પડે છે, કેમ કે એ સર્વથા અલભ્ય, અમૂલ્ય

છે. તેથી આ મનુષ્ય-જીવનની એકએક ક્ષણને ઊંચામાં ઊંચા કામમાં વાપરવાની ચેષ્ટા કરવી જોઈએ. સમયના જેવી કોઈ કીમતી વસ્તુ નથી. સંસારમાં લોકો પૈસાને ઘણા કીમતી સમજે છે, જરૂરી સમજે છે, પરંતુ વિચાર કરો, જીવનનો સમય આપવાથી તો 'પૈસા' મળી જાય છે, પણ પૈસા આપવાથી આ 'સમય' નથી મળતો. આપણા જીવનને માટે આપણી પાસે હજારો, લાખો, કરોડો રૂપિયા રહેવા છતાં પણ જો આપણું આયુષ્ય નથી તો આપણે મરવું પડે છે, પરંતુ જો આપણું આયુષ્ય બાકી હોય અને આપણી પાસે એક પણ કોડી ન હોય, તોપણ આપણે જીવી શકીએ છીએ. આપણા જીવનનો આધાર આયુષ્ય છે, ન કે 'રૂપિયા'. આટલું હોવા છતાં પણ આપણા ભાઈ લોકોની પૈસામાં તો ઘણી ભારે આસક્તિ, રુચિ અને સાવધાની છે. તેઓ મતલબ વિના એક પૈસો પણ ખર્ચ કરવા ચાહતા નથી, પરંતુ 'સમય'ની તરફ ધ્યાન જ નથી. આપણો સમય આટલી વાર ક્યાં લાગ્યો અને ક્યાં ગયો, એમાં આપણે શું પેદા કર્યું, શું કમાયા— એ તરફ આપણો ખ્યાલ જ નથી. ઘણા આશ્ચર્યની વાત છે. યોગ્ય કહ્યું છે શ્રીભર્તૃહરિએ—

'પીત્વા મોહમયીં પ્રમાદમદિરામુન્મત્તભૂતં જગત્.'

આ પ્રમાદ-મદિરાથી ઉન્મત્તતા છવાયેલી છે. નશામાં જેમ માણસને પોતાના શરીરનું, કપડાંનું ભાન નથી રહેતું, એવી જ રીતે આ વિષયમાં હોશ નથી, ભાન નથી, આ બાજુ ધ્યાન નથી, લક્ષ્ય નથી. નહિ તો આવા અમૂલ્ય સમયનું આ રીતે સત્યાનાશ કેમ કરવામાં આવે, સમય જે નકામો જ ચાલ્યો જાય છે, એ જ તેનો સત્યાનાશ કરવો છે. આ અમૂલ્ય સમયને કીમતીમાં કીમતી કામમાં લાવવાની ખાસ કોશિશ કરવી જોઈએ. શું કરવું વિચાર કરવાથી માલૂમ પડે છે કે ઘણાય ભાઈ તો ગંજીફો-સોકઠાંબાજી, ખેલ-તમાશામાં જ સમય લગાડી દે છે, બીડી-સિગારેટ, હુક્કો, ચરસ, ભાંગ વગેરે નશાના સેવનમાં આ સમયને બરબાદ કરી દે છે તથા એમ જ મશ્કરી-મજાકમાં સમય ગુમાવી દે છે. તેઓ વિચારતા જ નથી કે અમે આ આયુષ્યમાં પેદા શું કરી રહ્યા છીએ અને ખર્ચ કેટલો થઈ રહ્યો છે.

સમય ઝડપથી જઈ રહ્યો છે અને સમયના વીતી જતાં જ મોત એ જ ક્ષણે આવી જશે. મૃત્યુમાં જે વાર થઈ રહી છે, ફક્ત આપણા જીવનનો સમય બાકી છે તેના આધારે. આપણે જીવી રહ્યા છીએ—એ બુદ્ધિના આધાર પર નહિ, બળના આધાર પર નહિ, વિદ્યાના આધાર પર નહિ, બલકે સમયના આધાર પર. જીવનના આધાર પર, આયુષ્યના આધાર પર. એ આયુષ્ય એટલું ઝડપથી નિરંતર જઈ રહ્યું છે કે એમાં કદી આળસ નથી હોતી, કદી રૂકાવટ નથી હોતી. એ લગાતાર દોડતું ચાલ્યું જઈ રહ્યું છે અને આપણે બિલકુલ અસાવધાન છીએ. કેટલા આશ્ચર્ય અને દુઃખની વાત છે. આશ્ચર્ય એ વાતનું છે કે બુદ્ધિમાન થઈને આપણે આટલી હાનિ કરી રહ્યા છીએ અને દુઃખ એ વાતનું છે કે પરિણામ શું હશે, એનો આપણે વિચાર નથી કરી રહ્યા. કરેલી ભૂલનું દુઃખ અને પરિણામ કર્તાને જ ભોગવવું પડે છે, બીજા કોઈને નહિ. તેથી બુદ્ધિમાન પુરુષને માટે જરૂરી છે કે જલદીમાં જલદી આધ્યાત્મિક ઉન્નતિમાં પોતાનો સમય વાપરે. ભર્તૃહરિએ કહ્યું છે—

યાવત્ સ્વસ્થમિદં કલેવરગૃહં યાવચ્ચ દૂરે જરા
યાવચ્ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ ક્ષયો નાયુષઃ ।
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્
પ્રોદીપ્તે ભવને ચ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદૃશઃ ॥

'જ્યાં સુધી સ્વાસ્થ્ય ઠીક છે, વૃદ્ધાવસ્થા દૂર છે, ઇન્દ્રિયોમાં સાધન—ભજન-ધ્યાન કરવાની શક્તિ છે, આયુષ્ય પૂરું નથી થઈ ગયું, વિવેકી બુદ્ધિમાન પુરુષને માટે જરૂરી છે કે ત્યાં સુધીમાં આધ્યાત્મિક ઉન્નતિને માટે ઘણો ભારે પ્રયત્ન કરી લે; કેમ કે ઘરમાં આગ લાગી જવાથી કોઈ કહે કે જલદી કરો, કૂવો ખોદાવો, આગ લાગી ગઈ છે, પાણી જોઈએ, તો આ સાંભળીને ગમે તેટલીય ઉતાવળ કરવામાં આવે, કોશિશ કરવામાં આવે, પણ હવે કૂવો ખોદીને ક્યારે પાણી આવશે. આયુષ્ય તો જલદી જલદી પૂરું થઈ રહ્યું છે. એટલા માટે જલદીમાં જલદી પોતાના ઉદ્ધારને માટે પ્રયત્ન કરવા જોઈએ. આધ્યાત્મિક ઉન્નતિને માટે વિલંબ નહિ કરવો જોઈએ. બીજાં જે સાંસારિક કામ છે, તે તમે કરશો તોપણ થઈ જશે અને તમે ન કરશો તો તમારા પુત્ર-પૌત્ર એમને કરી લેશે, પરંતુ તમારું કલ્યાણ કયા પુત્ર-પૌત્ર કરી લેશે ? તમારી પાસે હજારો લાખોની સંપત્તિ છે, ઘણું ધન છે, મોટો કારભાર છે, પણ તમારું શરીર જઈ રહ્યું છે અને પાછળ કોઈ કુટુંબી પણ નથી તો જેટલું ધન છે તેને રાજ્ય સંભાળી લેશે, તમારી મીલો, ફેક્ટરીઓ રાજ્ય ચલાવી લેશે, પણ તમારા ઉદ્ધારમાં કમી રહેશે તો તેને કોણ પૂરી કરશે. આ કામ બીજાથી થવાવાળું નથી, આ કામને તો તમે જાતે જ કરશો ત્યારે જ થશે, એટલા માટે મનુષ્યને માટે જરૂરી છે કે બીજાં જેટલાં પણ કામ છે, તેમની તરફ ધ્યાન ન દઈને માત્ર એક આધ્યાત્મિક ઉન્નતિની તરફ જ ધ્યાન આપવું. નીતિકારોએ પણ કહ્યું છે—

'કોટિં ત્યક્ત્વા હરિં સ્મરેત્ ।'

કરોડો કામોને છોડીને એક ભગવાનનું સ્મરણ કરવું જોઈએ. બીજા મોકા તો દરેકને મળી જાય છે, પણ આ મોકો તો વારંવાર નથી મળતો.

ખાદતિ મોદતે નિત્યં શુનકઃ શૂકરઃ ખરઃ ।
તેષામેષાં કો વિશેષો વૃતિર્યેષાં તુ તાદશી ॥

ખાવું, પીવું, એશ-આરામ કરવો વગેરે તો મનુષ્ય શું પશુ-પક્ષીઓમાં પણ થઈ જાય છે; પરંતુ આધ્યાત્મિક

ઉન્નતિનો અવસર મનુષ્યયોનિના સિવાય બીજે ક્યાંય નથી. એટલા માટે ઘણી સાવધાનીથી કામ લેવું જોઈએ. આજ સુધીનો સમય ચાલ્યો ગયો છે, વિચાર કરવાથી દુઃખ થાય છે. સંતોએ કહ્યું છે કે ભજનના વિના જે દિવસ ગયા, તે અમારા હૃદયમાં ખટકે છે. પરંતુ ભાઈઓ ! હવે શું થાય ! **અબ પછિતાએ હોત કયા (જબ) ચિડ઼િયા ચુગ ગઈ ખેત ।**

સમય ચાલ્યો ગયો, તેને માટે પસ્તાવાથી શું થશે. હવે તો એ જ છે કે **'ગઈ સો ગઈ અબ રાખ રહીકો ।'** જે સમય બચ્યો છે, એ સમયને સાવધાનીની સાથે ઊંચામાં ઊંચા કામમાં લગાડવાની ખાસ કોશિશ કરવી તો આગળ રડવું નહિ પડશે. થઈ ગયું તે થઈ ગયું; પરંતુ હવે આગળને માટે પૂરા સાવધાન થઈ જવું, ત્યારે જ આપણું જીવન સફળ થઈ શકે છે.

તમે કહેશો કે આટલા દિવસ ચાલ્યા ગયા, હવે શું થશે ? એનો જવાબ એ છે કે હજુ પણ નિરાશ થવાની વાત નથી, જેમ કૂવામાં ઘણી દોરડી ચાલી જાય છે, પણ એક હાથ જેટલી પણ દોરડી જો હાથમાં રહે છે, તો તેનાથી લોટાને કૂવામાંથી બહાર કાઢીને પાણી પી લઈએ છીએ; પણ જો તે એક હાથ જેટલી પણ દોરડી હાથમાં નથી રહેતી, તે પણ હાથથી છૂટી જાય છે તો પછી એવું નથી કે તે એક હાથ જેટલી જ નીચે જશે, તે તો કૂવામાં નહિ, કૂવાના પાણીની પણ નીચે તળિયામાં ચાલી જશે. પછી તો તેને કાઢવાને માટે મોટી દોરડી જોઈશે, કાંટો જોઈશે અને જ્યારે ઘણી વાર મહેનત કરીશું, ત્યારે ક્યાંક તે લોટો-દોરડી મળશે. નહિ તો ઘણી કઠણાઈ છે. એવી જ રીતે આજ સુધીનું આયુષ્ય કૂવામાં ગયું, એવું ગયું કે કામ નહિ આવ્યું, પણ હવે પણ જે થોડી ઘણી ઉમર બાકી છે, તેને સારા કામમાં લગાવી દેવી તો આપણું મનુષ્ય-જીવન સફળ થઈ શકે છે, પણ જો ઉમરનો આ બચેલો થોડો સમય પણ એમ જ વીતી ગયો તો પછી પસ્તાવા સિવાય બીજું કંઈ નહિ થશે. શું ખબર છે કે ફરી આ માનવ-જીવન ક્યારે મળશે.

બાર-બાર નહિં પાઇયે મનુષ-જનમકી મૌજ ।

મનુષ્ય-જન્મ વારંવાર નથી મળતો. એટલા માટે ઘણી સાવધાનીની સાથે બચેલા સમયને આધ્યાત્મિક ઉન્નતિમાં વિશેષરૂપે લગાડવાની કોશિશ કરવી જોઈએ.

****

संत अने तेमनी सेवा

'तस्मिंस्तज्जने भेदाभावात् ।' (नारदभक्तिसूत्र ४१)

संत भगवानथी पोतानुं अलग अस्तित्व नथी मानता, एटला माटे तेमनामां स्वार्थनी गंध पण नथी रहेती. भगवानथी अलग तेमनी कोई इच्छा नथी, तेओ स्वाभाविक ज भगवाननी इच्छामां पोतानी इच्छा, तेमनी रुचिमां पोतानी रुचि मेळवता रहे छे. तेथी तेमना दरेक विधानमां परम संतुष्ट रहे छे.

संत भगवान पर ज निर्भर रहे छे. **'जाही बिधि राखै राम, ताही बिधि रहिये'**—ने तेओ पोताना जीवनमां अक्षरशः चरितार्थ करी ले छे अने आ प्रकारे भगवाननां विधान अनुसार रहेवामां तेओ घणा प्रसन्न थाय छे. आपणे लोको पण भगवाननां विधान मुजब ज रहीओ छीओ. (केम के भगवाननी इच्छानी विरुद्ध एक पांदडुं पण नथी हलतुं) पण तेमां आपणी प्रसन्नता नथी होती, आपणे लाचार थईने रहेवुं पडे छे. जो आपणामां मन-इन्द्रियोना प्रतिकूळ भगवद्विधाननने बदलवानी शक्ति-सामर्थ्य होत तो आपणे तेने पोताना अनुकूळ बनावी लेतां. परंतु करीए शुं, आपणुं कंई नथी चालतुं तोपण शक्ति-सामर्थ्य न रहेवा छतां पण तेनाथी बचवानो असफळ प्रयत्न तो निरंतर करतां ज रहीओ छीओ. परंतु संतमां एवी वात नथी, संतना मनमां भगवाननां विधान मुजब वर्तवामां कंई पण विचार नथी होतो; प्रत्युत भगवाननां विधानना मुजब प्राप्त परिस्थिति तेना माटे अनुकूळथी अनुकूळ प्रतीत थाय छे तथा तेना हृदयमां सदा-सर्वदा भगवान बिराजमान रहेवाने कारणे तेना पर प्रतिकूळताની कोई असर नथी थती.

भगवान स्वयं कहे छे—

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

(गीता ९ । २९)

'अर्जुन ! हुं बधां भूतोमां समभावथी व्याप्त छुं, न कोई मारुं प्रिय छे, न अप्रिय छे; परंतु जे मने प्रेमथी भजे छे, तेओ मारामां अने हुं पण तेमनामां प्रत्यक्ष प्रकट छुं.' विचार करीने जोईए तो आ वात बराबर समजमां आवी जाय छे. जेवी रीते एक सारुं मकान छे; तेमां कोईनो कबजो-दखल नथी, तेथी सारा पुरुषोनी तेमां स्वाभाविक ज प्रसन्नता होय. आ प्रकारे संतना अहंता-ममताथी रहित निर्मळ अंतःकरणमां भगवान प्रकटरूपथी रहीने बहु ज प्रसन्न थाय छे; केम के त्यां तेमने रहेवा माटे कोई कोई प्रकारनो प्रतिबंध नथी लगाडतुं, विघ्न नथी नांखतुं. भगवान एवा घरमां बहु ज निःसंकोचभावथी रहे छे. श्रीरामचरित-मानसमां गोस्वामी तुलसीदासजीએ कह्युं पण छे—

जाहि न चाहिअ कबहुँ कछु तुम्ह सन सहज सनेहु ।
बसहु निरंतर तासु मन सो राउर निज गेहु ॥

आ प्रकारे संतना हृदयमां भगवाननो वास होवाथी, ते जे कार्य करे छे, ते पण भगवान ज करे छे, ते जे पण विचारे छे, ते भगवान ज विचारे छे; इत्यादि कथन

સર્વથા સત્ય છે.

સંત અને ભગવાનના વિષયમાં ત્રણ પ્રકારની વાતો મળે છે—(૧) બંનેમાં કંઈ અંતર નથી.

સંત-ભગવંત અંતર નિરંતર નહીં કિમપિ મતિ મલિન કહ દાસ તુલસી ॥

(વિનયપત્રિકા)

સંત જ ભગવાન છે અને ભગવાન જ સંત છે અર્થાત્ સંતોનું ભગવાનના સિવાય કોઈ પૃથક અસ્તિત્વ જ નથી રહેતું. કેવળ (જુદું) ભગવાન જ રહી જાય છે. કોઈએ કહ્યું પણ છે—

ઢૂંઢા સબ જહાઁમેં પાયા પતા તેરા નહીં ।
જબ પતા તેરા લગા તો અબ પતા મેરા નહીં ॥

(૨) વાસ્તવમાં ભગવાન ભગવાન જ છે. સંત સંત જ છે. સંત ભગવાનના બરાબર નથી. ભગવાન તેનાથી મોટા છે. સંતનાં જ્ઞાન, સામાર્થ્ય, શક્તિ વગેરે સીમિત છે અને ભગવાનનું બધું જ અનંત અને અસીમ છે. માનીએ સંત ભગવાનને પ્રાપ્ત થઈ જાય અને બીજાને પણ તેની પ્રાપ્તિ કરાવી શકે છે, પણ તે ભગવાન નથી બની જતા. ન્યાયથી પણ તે ઠીક લાગે છે. જેવી રીતે જ્યારે આપણને કોઈ સંત મળે છે તો આપણે કહીએ છીએ કે 'મહારાજજી! ભગવાનનાં દર્શન કરાવી દો !' આનાથી પ્રત્યક્ષ છે કે સંતને મળવાથી આપણી આત્યન્તિક તૃપ્તિ નથી થઈ; તેમનાથી મોટી જે એક વસ્તુ—ભગવાન છે, તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા ચાલુ રહી છે. આનાથી સ્વાભાવિક જ ભગવાનનું મોટું હોવું પ્રકટ થાય છે અને સંત સદા ભગવાનને જ મોટા માનતા આવ્યા છે.

(૩) સંત ભગવાનથી વધીને છે. ગોસ્વામીજી તુલસીદાસજી કહે છે—

રામ સિંધુ ઘન સજ્જન ધીરા । ચંદન તરુ હરિ સંત સમીરા ॥
મોરેં મન પ્રભુ અસ બિસ્વાસા । રામ તેં અધિક રામ કર દાસા ॥

શ્રીભગવાને પણ દુર્વાસાને કહ્યું છે—

અહં ભક્તપરાધીનો હ્યસ્વતન્ત્ર ઇવ દ્વિજ ।
સાધુભિર્ગ્રસ્તહૃદયો ભક્તૈર્ભક્તજનપ્રિયઃ ॥

સંતોએ તો ભગવાનને મોટા બતાવ્યા અને ભગવાન સંતોને મોટા બતાવે છે. પરંતુ સંતોને ભગવાન અને સંત બંનેય મોટા બતાવે છે. ભગવાને ક્યાંય પણ પોતાને સંતથી મોટા બતાવ્યા હોય—એવું જોવામાં નથી આવ્યું. આ દૃષ્ટિથી મોટા થયા સંત જ. અને આપણે જો પોતાના લાભને માટે વિચાર કરીએ છીએ તોપણ સંત જ મોટા છે; કેમ કે પરમાત્માના સચ્ચિદાનંદરૂપમાં જીવમાત્રનાં હૃદયમાં રહેતાં હોવાં છતાં પણ સંત-કૃપા અને સત્સંગના વિના ભગવાનના તે પરમ આનંદમય સ્વરૂપના અનુભવથી વંચિત રહીને જીવ દુઃખી જ રહે છે. ભગવત્સ્વરૂપનો અનુભવ તો ભગવદ્ભક્તિથી જ થાય છે અને તે મળે છે સંત-કૃપા અને સત્સંગથી—

ભગતિ તાત અનુપમ સુખ મૂલા । મિલઇ જો હોહિં સંત અનુકૂલા ॥
ભગતિ સ્વતંત્ર સકલ ગુન ખાની । બિનુ સતસંગ ન પાવહિં પ્રાની ॥

તેથી આપણા માટે તો સંત જ મોટા થયા. ભગવત્કૃપાથી પ્રાપ્ત થતાં માનવદેહનું ફળ મનુષ્યનાં કર્મ તથા સાધનના અનુસાર સ્વર્ગ, નરક અથવા મોક્ષ—બધું જ બની શકે છે. પરંતુ સંતોની કૃપાથી પ્રાપ્ત થયેલા સત્સંગનું ફળ કેવળ પરમ પદ જ હોય છે.

ભગવાન તો દુષ્ટોનો ઉદ્ધાર કરે છે તેમનો વિનાશ કરીને, પણ સંત દુષ્ટોનો ઉદ્ધાર કરે છે તેમની વૃત્તિઓનો સુધારો કરીને. ભગવાન પોતાના બતાવેલા કાયદામાં બંધાયેલા હોય છે. પરંતુ સંતોમાં દયા આવી જાય છે. આ પ્રકારથી પણ સંત ભગવાનથી મોટા છે. ભગવાન બધી જ જગાએ મળી શકે છે, પણ સંત ક્યાંક ક્યાંક જ છે. તેથી તેઓ ભગવાનથી દુર્લભ પણ છે—

હરિ દુરલભ નહિં જગત મેં, હરિજન દુરલભ હોય ।
હરિ હેરૂયાઁ સબ જગ મિલૈ, હરિજન કહિં એક હોય ॥

આપણો ઉદ્ધાર કરવામાં તો સંત જ મોટા થયા, તેથી આપણે તેમને જ મોટા માનવા જોઈએ.

તાત્ત્વિક દૃષ્ટિથી જોઈએ તો સંત અને ભગવાન બંને એક જ છે; કેમ કે સંત ભગવાનથી પૃથક પોતાની આસક્તિ, મમતા, રુચિ વગેરે નથી રાખતા. તેથી તેઓ ભગવત્સ્વરૂપ જ છે—

ભક્તિ ભક્ત ભગવંત ગુરુ ચતુર નામ, બપુ એક ।
ઇન કે પદ બંદન કિએઁ નાસત બિઘ્ન અનેક ॥

હવે પ્રશ્ન થાય છે કે સંતોનું સેવન કેવી રીતે કરવામાં આવે ? આના ઉત્તરમાં એ જ કહી શકાય છે કે સંતોના સેવનની સર્વોત્તમ રીત છે એમનાં મન, એમની આજ્ઞાના અનુસાર ચાલવું, એમના સિદ્ધાંતોનું આદરપૂર્વક પાલન કરવું. આ સંત-સેવનની ઊંચામાં ઊંચી વિધિ છે. આનું કારણ એ છે કે સંતોને પોતાનો સિદ્ધાંત જેટલો વહાલો હોય છે, એટલો તેમને પોતાનો પ્રાણ પણ નથી હોતો, જે આપણે લોકોને સૌથી વધારે વહાલો છે. આ જ કારણ છે કે આવશ્યકતા પડવા પર તેઓ પોતાના પ્રાણ છોડી શકે છે, પણ સિદ્ધાંત નહિ. તેથી એમના સિદ્ધાંતનું સાંગોપાંગ પાલન કરવું, એમના મનના અનુસાર ચાલવું અને જો મનની ખબર ન પડે તો ઇશારા-આજ્ઞા વગેરેના અનુસાર ચાલવું જોઈએ, આ જ એમની સૌથી મોટી સેવા છે—**'અગ્યા સમ ન સુસાહિબ સેવા ।'** તેથી શરીરની સેવા કરવાની સાથે જ શ્રદ્ધા-પ્રેમપૂર્વક મનથી સેવા કરવામાં આવે તો કહેવું જ શું! એમના સિદ્ધાંત જાણવાને માટે એમનો સંગ કરીને એમનાથી ભગવત્સંબંધી વાત પૂછવી જોઈએ; એનાથી આપણે વધારે લાભ ઉઠાવી શકીએ છીએ; સંતોથી પુત્ર,

સ્ત્રી, ધન, માન, મોટાઈ વગેરેથી સંબંધ રાખવાવાળા સાંસારિક પદાર્થ ચાહવા અમૂલ્ય હીરાને પથ્થરથી તોડવો છે; આ સંતોના સંગનો સદુપયોગ નથી. આમ તો સંતોના કહેવાથી પુત્ર વગેરેની પ્રાપ્તિ પણ થઈ શકે છે, પરંતુ આ એમની કીમત ન સમજવી જ છે.

સંતોને ઘણું કરીને આપણે સમજતા નથી. આપણે લોકો તો એમની બહારની ક્રિયાઓથી અર્થાત્ વધારે ખાવું, નગ્ન રહેવું, માટીનું સોનું બનાવી દેવું વગેરે ચમત્કારિક વાતોની વિશેષતા જોવા માંગીએ છીએ; પરંતુ આ વાતોને સંતપણાથી કોઈ પણ સંબંધ નથી. સંતોનું આવું લક્ષણ ક્યાંય પણ લખ્યું નથી. ગીતામાં ઠેકઠેકાણે ભક્ત વગેરેનાં લક્ષણ લખ્યાં છે, પરંતુ એમાં એક પણ ઠેકાણે એવું નથી લખ્યું કે 'તેઓ પુત્ર આપી દે છે, વચનસિદ્ધ હોય છે' વગેરે.

તો પછી સંતોની ઓળખાણ કેવી રીતે થાય? સંતોની ઓળખાણનો સીધો સાદો ઉપાય એ છે કે જે વ્યક્તિના સંગથી આપણું સાધન વધે, આપણામાં દૈવી સંપત્તિ આવે, આપણાં આચરણમાં ન્યાય આવવા લાગે, ભગવત્તત્ત્વનું જ્ઞાન થાય, સત્-શાસ્ત્ર, ભગવાન, મહાત્મા, પરલોક અને ધર્મમાં શ્રદ્ધા વધે તથા ભગવાનની સ્મૃતિ વધારે રહેવા લાગે, આપણા માટે એ જ સંત છે. સંતોથી આવો જ લાભ લેવો જોઈએ અને એમનાથી આ પ્રકારનો આધ્યાત્મિક લાભ લેવો જ સાચો લાભ છે.

ભગવાનથી લાભ ઉઠાવવાની પાંચ બાબતો છે—નામ-જપ, ધ્યાન, સેવા, આજ્ઞા-પાલન અને સંગ. પરંતુ સંતોથી લાભ લેવામાં સંગ, આજ્ઞા અને સેવા—આ ત્રણ જ સાધન યોગ્ય છે. સંત-મહાત્મા પુરુષ પોતાના નામનો જપ અને પોતાના સ્વરૂપનું ધ્યાન ક્યારેય પણ નથી બતાવતા અને જે પોતાના નામ અને રૂપનો પ્રચાર કરે છે, તે કદાપિ સંત નથી. સાચા સંત તો ભગવાનના જ નામ-જપ અને ધ્યાન કરવાનો ઉપદેશ આપે છે. હા, તેઓ સેવા, આજ્ઞા-પાલન અને સંગ—આ ત્રણને માટે ઘણું કરીને મનાઈ નથી કરતા. સેવામાં થોડો સંકોચ કરે છે અને જ્યાં સુધી શક્ય હોય છે, નથી કરાવતા. સેવાના બે ભેદ છે—(૧) પૂજા, આરતી કરવી વગેરે, (૨) વસ્ત્ર આપવું, ભોજન આપવું, અનુકૂળ વસ્તુઓને પ્રસ્તુત કરવી વગેરે. ભગવાનની તો આ બંનેય સેવાઓ ઉચિત છે, પરંતુ સંત પુરુષ પહેલા પ્રકારની સેવા નથી ચાહતા અને જો કોઈ તેવી સેવાને માટે આગ્રહ કરે છે તો તે પોતાના સ્થાન પર ભગવાનની જ સેવા કરાવે છે; કારણ કે તેઓ જાણે છે કે 'મારું શરીર હાડ-માંસનું છે, એની સેવાથી શું લાભ!' બીજા પ્રકારની સેવા તેઓ આશ્રમ અને વર્ણના અનુસાર સ્વીકાર કરી શકે છે. આ પ્રકારની સેવા પણ તેઓ સંતપણાની દૃષ્ટિથી નથી લેતા, આશ્રમ અને વર્ણની દૃષ્ટિથી લે છે, એટલે આ અન્ન, વસ્ત્ર વગેરે વસ્તુઓની પૂર્તિ કરવી અનુચિત નથી. આ પ્રકારની સેવા ફક્ત સંત જ નહિ, જે પણ હોય લઈ શકે છે. જો કોઈ સંત નથી, પણ તે ભૂખ-તરસથી વ્યાકુળ છે, તો તેઓ કોઈ પણ કેમ ન હોય, જે વ્યક્તિની પાસે તે ભોજનાદિ વસ્તુઓ હોય, તેનાથી શરીરના પાલન-પોષણને માટે લઈ શકે છે.

બાકી રહી આજ્ઞા-પાલનની વાત. આમ તો તેઓ ઘણું કરીને કોઈ વાત આજ્ઞાના રૂપમાં નથી કહેતા. તેઓ પોતાની નમ્રતાના કારણે જ્યારે કોઈ વ્યક્તિને કોઈ કાર્ય કરવાને માટે કહે છે, ત્યારે ઘણું કરીને એવો સંકેત કરે છે કે અમુક પરિસ્થિતિમાં શાસ્ત્રોની આવી આજ્ઞા છે; ભગવાનની આવી આજ્ઞા છે, સંતોએ આવું કહ્યું છે અને કર્યું છે વગેરે-વગેરે. પરંતુ એ નિશ્ચિત છે કે એમના કહેવા મુજબ કરવાથી લાભ અવશ્ય થાય છે; એટલે તેઓ જો કોઈ નિર્દેશ કરે તો એને એમની આજ્ઞા સમજીને પાલન કરીએ તો તેઓ એનો વિરોધ નથી કરતા. આ એમની આપણા પ્રતિ ઉદારતા છે, કૃપા છે, આ એમણે આપણા માટે છૂટ આપી રાખી છે. આજ્ઞાપાલનનું સ્થાન સેવામાં સૌથી ઊંચું માનવામાં આવ્યું છે. શરીરની પૂજા કરતાં એમનાં વચન વધારે મહત્ત્વનાં છે. એટલા માટે વચનોને જ મહત્તા આપવી જોઈએ. એક સંત હતા. એમની પાસે રહેવાવાળા શ્રદ્ધાળુ વ્યક્તિઓમાંથી એક વ્યક્તિની એક દિવસ સંતે પરીક્ષા લેવા વિચાર્યું. તે બોલ્યા—'મારી કમરમાં દર્દ થઈ રહ્યું છે, થોડા તમારા પગથી એને દબાવી દો.' શ્રદ્ધાળુએ કહ્યું—'મહારાજ! આપના શરીર ઉપર પગ કેવી રીતે રાખી શકું?' સંતે તરત જ ઉત્તર આપ્યો, 'સારું છે, મારા શરીર ઉપર તો તે પગ નથી રાખ્યો, પણ મારી જીભ પર તો પગ રાખી દીધો ને?' આ એક દૃષ્ટાંત છે. આનાથી આપણે એ બોધ લેવો જોઈએ કે સેવામાં શરીરની અપેક્ષાએ વચનોના પાલનને વધારે મહત્ત્વ આપવું. હા, આ સંભવ છે કે આપણે સંતના વચનનું પૂરેપૂરું પાલન ન કરી શકીએ, પરંતુ જો મનમાં વચન-પાલનની દાનત છે તથા તેના માટે યથા-સામાર્થ્ય પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે તો પછી જો ભલે એનું અક્ષરશઃ પાલન ન પણ થઈ શક્યું હોય તોપણ ઘણો લાભ થાય છે.

જો સંતોના વચનોનો ભાવ ક્યારેક પૂર્ણરૂપથી સમજમાં ન આવે તો નમ્રતાપૂર્વક એમને જ પૂછીને સમાધાન કરી લેવું જોઈએ; પણ સમજમાં આવી જવાથી પછી પાલન કરવામાં કિંચિત્માત્ર પણ ક્યાંય આવવી જોઈએ નહિ. સંતના વચન-પાલનમાં જો ક્યારેય એમની સેવાનો પણ ત્યાગ કરવો પડે તો આપણે કરી દેવો જોઈએ. સેવા કરવાથી જ્યારે લાભ છે તો સેવા-ત્યાગથી વધારે લાભ થવો જોઈએ; કેમ કે જે કીમતી વસ્તુ છે, તેનો ત્યાગ તે વસ્તુથી વધારે છે, પછી જો આ ત્યાગ સંતની આજ્ઞાથી જ કરવામાં આવે છે, તો તે વધારે મહત્ત્વની વસ્તુ છે. સાચો શ્રદ્ધાળુ આમાં કેમ ચૂકશે. હા, એક વાત છે જેઓ સેવાના કષ્ટથી બચવાને

માટે સેવાનો ત્યાગ કરે છે, તેઓ તો સેવાના મહત્ત્વને જાણતા જ નથી. તેમને તો સેવા કરવામાં કષ્ટનો અનુભવ થાય છે. એટલા માટે તેઓ એ લાભથી વંચિત રહે છે. સંત ક્યારે પણ કોઈને કિંચિત્‌માત્ર પણ કષ્ટ આપવા નથી માંગતા, એટલા માટે તેઓ એવી વ્યક્તિઓથી સેવા કેમ કરાવશે; કેમ કે એમને સેવા કરાવવાની કોઈ ભૂખ તો છે જ નહિ. જે લોકો બીજાઓથી પોતાની સેવા કરાવવા માંગે છે, એમના અંતઃકરણમાં સ્વાર્થ અને અહંકારના કારણે આ ખબર નથી પડતી કે કોને શું કષ્ટ અને હાનિ થઈ રહી છે; પરંતુ સંતોના નિઃસ્વાર્થ હૃદયમાં તો પ્રકાશ છે. તેઓ તો જાણે છે કે કઈ વ્યક્તિ સેવામાં સુખનો અનુભવ કરે છે અને કોણ દુઃખનો.

સત્સંગને માટે તો સંત સ્વયં પોતાની તરફથી નીકળી પડે છે; કેમ કે પ્રેમી જિજ્ઞાસુઓની પાસે જવાથી ભગવત્‌-વાક્યોનું મનન, વિચાર અને અનુશીલન થાય છે, જે એમને ઘણું વહાલું છે. એટલું જ નહિ, તેઓ પોતાનો સંગ કરવાવાળી વ્યક્તિનો ઉપકાર પણ માને છે કે એમના કારણે અમારો થોડો સમય ભગવત્‌-ચર્ચામાં પસાર થયો. કાકભુશુંડિજીએ ગરુડજીને કહ્યું—'મહારાજ ! મારા પર આપની ઘણી કૃપા થઈ, જે મને સત્સંગ આપ્યો.'

તુમ્હ બિગ્યાનરૂપ નહિં મોહા । નાથ કીન્હ મો પર અતિ છોહા ॥
પૂઁછિહુઁ રામ કથા અતિ પાવનિ । સુક સનકાદિ સંભુ મન ભાવનિ ॥
(રામચરિતમાનસ)

સંતોની વાતો એટલી અલૌકિક છે કે આપણે એમનું વિવેચન પણ નથી કરી શકતા, પછી અનુભવની તો વાત જ અલગ છે.

આપણી બુદ્ધિથી સંતોની ઓળખાણ કરવી ઘણી કઠણ છે. એમની ઓળખાણ તો સંત તેમજ ભગવાનની કૃપાથી જ સંભવ છે. કસોટીથી ઓળખાણ કરવાથી આપણે જ અસફળ થઈ જઈશું; કેમ કે આપણી કસોટી જ ખોટી છે. સંતોની પિછાણ અગાઉ બતાવેલી રીતથી જ કરી શકાય છે કે (૧) જે વ્યક્તિના સંગ, વાર્તાલાપ તથા દર્શનથી આપણામાં દૈવી સંપત્તિ આવે, ભગવાનમાં આપણી રુચિ વધે, આધ્યાત્મિક પથ પર આપણે આગળ થઈએ, (૨) જે આપણાથી ક્યારેય કિંચિત્‌માત્ર પણ કોઈ પ્રકારની સેવાની ઇચ્છા ન રાખતા હોય, (૩) જે આપણું સદાય વિના સ્વાર્થે હિત કરતા હોય તથા (૪) જે આપણી દૃષ્ટિમાં આધ્યાત્મિક વિષયમાં સૌથી વધારે જાણકાર હોય, તે જ આપણા માટે સંત છે. તેમજ સ્થૂળ રીતથી સંતની ઓળખાણ કરવાનો આ ઉપાય એ પણ છે કે સાચા સંત સ્ત્રી, સંપત્તિ નથી ચાહતા, માન-મોટાઈ નથી ચાહતા, જેટલી ભૌતિક વસ્તુઓ છે, તેમની તેમને ઇચ્છા કે લાલસા નથી રહેતી.

સંતોનો સંગ કરવામાં આવે તો તે ક્યારેય નિષ્ફળ નથી જતો. પરંતુ એમનું મહત્ત્વ સમજીને એમના સિદ્ધાંતાનુસાર આચરણ કરતા રહીને એમનો સંગ કરવો એ એમનો વાસ્તવિક સંગ કરવો છે. આ પ્રકારે કરવાથી જ સંગનો વાસ્તવિક લાભ શીઘ્ર પ્રકટ થાય છે.

આના ઉપર એક શંકા થાય છે કે અગ્નિને અજાણતા જ સ્પર્શ કરવાથી દઝાડી દે છે, એવી જ રીતે અજાણતા પણ કરવામાં આવેલો સંતોનો સંગ પાપોનો નાશક અવશ્ય થવો જોઈએ. તો આનો ઉત્તર એ છે કે આ વાત ઉચિત જ છે. પાપોનો નાશ તો અજાણતા પણ કરેલા સંત-સંગથી અવશ્ય થાય છે, પરંતુ જેવી રીતે અગ્નિમાં દાહિકાશક્તિ, પ્રકાશિકાશક્તિ, પાચનશક્તિ તેમજ સ્વર્ગ તથા મોક્ષ આપવાની પણ શક્તિ છે, પણ દાહિકાશક્તિને છોડીને અન્ય શક્તિઓનો લાભ આપણે વગર જાણ્યે નથી ઉઠાવી શકતા. અગ્નિને અજાણતા સ્પર્શ કરવાથી દઝાડી તો દે છે, પણ તેનાથી માત્ર દાઝવાનું જ થાય છે. પરંતુ જેઓ તે અગ્નિને અગ્નિ (અગ્નિનું વાસ્તવિક મહત્ત્વ) જાણીને તેને અનુકૂળ ક્રિયા કરે છે, તેઓ તેનાથી પ્રકાશ પણ લઈ શકે છે અને તેનાથી ભોજન પણ બનાવીને પોતાની ભૂખ મટાડી શકે છે. એટલું જ નહિ, અગ્નિથી આ કામ તો શ્રદ્ધારહિત વ્યક્તિ પણ લઈ શકે છે, પણ વૈદિક મંત્ર અને પરલોકમાં શ્રદ્ધા રાખવાવાળો મનુષ્ય તો વૈદિક મંત્રોથી શ્રદ્ધાપૂર્વક વિધિસહિત અગ્નિમાં આહુતિ આપીને સ્વર્ગ-પ્રાપ્તિ પણ કરી શકે છે અને જે ભગવાનની આજ્ઞા માનીને નિષ્કામભાવથી અગ્નિમાં આહુતિ આપીને યજ્ઞ કરે છે, તે તો અગ્નિથી ભગવાનની પ્રાપ્તિ પણ કરી શકે છે. આ પ્રકારે સંતોને ન જાણવાથી પણ એમના સંગથી પાપોનો નાશ તો થાય જ છે, પણ જાણ્યા વિના પરમાત્મ-વિષયક જ્ઞાન અને સાંસારિક પદાર્થોથી વૈરાગ્ય નથી થતો. સંતોને જાણીને તેમનો સંગ કરવાથી સત્‌-અસત્‌, કર્તવ્ય-અકર્તવ્ય, હેય-ઉપાદેય અને સાર-અસારનું જ્ઞાન તેમજ પોતાના માટે હમણાં અને પરિણામમાં અનિષ્ટકારક વસ્તુ તથા ક્રિયાઓનો ત્યાગ થઈ શકે છે તેમજ શ્રદ્ધાપૂર્વક નિષ્કામભાવથી એમની આજ્ઞાના અનુસાર અનુષ્ઠાન કરવાથી અજ્ઞાન, ક્લેશ, કર્મ, વિકાર, વાસના વગેરેનો અત્યંત અભાવ થઈને પરમાનંદરૂપ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. આ બધો લાભ સંત-મહાત્માઓને જાણીને એમનો શ્રદ્ધાપૂર્વક સંગ અને તદનુકૂળ આચરણ કરવાથી જ થાય છે.

આ વિષયમાં એક વાત હજુ પણ છે. અગ્નિથી દાઝવું ત્યારે જ થાય છે, જ્યારે અગ્નિ અને આપણા વચ્ચે કોઈ વ્યવધાન નથી હોતું. પગમાં જોડા પહેરીને અગ્નિનો સ્પર્શ કરવામાં આવે તો તે દઝાડતો પણ નથી. આ પ્રકારે જો સંતોના સંગમાં કુતર્ક, તિરસ્કાર વગેરેની આડ લગાવી દેવામાં આવે તો પાપનાશરૂપી લાભ પણ નથી થઈ શકતો. અગ્નિને તો અજાણતા સ્પર્શ કરવાથી ફક્ત દઝાડે જ છે, પણ કોઈ સંતના તરફ તિરસ્કાર અને નિંદાનો ભાવ નહિ રાખીને અજાણતા પણ એમનો સંગ કરતો રહે તો સંતોનો

સંગ તેમના પાપનાશના સિવાય તેમને પરમાત્માની પ્રાપ્તિના અધિકારી પણ બનાવી દે છે. જેમ પારસ અને લોખંડને ટકરાવતા રહો તો પહેલાં લોખંડ પર લાગેલી માટી, કાટ વગેરેનું આવરણ દૂર થઈ જશે અને પછી સ્પર્શ થવાથી લોખંડ સોનું બની જશે. બસ, આ રીતે વારંવારના સંગથી પાપરૂપી મળ (માટી, કાટ વગેરે) દૂર થઈ જશે અને છેલ્લે કલ્યાણ થઈ જશે. ઋષિકેશ-(ઉત્તરાખંડ-)ની તરફ જોયું હશે, ગંગાજીમાં ગોળ-ગોળ પથ્થર મળે છે. પહાડોની ટોચ ઉપરથી વાંકા-ચૂંકા પથ્થર પાણીના પ્રવાહમાં ગબડતાં-ગબડતાં ગોળ થઈ ગયા; એમણે કોઈ પ્રયત્ન નથી કર્યો અને ન એમને ગોળ થવાની ઇચ્છાય હતી. પણ પ્રવાહમાં પડ્યા રહેવાથી ગોળ અને ચીકણા થઈ ગયા. આ પ્રકારે સંત-મહાત્માઓના શરણમાં પડ્યા રહ્યા તો અંતમાં કલ્યાણ થઈ જ જાય છે.

શ્રદ્ધાના બે ભેદ છે—(૧) સ્થાયી અને (૨) અસ્થાયી. સ્થાયી શ્રદ્ધા ત્યાં થાય છે, જેમાં ક્યારેય ઊણપ નથી થઈ શકતી. પણ અસ્થાયી શ્રદ્ધા બજારના ભાવની જેમ ઘટતી-વધતી રહે છે. સ્થાયીમાં વધવાની શક્યતા તો છે, પણ તે ક્યારેય ઘટી નથી શકતી. અસ્થાયી શ્રદ્ધા વધતાં-વધતાં અંતે સ્થાયી શ્રદ્ધામાં પરિણત થઈ શકે છે; કેમ કે અસ્થાયી શ્રદ્ધામાં જે વાસ્તવિક શ્રદ્ધાનો અંશ રહે છે, તે સ્થાયી શ્રદ્ધામાં સમાવેશ થતો રહે છે. સંતોનો વારંવાર સંગ કરવાથી એમના ગુણ-પ્રભાવનું જ્ઞાન થવાથી તથા એમની આજ્ઞાનું પાલન કરવાથી એમના તરફ શ્રદ્ધા-ભાવનો વિકાસ થતો રહે છે અને અંતમાં સ્થાયી શ્રદ્ધાનો ઉદય થઈ જાય છે.

સંત સર્વદા રહે છે. એવો કોઈ પણ સમય નથી હોતો, જ્યારે પૃથ્વી-મંડળમાં યતિ, સતી, ધર્માત્મા અને સંત પુરુષ ન હોય. આજે પણ સંત પુરુષ મળી શકે છે અને એવા સંત મળી શકે છે, જે આપણો ઉદ્ધાર કરી શકે છે. પણ આપણને મળે કેવી રીતે ? આપણામાં એમને મળવાની લાલસા જ નથી, એટલે આ લાલસા વધારવી જોઈએ કે આપણને સંત, સાચા સંત મળે.

સંતોના જીવનકાળમાં જો કોઈ એમનાથી લાભ લેવાવાળો ન હોય, તોપણ એમના સિદ્ધાંત વાયુમંડળમાં સ્થિર થઈ જાય છે, જેનાથી ભવિષ્યમાં કોઈ લાભ લેવાવાળો પેદા થાય છે, તો એમનાથી લાભ ઉઠાવી શકે છે.

એવી વાત નથી કે બધા સંત એક જેવા હોય. એમની વાસ્તવિક સ્થિતિમાં ભેદ ન રહેવા છતાં પણ વર્ણ, આશ્રમ, સંગ, સ્વાધ્યાય, પ્રકૃતિ, સાધનની પ્રણાલી વગેરેનું સાધનકાળ દરમિયાન અંતર રહેવાથી સિદ્ધાવસ્થામાં પણ એમની માન્યતા, આચરણ અને ઉપદેશ-પ્રણાલીમાં અંતર જોવા મળે છે.

સંતલોકો કોઈને પોતાના ચેલા-ચેલી બનાવતા નથી. પણ જો કોઈ પોતાને એમના અનુયાયી માની લે તો એમાં એને કોણ રોકી શકે છે ? જે વ્યક્તિ ઈશ્વર ઉપર ભરોસો કરીને સાચા હૃદયથી પોતે-પોતાને કોઈ સંતનો અનુયાયી માની લે છે, એનો ભાર ભગવાન ઉપર આવી જાય છે. પણ માન્યતા અસલી હોવી જોઈએ. મતલબ એ છે કે સાધકના મનમાં ઇચ્છા હોય ફક્ત ભગવત્-પ્રાપ્તિની જ તથા શ્રદ્ધા હોય સિદ્ધાંતને લીધે જ, પછી વ્યક્તિ ઉપર આગ્રહ ન હોવાથી તથા ઇચ્છા ભૌતિક ન હોવાને કારણે તે ક્યાંય પણ ઠગાઈ શકતો નથી. આ પ્રકારની જો માન્યતા અસલી થઈ અને ભગવાન જોશે કે આ વ્યક્તિનું કલ્યાણ આ સંતમાં શ્રદ્ધા રહેવાથી થઈ શકે છે, ત્યારે તો તેઓ એની શ્રદ્ધા એ સંતમાં દૃઢ કરી દેશે, પરંતુ જો તે સંત ન હોય અને એનામાં શ્રદ્ધા રહેવાથી એ સાધકને હાનિ થવાની સંભાવના હોય તો ભગવાન એની શ્રદ્ધા બીજે ક્યાંક લગાવી દેશે; કેમ કે સાધકના ન જાણવા છતાં પણ ભગવાન તો સાધક અને સંત બંનેને જ જાણે છે અને અજાણતા પણ રક્ષા કરવી ભગવાનનો સર્વભૂતસુહૃદ્-સ્વભાવ છે જ. તેથી બંને અવસ્થાઓમાં ઉદ્ધાર થવો નિશ્ચિત છે જ; કેમ કે 'મારું કલ્યાણ ભગવાન અવશ્ય કરશે' એવો તેનો ભગવાન પર દૃઢ વિશ્વાસ રહે છે. એકલવ્યના ભાવથી એને સફળતા મળી ગઈ. વાસ્તવમાં શ્રદ્ધા-ભક્તિ અસલી ચીજ છે, લાગો-ચારથી (લગ્ન વખતે અપાતું દાપું અથવા લાગો) ભગવાન મળી શકતા નથી. સંતના વિષયમાં પણ આ જ વાત છે. લાગોચાર કરીને પણ જો આપણે કોઈને ગુરુ ન બનાવીએ, પણ શ્રદ્ધા-ભક્તિથી સંતને ગુરુ માનીને તેમની સેવા, આજ્ઞા-પાલન અને સંગ કરીએ, લાભ થઈ જ જશે.

****

બાળશિક્ષોપદેશ-માળા

૧. બધાએ સૂર્યોદયથી પહેલાં ઉઠવું જોઈએ.

૨. ઉઠતાં જ ભગવાનનું સ્મરણ કરવું તથા **'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ । ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥'** આ પ્રકારની સ્તુતિ કરવી જોઈએ.

૩. પોતાના વડીલોને પ્રણામ કરવા જોઈએ.

૪. શૌચ-સ્નાન કરીને દંડ-બેઠક, દોડ-કુશ્તી વગેરે શારીરિક અને આસન-પ્રાણાયમ વગેરે યૌગિક વ્યાયામ કરવા જોઈએ.

૫. પરોઢિએ **'હરે રામ હરે રામ રામ રામ હરે હરે । હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ॥'**—આ મંત્રની ઓછામાં ઓછી એક માળા અવશ્ય કરવી જોઈએ.

અને જેમને યજ્ઞોપવીત થઈ ચૂક્યા છે, તેઓએ સૂર્યોદયથી પૂર્વ સંધ્યા અને ઓછામાં ઓછી એક માળા ગાયત્રી-જાપ અવશ્ય કરવો જોઈએ.

૬. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના ઓછામાં ઓછા એક અધ્યાયનો રોજ અર્થસહિત પાઠ કરવો જોઈએ. આના માટે ક્રમ રાખવામાં આવે તો સારું કે પ્રતિપદા તિથિએ પહેલા અધ્યાયનો, દ્વિતીયાએ બીજાનો, તૃતીયાએ ત્રીજાનો—આ રીતે અગિયારસની તિથિએ ૧૧મા અધ્યાય સુધી પાઠ કરીને, બારસે ૧૨મા અધ્યાય અને ૧૩મા અધ્યાયનો, તેરસે ૧૪મા અને ૧૫મા અધ્યાયનો, ચૌદશે ૧૬મા અને ૧૭માનો તથા અમાસ અથવા પૂનમે ૧૮મા અધ્યાયનો પાઠ કરી લેવો. આ રીતે પંદર દિવસોમાં અઢાર અધ્યાયોનો પાઠ-ક્રમ રાખીને એક મહિનામાં સંપૂર્ણ ગીતાના બે પાઠ પૂરા કરી લેવા જોઈએ. તિથિક્ષય હોય તો ૩મા અને ૮મા અધ્યાયોનો પાઠ એક સાથે કરી લેવો તથા વધતિથિ હોય તો ૧૬મા અને ૧૭મા અધ્યાયનો પાઠ અલગ-અલગ બે દિવસોમાં કરી લેવો જોઈએ.

૭. વિદ્યાલયમાં ચોક્કસ સમયે પહોંચી જવું અને ભગવત્-સ્મરણપૂર્વક મન લગાવીને ભણવું જોઈએ. કોઈ રીતે ધમાલ ન કરીને મૌન રહીને ભગવાનના નામનો જપ અને સ્વરૂપની સ્મૃતિ રાખીને દરરોજ આવવું-જવું જોઈએ.

૮. વિદ્યાલયમાં સ્તુતિ-પ્રાર્થના વગેરેમાં અવશ્ય ભાગ લેવો અને તેમને મન લગાવીને પ્રેમભાવપૂર્વક કરવાં જોઈએ; કેમ કે મન ન લગાવવાથી સમય તો વેડફાઈ જ જાય છે અને લાભ કશો મળતો નથી.

૯. પહેલાંના પાઠો યાદ રાખવા અને આગળ ભણાવેલા પાઠને એ જ દિવસે યાદ કરી લેવો યોગ્ય છે, જેથી ભણતરને માટે સદા ઉત્સાહ ચાલુ રહે.

૧૦. ભણતરને ક્યારેય અઘરું નહિ માનવું જોઈએ.

૧૧. પોતાના ધોરણમાં સૌથી વધારે સારા બનવાની કોશિશ કરવી જોઈએ.

૧૨. કોઈ વિદ્યાર્થીને અભ્યાસમાં પોતાનાથી આગળ જોઈને ખૂબ પ્રસન્ન થવું જોઈએ અને એ ભાવ રાખવો જોઈએ કે તે ચોક્કસ ઉન્નતિ કરી રહ્યો છે, એનાથી મને પણ ભણીને ઉન્નતિ કરવાનું પ્રોત્સાહન તેમજ અવસર મળશે.

૧૩. પોતાના કોઈ સહપાઠીની ઈર્ષા નહિ કરવી જોઈએ અને એ પણ ભાવ ન રાખવો કે તે ભણવામાં કમજોર રહી જાય, જેની અપેક્ષાએ મને લોકો સારો કહે.

૧૪. કોઈ પણ વિદ્યા અથવા કળાને જોઈને એમાં દિલચસ્પી સાથે દાખલ થઈને સમજવાની કોશિશ કરવી જોઈએ; કેમ કે જાણવાની અને શીખવાની ઉત્કંઠા વિદ્યાર્થીઓનો ગુણ છે.

૧૫. પોતાને ઉચ્ચ વિદ્વાન માનીને ક્યારેય અભિમાન કરવું ન જોઈએ; કેમ કે આનાથી આગળ વધવામાં અડચણ પેદા થાય છે.

૧૬. નિત્યપ્રતિ વડીલોની તથા દીન-દુઃખી પ્રાણીઓની કોઈ ને કોઈ સેવા અવશ્ય કરવી જોઈએ.

૧૭. કોઈ પણ અંગહીન, દુઃખી, બેસમજ, ખોટું કરવાવાળાને જોઈને નહિ હસવું જોઈએ.

૧૮. મીઠાઈ, ફળ વગેરે ખાવાની ચીજો પ્રાપ્ત થાય તો એમને બીજાઓમાં વહેંચીને જ ખાવી જોઈએ.

૧૯. ન્યાયથી પ્રાપ્ત થયેલી ચીજને જ કામમાં લેવી જોઈએ.

૨૦. બીજાની વસ્તુ તેના આપવા છતાં પણ ન લેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૨૧. દરેક વ્યક્તિના દ્વારા સ્પર્શ કરવામાં આવેલી મીઠાઈ વગેરે અન્નની બનેલી ખાવાની વસ્તુઓ નહિ ખાવી જોઈએ.

૨૨. કોઈ પણ અપવિત્ર ચીજ નહિ ખાવી જોઈએ.

૨૩. કોઈ પણ ખાવા-પીવાની ચીજ ઈશ્વરને અર્પણ કરીને જ ઉપયોગમાં લેવી જોઈએ.

૨૪. ભૂખથી થોડું ઓછું ખાવું જોઈએ.

૨૫. હમેશાં પ્રસન્નતાપૂર્વક ભોજન કરવું જોઈએ.

૨૬. ભોજનના સમયે ક્રોધ, શોક, દીનતા, દ્વેષ વગેરે ભાવોને મનમાં લાવવા યોગ્ય નથી, કેમ કે એમના રહેવાથી ભોજન સારી રીતે પચતું નથી.

૨૭. ભોજન કરતાં પહેલાં બંને હાથ, બંને પગ અને મોં—આ પાંચેય અવશ્ય ધોઈ લેવા જોઈએ.

૨૮. ભોજનના પહેલાં અને પછી આચમન જરૂર કરવું જોઈએ.

૨૯. ભોજન કર્યા પછી કોગળા કરીને મોં સાફ કરવું જરૂરી છે; કેમ કે દાંતોમાં અન્નકણ રહેવાથી પાયોરિયા વગેરે રોગ થઈ જાય છે.

૩૦. ચાલતાં-ચાલતાં અને દોડતી વખતે તેમજ અશુદ્ધ અવસ્થામાં તથા અશુદ્ધ જગાએ નહિ ખાવું-પીવું જોઈએ. કેમ કે ખાવા-પીવાના સમયે સંપૂર્ણ રોમ-છિદ્રોથી શરીર આહાર ગ્રહણ કરે છે.

૩૧. સ્નાન અને ઈશ્વરોપાસના કર્યા વિના ભોજન નહિ કરવું જોઈએ.

૩૨. લસણ, ડુંગળી, ઈંડા, માંસ, શરાબ, તાડી વગેરેનું સેવન ક્યારેય નહિ કરવું જોઈએ.

૩૩. લેમનેડ, સોડા અને બરફનું સેવન નહિ કરવું જોઈએ; કેમ કે તેનાથી સંસર્ગ-જન્ય રોગો વગેરે થવાની પણ ઘણી સંભાવના છે.

૩૪. ઉત્તેજક પદાર્થોનું સેવન કદી નહિ કરવું જોઈએ.

૩૫. મીઠાઈ, નમકીન, બિસ્કીટ, દૂધ, મલાઈ, ચાટ વગેરે બજારૂ ચીજો નહિ ખાવી જોઈએ; કેમ કે દુકાનદાર લોભવશ સ્વાસ્થ્ય અને શુદ્ધિની તરફ ધ્યાન નથી દેતા,

જેનાથી બીમારીઓ થવાની સંભાવના રહે છે.

૩૬. બીડી-સિગારેટ, ભાંગ, ચા વગેરે નશીલી ચીજોનું સેવન ક્યારેય નહિ કરવું જોઈએ.

૩૭. અન્ન અને પાણી સિવાય બીજી કોઈ ચીજની આદત નહિ પાડવી જોઈએ.

૩૮. દાંતોથી નખ નહિ કાપવા જોઈએ.

૩૯. દાતણ, કોગળા વગેરે કરવાનો સમય બાદ કરતાં બીજા સમયમાં મોંમાં આંગળી નહિ નાંખવી જોઈએ.

૪૦. પુસ્તકનાં પાનાંને આંગળીમાં થૂંક લગાવીને નહિ બદલવાં જોઈએ.

૪૧. કોઈનું પણ એઠું ખાવું અને કોઈને ખવડાવવું નિષિદ્ધ છે.

૪૨. રેલવે વગેરેમાં સંડાસના નળના અપવિત્ર પાણીને મોં ધોવા, કોગળા કરવા કે પીવા વગેરે કામમાં કદાપિ નહિ લેવું જોઈએ.

૪૩. ક્યારેય જૂઠું ન બોલવું. હમેશાં સત્ય જ બોલવું.

૪૪. ક્યારેય કોઈની પણ કોઈ ચીજ ચોરવી નહિ. પરીક્ષામાં નકલ કરવી પણ ચોરી છે તથા નકલ કરવામાં મદદ કરવી પણ ચોરી છે. એનાથી સદા બચવું જોઈએ.

૪૫. માતા, પિતા, ગુરુ વગેરે વડીલોની આજ્ઞાનું ઉત્સાહપૂર્વક તુરંત પાલન કરવું. વડીલોના આજ્ઞાપાલનથી એમના આશીર્વાદ મળે છે, જેનાથી ભૌતિક અને પારમાર્થિક ઉન્નતિ થાય છે.

૪૬. કોઈનાથી પણ લડાઈ ન કરો.

૪૭. કોઈને પણ અપશબ્દો ન બોલો.

૪૮. અશ્લીલ ગંદા શબ્દોનું ઉચ્ચારણ ન કરો.

૪૯. કોઈનાથી પણ માર-પીટ ન કરો.

૫૦. ક્યારેય રીસાવું નહિ અને જીદ પણ ન કરો.

૫૧. ક્યારેય ક્રોધ ન કરો.

૫૨. બીજાઓની બૂરાઈ અને ચાડી-ચુગલી ન કરો.

૫૩. અધ્યાપકોની તેમજ બીજા ગુરુજનોની ક્યારેય ઠઠ્ઠા-મશ્કરી ન કરવી, બલકે એમનો આદર-સત્કાર કરો તથા જ્યારે અધ્યાપક ભણાવવા આવે અને પાછા જાય, ત્યારે ઊભા થઈને નમસ્કાર કરી તેમનું સન્માન કરો.

૫૪. સમાન અવસ્થાવાળા અને નાનાઓ સાથે પ્રેમપૂર્વક વર્તાવ કરો.

૫૫. નમ્રતાપૂર્ણ, હિતકર, ઓછા અને પ્રિય વચનો બોલો.

૫૬. બધાના હિતના પ્રયત્ન કરો.

૫૭. સભામાં સભ્યતાથી આજ્ઞા મેળવીને નમ્રતાપૂર્વક ચાલવું. કોઈને ઓળંગીને ન જવું.

૫૮. સભા કે સત્સંગમાં જતી વખતે પોતાના પગ કોઈને પણ અડકે નહિ, એનું ધ્યાન રાખવું. જો ભૂલથી કોઈને પગ લાગી જાય તો એની હાથ જોડીને ક્ષમા માંગવી.

૫૯. સભામાં બેઠેલા મનુષ્યોની વચમાં જોડા પહેરીને ન ચાલવું.

૬૦. સભામાં ભાષણ કે પ્રશ્નોત્તર કરવા હોય તો સભ્યતાપૂર્વક કરવા તથા સભામાં અથવા અભ્યાસના સમયે વાતચીત ન કરવી.

૬૧. બધાને પોતાના પ્રેમભર્યા વ્યવહારથી સંતુષ્ટ કરવાની કળા શીખવી.

૬૨. અંદર-અંદરના ઝઘડાને પાસે આવવા દેવો નહિ. બીજાઓના ઝઘડાને પણ પોતાના પ્રેમભર્યા વર્તાવ અને સમજાવવાની કુશળતાથી નિવૃત્ત કરવાનો પ્રયત્ન કરવો.

૬૩. ક્યારેય પ્રમાદ અને ઉદ્દંડતા ન કરો.

૬૪. પગ, માથું અને શરીરને વારંવાર હલાવતા રહેવું વગેરે ખરાબ આદતો છે, એમનાથી બચવું.

૬૫. ક્યારેય કોઈનું અપમાન અને તિરસ્કાર ન કરો.

૬૬. ક્યારેય કોઈનો જીવ દુભાવશો નહિ.

૬૭. ક્યારેય કોઈનાથી દિલ્લગી ન કરો.

૬૮. શૌચાચાર, સદાચાર અને સાદગી ઉપર વિશેષ ધ્યાન આપો.

૬૯. પોતાની વેશ-ભૂષા પોતાના દેશ અને સમાજને અનુકૂળ તથા સાદી રાખો. ભડકામણાં, ફેશનવાળા અને શોખનાં કપડાં ન પહેરવાં.

૭૦. અત્તર, ફુલેલ, પાવડર અને ચરબીથી બનેલા સાબુ, વેસેલિન વગેરે ન લગાડો.

૭૧. જીવન ખર્ચાળ ન બનાવો અર્થાત્ પોતાની રહેણીકરણી, ખાવું-પીવું, પોશાક-પહેરવેશ વગેરેમાં ઓછામાં ઓછો ખર્ચ કરો.

૭૨. શરીરને અને કપડાંને સાફ તથા શુદ્ધ રાખો.

૭૩. શારીરિક અને બૌદ્ધિક બળ વધારવાવાળી સાત્ત્વિક રમત રમવી.

૭૪. જુગાર, પત્તાં, ચોપાટ, શેતરંજ વગેરે પ્રમાદપૂર્ણ રમત ન રમો.

૭૫. ટોપી, ઘડીયાળનો પટ્ટો, મનીબેગ, હેંડબેગ, પથારીપટ્ટો, કમરપટ્ટો અને જોડા વગેરે ચીજો ચામડાની બનેલી હોય તો એમને કામમાં લેવી નહિ.

૭૬. સિનેમા, નાટક વગેરે ન જોવાં, કેમ કે એનાથી જીવન ખર્ચાળ તો બને જ છે. શોખ, અભક્ષ્ય-ભક્ષણ, વ્યભિચાર વગેરે અનેક દોષો પણ આવી જાય છે, જેનાથી જીવન પાપમય બની જાય છે.

૭૭. ખરાબ પુસ્તકો અને ખરાબ સાહિત્યને વાંચવું નહિ.

૭૮. સારાં પુસ્તકો વાંચવાં અને ધાર્મિક સંમેલનોમાં જવું.

૭૯. ગીતા, રામાયણ વગેરે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ અવશ્ય કરવો.

૮૦. પાઠ્ય-ગ્રંથ અથવા ધાર્મિક પુસ્તકોને આદરપૂર્વક ઊંચા આસન ઉપર રાખો. ભૂલથી પણ પગ લાગવાથી તેમને નમસ્કાર કરવા.

૮૧. પોતાનું ધ્યેય સદા ઊંચું રાખવું.

૮૨. પોતાના કર્તવ્ય-પાલનમાં સદા ઉત્સાહ તથા તત્પરતા રાખો.

૮૩. કોઈ પણ કામને ક્યારેય અસંભવ ન માનવું. ક્રમ કે ઉત્સાહી મનુષ્યને માટે અઘરું કામ પણ સુગમ (સહેલું) થઈ જાય છે.

૮૪. કોઈ પણ કામ કરવામાં ભગવાન શ્રીરામને આદર્શ માનવા.

૮૫. ભગવાનને ઇષ્ટ માનીને દરેક સમયે એમનો આશ્રય મેળવીને ક્યારેય ચિંતા ન કરો.

૮૬. પોતાનું દરેક કાર્ય જાતે કરો. યથાસંભવ બીજાનાથી પોતાની સેવા ન કરાવો.

૮૭. હમેશાં પોતાનાથી મોટા અને ઉત્તમ આચરણવાળા પુરુષોની સાથે રહેવાનો પ્રયત્ન કરવો તથા એમના સદ્‌ગુણોનું અનુકરણ કરવું.

૮૮. પ્રત્યેક કાર્ય કરતી વેળાએ એ યાદ રાખવું કે ભગવાન આપણાં સઘળાં કાર્યોને જોઈ રહ્યા છે અને તેઓ આપણા હિતને માટે આપણાં સારાં અને નરસાં કાર્યોનું યથાયોગ્ય ફળ આપે છે.

૮૯. સદા પ્રસન્નચિત્ત રહેવું.

૯૦. ધર્મ-પાલન કરવામાં કષ્ટ થવાથી પણ પ્રસન્નતાપૂર્વક તેને સહન કરવું.

૯૧. ન્યાયયુક્ત કાર્ય કરવામાં પ્રાપ્ત થતાં કષ્ટને તપ સમજવું.

૯૨. પોતાની મેળે આવીને મળેલા સંકટને ભગવાનનો કૃપાપૂર્વક આપેલો પુરસ્કાર સમજવો.

૯૩. મનની વિરુદ્ધ થવાથી પણ ભગવાન અને વડીલોએ કરેલા વિધાનમાં ક્યારેય ગભરાવું નહિ, બલકે પરમ સંતુષ્ટ અને પ્રસન્ન રહેવું.

૯૪. પોતાનામાં મોટાઈનું અભિમાન ન કરવું.

૯૫. બીજાને નાના માનીને એમનો તિરસ્કાર ન કરવો.

૯૬. કોઈનાથી ઘૃણા ન કરવી.

૯૭. પોતાનું ખરાબ કરવાવાળા પ્રત્યે પણ એને દુઃખ મળે એવો ભાવ ન રાખવો.

૯૮. ક્યારેય કોઈની સાથે કપટ, છળ, ધોખાબાજી અને વિશ્વાસઘાત ન કરવો.

૯૯. બ્રહ્મચર્યનું પૂરેપૂરું પાલન કરવું. બ્રહ્મચારીને માટે શાસ્ત્રોમાં જણાવેલા નિયમોનું યથાશક્તિ પાલન કરવું.

૧૦૦. ઇન્દ્રિયોનો સંયમ કરવો. મનમાં પણ કોઈ ખરાબ વિચારને ન આવવા દેવો.

૧૦૧. પોતાનાથી નાના બાળકમાં કોઈ દુર્વ્યવહાર યા કુચેષ્ટા દેખાય તો તેને સમજાવવું અથવા એ બાળકના હિતને માટે અધ્યાપક અથવા સંરક્ષકોને સૂચિત કરો.

૧૦૨. પોતાનાથી મોટામાં કોઈ દુર્વ્યવહાર કે કુચેષ્ટા દેખાય તો એમના હિતૈષી વડીલોને નમ્રતાપૂર્વક સૂચિત કરો.

૧૦૩. પોતાની દિનચર્યા બનાવીને તત્પરતાથી તેનું પાલન કરવું.

૧૦૪. સદા દૃઢપ્રતિજ્ઞ બનો.

૧૦૫. પ્રત્યેક વસ્તુને યોગ્ય સ્થાન ઉપર રાખો અને એમની સંભાળ લો.

૧૦૬. સાંયકાળની સંધ્યાના સમયે પણ પરોઢિયાની જેમ ભગવાનના 'હરે રામ' મંત્રની ઓછામાં ઓછી એક માળા અવશ્ય જપવી અને જેનું યજ્ઞોપવીત થઈ ગયું છે, તેણે સૂર્યાસ્ત પહેલાં સંધ્યા તથા ઓછામાં ઓછી એક માળા ગાયત્રી-જપ કરવો જોઈએ.

૧૦૭. પોતાનામાંથી દુર્ગુણ-દુરાચાર નીકળી જાય અને સદ્‌ગુણ-સદાચાર આવે, એના માટે ભગવાનને સાચા હૃદયથી પ્રાર્થના કરવી અને ભગવાનના બળ ઉપર સદા નિર્ભય રહેવું.

૧૦૮. પોતાના પાઠને યાદ કરીને ભગવાનનું નામ લેતા રહીને સૂવું.

****

વિષયાસક્તિ અને ભગવત્પ્રીતિમાં ભેદ

આસક્તિ	પ્રીતિ	આસક્તિ	પ્રીતિ
૧. અનિત્ય	નિત્ય	૫. સીમિત	અસીમ
૨. ઉત્પન્ન	અનુત્પન્ન	૬. પરિચ્છિન્ન (મર્યાદિત)	અપરિચ્છિન્ન
૩. અવિવેકસિદ્ધિ	વિવેકસિદ્ધ	૭. બાંધે છે	મુક્ત કરે છે
૪. ઘટે, વધે, મટે છે.	માત્ર વધે જ છે	૮. મૃત્યુ આપે છે	અમર કરે છે

આસક્તિ	પ્રીતિ
૯. પરાધીન કરે છે	સ્વાધીન કરે છે
૧૦. એકતામાં અનેકતા દેખાય છે	અનેકતામાં એકતા દેખાય છે
૧૧. રડાવે છે	હસાવે છે
૧૨. અપ્રસન્નતા આણે છે	પ્રસન્નતા આણે છે
૧૩. દુઃખ દેનારી	સુખ દેનારી
૧૪. અશાંતિ આપનારી	શાંતિ આપનારી
૧૫. ભયદાતા	અભયદાતા
૧૬. આરંભે તથા અંતે નીરસ	સદા રસ વધારનાર
૧૭. સૌ પાસે નિરાદર કરાવે છે	ભગવાનને પણ આદર કરાવે છે

આસક્તિ	પ્રીતિ
૧૮. મલિનતા આણે છે	શુદ્ધિ લાવે છે
૧૯. ચિંતા આપે છે	નિશ્ચિંત કરે છે
૨૦. પતન કરે છે	ઉત્થાન કરે છે
૨૧. બીજાને માટે પણ દુઃખદ	ભગવાનને માટે પણ સુખદ
૨૨. સદોષ	નિર્દોષ
૨૩. લેવું જ લેવું	દેવું જ દેવું
૨૪. અપ્રાપ્ત	પ્રાપ્ત
૨૫. કૃત્રિમ	સહજ
૨૬. જડતા	ચિન્મયતા

****

મનના ખળભળાટ શાંત કરવાના સરળ ઉપાયો

સંત-મહાત્મા કે મહાપુરુષો ઘણું કરીને પોતાના પ્રવચનોમાં વારંવાર કહેતા હોય છે કે જે કામ આપણે લોકો નથી કરી શકતા એટલે કે જે થવું આપણાથી શક્ય જ નથી, તથા જેને કરવું પણ ન જોઈએ, તેને કરવાની ઇચ્છાથી અશાંતિ થશે જ. આથી તેને કરવાની ઇચ્છા ન કરવી જોઈએ. કેમ કે એવી ઇચ્છા થવાથી કોઈ ચીજ પૂરી મળતી નથી, કદાચ મળી પણ જાય તો ટકતી નથી, કદાચ ટકી જાય તો અધૂરી હોવાને લીધે તેનાથી તૃપ્તિ થઈ શકતી નથી. આથી ઇચ્છા કે કામના રાખીને કાર્ય કરવું એ યોગ્ય નથી. જો એ જ ઇચ્છા પરમાત્માની પ્રાપ્તિને માટે તીવ્ર બની જાય તો તેમની પ્રાપ્તિ થઈ જાય. શ્રીભગવાન નિત્ય પ્રાપ્ત છે, તેથી કેવળ ઇચ્છામાત્રથી જ મળી જાય છે. તેમની પ્રાપ્તિ થયા બાદ કૃતકૃત્યતા, જ્ઞાત-જ્ઞાતવ્યતા અને પ્રાપ્ત-પ્રાપ્તવ્યતા બધું જ મળી જાય છે, કંઈ પણ બાકી નથી રહેતું.

વિચાર કરવો જોઈએ—જે થવાકાળ છે તે તો થઈને રહેશે. જે નથી થવાનું તે થશે નહિ. તો પછી નવી ઇચ્છા શા માટે કરવી ? માત્ર પોતાનાં કર્તવ્યનું તત્પરતાથી પાલન કરતાં રહેવું.

જ્યારે પણ મનમાં દુઃખ, શોક, ચિંતા, વિષાદ અને ખળભળાટ મચી જાય ત્યારે જ જો નીચે આપેલા સિદ્ધ મંત્રોના અનેક વાર જાપ કરવામાં આવે, તો એ સઘળા વિકાર તત્કાળ જ દૂર થઈ શકે છે.

ભવિષ્યની ચિન્તા દૂર કરવા માટે

(સિદ્ધ મંત્ર)

(ક) યદ્‌ભાવિ ન તદ્‌ભાવિ ભાવિ ચેન્ન તદન્યથા ।
ઇતિ ચિન્તાવિષદ્નોઽયમગદઃ કિં ન પીયતે ॥

અર્થ—જે થનાર નથી તે થશે નહિ, જે થનારું છે તે થઈને જ રહેશે. ચિંતારૂપી ઝેરનું શમન કરનાર આ ઔષધનું પાન કેમ ન કરવું !

(ખ) હોઇહિ સોઇ જો રામ રચિ રાખા । કો કરિ તર્ક બઢ઼ાવૈ સાખા ॥

ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની ચિંતા દૂર કરવા માટે

(સિદ્ધ મંત્ર)

(ક) અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥

(ગીતા ૨ । ૧૧)

અર્થ—તું શોક નહિ કરવા યોગ્ય માણસોને માટે શોક કરે છે અને પંડિતો જેવી વાતો કહે છે; પણ જેના પ્રાણ ચાલ્યા ગયા છે, તેમને માટે તથા જેમના પ્રાણ નથી ગયા, તેમના માટે પણ પંડિતજનો શોક કરતા નથી.

(ખ) હોતબ હોત બડ़ો બલી તાકો અટલ બિચાર ।
કિંણ માની માની નહીં હોનહાર સે હાર ॥

હરપળે ભગવાનને ભરોસે પ્રસન્ન રહેવાને માટે

(સિદ્ધ મંત્ર)

(ક) સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

(ગીતા ૧૮ । ૬૬)

અર્થ—સઘળા ધર્મોને એટલે કે બધાં જ કર્તવ્ય-કર્મોને મારામાં ત્યજીને (સમર્પિત કરીને) તું માત્ર મારે જ શરણે આવી જા. હું તને સર્વ પાપોથી મુક્ત કરી દઈશ, તું શોક ન કર.

(ખ) ચિન્તા દીનદયાલ કો મો મન સદા અનન્દ ।
જાયો સો પ્રતિપાલિહૈ રામદાસ ગોબિન્દ ॥

અંતઃકરણમાં વધુ ઊથલપાથલ થવાથી મનને સમજાવવા (મનાવવા)ને માટે (સિદ્ધ મંત્ર)

(ક) મના મનોરથ છોડ દે તેરા કિયા ન હોય ।
પાની મેં ઘી નીપજે તો રૂખા ખાય ન કોય ॥

ભજન

(ખ) જીવ તૂ મત કરના ફિકરી, જીવ તૂ મત કરના ફિકરી ।
ભાગ લિખી સો હુઈ રહેગી, ભલી બુરી સગરી ॥ ટેર ॥
તપ કરકે હિરનાકુશ આયો, વર પાયો જબરી ।
લોહ લકડ઼ સે મરૂયો નહીં, વો મરૂયો મૌત નખરી ॥ ૧ ॥
સહસ્ત્ર પુત્ર રાજા સગરકે, તપ કીનો અકરી ।
થારી ગતિ ને તૂ હી જાને, આગ મિલી ના લકરી ॥ ૨ ॥
તીન લોક કી માતા સીતા, રાવણ જાય હરી ।
જબ લક્ષ્મણને લંકા ઘેરી, લંકા ગઈ બિખરી ॥ ૩ ॥
આઠ પહર સાહેબ કો રટના, ના કરના જિકરી ।
કહત કબીર સુનો ભાઈ સાધો, રહના બે-ફિકરી ॥ ૪ ॥

ચિંતા છોડતા રહીને પોતાનાં કર્તવ્યથી કદી ચ્યુત ન થઈએ. શ્રીભગવાનની આજ્ઞા છે—

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ ॥
(ગીતા ૨ । ૪૭)

અર્થ—તારો કર્મ કરવામાત્રમાં જ અધિકાર છે, ફળમાં કદી નહિ; અને તું કર્મોનાં ફળની વાસનાવાળો પણ ન બન તથા તારી કર્મ ન કરવામાં પણ પ્રીતિ ન થાઓ.

આથી કરવામાં સાવચેત રહેવું અને જે બની જાય, તેમાં પ્રસન્ન રહેવું અને સદા ભગવાનનું નામ જપતા રહેવું.

શ્રીભગવન્નામ–માહાત્મ્ય

સઘળાં પાપોના નાશને માટે ભગવાનનું નામ ખાસ ઔષધિ છે. ચારેય યુગ અને ચારેય વેદોમાં નામનો મહિમા છે, પણ કળિયુગમાં સવિશેષ છે; કેમ કે કળિયુગમાં એના જેવો બીજો કોઈ ઉત્તમ ઇલાજ નથી.

ચહું જુગ ચહું શ્રુતિ નામ પ્રભાઊ । કલિ બિસેષિ નહિં આન ઉપાઊ ॥
તુલસી હઠિ હઠિ કહત નિત, ચિત સુનિ હિત કરિ માનિ ।
લાભ રામ સુમિરન બડ઼ો, બડ઼ી બિસારે હાનિ ॥
બિગરી જન્મ અનેક કી સુધરૈ અબહીં આજુ ।
હોહિ રામ કો નામ જપુ તુલસી તજિ કુસમાજુ ॥

જેટલી પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવે છે, તે સઘળી પૂર્વે કરેલાં પાપોનો નાશ કરવાને માટે તથા આપણી ફરજોની બાબતમાં સચેત કરવાને માટે આવે છે. એવા સમયે એમ વિચાર કરવો કે 'આનાથી મારું અંતઃકરણ પવિત્ર થઈ રહ્યું છે.' હૃદયનો સમગ્ર ખળભળાટ દૂર કરવા અને અંતઃકરણને ભગવન્મુખી બનાવવા આતર જપ અને કીર્તન કરવા જોઈએ અને શ્રીભગવાનને વારંવાર પ્રણામ કરવા જોઈએ. શ્રીમદ્‌ભાગવતના છેલ્લા શ્લોકમાં કહ્યું છે—

નામસંકીર્તનં યસ્ય સર્વપાપપ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમનસ્તં નમામિ હરિં પરમ્ ॥

અર્થ—જેમનાં નામોનું સંકીર્તન સઘળાં પાપોને પૂરેપૂરાં નષ્ટ કરી દે છે અને જેમને કરેલા પ્રણામ સઘળાં દુઃખોને શાંત કરી દે છે, તે જ પરમેશ્વર શ્રીહરિને હું પ્રણામ કરું છું.

મનના ખળભળાટનું કારણ શું છે ?

જ્યારે મનમાં ખળભળાટ થવા માંડે ત્યારે જ એવો વિચાર કરવો કે આનું કારણ શું છે. ઊંડાણથી વિચાર કરતાં ખબર પડશે કે આપણું મનગમતું ન થવું અને અણગમતું બનવું—આ જ મનના ખળભળાટનું કારણ છે.

ભક્તિયોગની દૃષ્ટિએ શરીર, પ્રાણ, ઇન્દ્રિયો, મન, અને બુદ્ધિ તથા હું'પણું એ આપણું નથી; પરંતુ સઘળું ભગવાનનું છે. એમને પોતાના અને પોતાને ભગવાનથી અલગ માનવા, એ અવળી માન્યતાથી જ મનમાં દુઃખ અને બેચેની થાય છે. બેચેની યા ખળભળાટ થવાનું બીજું કોઈ કારણ નથી. જે કંઈ બને છે તે આપણા પરમ સુહૃદ્ પ્રભુનું કલ્યાણકારી વિધાન છે, એમ વિચારીને પ્રસન્ન થવું જોઈએ; ઊલટાંનું મનને મેલું કરવું એ તો પૂરેપૂરી અણસમજ જ ગણાય.

જ્ઞાનયોગની દૃષ્ટિએ શરીર, પ્રાણ, ઇન્દ્રિયો, મન, અને બુદ્ધિ તથા હું'પણું એ સઘળું પ્રકૃતિનું છે. હું'નો આધાર પરમાત્મતત્ત્વ છે, તે આપણું સ્વરૂપ જ છે. પ્રકૃતિ જ પ્રકૃતિના ગુણોમાં વરતી રહી છે (ગીતા અધ્યાય ૧૩ શ્લોક ૨૯), સ્વરૂપ તો પોતે પોતાનામાં જ નિત્ય સ્થિત છે જ. તેમાં ક્રિયા કરવી-કરાવવી શક્ય જ નથી. તો પછી ખળભળાટ કેવો ?

કર્મયોગની દૃષ્ટિએ શરીર, પ્રાણ, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ તથા હું'પણું—એ સઘળું આપણું નથી, સંસારનું છે અને એમને સંસારની સેવામાં જ લગાડવાના છે. આપણે પોતાને માટે એમની જરૂર નથી. એમને પોતાના તથા પોતાના માટે માનવાથી જ દુઃખ આવે અને ખળભળાટ થાય છે. એ માન્યતા—એ ભૂલ મટી ગઈ, પછી દુઃખ અને ખળભળાટ કેવી રીતે રહી શકે છે ?

જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ, પુરુષાર્થવાદ અને પ્રારબ્ધવાદ એ સઘળાનું તાત્પર્ય મનની ચિંતાને દૂર કરવામાં જ છે, કર્તવ્યકર્મને છોડાવી દેવામાં બિલકુલ નથી.

ઉપર્યુક્ત દૃષ્ટિઓથી એ બાબત સાબિત થાય છે કે શરીર વગેરેને ચાહે તો ભગવાનના, ચાહે પ્રકૃતિના અને ચાહે તો સંસારના માની લો. 'એ આપણાં નથી'—એ

નિત્ય-સિદ્ધ વાતને નહિ માનીને આપણાં માનવાં એ ભૂલ અને અણસમજ છે. એ જ દુઃખોનું અને ખળભળાટનું કારણ છે. ભૂલ મટી જતાં ખળભળાટને માટે સહેજ પણ અવકાશ રહેતો નથી. પછી તો માત્ર આનંદ જ આનંદ છે.

****

દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ

શ્રીગીતામાં કહ્યું છે—

દૈવી સંપદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા ।

દૈવી સંપત્તિ મુક્તિને માટે અને આસુરી સંપત્તિ બંધનને માટે છે. દૈવી સંપત્તિમાં 'દૈવ' શબ્દ દેવતાનો નહિ, પરમાત્માનો વાચક છે. એ પરમાત્માની જે સંપત્તિ છે, તે જ દૈવી સંપત્તિ છે. જે રીતે સંસારના ધનથી સંસારની વસ્તુઓ મળે છે, તે જ પ્રમાણે આ દૈવી સંપત્તિ પરમાત્માને પ્રાપ્ત કરાવનારી છે. ગીતા અધ્યાય ૧૬ શ્લોક ૧, ૨, ૩માં ૨૬ ગુણો દૈવી સંપત્તિના છે. તેને આપણામાં ઉતારવા. સંસારમાં બે પ્રકારના માણસો હોય છે—એક તો સદ્‌ગુણ-સદાચારને મુખ્ય ગણે છે. બીજા ભગવાનનાં ભજનને, ભગવાનને મુખ્ય ગણે છે. પહેલાવાળા કહે છે—ભગવાન સાથે સંબંધ જોડવાની, ભગવાનનાં ભજનની શી જરૂર છે, ભાવ અને આચરણ સારાં હોવા જોઈએ; કેમ કે ભાવ અને આચરણ જ શ્રેષ્ઠ છે. દુનિયામાં તેમનું જ માન છે પણ બીજા જે ભગવાનનો આશ્રય લેનારા છે, તેમનામાં ભગવાનના ગુણ તો સ્વાભાવિક જ આવી જશે. જેમનામાં ભગવાનનું ભજન કરવા છતાં પણ સારાં આચરણ અને ગુણ ઓછા આવે છે, તેમનું ખરેખરું ધ્યેય પરમાત્મા નથી. ધ્યેય સાંસારિક પદાર્થો અને ભોગ છે. ભગવાનના વિના સારાં આચરણ, સદ્‌ગુણ અને સદ્‌ભાવ આવવા મુશ્કેલ છે; કેમ કે મૂળ પરમાત્મા જ નથી તો તેઓ કોના આશ્રયે રહેશે. આથી હરઘડી ભગવાનને યાદ રાખવા. દરેક કામની શરૂઆતમાં અને તે પૂરું થાય ત્યારે ભગવાનને અવશ્ય યાદ કરી લેવા. કામ કરતાં કરતાં યાદ ન પણ રહે તો વાંધો નહિ; કેમ કે તે વખતે કામમાં તલ્લીનતા હોવાને લીધે નથી પરમાત્મા યાદ રહેતા કે નથી સંસાર યાદ આવતો. વૃત્તિ માત્ર એક કામમાં જ પરોવાયેલી રહે છે, કામ પૂરું થતાં વાર જ ભગવાનને ફરી યાદ કરી લેવા, તો પછી સઘળું કામ જ ભગવાનનું બની જશે. ભગવાનને યાદ રાખવાથી ભગવાનનો આશ્રય લેવાથી દૈવી-સંપત્તિ આપોઆપ આવી જાય છે. આપણને ખબર પણ નથી પડતી અને આવી જાય છે. ભગવાન શ્રીરામે વનવાસમાં શબરીને કહ્યું—

નવધા ભગતિ કહઉઁ તોહિ પાહીં । સાવધાન સુનુ ધરુ મન માહીં ॥

'હું તને નવધા ભક્તિ કહું છું. તું ધ્યાન દઈને સાંભળ અને તે અપનાવી લે.' પછી અંતે કહે છે—

'સકલ પ્રકાર ભગતિ દૃઢ તોરેં ॥'

હજી તો ધ્યાનથી સાંભળવા, મનમાં ધારણ કરવા કહ્યું . પછી કહે છે—'તારામાં સર્વે પ્રકારની ભક્તિ દૃઢ છે' તો પછી ધારણ કરવા શા માટે કહ્યું ? એનો જવાબ એ છે કે લગાતાર સેવવાથી દૃઢતા આવે છે. અભિપ્રાય એ છે કે શબરીનામાં નવધાભક્તિ તો દૃઢ છે પણ ભક્તિના નવ પ્રકાર છે તેની એને જાણ નથી. તે તો ભજન કરનારી છે, વ્યાખ્યાન આપનારી નથી. તેનામાં સહજ જ ભક્તિ આવી ગઈ છે. ભગવાનને યાદ કરવાથી, નામ લેવાથી સર્વે ગુણો વગર બોલાવ્યે, વગર જાણ્યે સ્વાભાવિક જ આવી જાય છે. આથી દૈવી સંપત્તિમાં સૌથી પહેલી વાત છે ભગવાનને યાદ કરવા, તેમને શરણે થવું, મસ્તીથી તેમના દરબારમાં રહેવું, કૃપા ગણીને તેમના આશ્રયમાં રહેવું, ખૂબ ઉત્સાહપૂર્વક રહેવું. જે મોકો મળી જાય તેમાં ભગવાનની અપાર કૃપા માનવી. કામ, ક્રોધ અને લોભ—એ ત્રણ આમાં બાધક છે, એનો ત્યાગ કરવો. 'આ મળે', 'તે મળે', એ ઇચ્છાનું નામ 'કામ' છે, આ હજી વધારે મળે તેનું નામ 'લોભ' છે તથા એ ઇચ્છાઓની પૂર્તિમાં વિઘ્નો આવતાં 'ક્રોધ' ઉપજે છે. એ ત્રણેનો ત્યાગ કરવો. આસુરી સંપત્તિનો ત્યાગ કરવો—દૈવી સંપત્તિ આણવાને માટે.

સાર વાત છે—ભગવાનને યાદ રાખવા. ગીતાના સાતમા અધ્યાયના પંદરમા તથા નવમા અધ્યાયના અગિયારમા અને બારમા શ્લોકોમાં ભગવાને કહ્યું છે કે 'આસુરી અને રાક્ષસી પ્રકૃતિ ધારણ કરનારા મૂઢો મારું ભજન નથી કરતા; પણ મારો તિરસ્કાર કરે છે' તથા નવમા અધ્યાયના તેરમા અને ચૌદમા શ્લોકોમાં કહ્યું છે કે 'દૈવી પ્રકૃતિવાળા મહાત્માઓ મને સર્વે ભૂતોનો આદિ અને અવિનાશી માનીને અજોડ પ્રેમથી સર્વે પ્રકારે નિરંતર મારું ભજન કરે છે.' આમ દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ—એ બંનેના વિભાગ કરવાને માટે જ ગીતાના સોળમા અધ્યાયનું પ્રકરણ ચાલ્યું છે. ભગવાનનો આશ્રય લેવાથી સર્વે ગુણો આપોઆપ જ આવી જાય છે.

જિમિ સદગુન સજ્જન પહિં આવા ॥

ભગવાનનાં ભજનથી મોટામાં મોટા ગુણ આપોઆપ આવી જાય છે. દરેક કામને ભગવદાશ્રિત થઈને આનંદથી કરવું. ભગવાનનું વિધાન માનીને મસ્ત રહેવું. એ જ ભજન છે. પ્રભુનો આશ્રય લઈને મસ્ત રહો. એ પછી બધા દૈવી ગુણો આપમેળે જ આવી જશે.

****

દૃઢ ભાવથી લાભ

એક કહેવત છે કે 'જે ગામે જવું નથી, એનો રસ્તો જ પૂછવાની જરૂર શું ?' જો મનમાં એવો દૃઢ ભાવ થઈ જાય, કે આપણે જીવનમાં આવું કામ કરવું જ નથી તો એ કામ થઈ જ કેમ શકે ? જેમ કે કોઈ નિશ્ચય કરે કે ચલચિત્ર જોવું જ નથી, તો ચલચિત્ર નહિ જ જોવાય. બીડી કે સિગારેટ નથી પીવી તો નથી જ પીવાની. ચા આજથી નથી પીવી તો નહિ જ પીવાય. નિશ્ચય કર્યો કે કામ પૂરું થયું જ સમજો. હવે કદી જૂઠું નથી બોલવું એમ ભાવ થાય તો જૂઠું બોલાય કે ? મોમાંથી જૂઠું બોલાશે જ નહિ. એ જ રીતે સદ્‌ગુણ-સદાચારના સ્વીકાર માટે અને દુર્ગુણ-દુરાચારના ત્યાગ માટે મનમાં દૃઢ ભાવ થઈ જાય તો એ ભાવ, એ વિચાર જલદી મજબૂત બને છે અને અનાયાસે જ આચરણમાં પણ મૂકાય છે.

તે સાધ્ય કરવા માટે એક ખૂબ ઉપયોગી વાત એ છે કે આપણે પોતાના મનમાં દૃઢ નિશ્ચયી થવું જોઈએ. એટલે કે કોઈ પણ બાબતમાં કે કાર્યમાં એક વાર જે નિર્ણય લેવાય બસ, તે જ કરવું. એવું કરવાથી વૈચારિક પરિપક્વતા પ્રાપ્ત થાય છે, સંકલ્પ દૃઢ થઈ જાય છે. આવી રીતે વાણીથી કહી દઈએ તો પછી તેવું જ કરવાની કોશિશ કરવી. ઘણી વધારે દૃઢતાથી કહીએ તો તેના પાલનની મરણ સુધી કોશિશ કરવી. ભલે મૃત્યુ આવે, પણ કરવું હોય તો એમ જ (સંકલ્પ મુજબ જ). નાની નાની બાબતોમાં એ રીતે દૃઢ પ્રતિજ્ઞાની ટેવ પાડો; તો પરિણામમાં સમગ્ર સ્વભાવ સુધરી જાય છે. એકવાર સ્વભાવ સુધરે તો પછી મોટામાં મોટી બાબતો વિષે પણ જે શુભ-સંકલ્પ થાય તો તે સફળ બની શકે છે. આ પ્રકારની અંતરમાં ભાવની, ભાવનાની, લાગણીનું નિર્માણ તથા એ ભાવની સંકલ્પની સ્થિરતાનું સાધન ખૂબ સુગમ થાય છે અને એ સર્વશ્રેષ્ઠ સાધન છે.

જ્યારે સૈન્યમાં-લશ્કરમાં ભરતી કરવાની હોય ત્યારે સૈનિક થવા ઇચ્છનાર પોતાનું નામ લખાવી આવે છે અને મનમાં સમજે છે કે 'હું તો સૈનિક બની ગયો.' આ પ્રકારનો ભાવ થવાથી તેના મનમાં જિજ્ઞાસા જાગે છે કે એક સૈનિક તરીકે મારી શી ફરજ છે ? એની એવી જિજ્ઞાસા પછી એને સૈનિક તરીકેની એવી પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવે છે અને એ તાલીમ-સંસ્કાર એનામાં ઉતરે છે. એવું જ સાધન કરવાને માટે વિરક્ત જીવ સાધુ બને છે. એના મનમાં વિચાર શરૂ થાય છે કે 'હું સાધુ બન્યો છું' તો હવે સાધુ તરીકે મારી ફરજો શી ? પોતાની મેળે આવા વિચારો એના મનમાં શરૂ થાય છે, એવી જિજ્ઞાસા થાય છે. ત્યાર બાદ એને જ્યારે એમ સમજાવવામાં આવે છે કે સાધુનું કર્તવ્ય આ પ્રમાણે હોય છે. એનું આચરણ આવી રીતનું હોય છે, એનું બેસવું, ઉઠવું, બોલવું આવી રીતનું હોવું જોઈએ, આ પ્રકારનો વ્યવહાર હોવો જોઈએ તો એ સાધુ-જીવનને સ્પર્શતી બાબતોને ગ્રહણ કરે છે, કારણ કે એ મનમાં સમજે છે કે 'હું સાધુ છું.' તે માટે હવે સાધુ-જીવનના નિયમ મુજબ જ વર્તવું જોઈએ. એવી જ રીતે આપણે દરેક સાધક છીએ, ભજન-ધ્યાન કરનાર સાધક છું એમ પોતાની જાતને માનવું. હવે જ્યારે જ્યારે સંતોના પ્રવચનોમાં કે સદ્‌ગ્રંથોમાં આ બાબતને સ્પર્શતો ઉપદેશ આવે કે 'સાધકે આમ કરવું યોગ્ય ગણાય, સાધકના મનમાં ચંચળતા ન હોવી જોઈએ, સાધકે નકામો સમય ન ગુમાવવો જોઈએ, અખંડ ભગવત્-ભજન, ધ્યાન વગેરે કરવું જોઈએ, કુસંગનો ત્યાગ કરવો જોઈએ અને સત્સંગ, સ્વાધ્યાયમાં સક્રિય રહેવું જોઈએ વગેરે'—સાધકો માટે જે કર્તવ્યનો નિર્દેશ કરવામાં આવેલો હોય છે, એ કર્તવ્યનો અમલ પોતાના શક્ય એવા પ્રયત્નથી સાધક શરૂ કરશે, કારણ કે એ પોતાની જાતને 'સાધક છું' એમ શ્રદ્ધાપૂર્વક માનતો હોય છે. પરિણામ સ્વરૂપ સાધક માટે જે બાબત જરૂરી જણાય તે તે બધી તેના આચરણમાં ઉતરશે, સ્થિર બનશે; પણ જે મનુષ્ય પોતાની જાતને સાધક નથી માનતો (અથવા સાધક બનવા ઇચ્છતો નથી) તે માણસ સત્સંગમાં કે કોઈ પ્રવચનમાં, કે કોઈ ગ્રંથમાંથી આ બધું જાણે કે સાંભળે તોપણ તેના દિલમાં તે ઉતરશે નહિ અને તેથી એ બાબતો સાથે એનો કોઈ ગાઢ સંબંધ થશે જ નહિ.

ઘણા ભાઈ-બહેનો સાધન કરતા હોય છે. જપ-પાઠ વગેરે નિત્ય-નિયમ કરે છે અને મનમાં એવું માનતા હોય છે કે આ માત્ર કલાક દોઢ કલાકનું જ કામ છે. આ સિવાય આખા દિવસ દરમ્યાન આપણે સૌ ગૃહસ્થ છીએ, આપણે અમુક અમુક કામ કરવાના છે, આપણે અમુક કુટુંબના, અમુક જાતિના, અમુક વર્ણાશ્રમના છીએ. કલાક-દોઢ કલાક ભગવાનનું ભજન કરી લેવાનું છે, ગીતા-પાઠ કરી લેવાનો છે, કીર્તન કરી લેવાનું છે. સત્સંગ દરરોજ મળે તો તેમ. વર્ષના બારેમાસ મળે તો તેમ. પણ આ રીતે સત્સંગ થઈ જાય એટલે હવે ચાલો એક તો પૂરું થયું એવી લાગણી ઉભી થાય છે. પરિણામે ઇચ્છિત સુધારો થતો નથી, કારણ કે સત્સંગની એવી આવશ્યકતા સમજાઈ નથી. પોતાના જીવનના સમગ્ર પરિવર્તન માટે સત્સંગને સ્વીકારાત્મક દૃષ્ટિથી સ્વીકારીને તે પ્રમાણે વર્તવામાં અને કુતૂહલવૃત્તિથી માત્ર સત્સંગ કરવા પૂરતું જ સત્સંગ કરવો આ બે બાબતોમાં ઘણો ફેર છે. આપણે સત્સંગ કુતૂહલ-નિવૃત્તિ અથવા મનને બહેલાવવા સાંભળીએ છીએ. પરિણામે સત્સંગ હૃદયમાં દૃઢ થતો નથી. તેથી સત્સંગ પ્રત્યેની દૃષ્ટિ બદલવી જોઈએ. સત્સંગને—સાધનને અત્યંત ગ્રાહ્ય સ્વીકારાત્મક બાબત તરીકે ગણવી જોઈએ અને એવી ભાવના કેળવવી જોઈએ કે આપણે તો નિરંતર ભગવત્-ભજન-સ્મરણ જ કરવું ઘટે. જે કંઈ કાર્ય કરવું પડે તે પણ માત્ર ભગવાનનું જ છે અને માત્ર ભગવાનને માટે જ છે એમ માની ભગવાનને સમર્પણ કરવું ઘટે. આવી રીતે સર્વ કાર્યો ભગવાનને સમર્પણ ભાવથી કરીએ તો જરૂર મોટો લાભ થશે. દૃઢ ભાવથી આ મહાન લાભ થવાનો છે—થાય છે.

****

ભગવત્પ્રાપ્તિથી જ માનવ-જીવનની સાર્થકતા

માનવ-શરીર પરમાત્માની પ્રાપ્તિને માટે જ મળ્યું છે. પરમાત્માની પ્રાપ્તિને જ જીવન્મુક્તિ, તત્ત્વજ્ઞાન, મોક્ષપ્રાપ્તિ, પ્રેમપ્રાપ્તિ, પૂર્ણતાપ્રાપ્તિ અને કૃતકૃત્યતા વગેરે નામોથી ઓળખાય છે. સ્થૂળરૂપથી મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણીઓમાં કાંઈ પણ ભેદ નથી. સૌનાંય શરીર પંચમહાભૂતોથી બનેલાં છે પણ એ બધાંમાં શરીર ધારણ કરનાર જીવ—દરેક જીવ ભગવાનનો જ અંશ છે, ચૈતન્યમય છે—**'મમૈવાંશો જીવલોકે'**. (ગીતા ૧૫ । ૭) હવે યોનિઓ બે પ્રકારની હોય છે ૧. ભોગયોનિ, ૨. કર્મયોનિ. માનવ-યોનિ કર્મયોનિ (સાધનયોનિ) છે. આ માનવ-યોનિને ગોસ્વામીજી શ્રીતુલસીદાસજીએ **'સ્વર્ગ નરક અપબર્ગ નિસેની'** તરીકે બતાવી છે. માનવ-યોનિની મહત્તા એ છે કે આ યોનિમાં જે કર્મો કર્યાં હોય તે અનુસાર મુક્તિ અથવા દેવયોનિ, સ્થાવરયોનિ, પશુ-પક્ષી, જીવ-જંતુઓની યોનિ મળે છે. મનુષ્ય-યોનિમાં કરેલાં કર્મોના અનુસાર જ ભોગોનું વિધાન હોય છે. માનવ-યોનિમાં કર્મ કરવાની પૂર્ણ સ્વતંત્રતા રહેલી છે. બીજી યોનિઓમાં જીવ પોતાના પૂર્વ જન્મમાં કરેલાં શુભ-અશુભ કર્મો અનુસાર જ મળેલાં સુખ-દુઃખ વગેરે ભોગવતા રહીને સંસાર ચક્રમાં ફર્યા કરે છે—

આકર ચારિ લચ્છ ચૌરાસી । જોનિ ભ્રમત યહ જિવ અબિનાસી ॥

મનુષ્યેતર યોનિઓમાં કર્મ કરવાની સ્વતંત્રતા નહિ હોવાથી જીવના મોક્ષ માટે અવરોધરૂપ છે. પણ જીવમાત્ર પર અકારણ કૃપા કરવાનો જેમનો સ્વભાવ છે તેવા ભગવાન સર્વેશ્વર જીવ દુઃખોની પરંપરામાંથી સદા માટે મુક્તિ મેળવે તે માટે પ્રયત્નનો અવસર આપવા માટે કોઈ વખત કૃપા કરીને મનુષ્ય-યોનિ આપે છે—

કબહુઁક કરિ કરુના નર દેહી । દેત ઈસ બિનુ હેતુ સનેહી ॥

કેટલાક લોકોનું કહેવું છે કે મનુષ્યે પોતાના જીવનનું એક ધ્યેય નક્કી કરવું જોઈએ. ધ્યેય નક્કી કરવાથી તે અનુસાર ચેષ્ટા—ક્રિયા થાય છે. તેમનું આ કથન યોગ્ય જ છે, પરંતુ વિચાર કરવાથી જણાય છે કે શ્રીભગવાને પહેલેથી જ માનવ-જીવનનું ધ્યેય નિશ્ચિત કરી દીધું હોય છે. શ્રીભગવાન પ્રથમથી જ જીવ માટે ધ્યેય નિશ્ચિત કરે છે અને પછી તે ધ્યેયની સિદ્ધિ માટે જીવને માનવ-શરીર પ્રદાન કરે છે. તેથી મનુષ્યે કોઈ નવું ધ્યેય બનાવવાની આવશ્યકતા નથી. જરૂરિયાત માત્ર એક જ વાતની છે અને તે એ જ કે (ભગવાન નિર્ણિત) ધ્યેય સફળ કરવા માટેની જાણકારીની અને શ્રીભગવાને એ મેળવવા માટે જ માનવ-દેહ આપ્યો છે. 'આ જીવ પોતાનું કલ્યાણ-સાધન કરે' એમ વિચાર કરીને શ્રીભગવાને જીવને મનુષ્ય-યોનિમાં મોકલ્યો છે અને તેની મુક્તિ અથવા ઉદ્ધાર માટેનાં તમામ સાધનો આ યોનિમાં મુકી આપ્યાં છે—એવાં સાધન જે અત્યંત સુલભ, સરળ અને સર્વથા મહત્ત્વપૂર્ણ છે. તેથી જ શ્રીગોસ્વામીજી મહારાજે માનવ-યોનિને 'સાધન-ધામ', 'મોક્ષનું દ્વાર' તથા 'ભવસાગરનો બેડો' કહ્યું છે—

સાધન ધામ મોચ્છ કર દ્વારા ।.....॥
નર તનુ ભવ બારિધિ કહુઁ બેરો । સન્મુખ મરુત અનુગ્રહ મેરો ॥

હવે અહીંયાં એક પ્રશ્ન ઉઠે છે કે 'જ્યારે મનુષ્ય એક નિશ્ચિત ધ્યેય લઈને જ જન્મે છે તો પછી તે ધ્યેયને છોડીને અન્ય દિશાઓમાં કેમ ભટકતો ફરે છે ? જ્યારે મનુષ્ય પરમાત્મપ્રાપ્તિનું પુનિત ધ્યેય લઈને આવે છે, ત્યારે એ જ ધ્યેયની પ્રાપ્તિનાં સાધનોમાં કેમ રસ નથી લેતો ? મનુષ્ય તેના ધ્યેયની વિરુદ્ધનાં કર્મો કેમ કરે છે ?' આ પ્રશ્નનો એકમાત્ર જવાબ એ છે કે મનુષ્ય પોતાના ધ્યેયને—પોતાના પૂર્વનિશ્ચિત લક્ષ્યને ભૂલી જાય છે, તેને તેની વિસ્મૃતિ થઈ જાય છે. આ વિષયને સમજવા માટે અર્જુનનું ઉદાહરણ સામે રાખવું પડશે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પૂછ્યું 'અર્જુન ! શું તેં મારો ઉપદેશ એકાગ્રતાથી સાંભળ્યો ? શું તારો અજ્ઞાન-જનિત મોહ નાશ પામ્યો ?' ત્યારે અર્જુને શ્રીભગવાન તરફ ફરીને આનંદવિભોર થઈ આ રીતે જવાબ આપ્યો—ભગવન્ ! મારો મોહ નષ્ટ થઈ ગયો છે. મને મારી સ્મૃતિ પ્રાપ્ત થઈ ગઈ. આ બધું આપની કૃપાથી જ થયું છે. હવે હું મારી પૂર્વ-સ્થિતિમાં—અસલ સ્થિતિમાં આવી ગયો છું. આપનું કહેલું જ હું કરીશ. અહીંયાં 'સ્મૃતિ'નો અર્થ 'અનુભવ' અથવા 'નવું જ્ઞાન' એવો નથી. અગાઉ કોઈ અનુભૂતિ થઈ હતી, કોઈ જ્ઞાન થયું હતું; પરંતુ મોહના આવરણના કારણે એ ઢંકાઈ ગયું, તેથી વિસ્મૃતિ થઈ હતી. શ્રીભગવાનના જ્ઞાનોપદેશથી મોહનું તે આવરણ નષ્ટ થઈ ગયું અને પૂર્વ-ચેતના ફરીથી પ્રકાશિત થઈ ઉઠી. ભુલાયેલી વાત યાદ આવી ગઈ. વૈશેષિકોએ પણ 'સ્મૃતિ'નું લક્ષણ એવું જ દર્શાવ્યું છે કે—

સંસ્કારમાત્રજન્યં જ્ઞાનં સ્મૃતિઃ । (તર્કસંગ્રહ)

આવી રીતે 'યોગદર્શન'ના રચયિતા મહર્ષિ પતંજલિએ પણ **'અનુભૂતવિષયાસમ્પ્રમોષઃ સ્મૃતિઃ'**[૧] લખીને પૂર્વે અનુભવેલા વિષયની સાથે જ સ્મૃતિનું તાદાત્મ્ય બતાવ્યું છે. અર્જુનનું કહેવું **'સ્મૃતિર્લબ્ધા'** (ગીતા ૧૮ । ૭૩)—આ વચન પણ આ જ અભિપ્રાયનું પોષક છે. આ ઉપરથી જણાય છે કે અર્જુન નિશ્ચિતરૂપથી લક્ષ્યને ભૂલી ગયો હતો. એ લક્ષ્યની વિસ્મૃતિનું મુખ્ય કારણ હતું **'મોહ'**. તેથી જ શ્રીભગવાને સ્પષ્ટ પૂછ્યું **'કચ્ચિદજ્ઞાનસમ્મોહઃ પ્રનષ્ટસ્તે ધનંજય ।'** (ગીતા ૧૮ । ૭૨). હે અર્જુન, તારો અજ્ઞાનજન્ય 'મોહ' બિલકુલ નષ્ટ થયો છે એમ માનું ને ? 'મોહ'

---

૧. આ સૂત્રનો અર્થ આ પ્રકારે છે—અનુભવ કરેલા વિષયનું ન છુપાવું અર્થાત્ પ્રકટ થઈ જવું 'સ્મૃતિ' છે.

શબ્દનો પ્રયોગ તો ઉપર્યુક્ત ભાવની ઘણી જ સ્પષ્ટતા કરે છે. વ્યાકરણની દૃષ્ટિથી 'મોહ' શબ્દ **'મુહ વૈચિત્યે'** ધાતુથી બન્યો છે. **'વૈચિત્યે'** પદ પર ધ્યાન દેવાથી જણાય છે કે 'વિચેતનતા—વિગતચેતનતા'નું નામ જ 'વૈચિત્ત્ય' છે, તેથી એ સિદ્ધ થાય છે કે પહેલાં અર્જુનમાં સંયમ જાગ્રતિ હતી પણ પાછળથી મોહગ્રસ્ત થઈ ગયો. મોહ છૂટવો એટલે પૂર્વ-ચેતનાની પ્રાપ્તિ. જ્યાં સુધી અર્જુનની બુદ્ધિ મોહના કીચડમાં હતી, ત્યાં સુધી ભગવાનની આજ્ઞાનું પાલન કરવાનું ભાન એને ન હતું. ગીતાના બીજા અધ્યાયના આવનમા શ્લોકમાં ભગવાને **'યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ'** કહીને અર્જુનને આ વિષયમાં સંકેત કર્યો છે. મોહની જ્યારે સંપૂર્ણ નિવૃત્તિ થાય છે, ત્યારે જ સંપૂર્ણ ચેતનાની પ્રાપ્તિ થાય છે. અર્જુનને એવી સ્થિતિ પ્રાપ્ત થઈ, ત્યારે કહે છે—

સ્થિતોઽસ્મિ ગતસંદેહઃ કરિષ્યે વચનં તવ ॥

(ગીતા ૧૮ । ૭૩)

'મારા મનનો સંદેહ-મોહ નષ્ટ થઈ ગયો છે એવી સ્થિતિનો અનુભવ હવે હું કરી રહ્યો છું, ભગવન્'.

ઉપર્યુક્ત વિવેચનથી જણાય છે કે જીવનનું લક્ષ્ય, ઉદ્દેશ્ય અથવા ધ્યેય તો પહેલેથી જ સર્જાયેલ હોય છે, તે બનાવવું પડતું નથી. માત્ર એને ઓળખી લેવાની જરૂર છે. ઓળખવાથી તેની પ્રાપ્તિનું સાધન સરળ થઈ જાય છે. જ્યાં સુધી જ્ઞાન નથી થતું, ત્યાં સુધી જ મુશ્કેલી રહે છે. મોહની એટલી બધી પ્રબળતા છે કે માનવ-જીવન પ્રાપ્ત કર્યા બાદ પણ સચેત રહીને મુક્તિને માટે પુરુષાર્થ કરનારાઓને પણ કદીક અસાવધાન જોઈ મોહ એમના પર સવાર થઈ જાય છે. ઉદાહરણ તરીકે મહાભારતમાં આપણે જોઈએ છીએ કે યુદ્ધની સાંગોપાંગ તૈયારી કરવામાં અર્જુનનો પૂરેપૂરો હિસ્સો હતો. કુરુક્ષેત્રની ધર્મભૂમિ પર કૌરવ અને પાંડવોની સેનાઓ વ્યૂહાકાર ઊભી રહીને શંખનાદના તુમુલ અવાજથી યુદ્ધના પ્રારંભના સંકેતો દેવાય છે, ત્યારે અર્જુન પણ પોતાના દેવદત્ત શંખનો નાદ કરે છે. હવે શસ્ત્રોના પ્રહાર શરૂ થવાની તૈયારી જ છે. અર્જુન પૂર્ણ સચેત છે અને સ્વધર્મપરાયણ મહાન ક્ષત્રિયને શોભે એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાનને આદેશ આપે છે—**'સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત।'** (ગીતા ૧। ૨૧) 'ભગવન્! મારો રથ બંને સેનાઓની વચ્ચે લઈ જઈને ઊભો કરો. મારે જોવું છે કે આ યુદ્ધમાં મારે કોની-કોની સાથે લડવાનું છે?' આવી જોશીલી વીરોચિત અર્જુનની વાણી સાંભળીને શ્રીભગવાને પણ અર્જુનનો રથ બરાબર બંને સેનાઓની વચ્ચે લાવીને ઊભો કરી દીધો અને અર્જુનને કુરુવંશીઓની તરફ જોવાની આજ્ઞા કરી. જેવી અર્જુને નજર બંને સેનાઓ તરફ નાખી, તેમાં જોયું કે પોતાના કુટુંબીઓ, સ્નેહીઓ, ગુરુજનો, સ્વજનો યુદ્ધ માટે સજ્જ થઈ રહ્યા છે. તે જોઈને તેના મનમાં વિષાદ છવાઈ જાય છે. યુદ્ધનું પરિણામ યુદ્ધથી પણ ભયંકર અને દારુણ પ્રતીત થાય છે. આ ભયંકર કુલક્ષયના કારણે સુખ તો નથી જ મળવાનું પણ સર્વનાશનો પ્રારંભ છે એવું અર્જુનને લાગ્યું. એટલે હવે પોતાના જીવનનો કોઈ અર્થ નથી એમ એ માનવા લાગ્યો અને આવા ભયંકર કુટુંબ-સંહાર કરતાં પોતાને માટે મૃત્યુ બહેતર છે એવું પ્રતીત થવા લાગ્યું. તેને કર્તવ્યમાં અકર્તવ્ય, શ્રેયમાં અશ્રેય તથા અર્થમાં અનર્થનું દર્શન થાય છે. હવે એને મમતા અને આસક્તિના કારણે યુદ્ધથી વિમુખ થવું શ્રેષ્ઠતમ ધર્મ છે એમ લાગ્યું. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના આ દુર્ધર્ષ મોહની 'ક્લૈબ્ય', 'કશ્મલ' વગેરે શબ્દોથી તથા **'અનાર્યજુષ્ટમ્' 'અસ્વર્ગ્યમ્', 'અકીર્તિકરમ્'** વગેરે પદોથી તેનાં ભયંકર પરિણામો જણાવીને કઠોર ટીકા કરી. આ મોહ એટલો નપુંસકતા છે, પાપ છે, વગેરે શબ્દોથી પ્રારંભ કરીને એ આર્યવીરોને અણછાજતું છે, સ્વર્ગહાનિ કરાવનાર અને બેઆબરૂ કરનાર છે ઇત્યાદિ શબ્દો વડે તેની નિંદા કરી, પણ અર્જુન એવો મોહગ્રસ્ત થયો હતો કે એને તો પોતાની લાગણીઓ જ શ્રેષ્ઠ લાગી અને ફરીથી કાંઈક બોલીને પોતાનું જ પિષ્ટપેષણ કર્યું. અનેક જાતનાં પ્રમાણો રજુ કરી પોતાની વાત પર ભાર દઈને કહે છે—પૂજા કરવા લાયક એવા ભીષ્મ પિતામહ અને ગુરુ દ્રોણ મારા બાણના લક્ષ્ય કેવી રીતે થઈ શકશે? એમને મારીને ગુરુજનોની હિંસારૂપ અધમમાં અધમ પાપ કરીને એમના રક્તમાં તરબોળ થયેલ ઐહિક અર્થ કરમના ભોગ જ પ્રાપ્ત કરવાના છે ને? ધર્મ અને મુક્તિ તો મળવાની નથી ને? તેથી મારા વિચારથી આ યુદ્ધમાં કોઈ ઔચિત્ય દેખાતું નથી. આવી રીતે મોહે અર્જુન પર એવી પકડ જમાવી કે તે કર્તવ્ય-વિમુખ થઈ ગયો. છેવટે શ્રીકૃષ્ણ ભગવાને ગીતાના તત્ત્વજ્ઞાનનો મહાન ઉપદેશ આપીને અર્જુનના મોહને નષ્ટ કર્યો. તેથી ગીતા એ માત્ર અર્જુન માટે જ નહિ, પણ અર્જુન સમાન મોહ-ગ્રસ્ત માનવો માટે મોહ-નિવારણનું પ્રભાવશાળી અમોઘ સાધન છે.

જ્યાં સુધી માનવ પોતાના માટે કોઈ સુનિશ્ચિત ધ્યેયની પૂર્તિ કરવા માટે પુરુષાર્થ કરવા આગળ નહિ આવે ત્યાં સુધી તે બીજી સામાન્ય જીવયોનિઓથી વિશિષ્ટ કક્ષામાં નહિ પહોંચે. તેથી દરેક મનુષ્યે પોતાના કલ્યાણ કે ઉદ્ધારની દૃષ્ટિથી પોતાની વિસરાયેલી ચેતનાની પુનઃપ્રાપ્તિને માટે અવિરત પ્રયત્નશીલ થવામાં જ માનવ-જન્મની સાર્થકતા છે. જે કાર્ય માટે આ દુર્લભ મનુષ્ય-શરીર પ્રાપ્ત થયું છે, એને સાધન બનાવવાનું ભૂલી જઈને આજે માનવ શરીર, ઇન્દ્રિયો અને પ્રાણને પ્રાધાન્ય આપવાને કારણે કુટુંબ તેમજ ભોગ-સામગ્રીઓમાં આસક્ત થઈને ધ્યેયને, લક્ષ્યને ભૂલી ગયો છે. સામાન્યતઃ સમાજની ઘણું કરીને આવી જ સ્થિતિ જોવામાં આવે છે. ખરેખર ધ્યાનથી જોતા જણાશે કે મનુષ્ય આજે જેટલો વિરુદ્ધ દિશામાં ક્રિયાશીલ બન્યો છે, એટલો જો તે વિવેકી બનીને ધ્યેય-પોષક ક્રિયામાં પુરુષાર્થ કરે તો તેની મુક્તિનો અથવા ઉદ્ધારનો માર્ગ મોકળો બની શકશે. પરંતુ થઈ શું રહ્યું છે? માનવ બધો પુરુષાર્થ એક જ ધ્યેયથી પ્રેરિત થઈને કરતો હોય છે અને તે છે—સ્વર્ગ-પ્રાપ્તિ, ધનની કમાણી, ભોગવિલાસ, માન-પ્રતિષ્ઠા, કીર્તિ વગેરે માટે—અનેક

પ્રકારની તજવીજ કરવામાં જ એ મશગુલ રહે છે અને આ બાબતોને જ એ જીવનનું મૂલ્ય સમજે છે અને આ રીતે પોતાની જાતને જન્મ-મરણના ચક્કરમાં ધકેલવાનું કામ કરતો રહે છે. શ્રીભગવાને ગીતામાં કહ્યું છે—

ઉદ્ધરેદાત્મનાઽઽત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥

(૬ । ૫)

અર્થાત્ મનુષ્ય સ્વયં જ પોતાનો ઉદ્ધાર કરે, પોતે-પોતાની જાતને અધઃપતનની ખીણમાં ન ધકેલે. માનવ પોતે જ પોતાનો મિત્ર તથા પોતે જ પોતાનો શત્રુ બને છે.

આજનો માનવ આત્માના ઉદ્ધારનો યત્ન કર્યા વિના પોતે જ પોતાનો શત્રુ બની રહ્યો છે. કેટલી હદ સુધી આ બનતું રહ્યું છે ? આજે જેમને ભૌતિક સન્માન મળતાં રહ્યાં છે, તેવા તેનાથી પણ વધારે સન્માન મેળવવાનાં સ્વપ્ન જોતા હોય છે. ધનિક લોકો વધુ ધનના લોભમાં પડ્યા છે. સાહિત્યકારો મરણોત્તર કીર્તિની અભિલાષામાં ડુબેલા છે. મોટા મોટા શિલ્પકારો પોતાની ભૌતિક કીર્તિ ચિરસ્થાયી બનાવવાના સ્વપ્ન જુએ છે અને ધર્મ-ઉપદેશકો પોતાની પ્રસિદ્ધિનું વાતાવરણ બનાવવામાં ગુંથાયેલા છે— વગેરે વગેરે. આ રીતે માનવના બધા પ્રયત્નો ધ્યેયની પ્રાપ્તિ છોડીને તેનાથી વિરુદ્ધ દિશા તરફ જવા માટે થઈ રહ્યા છે. પરિણામ એ આવ્યું છે કે આ વિરુદ્ધ દિશામાં જવાની આકાંક્ષા જેટલી ઊંચી થાય છે, તેટલો માનવ સાચા ધ્યેયથી દૂર થતો જાય છે. કારણ કે એ બધી વાતો માનવના વ્યક્તિગત અહંકારનું પોષણ કરનારી જ હોય છે. ખરું તો એમ થવું જોઈએ કે મનુષ્યે પોતાનું વ્યક્તિત્વ દૂર કરીને આત્મસ્વરુપને સ્થાપિત કરવું જોઈએ. માનવનો તમામ પુરુષાર્થ ચિન્મયતાની પ્રાપ્તિ માટે જ થવો ઘટે.

જેમ કે કોઈ મનુષ્ય તીર્થ-સ્નાન માટે જાય છે, તીર્થ-સ્નાનનો ઉદ્દેશ હોય પણ તે જગ્યાએ જઈને મેળાના સ્થાનથી દૂર કોઈ ધર્મશાળામાં રહે છે. ધર્મશાળાના સ્થાનમાં ઘર જેવી વ્યવસ્થા ઊભી કરે છે. રસોઈની વ્યવસ્થા, બધી સામગ્રી મેળવવાની તજવીજમાં એટલો બધો રસ લે છે કે તીર્થસ્નાન, દેવદર્શન, મેળો, સત્સંગ વગેરે બધી જરૂરી બાબતોનું વિસ્મરણ થાય છે. આવી તીર્થયાત્રા તો યાત્રાનું વિડમ્બન છે એમ અમે માનીએ છીએ. આવો મનુષ્ય તો ઉપહાસાસ્પદ જ હોય. એવી જ રીતે ખરેખર મનુષ્ય આ સંસારયાત્રામાં આવે તો છે ભગવત્પ્રાપ્તિને માટે, પણ લાગી ગયો છે સંપત્તિના સંગ્રહમાં અને ભોગવિલાસની ખટપટમાં—

આયે થે હરિ ભજનકો, ઓટન લગે કપાસ ।

ભોગોની પ્રાપ્તિ એ આપણું લક્ષ્ય નથી, પણ પ્રયત્ન તેના માટે જ થાય છે. માનવ-જીવનનું મુખ્ય લક્ષ્ય ભગવત્પ્રાપ્તિ જ છે, પરંતુ તેના માટે કોઈ પ્રયત્ન થતો નથી. શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ધન, વૈભવ, ભોગ, વગેરે પદાર્થ સાધનમાત્ર છે; પણ આ સાધનને જ સાધ્ય-ધ્યેય બનાવ્યું છે અને જે વાસ્તવિક સાધ્ય છે, તેની આપણે પૂરેપૂરી ઉપેક્ષા કરીએ છીએ.

શ્રીભગવાને જીવના કલ્યાણને માટે ચાર પુરુષાર્થ નિશ્ચિત કર્યા છે—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેય પુરુષાર્થોનું વિસ્તૃત ક્ષેત્ર છે—ચાર વર્ણ તથા ચાર આશ્રમ અને એના દ્વારા જ આ પુરુષાર્થોનું અનુષ્ઠાન શક્ય બને છે. ચાર પુરુષાર્થ જ ચાર ઇચ્છાઓ છે અને એની પ્રાપ્તિના માર્ગ બે છેઃ કામ અને અર્થ (ધન)ની પ્રાપ્તિમાં પ્રારબ્ધ મુખ્ય છે; તથા ધર્મ અને મોક્ષની પ્રાપ્તિમાં પુરુષાર્થની પ્રધાનતા છે. જો અર્થની દિશા માત્ર કામ પ્રાપ્તિ માટે થાય, કામની સફળતા માટે જ અર્થનો ઉપયોગ થાય તો અર્થનો નાશ નક્કી છે. ધર્મને કામ સાથે જોડીએ તો ધર્મનો નાશ થાય છે. એનાથી ઊલટું જો અર્થને-ધનને ધર્મ સાથે સાંકળીએ તો અર્થ—ધન પણ ધર્મમાં બદલાય પણ ધર્મને અર્થ સાથે—ધન સાથે સાંકળીએ તો ધર્મને પણ અર્થનું રૂપ જ પ્રાપ્ત થાય છે. આવી રીતે ધર્મ અને અર્થ એકબીજાના પૂરક તથા ઉત્પાદક બને છે. પણ આ બંનેનો જો ક્રોધ સાથે સંયોગ થાય તો બન્નેનો વિનાશ નક્કી છે. કામના વિનાનો ધર્મ અને અર્થ વિનાનો પુરુષાર્થ હોય તો આ બંનેના અનુષ્ઠાન દ્વારા 'યોગ' સમ્પન્ન થાય છે. નિષ્કામભાવથી કરેલ 'કામ'નું અનુષ્ઠાન પણ (વિષયસેવન પણ) મોક્ષનો માર્ગ ખુલ્લો કરે છે. તેથી માનવની ફરજ છે કે જો નિષ્કામભાવથી અનાસક્ત થઈને ધર્મપૂર્વક વિવેક દ્વારા કામ અને અર્થ માટે પુરુષાર્થ કરે જેથી અર્થનો સદુપયોગ થાય અને અનાસક્તભાવથી ધર્મને અનુકૂળ ભાવથી કામ-વિષયોપભોગની પ્રવૃતિ થઈ શકે, એમ જો જીવનમાં પ્રગતિ થાય તો એ સાચી માનવતાની દિશામાં પ્રગતિ કહેવાય.

આ રીતે ચારે વર્ણો ગીતામાં ઉપદેશેલ વર્ણ-ધર્મનું પાલન કરીને સાચી મુક્તિ અથવા સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. જે કોઈ આત્મ-કલ્યાણનું સાધન કરવા ઇચ્છે છે તે આ દ્વંદ્વાત્મક જગતના ઝંઝાવાતોથી પ્રભાવિત થયા વિના નિશ્ચિત કર્તવ્ય-પથ પર ચાલતા રહે છે અને ધ્યેય પૂર્તિ થયા વિના, સિદ્ધિનું શિખર સર કર્યા વિના જંપતા નથી. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે—

સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।

(૧૮ । ૪૫)

'પોત-પોતાના કર્મમાં અનાસક્ત ભાવથી કાર્યમગ્ન રહેનાર માનવ સિદ્ધિને પ્રાપ્ત કરી લે છે.' એ જ રીતે ચારેચાર આશ્રમો પણ માનવજીવનના ધ્યેયની પૂર્તિમાં મદદગાર નિવડે છે. આશ્રમોમાં બે આશ્રમ મુખ્ય છે— ગૃહસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. બ્રહ્મચર્યાશ્રમમાં ગૃહસ્થાશ્રમની તૈયારી થાય છે અને વાનપ્રસ્થાશ્રમમાં સંન્યાસાશ્રમની પૂર્વભૂમિકા તૈયાર થાય છે. બ્રહ્મચર્યાશ્રમ પ્રથમ આશ્રમ છે. તેમાં વિદ્યોપાર્જન અને ધર્માનુષ્ઠાનનું જ્ઞાનપૂર્વક પાલન કરવામાં આવે છે. તે કાળ દરમ્યાન છાત્રના મનમાં અર્થ અને કામ પ્રત્યે આપોઆપ નિર્વેદ ઉત્પન્ન થાય તો એવો છાત્ર સીધું નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પગલું

ભરીને આ જ આશ્રમમાં આત્મ-કલ્યાણ સાધ્ય કરી શકે છે. જો એ રીતે બ્રહ્મચારી અર્થ-કામની ઇચ્છાઓને આ આશ્રમમાં વિવેક-વિચારપૂર્વક ત્યાગી ન શકે તો પછી એવા ઉપકુર્વાણ બ્રહ્મચારીઓ માટે આગળનો ઉપાય ગૃહસ્થાશ્રમ છે. ગૃહસ્થાશ્રમમાં રહીને માનવ ભોગના તત્ત્વને જાણવા ધર્મને અનુકૂળ રહીને અર્થ અને કામનું આચરણ કરે છે. આ પણ સાધ્યની દિશામાં જ પ્રયાણ છે.

ધર્મ તે બિરતિ જોગ તે ગ્યાના । ગ્યાન મોચ્છપ્રદ બેદ બખાના ॥

—એમ જે કહ્યું છે તે શક્ય બને છે; કારણ કે ગૃહસ્થાશ્રમનું ધર્માનુસાર પાલન કરવાથી વૈરાગ્ય ચોક્કસ જ આવી જાય છે. ગૃહસ્થાશ્રમ એટલે જ મર્યાદિત ભોગ. ખૂબીની વાત તો એ છે કે અમર્યાદ સુખો-ભોગોની જગ્યાએ મર્યાદિત ભોગ દ્વારા સુખ-સેવન કરવાથી ગૃહસ્થને ભોગ-સેવન સાથે જ્ઞાન પ્રાપ્ત થાય છે, જેના પરિણામે વૈરાગ્ય ઉપરતિ નજીક આવે છે અને પરિણામે પરમાત્મા પ્રાપ્તિના માર્ગે તત્પરતાથી પ્રગતિ કરતો હોય છે. તે પ્રાપ્ત થયેલા ભોગ-પદાર્થો દ્વારા નિષ્કામભાવથી જનતા-જનાર્દનની સેવામાં પ્રવૃત્ત થઈને તે સેવારૂપ સાધનથી પણ ગૃહસ્થ પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. જનતા-જનાર્દનની સેવા કરતી વખતે પણ સેવાની સામગ્રી (ધન, સંપત્તિ) તથા સેવાનાં સાધન (અંતઃકરણ, ઇન્દ્રિયો વગેરે)ને પણ સેવ્યની એટલે કે જનતા-જનાર્દનની માલિકીનાં છે, એમ માનીને જ આચરણ કરવું. આ સેવા-સામગ્રી જેની છે, તેની જ સેવામાં ઉપયોગ કરું છું—આ ભાવ દૃઢ થઈ જવાથી તે ઉપકરણોથી આપણો સંબંધ-વિચ્છેદ થઈ જાય છે. **'ત્વદીયં વસ્તુ ગોવિન્દ તુભ્યમેવ સમર્પયે'** એવી ભાવના અનુસાર તે સેવ્યને સમર્પિત થઈ જાય છે. આવી ભાવના અનુસાર જ્યારે બને છે, ત્યારે જ જ્ઞાન થાય છે કે આપણી પાસે જે કંઈ ભોગ-સામગ્રી અને તેનો સંગ્રહ છે, તે બધું માત્ર સેવાના ઉદ્દેશ્યની પૂર્તિ માટે જ છે. આવો ભાવ જાગે છે, ત્યારે એના મનમાં એ ભોગ-સામગ્રી પ્રત્યે નિર્મમતા થઈ જાય છે. એથી જીવની જડતા આ જડ સંસારના સંબંધના કારણે ઉદ્ભવે છે, તે મટી જાય છે અને આ જીવમાં ચૈતન્યનું સ્ફુરણ થઈ સંસારનો સંબંધ છૂટી જાય છે અને એ જીવ ચૈતન્યરૂપ બની જાય છે.

આ તત્ત્વને વધુ બોધગમ્ય બનાવવાની દૃષ્ટિથી એ જાણી લેવું જોઈએ કે ઇન્દ્રિયોનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય છે. (૧) ભોગોનું તત્ત્વ જાણવા માટે (૨) ભોગો વડે બીજાઓની સેવા કરવા માટે અને (૩) માત્ર પરમાત્માની પ્રાપ્તિ માટે જ શરીર-નિર્વાહની ક્રિયાઓ કરવા માટે. હવે આપણે એ ત્રણેનો અલગ અલગ વિચાર કરીએ.

ભોગોનું તત્ત્વજ્ઞાન—અહીંયાં ભોગોનું તત્ત્વ—રહસ્ય જાણવાનો અર્થ એ છે કે ભોગોમાં સીમિત સુખ છે. ભોગોમાં મર્યાદિત સુખનું પ્રમાણ કેટલું છે, એ જાણવા માટે પણ ભોગોના અભાવનું દુઃખ અનુભવવું પડશે. કારણ કે ભોગના અભાવનું જેટલું વધુ દુઃખ હશે, તેટલું જ સુખ ભોગ દ્વારા મળશે. તેથી અભાવની પણ જરૂરિયાત પડશે. અભાવ નહિ હોય તો સુખ પણ નહિ હોય. જ્યારે ભોગોનો ઉપભોગ થાય છે, ત્યારે ભોગશક્તિનો નાશ પણ થાય છે અને ભોગેચ્છાની લાલસા વધતી જાય છે. ભોગ્ય પદાર્થ અનિત્ય હોવાથી નાશવંત છે, જે પ્રતિક્ષણ નષ્ટ થઈ રહ્યા છે. ભોગ્ય પદાર્થોના અભાવનું ભાન જ્યારે થાય છે, ત્યારે ભોગના સંસ્કારોનું સ્મરણ અત્યંત ક્લેશકારક થાય છે. ભોગોના આ તત્ત્વનું જ્ઞાન ભોગ ભોગવવાથી પ્રાપ્ત થાય છે.

બીજાઓની સેવાનું તત્ત્વ—જ્યાં સુધી માનવને અનુકૂળ અને પ્રતિકૂળ પદાર્થોનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી પ્રતિકૂળ પદાર્થો અને ક્રિયાઓનો ત્યાગ કરીને અનુકૂળ પદાર્થો અને ક્રિયાઓ દ્વારા સેવા નહિ કરી શકે. સેવા કરતી વખતે જે સાધન સામગ્રીઓનો ઉપયોગ કરીએ છીએ તે આપણી પોતાની નથી પણ જેમની સેવા કરીએ છીએ તેમની જ છે, એ ભાવ રાખવો જોઈએ. આ રીતે સેવક ભોગ સામગ્રીઓની મમતા તથા આસક્તિના બંધનથી મુક્ત થઈ જાય છે. જ્યાં સુધી મમતા અને આસક્તિ છે, ત્યાં સુધી અનુકૂળતા-પ્રતિકૂળતાના દ્વંદ્વનું આપણા પર બંધન ચાલુ જ રહે છે.

શરીર-નિર્વાહ-ક્રિયાનો—અર્થ છે રાગ-દ્વેષરહિત થઈને વિષયોનું સેવન કરવું. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે—

રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥
(૨ । ૬૪)

'સ્વ-અંકુશમાં રાખેલ રાગ-દ્વેષરહિત ઇન્દ્રિયો દ્વારા વિષય-સેવન કરનારા જીતાત્મા પુરુષ પ્રસાદ (અંતઃકરણની પ્રસન્નતા)ને પ્રાપ્ત કરી શકે છે.'

વિષયોનું રાગ-દ્વેષપૂર્વક ચિંતન કરવાથી મનુષ્યનું પતન થાય છે; કારણ કે વિષયોના ચિંતનથી જ માનવ-હૃદયમાં આસક્તિનો અંકુર પેદા થાય છે અને સર્વ અનર્થોનું મૂળ આસક્તિ છે અને તે એટલી હદ સુધી કે આસક્તિથી માનવીની બુદ્ધિ નષ્ટ થાય છે અને અંતમાં પતન થઈ જાય છે—

બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ । (ગીતા ૨ । ૬૩)

વિષયોનો ઉપભોગ રાગ-દ્વેષરહિત થઈને કરવાથી એ પ્રસન્નતા પ્રાપ્ત કરાવે છે. તેથી વિષયસેવન રાગ-દ્વેષના ત્યાગ સહિત અને સંયમપૂર્વક માત્ર શરીર-નિર્વાહ પૂરતું જ હોવું જોઈએ, નહિ કે ભોગના ઉદ્દેશ્યથી; આવું બને ત્યારે જ એ મુક્તિનું—મોક્ષનું કારણ બને છે.

ગૃહસ્થાશ્રમી ગૃહસ્થ-ધર્મનું પાલન કરીને પણ પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે—જે ઉપર સમજાવ્યું છે. અથવા વાનપ્રસ્થ-આશ્રમમાં પ્રવેશ કરીને તિતિક્ષા તથા સંયમની ઉત્કટ સાધનામાં રત થઈને પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. અથવા સંન્યાસની યોગ્યતા મેળવીને સંન્યાસ-આશ્રમની દીક્ષા લઈ શકે. એ આશ્રમમાં આંતર-બાહ્ય

ત્યાગ કરીને નિરંતર ભગવાનનું જ—બ્રહ્મનું જ ચિંતન કરીને પરમાત્માને પ્રાપ્ત કરે.

જડ-ચેતનાની ગ્રંથિનું નામ જ જીવ છે; તેના કારણે માનવીમાં જડ અંશને લીધે સુખ-ભોગ તથા સંગ્રહની ઇચ્છા થાય છે અને ચેતન અંશને લીધે મુમુક્ષા એટલે કે મોક્ષની—ભગવત્પ્રાપ્તિની ઇચ્છા થાય છે. મુક્તિ તથા મુક્તિની ઇચ્છાઓમાં ભોગેચ્છા ગમે તેટલું જોર કરે તોપણ પરમાત્માની પ્રાપ્તિની ઇચ્છાને દબાવી શકતી નથી. ચેતનતા પર જડતા ભલે થોડો સમય આવરાઈ જાય, પરંતુ ચેતનતાનું અસ્તિત્વ નષ્ટ નહિ કરી શકે. બલકે પરમાત્માની પ્રાપ્તિની પ્રબળ અને ઉત્કટ ઇચ્છાથી ભોગેચ્છાનું અસ્તિત્વ નષ્ટ થઈ જાય છે; કારણ કે ભોગ અને તેની ઇચ્છા બંને અનિત્ય છે. પરમાત્મા અને તેમનો પ્રેમ બંને નિત્ય છે. પરમાત્મા પ્રાપ્તિની ઇચ્છા જ ભગવાનના પ્રેમનું સ્વરૂપ બની જાય છે. પ્રેમ અને ભગવાન બંને એક છે. જ્યાં સુધી ભોગોની જરા પણ ઇચ્છા છે, ત્યાં સુધી જ સાધનાવસ્થા છે. જ્યારે પરમાત્મા પ્રાપ્તિની ઇચ્છા, મોક્ષની ઇચ્છા, પ્રેમ-પિપાસા મુખ્ય ઇચ્છા બની જાય છે, ત્યારે ભોગેચ્છા નષ્ટ થાય છે. એ નષ્ટ થતાંની સાથે જ નિત્યપ્રાપ્ત પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. આવી રીતે માનવ સહજ રીતે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લે છે. તે કૃતકૃત્ય, પ્રાપ્ત-પ્રાપ્તવ્ય અને જ્ઞાત-જ્ઞાતવ્ય બની જાય છે. અર્થાત્ કરવા યોગ્ય બધું કરીલીધું, પ્રાપ્ત કરવા યોગ્ય સંપૂર્ણ લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું અને જાણવા યોગ્ય બધું જાણી લીધું. આમાં જ માનવ-જીવનની સાર્થકતા છે.

****

ઉપાસના શબ્દનો અર્થ તેમજ તેનું સ્વરૂપ

'ઉપાસના' શબ્દનો અર્થ છે—પાસે બેસવું, ઉપ + આસના; ઉપાસના બે શબ્દોનો સમૂહ છે. ઉપાસનાનો વિષય કોઈ પણ હોઈ શકે છે—જેમ કે ધન, માન, લોક-પરલોકની કોઈ પણ વસ્તુ. મનુષ્યનો સ્વભાવ છે કે તેને જે પ્રિય હોય છે, તે વસ્તુ પાસે, તે વસ્તુમાં તેનું મન રહે છે. તે વસ્તુની ઉપાસના થાય છે; પરંતુ વાસ્તવમાં સત્યતત્ત્વની ઉપાસના થવી જોઈએ. બીજી રીતે કહીએ તો પ્રાકૃતિક પદાર્થોની ઉપાસના છોડીને પરમાત્માની ઉપાસના થવી જોઈએ.

ગીતામાં ત્રણ પ્રકારની ઉપાસના કહી છે—

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ॥
(૧૩ । ૨૪)

'કેટલાક લોકો ધ્યાનયોગના દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે, તો કોઈ સાંખ્યયોગના દ્વારા અને કોઈ કર્મયોગના દ્વારા.' ગીતામાં ઉપાસનાના ત્રણ માર્ગ છે—ભક્તિયોગ, કર્મયોગ તેમજ જ્ઞાનયોગ. સત્યતત્ત્વની પ્રાપ્તિ માટે જે કાંઈ કરવામાં આવે છે તેને 'ઉપાસના' કહે છે. આ બધું પરમાત્મા જ પરમાત્મા છે. તે જ આદિ-મધ્ય-અંતમાં છે—**'મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ'** (ગીતા ૭ । ૭). (સૂતરમાં જેમ મણકાઓ બંધાયેલા રહે છે તે રીતે સંપૂર્ણ ચરાચર વિશ્વ મારામાં જ ઓતપ્રોત છે) સત્-અસત્ બધું જ પરમાત્મા છે. સત્ય-તત્ત્વની આ રીતની ઉપાસના ભક્તિયોગની પદ્ધતિની ઉપાસના છે. સાંખ્યયોગની ઉપાસનામાં 'અસત્'નો ત્યાગ કરીને **'નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ'** (ગીતા ૨ । ૧૬) 'અસત્‌ની સત્તા નથી અને સત્‌નો અભાવ નથી'. સત્‌ની ઉપાસના કરવામાં આવે છે. કર્મયોગમાં પણ સત્‌ની ઉપાસના છે. ભગવાને કહ્યું છે **'નેહાભિક્રમનાશોઽસ્તિ'** (ગીતા ૨। ૪૦) 'આમાં જે કર્મો કર્યાં છે, જે પ્રયત્ન કર્યા છે તેનો નાશ થતો નથી'. ગીતાના ૧૭મા અધ્યાયના બે શ્લોકો (૨૬-૨૭)માં 'સત્' શબ્દની પાંચ વ્યાખ્યા કરી છે—**'સદ્‌ભાવે સાધુભાવે ચ'**, **'પ્રશસ્તે કર્મણિ તથા'**, **'યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિ'** અને **'કર્મ ચૈવ તદર્થીયમ્'**.

'સત્' કહે છે—સત્તાનું હોવું, જેનો કદાપિ નાશ નથી, જે સર્વત્ર વિદ્યમાન છે. આ સંસાર પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. પરંતુ સત્‌ના આશ્રયના કારણે આ સંસાર પ્રત્યક્ષ નાશવંત હોવા છતાં પણ સત્ય દેખાય છે. ગોસ્વામી શ્રીતુલસીદાસજીએ (રામચરિતમાનસના બાળકાંડમાં) કહ્યું છે કે—

'જાસુ સત્યતા તે જડ માયા । ભાસ સત્ય ઇવ મોહ સહાયા ॥'

આ સંસાર સત્ય લાગે તો છે પણ સત્ય નથી. દરેક પદાર્થની ઉત્પત્તિના મૂળમાં એક નિત્ય તત્ત્વ હોય છે, જેના આશ્રયથી પદાર્થ ઉત્પન્ન થાય છે. તે તત્ત્વને અન્ય પ્રકાશની જરૂર હોતી નથી, તે સ્વયંપ્રકાશ છે. તેની સત્યતાથી જ આ બધો અનિત્ય સંસાર પ્રકાશિત થાય છે. **'તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ'** (મુ૰ ઉ૰ ૨ । ૨ । ૧૦) 'તેના પ્રકાશથી આ સકળ જગત પ્રકાશિત થાય છે'. સાંખ્યયોગમાં અસત્‌ને છોડીને સત્‌નું જ ચિંતન-ધ્યાન થાય છે. અસલી ઉપાસના પેલા તત્ત્વને માટે સાધનામાત્ર છે.

બાળપણમાં જે શરીર હતું તે બદલાઈ ગયું. સાથીઓ, સામગ્રી, ભાવ, ઉદ્દેશ્ય, ઇન્દ્રિયો બધું બદલાઈ ગયું, પણ બાળપણનો 'હું' એ 'હું' તો એ જ છે. એ બદલાયો નથી. હું તે જ છું, એ સત્ય છે. દેશ, કાળ, વસ્તુ, વ્યક્તિ બધું તે સત્‌ની અંતર્ગત છે. સત્-તત્ત્વ જેવું ને તેવું જ રહે છે, પણ આપણે મૂઢ બનીને 'અસત્'માં ફસાયેલા છીએ અને માન્યતા કરી લીધી છે—**'કર્તાહમિતિ મન્યતે'** (ગીતા ૩ । ૨૭) 'હું કર્તા છું એવું માની લઈએ છીએ' આ મૂર્ખતા છે. સમષ્ટિ શક્તિથી જ બધી ક્રિયાઓ થઈ રહી છે—**'પ્રકૃતેઃ ક્રિયમાણાનિ'** (ગીતા ૩ । ૨૭) આવી સ્થિતિમાં 'સઘળી ક્રિયાઓ સમષ્ટિ શક્તિ દ્વારા થઈ રહી છે' એમ સમજીને **'નૈવ કિંચિત્ કરોમીતિ'** (ગીતા ૫ । ૮) 'હું કશું જ કરતો

નથી', આવો ભાવ રાખીને કોઈ પણ ક્રિયામાં કર્તાપણાનો અને ભોક્તાપણાનો સંબંધ જોડવો નહિ.

હવે શંકા થાય છે કે મનની સ્ફુરણા ચાલુ જ છે પણ એમ માનવામાં મૂળમાં ભૂલ છે. આપણે એ સ્ફુરણાનું નિવારણ કરવાને માટે તે જે કારણે થાય છે તે દૂર કરવાને બદલે તેના કાર્યને દૂર કરવા ચાહીએ છીએ. કારણ કે જે મનમાં સ્ફુરણા થાય છે, તે મનને આપણે આપણું માની લઈએ છીએ. તેને આપણું નહિ માનવું, તે પ્રકૃતિનું છે, મનનો સંબંધ પ્રકૃતિની સાથે છે, તેની સત્તાથી જ સ્ફુરણા થાય છે, આ પરિવર્તન થઈ રહ્યું છે. આ જ્ઞાન એટલે 'સાંખ્યયોગ' આ ઉપાસનાને 'સાંખ્યયોગની ઉપાસના' કહે છે.

ભગવાન તો સત્-અસત્ બંનેથી પર છે અને બંનેમાં વ્યાપ્ત છે. **'મયિ સર્વમિદં પ્રોતમ્'** (ગીતા ૭ । ૭) જે રીતે માટીથી બનેલાં વાસણોની પહેલાં પણ માટી હતી, વાસણ બન્યા બાદ પણ માટી છે અને તેના ભાંગ્યા પછી પણ તે માટી જ હોય છે. આ જ વાત સંસારને માટે પણ કહી શકાય છે. સંસાર છે ત્યારે પણ પરમાત્મા છે, સંસાર થયા પહેલાં પણ પરમાત્મા હતા અને સંસારના વિનાશ પછી પણ પરમાત્મા જ છે. જેવી રીતે ઘડાનું ઢાંકણું, તેનો આકાર, રંગ વગેરે બધી ચીજોને કારણે એનો ઉપભોગ પણ થાય છે, તેવી જ રીતે આ નામ-રૂપમય સંસાર પણ ઉપયોગી છે. આને પરમાત્માએ જ તો બનાવ્યો છે. આ ભગવાન જ તો છે, બીજી વસ્તુ આવી ક્યાંથી ? પરમાત્મામાંથી જ ઉત્પન્ન થાય છે અને પરમાત્મામાં જ લય પામનાર આ સંસાર પરમાત્મા જ છે ! આ ઉપાસના 'ભક્તિયોગની ઉપાસના' છે.

નિષ્કામ ભાવ છે. આ નિષ્કામતા સ્વયંસિદ્ધ છે. કામના બનાવવી પડે છે. હવે જરા વિચાર કરીએ. ધનની કામના છે. માન-સન્માનની કામના છે. પહેલાં આ બધી ન હતી. બાળપણમાં કાંકરા-પથ્થરથી રમતા હતા. તે વખતે જ્ઞાન ઘણું ઓછું હતું. કોઈ વિશેષ કામના પણ ન હતી. પરંતુ હવે આ કામનાઓ વધતી જઈ રહી છે. આજે આ વસ્તુની કામના થાય છે, તો ક્યારેક બીજી કોઈ વસ્તુની કામના થાય છે, તો ક્યારેક ધનની ઇચ્છા થાય છે. ક્યારેક માન-સન્માનની. તેથી માનવું પડશે કે કામનાઓ પેદા થાય છે અને પછી તે નષ્ટ પણ થઈ જાય છે, કાયમી રહેતી નથી. લોકો કહે છે કે 'કામના મટતી નથી'. પરંતુ હું તો કહું છું કે 'આ ભગવાનની પરમકૃપા છે કે કામના ભલે શરીરની હોય અથવા ધનની હોય, તે ટકતી નથી.' બાળપણમાં રમવાની કામના હતી તે મટી ગઈ. પછી બીજી અનેક થઈ, તે બધી પણ મટી ગઈ ! એ જ વાત મમતાની છે. તે પણ જોડી શકાય છે અને છોડી શકાય છે. કોઈની સાથે મમતા જોડવાથી જોડાઈ જાય છે અને તોડવાથી તૂટી જાય છે. બહેનોનો જન્મ એક પરિવારમાં થાય છે, ત્યારે પરસ્પર કેટલું મમત્વ હોય છે, પરંતુ લગ્ન થયા બાદ પતિના પરિવાર સાથે સંબંધ જોડાઈ જાય છે, ત્યારે પોતાના પિયરના પરિવારવાળા સાથે એટલી મમતા નથી રહેતી, જેટલી પહેલાં તેમની સાથે હતી. સગા ભાઈઓને કોઈક દત્તક લે છે તો તેની સાથે તેવી મમતા નથી રહેતી જેવી તેની સાથે અગાઉ હતી. વધુ શું ! આપણા શરીર તરફ જ જુઓ. બાળપણમાં આપણે જ્યારે બાળક હતા, ત્યારે આપણી માતા ખોળામાં લઈને દૂધ પિવડાવતી તેની સાથે કેટલી મમતા હતી ? આજે આપણે યુવાન છીએ, ત્યારે તેવી જ મમતા માની છે શું ? અને જ્યારે આપણે વૃદ્ધ થઈ જઈશું ત્યારે આજે છે તેનાથી પણ ઓછી નહિ થઈ જાય ? આથી સાબિત થાય છે કે જે સાંસારિક વસ્તુઓથી મમતા કરીશું, તે રહેશે નહિ. પરંતુ મમતા કરવાથી જે લોભ, પાપ વગેરે થશે તે બધું જરૂર રહી જશે. વેપારમાં જેવી રીતે ચીજો આવે છે અને વેચાઈ જાય છે. પણ માત્ર લાભ-નુકસાન આપણી પાસે રહે છે, તેવી જ રીતે મમતા કરવાથી માત્ર પાપ-સંતાપ હાથમાં રહે છે અને વધારામાં શોક-ચિંતા રહે છે. યુવાન પુત્રનું મરણ થયું. તે પુત્ર અગાઉ ન હતો, હાલમાં પણ નથી, પછી ચિંતા શા માટે કરો છો ? ચિંતા અને શોક થાય છે, તે મમતાની સજા છે.

એક વખત શ્રદ્ધેય શેઠશ્રી જયદયાલજી ગોયન્દકા સમક્ષ કોઈ ભાઈએ પ્રશ્ન કર્યો કે 'જ્યારે બધું પરમાત્મા જ છે, ત્યારે આપણે જે પાપ કરીએ છીએ, તે પણ પરમાત્માના દ્વારા જ થાય છે.' **'યે ચૈવ સાત્ત્વિકા ભાવાઃ'** (ગીતા ૭ । ૧૨) 'આ પણ પરમાત્માની જ ઉપાસના થઈ અને રાવણ, કુંભકર્ણ વગેરેએ આટલા અન્યાય કર્યા હોવા છતાં પણ તેમને પરમાત્માની પ્રાપ્તિ થઈ, ત્યારે અમે કર્તવ્ય કરીને શા માટે બંધનમાં પડીએ! જવાબમાં શ્રદ્ધેય શેઠજીએ કહ્યું 'આપણે જેવી ઉપાસના કરીશું તેવા જ ઉપાસ્ય મળશે.' રાવણ કે કુંભકર્ણ જેવી ઉપાસના કરશો તો દુઃખરૂપ પરમાત્માની પ્રાપ્તિ થશે ! શું દુઃખ ભગવાન નથી ! દુઃખ પણ ભગવાન જ હોય છે ને ! જેવું સ્વરૂપ ચાહો છો તેવી ઉપાસના કરો. જો રાવણ વગેરે જેવી ઉપાસના કરશો તો એવી શક્તિ જોઈશે કે ભગવાન સિવાય અન્ય કોઈના હાથે મરણ ન થાય, તો તો કલ્યાણ થઈ જાય. પરંતુ જો કોઈ વચ્ચે જ મારી દે તો તમારી શું દશા થશે ? તમારા ઉદ્ધારથી તમે વંચિત રહી જશો. **'જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે'** (ગીતા ૬ । ૪૪) 'યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને પાર કરી જાય છે' આ સત્યના રસ્તામાં બિલકુલ દગો-ફટકો નથી. બધું જ પરમાત્મા છે. તેનું તાત્પર્ય એ છે કે કોઈ સાકારને ભજે છે અને કોઈ નિરાકારને. સાકારમાં પણ કોઈ વિષ્ણુ, રામ, કૃષ્ણ, શક્તિ, શિવ વગેરેને ભજે છે, જે રૂપમાં જેની પૂજ્ય-ભાવના, આદર અને રુચિ હશે તેની ઉપાસનાથી તેને તે સ્વરૂપની પ્રાપ્તિ થશે. પછી ભગવાનની કૃપાથી વાસ્તવિક સ્વરૂપની પ્રાપ્તિ થશે જે મન, વાણીથી પર છે.

કર્મયોગમાં પણ સત્ની જ ઉપાસના છે. આમાં ફળ-આસક્તિનો ત્યાગ થવો જોઈએ. કર્મયોગમાં મૂળ તત્ત્વ છે ફળ પ્રત્યે અનાસક્તિ. લોકો કહે છે કે 'મમતા-આસક્તિ

છૂટતી નથી' આ વિષયમાં એવું વિચારવું જોઈએ કે આસક્તિ સદા એવી ને એવી જ રહે છે ? પહેલાં માનો સ્નેહ હતો, પછી તે તેવો ને તેવો રહે છે ? યુવાવસ્થામાં સ્ત્રી પ્રત્યે જે આકર્ષણ રહે છે, તેવું ને તેવું વૃદ્ધાવસ્થામાં રહે છે ખરું ? કોઈ પણ વસ્તુ સાથે જોડી લો. મકાન બનાવ્યું અથવા ઘરેણાં-કપડાં બનાવ્યાં, તેમાં બે-ચાર દિવસ જે આનંદ આવશે તે પછી તેવો જ રહે છે ખરો ? હવે જરા વિચાર કરો. સંસારનો કોઈ પણ પદાર્થ ટકનારો નથી. તો પછી આ સ્નેહ, મમતા, આસક્તિ આ નાશવંત પદાર્થોમાં નહિ કરીને ભગવાનમાં કરી લઈએ તો કૃતકૃત્ય થઈ જઈએ.

સંસારના તમામ પદાર્થો નાશવંત છે. એમનાથી કાંઈ મળવાનું નથી. ઊલટાનું અંતઃકરણ મલિન થશે, અશાંતિ મળશે. મા-દીકરાને ખૂબ સ્નેહ હોય છે. દીકરો માને સારું લાગે તે રીતે વર્તન કરે છે, પણ મોટો થાય છે, ત્યારે પત્નીની વાતો સાંભળીને માતાથી વિરુદ્ધ વર્તવા લાગે છે, ત્યારે માતાની મમતા તેવી નથી રહેતી, તે આપોઆપ તૂટી જાય છે. મમતા એ કાચા સૂતર સમાન છે, જે જરાક તાણ પડે, વિરોધ થાય એટલે તૂટી જાય છે. તે માટે મમતાનો ત્યાગ મુશ્કેલ નથી પણ મમતાને પકડી રાખવાનું મુશ્કેલ છે. તે સદા એકરસ રહેતી નથી, બદલાતી રહે છે. તેનાથી સાબિત થાય છે કે પ્રીતિ અસલ જગ્યાએ નથી થઈ. પાંચ વર્ષનું બાળક પોતાની માતાને શોધે છે. બીજી ઘણી માતાઓ તે જગા ઉપર બેઠી છે, તેઓને પૂછીએ તો દરેક પોતાને મા કહેશે કે હું મા છું, પરંતુ બાળક તેઓમાંથી કોઈને પણ મા નહિ કહેશે. તેની મા હોત તો તે બાળક તે માના ખોળામાં બેસી જશે. **'મમૈવાંશો જીવલોકે'** (ગીતા ૧૫ । ૭). તેથી ગીતામાં કહ્યું છે **'યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।'** (ગીતા ૬ । ૨૨) 'જેને મેળવ્યા પછી બીજી વસ્તુને તેનાથી વધારે નથી માનતા;' કર્મયોગનો મુખ્ય મંત્ર છે. 'ફળનો ત્યાગ.' કર્મયોગમાં ફળની કામનાનો ત્યાગ છે. નિષ્કામભાવનું તાત્પર્ય છે **'કર્મ ચૈવ તદર્થીયમ્'** (ગીતા ૧૭ । ૨૭), **'નેહાભિક્રમનાશોઽસ્તિ'**, **'સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય'** (ગીતા ૨ । ૪૦) વગેરે. મમતા નહિ છૂટવાથી પરમાત્માની પ્રાપ્તિમાં મુશ્કેલી આવે છે. માતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-ભાઈમાં ઘણો સ્નેહ છે, મમતા છે, પરંતુ એકબીજાની અનુકૂળતામાં જરાક પણ વાંધો પડ્યો, સ્વાર્થને ધક્કો લાગ્યો તો તે મમતા રહેતી નથી. તેથી ગોસ્વામી તુલસીદાસજી કહે છે—

જનની જનક બંધુ સુત દારા । તનુ ધનુ ભવન સુહૃદ પરિવારા ॥
સબ કે મમતા તાગ બટોરી । મમ પદ મનહિ બાઁધ બરિ ડોરી ॥

વાસ્તવમાં લોકો મમતાનો ત્યાગ કરવા ઇચ્છતા નથી; બલકે નિત્ય નવી-નવી કામના-મમતા પકડ્યા કરે છે. જો મમતાનો ત્યાગ કરવો મુશ્કેલ લાગે છે તો નવો સંબંધ જોડવાનું છોડી દેવું જોઈએ. ઘર છોડીને સાધુ થઈ ગયા અને સાધુ થઈ જવાથી પછી ચેલા-ચેલીઓ સાથે મમતાનો સંબંધ જોડવા લાગ્યા. મમતાનો સંબંધ તે એકની સાથે જોડો, જે સત્ય છે; જેના સિવાય બીજું કોઈ આપણું નથી. સંત-મહાત્માઓનો મહિમા તેમાં જ છે કે બધાથી આપણો સંબંધ છોડાવીને તેઓ આપણને એકમાત્ર પરમપિતા પરમેશ્વર સાથે જોડી દે. તેઓ ભટકતા જીવને સત્યની સાથે જોડી દે—તારો તે છે જે આ કહી રહ્યો છે—**'મમૈવાંશો જીવલોકે'** (ગીતા ૧૫ । ૭). તેના સંબંધે બધાની સેવા કરો, આદર -સત્કાર કરો. સ્ત્રી માત્ર પોતાના પતિના સંબંધના કારણે જ પતિના કુટુંબીઓની સેવા કરે છે, એ જ રીતે સાધકોએ બધા ભગવાનના જ છે, તે સંબંધથી બધાની સેવા કરવાની છે. **'નાતો નેહ રામ સોં મનિયત ।'** ભગવાન સાથે આત્મીયતા કરી લેવાની છે. એ જ 'ઉપાસના' છે, ભગવાનની 'પાસે બેસવાનું' છે.

કર્મયોગના અનુસાર મમતા, આસક્તિ, કામનાનો ત્યાગ કરીને પોતાના 'કર્તવ્યનું આચરણ' કરીને ઉપાસના કરવામાં આવે છે. જ્ઞાનયોગના અનુસાર 'પરમાત્માને જાણીને' જ્ઞાન પ્રાપ્ત કરીને ઉપાસના કરવામાં આવે છે. ભક્તિયોગના અનુસાર 'ભગવાનને માનીને' ઉપાસના કરવામાં આવે છે. જ્ઞાનયોગના દ્વારા જે પ્રાપ્તિ થાય છે, કર્મયોગના દ્વારા પણ તેની પ્રાપ્તિ થાય છે.

યત્સાંખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે ।
(ગીતા ૫ । ૫)

એકમપ્યાસ્થિતઃ સમ્યગુભયોર્વિન્દતે ફલમ્ ।
(ગીતા ૫ । ૪)

'જ્ઞાનયોગીઓ દ્વારા જે પરમ ધામની પ્રાપ્તિ કરવામાં આવે છે, તે નિષ્કામ કર્મયોગીઓ દ્વારા પણ પ્રાપ્ત થાય છે; કારણ કે આ બંનેમાંથી એકનું પણ જેમણે કુશળતાપૂર્વક સાચું જ્ઞાનપૂર્વક આચરણ કરીને તત્ત્વ પ્રાપ્ત કર્યું છે એવો પુરુષ બંનેનું ફળ સ્વરૂપ જે એક જ પરમાત્મ તત્ત્વ છે, તેને પ્રાપ્ત કરે છે;' કર્મયોગમાં પણ પરમાત્મા પર શ્રદ્ધા રાખીને ઉપાસનાની સફળતા સ્વીકારાયેલ છે. તેનો-કર્મયોગની ઉપાસનાનો પણ સાર એ જ કે સંસારમાંથી મનની આસક્તિ હટાવીને આગળ ચાલવું અને ભગવાનની પાસે જઈને (ઉપાસના) સ્થિર થવું. થોડીવાર જપ કરી લીધા, પાઠ-પૂજન કરી લીધું આ શું અસલી ઉપાસના છે ? અસલી—ખરી ઉપાસનાનું તાત્પર્ય છે, હરઘડી ભગવાનમાં જ લગની હોય. એનું જ સ્મરણ અને એનું જ ચિંતન હોય. જેવી રીતે કુટુંબ-પરિવારમાં મન લાગેલું રહે છે, તેવી રીતે હાલતાં-ચાલતાં, સૂતાં-બેસતાં, ઊઠતાં બધો સમય ભગવાનમાં લગની લાગી રહેવી જોઈએ. આ સાચી ઉપાસના છે. આની સિદ્ધિ જરૂર થાય છે. આ મનુષ્ય-શરીર તે માટે જ મળ્યું છે. સંસારને માટે મળ્યું હોત તો સંસારમાં સફળતા મળી જાત, પરંતુ સફળતા મળી નહિ. તેથી પરમાત્માની પ્રાપ્તિ માટે જ મનુષ્ય-શરીર છે. 'પરમાત્માની જ ઉપાસના કરવી જોઈએ.' ઉપાસનાનો પ્રભાવ છૂપાવ્યો છૂપાઈ શકતો નથી. કોઈએ કહ્યું છે—

ભજન કરે પાતાલમેં પ્રકટ હોય આકાશ ।
દાબી દૂબી નહિં દબે કસ્તૂરીકી બાસ ॥

જેણે પરમાત્માની તરફ ચાલવાનું શરુ કરી દીધું અથવા જેણે પરમાત્માને પ્રાપ્ત કરી લીધા, તેનું આચરણ બદલાઈ જાય છે. તેના શરીરમાં, બળ-બુદ્ધિમાં ફેરફાર થઈ જાય છે. તેના પ્રભાવથી વાયુમંડળ એવું જ (ભંગળમય) બની જાય છે, પ્રકૃતિ પોતાની જાતને ધન્ય માને છે. સંસારની ચીજ-વસ્તુઓ તેના કામમાં આવી જાય તો પોતાને સાર્થક માને છે.

****

ભક્ત અને આદર્શ સંતાન કેવી રીતે થાય ?

ઘણીય માતા-બહેનો પોતાના સરળ સ્વભાવથી એ માની લે છે કે ભક્ત સંતાનને જન્મ આપવાનું અમારા હાથની વાત નથી. પરંતુ એવી ધારણા કદી નહિ કરવી જોઈએ. ઘણીય ગામડાંની માતાઓ એ પણ માની લે છે કે અમે નાનાં નાનાં ગામડાંઓનાં રહેવાસીઓ છીએ. અમે શું સમજવા કે કરવા લાયક છીએ ? આવી માતાઓની આ સરળતા અને નિરભિમાનતા ઘણી જ વખાણવા લાયક છે; પરંતુ નિરાશા કોઈ કામની વસ્તુ નથી. તમે વિશ્વાસ રાખો કે તમે ઘણું મોટું કામ કરી શકો છો. જેટલાં પણ સ્ત્રી-પુરુષ આ જગતમાં છે, બધેબધા માના ખોળામાં ઉછરીને આવ્યા છે; તેથી સૌ પ્રથમ ગુરુ માને માનવામાં આવી છે. બાળકનું ઊંચામાં ઊંચું અને હલકામાં હલકું કામ મા કરે છે; જેમ કે દાયણ, હજામ, દરજી, ધોબી, શિક્ષક વગેરેનાં કામ. આવા હેતુથી ઋષિ-મુનિ બાળકોને ભણાવીને સ્નાતક બનાવીને તેમને ઘરે મોકલતી વખતે દીક્ષાંત-ઉપદેશ આપતા રહીને કહે છે—

'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ'

'જુઓ, બેટા ! માને, પિતાને અને આચાર્યને સાક્ષાત્ પરમેશ્વરનું રૂપ માનો.'

આ મંત્રોપદેશમાં સૌ પ્રથમ માતાનું જ સ્થાન છે. સારા સારા ઋષિ-મુનિ, મહાત્મા-ધર્માત્મા, આદર્શ અને શૂરવીર પુરુષ માતાઓ દ્વારા જ જન્મ્યા છે. જે માતા-બહેનો આવા ભગવાનના વહાલા ભક્ત તેમજ આદર્શ પુરુષોને પેદા કરવા ઇચ્છે છે, તેમને માટે જરૂરી છે કે તેમણે પોતાના મનમાં દૃઢ સંકલ્પ લઈને ઉત્તમોત્તમ આચરણ કરવું. તેમના મનમાં એ સદ્ઇચ્છા હોવી જોઈએ કે અમારાં બાળક ભગવાનના વહાલા અને આદર્શ પુરુષ બને. નીતિમાં પણ વચન આવે છે—

ગુણિગણગણનારમ્ભે ન પતતિ કઠિની સુસમ્ભ્રમાદ્ યસ્ય ।
તેનામ્બા યદિ સુતિની વદ વન્ધ્યા કીદૃશી નામ ॥

(હિતોપદેશ)

'ગુણી જનોની ગણતરી શરૂ થવાથી જેના માટે આંગળી વેગપૂર્વક પડતી નથી, એ પુત્રથી જો માતા પુત્રવતી કહેવામાં આવે તો બતાવો, વાંઝણી કેવી હશે ?'

જનની જણે તો સંત જણ, યા દાતા યા સૂર ।
નહિં તો રહજે બાંઝડી, મતી ગમાજે નૂર ॥

(સંત-વાણી)

તિન્હ તેં ખર, સૂકર, સ્વાન ભલે,
જડ઼તા બસ તે ન કહૈં કછુ વૈ ।
'તુલસી' જેહિ રામસોં નેહુ નહીં
સો સહી પસુ પૂંછ, બિષાન ન દ્વૈ ।
જનની કત ભાર મુઈ દસ માસ,
ભઈ કિન બાઁઝ, ગઈ કિન ચવૈ ।
જરિ જાઉ સો જીવનુ, જાનકીનાથ !
જિયૈ જગમેં તુમ્હરો બિનુ હ્વૈ ॥

(કવિતાવલી)

શ્રેષ્ઠ માતાઓને તો ત્યાં સુધી સ્વાભિમાન થાય છે કે 'મારા ગર્ભમાં આવીને, મારું દૂધ પીને શું તે કદી ગધેડી, કૂતરીનું દૂધ પીશે ? તે તો સદાને માટે પ્રભુચરણ-કમળોનું રસાસ્વાદન કરતો રહીને જગતના જીવોને પણ પ્રેમામૃત આપતો રહેશે.' જે માનો પુત્ર ભગવાનનો વહાલો ભક્ત બની જાય છે, તે મા ધન્યવાદને લાયક થાય જ છે, કૃતકૃત્ય પણ થઈ જાય છે. એ માતાઓના હાથની વાત છે; તેથી હિંમત ન હારવી. ભગવત્કૃપાથી કોઈ પણ વસ્તુ દુર્લભ નથી.

માતા-બહેનોને એ જ કહેવાનું છે કે જ્યારે તમે માસિક રજોધર્મના પછી શુદ્ધિનું સ્નાન કરો, ત્યારે પ્રભુને પ્રાર્થના કરવી કે 'હે પ્રભો ! મને એવું સંતાન આપો, જે સંસારનું કલ્યાણ કરવાવાળું અને ભગવાનનો વહાલો ભક્ત હોય.' સાચા હૃદયથી જે પ્રાર્થના કરવામાં આવે છે, ભગવાન તેને પૂરી કરે છે.

સચ્ચે હૃદયસે પ્રાર્થના જો ભક્ત સચ્ચા ગાય હૈ ।
ભક્તવત્સલ કાનમેં વહ પહુઁચ ઝટ હી જાય હૈ ॥

આ તો બહારની સામગ્રીનો આદર કરીને આપણે આપણી જાતને નાની માની લીધી છે, કે અમારામાં બુદ્ધિ, યોગ્યતા, વિદ્યા, ધન વગેરે પદાર્થોની ઊણપ છે; પણ એ ખ્યાલ જ નથી કરતા કે આપણે પરમાત્માના છીએ. જ્યારે આપણે પરમાત્માના છીએ, ત્યારે બુદ્ધિ વગેરેનું મૂલ્ય જ શું રહી જાય છે ? મનુષ્ય તુચ્છ ભાવનાથી જ પોતાને નાનો બનાવી લે છે. બધેબધા ભાઈ-બહેન ભગવાનના જ તો અંશ છે.

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।

(ગીતા ૧૫ । ૭)

સંત તુલસીદાસજીએ પણ આ વાત કહી છે—

ઈસ્વર અંસ જીવ અબિનાસી । ચેતન અમલ સહજ સુખરાસી ॥

આપણે પ્રભુના છીએ, તેથી પ્રભુ આપણા છે. ત્યારે પ્રભુને પ્રાર્થના આ રીતે કરવી કે 'હે પ્રભુ ! કુળને ઉજાળનાર તેમજ જગતને ઉદ્ધારનાર, ભગવાનનું વહાલું ભક્ત સંતાન આપો. હે નાથ ! આપની કૃપાથી જે પણ સંતાન થશે, તે આપનું વહાલું ભક્ત સંતાન જ હશે.' વૃદ્ધ માતાઓને કહેવાનું કે તેઓ પણ આવી રીતનો ભાવ રાખે કે અમારી પુત્રવધૂ તેમજ પુત્રીનાં જે પણ સંતાન થાય તે સંત-ભક્ત જ જન્મે. આની સાથે વૃદ્ધ માતાઓને માટે ઉચિત છે કે પોતાની સગર્ભા વહુ તેમજ પુત્રીઓને માટે આદર કરે, તેમનું વહાલથી પાલન કરે, ભેદભાવભર્યું વર્તન ન કરે અને તિરસ્કાર પણ ન કરે. તેમની રહેણી-કરણીમાં, ભોજન તથા આચરણમાં અશુદ્ધિ પણ ન આવવા દેવી; વાતાવરણ પવિત્ર રાખવું. સંસારમાં ભક્ત જન્મે—એ દૃષ્ટિથી સંત-મહાત્માઓએ પણ સગર્ભા બહેનોનું રક્ષણ-શિક્ષણ અને પોષણ પણ કર્યું છે. જેમ કે ભાગવતમાં આવ્યું છે—

એક સમયે હિરણ્યકશિપુ તપસ્યા કરવાને માટે વનમાં ચાલ્યો ગયો. તેની સ્ત્રી કયાધૂ સગર્ભા હતી તો ઇન્દ્રને ભય લાગ્યો કે 'આ રાક્ષસનું સંતાન રાક્ષસ જ થશે, ત્યારે અમને દેવતા વગેરેને પિતા અને પુત્ર બંનેય કષ્ટ આપશે; તેથી આ સગર્ભા કયાધૂને ક્યાંક લઈ જઈને એના રાક્ષસ ગર્ભનો નાશ કેમ ન કરી દઉં.' આવી ભાવનાથી ઇન્દ્ર હિરણ્યકશિપુની નગરીનો નાશ કરીને કયાધૂને લઈ જઈ રહ્યો હતો. રસ્તામાં જ નારદજી મળી ગયા. નારદજીએ કહ્યું—'ઇન્દ્ર ! આ અબળાને કેમ દુઃખ આપી રહ્યો છે ?' ઇન્દ્રે ઉત્તર આપ્યો—'મહારાજ ! એને રાક્ષસ પુત્ર જન્મશે, ત્યારે એ પિતા-પુત્ર બંને દેવો વગેરેને ઘણું દુઃખ આપશે; એટલા માટે ફક્ત એના બાળકનો નાશ કરવાને માટે જ લઈ જઈ રહ્યો છું.' ત્યારે નારદજીએ કહ્યું—'ડર નહિ. એના ગર્ભથી તો રાક્ષસ ન બનીને ભગવાનનો અનોખો, વહાલો ભક્ત જ પેદા થશે.' શ્રીનારદજીના કહેવાથી ઇન્દ્રે કયાધૂને છોડી દીધી. શ્રીનારદજીએ અહૈતુકી કૃપાથી કયાધૂને ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું શિક્ષણ આપ્યું; પરંતુ લક્ષ્ય રહેતું હતું ગર્ભસ્થ બાળકની તરફ કે ગર્ભસ્થ બાળક ભગવાનનો ભક્ત બને. કયાધૂથી ભગવાનના અનન્ય ભક્ત શિરોમણિ પ્રહ્લાદ પેદા થયા. પ્રહ્લાદજીએ પણ ગર્ભમાં સાંભળેલા નારદજીના ઉપદેશનો પ્રસંગ પોતાની પાઠશાળાના વિદ્યાર્થીઓને ઘણા જ વિશદરૂપે સંભળાવ્યો છે; તેને શ્રીમદ્ભાગવત સપ્તમ સ્કંધ, અધ્યાય ૬માં જોઈ શકો છો.

તેથી બધી જ માતાઓએ પોતાની સગર્ભા વહુ-પુત્રીઓને આવી અવસ્થામાં ભગવાનની સારી-સારી કથાઓ સંભળાવવી, વંચાવવી અને ભગવાનનાં સુંદરમાં સુંદર ચિત્રો બતાડવા તથા ઘરની જેવી શક્તિ હોય તેના મુજબ ગાયના દૂધ-ઘી, ચોખા, ઘઉં, મગ, ખાંડ વગેરે શુદ્ધ, સાત્ત્વિક વસ્તુઓ ખવડાવવી. લાલ મરચું, રાઈ વગેરે, બજારું મીઠાઈઓ તથા તીક્ષ્ણ, કડવા, લૂખા-સૂકાં પદાર્થો ન ખવડાવવા, કેમ કે સગર્ભા બહેને કરેલા ભોજનની અસર ગર્ભસ્થ બાળક પર જરૂર પડે જ છે. આવા પદાર્થોથી ગર્ભસ્થ બાળકને બળતરા થાય છે અને તેના સ્વભાવમાં પણ ચીડિયાપણું વગેરે કેટલીય જાતના દોષ આવી જાય છે. ગર્ભાવસ્થામાં માતાઓએ જાતજાતની વસ્તુઓ ખાવાની ઇચ્છા થાય છે, જેથી તેઓ દીવાલનો ચૂનો, મુલતાની માટી તેમજ કોલસો વગેરે સુદ્ધાં ખાઈ લે છે. એટલા માટે વૃદ્ધ માતાઓએ ગર્ભવતી વહુ-દીકરીઓની પૂરેપૂરી કાળજી લેવી જોઈએ તથા તેમની રુચિ મુજબ યથાશક્તિ ઉત્તમ અને પવિત્ર વસ્તુઓ ખાવાને માટે આપવી જોઈએ. સારાં-સારાં શાસ્ત્રોને તેમજ સારીસારી વાતો સંભળાવવી જોઈએ. આમ કરવાથી તેમના ચિત્તમાં પ્રસન્નતા થશે. ચિત્તની પ્રસન્નતાથી બાળક પર સારા સંસ્કાર પડશે. ખાસ વાત એ છે—બહેનોને માટે જરૂરી છે કે ભગવાનને હરપળે યાદ કરે. 'મારા હૃદયમાં ભગવાન બિરાજમાન છે, બાળક પર ભગવાનની કૃપા છે તથા ભગવાન મસ્તક પર હાથ મુકીને રક્ષણ કરી રહ્યા છે'—આવી ભાવનાઓ તેમણે નિરંતર કરતા રહેવું જોઈએ. ભગવાનની કૃપાદૃષ્ટિને જોતા રહેવું. આનાથી બાળકના ભાવ પવિત્ર તો બને જ છે, સાથેસાથે ગર્ભસ્થ બાળકની ભગવત્કૃપાથી રક્ષા પણ થતી રહે છે.

શ્રીમદ્ભાગવતમાં રાજા પરીક્ષિતે કહ્યું છે—

દ્રૌણ્યસ્ત્રવિપ્લુષ્ટમિદં મદંગં
સન્તાનબીજં કુરુપાણ્ડવાનામ્ ।
જુગોપ કુક્ષિં ગત આત્તચક્રો
માતુશ્ચ મે યઃ શરણં ગતાયાઃ ॥

(૧૦ । ૧ । ૬)

'મારું આ શરીર અશ્વત્થામાના અસ્ત્રથી નાશ થઈ ગયું હતું; આ જ કૌરવ-પાંડવકુળમાં સંતતિનું બીજ હતું; મારી માતા ઉત્તરા ભગવાનને શરણે ગઈ અને ભગવાને માના ગર્ભમાં પ્રવેશ કરીને હાથમાં ચક્ર લઈને મારું રક્ષણ કર્યું.'

એ પ્રસંગ આ રીતે છે. મહાભારતના યુદ્ધમાં પાંડવોનો વિજય કરાવીને અંતર્યામી શ્રીકૃષ્ણ દ્વારકાને માટે પ્રસ્થાનની તૈયારી કરી રહ્યા હતા. એટલામાં જ સગર્ભા ઉત્તરા જાણે ધગધગતી જ્વાળાઓની આંચથી ઘેરાયેલી એકાએક શ્રીકૃષ્ણની સામે રડી પડી અને બોલી—

કામં દહતુ માં નાથ ભા મે ગર્ભો નિપાત્યતામ્ ॥

(ભાગવત ૧ । ૮ । ૧૦)

'નાથ ! આ અસ્ત્રજનિત અગ્નિ ભલે મને બાળીને ભસ્મ કરી દે, પરંતુ મારા ગર્ભને ન પાડે.'

ત્યારે ભગવાને પોતાના અલૌકિક પ્રભાવથી ઉત્તરાના ગર્ભમાં પ્રવેશ કરીને ગર્ભસ્થ બાળકનું રક્ષણ કર્યું. આ

પ્રસંગને માતાઓએ યાદ રાખવો અને હર સમયે એવી ભાવના કરતા રહેવું કે મારા ગર્ભથી ભગવાનનો વહાલો ભક્ત જન્મશે. આ જ નહિ, સાક્ષાત્ ભગવાન જ મારા ગર્ભમાં પધાર્યા છે.

'મીરાઁ કિસ દિન બેટા જાયા !' મીરાને પુત્ર તો ન થયો, પણ તેણે ભગવાનને જ પ્રિયતમ માનીને ભગવાનની પ્રાપ્તિ કરી લીધી.*

આવી રીતે બધી જ માતા-બહેનો ભગવાનની સાથે આત્મીયતા રાખે, તેમની સાથે વહાલામાં વહાલો સ્વતઃસિદ્ધ સંબંધનો સ્વીકાર કરવો. ભગવાનને પતિ માનવા, પુત્ર માનવા, પિતા માનવા, જે ગમે તે માનવા; કેમ કે ભગવાનના સિવાય બીજું છે શું ? ભગવાન જ તો બધાં નામરૂપોમાં છે. જેમ કે વત્સહરણની વેળાએ બ્રહ્માજીને ભગવાને લીલા બતાવી હતી.

यावद् वत्सपवत्सकाल्पकवपुर्यावत् कराङ्घ्र्यादिकं
यावद् यष्टिविषाणवेणुदलशिग् यावद् विभूषाम्बरम् ।
यावच्छीलगुणाभिधाकृतिवयो यावद् विहारादिकं
सर्वं विष्णुमयं गिरोऽङ्गवदजः सर्वस्वरूपो बभौ ॥

(ભાગવત ૧૦ । ૧૩ । ૧૯)

'તે બાળકો અને વાછડા સંખ્યામાં જેટલાં હતાં, જેટલાં નાનાંનાનાં તેમનાં શરીર હતાં, તેમના હાથ-પગ જેવાજેવા હતા, તેમની પાસે જેટલી અને જેવી લાકડીઓ હતી, જેટલાં શિંગડાં, બંસરી અને પાંદડાં હતાં, જેવા અને જેટલાં વસ્ત્રાભૂષણ હતાં, તેમના શીલ, સ્વભાવ, ગુણ, નામ, રૂપ અને અવસ્થાઓ જેવી હતી, જે રીતે તેઓ ખાતા-પીતા અને ચાલતા હતા, બરાબર એવી જ રીતે અને એટલાં જ રૂપોમાં સર્વસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ પ્રકટ થઈ ગયા. એ સમયે 'આ સઘળું જગત વિષ્ણુરૂપ છે' એ વેદવાણી જાણે મૂર્તિમંત થઈને પ્રકટ થઈ ગઈ.'

જનકપુરમાં રહેનારી બ્રાહ્મણી—ભક્તરાજ પરમહંસ મામા પ્રયાગદાસજીની મા—શ્રીસીતાજીને પોતાની વહાલી પુત્રી અને ભગવાન શ્રીરામને જમાઈ માનતી હતી. એવી રીતે માતા-બહેનો પણ શ્રીભગવાનને જમાઈ પણ માની શકે છે તથા વહાલામાં વહાલા મનને ગમતા સંબંધનો પણ સ્વીકાર કરી શકે છે. એક સામાન્ય પોલીસ પણ સરકારી નોકર હોવાના સંબંધે પોતે પોતાને મોટો માને છે, ત્યારે સર્વશક્તિમાન, સર્વવ્યાપી, સર્વસુહૃદ્ ભગવાનનો સહારો લેવાવાળો કેટલો મોટો હોઈ શકે છે ! સંસારનો સહારો તથા સંબંધ તો અનિત્ય, ખોટો તથા અભિમાનને વધારનારો હોય છે; પરંતુ ભગવાનનો સહારો અને સંબંધ વાસ્તવિક અને નિત્ય છે. તે નિરભિમાનતા વગેરે દિવ્ય ગુણોને પ્રકટ કરવાવાળો છે. કોઈ ભલે માને કે ન માને, ભગવાન તો આપણા છે જ.

બધી જ માતા-બહેનોએ હર સમયે ભગવાનના નામનો જપ કરવો, સ્વરૂપનું ધ્યાન કરવું, લીલાઓને યાદ કરવી. ભારતીય માતાઓ સવારે ઉઠતાં જ પ્રભુનામ-કીર્તન કરે છે, લીલાઓ ગાયા કરે છે. ઘંટી ચલાવતી વેળાએ, વલોણું કરતી વેળાએ, બાળકો માતાઓના ખોળામાં જઈને સૂઈ જાય છે. બાળક ભગવાનની લીલા-કીર્તન સાંભળે છે, એનાથી તેમના પર ઘણી અસર પડે છે. એક ઉચ્ચ કક્ષાના સંત કહેતા હતા કે મારી મા સવાર પહેલાં મળસ્કે ઘંટી ચલાવતી વેળાએ ભગવાનની લીલાઓ, પ્રભુભક્તોનાં ચરિત્રો ગાતી તથા સંકીર્તન કરતા રહીને જ વલોણું કરતી, ત્યારે હું ખેળામાં જઈને બેસી જતો. એ ભગવાનનાં યશ-કીર્તન સંભળાવતી, આનાથી મારા પર ઘણી સારી અસર પડી.

તેથી આ બાબતોને માતા-બહેનોએ ધારણ કરવી. સત્સંગની વાતો પર બધાનો—માનવમાત્રનો સમાન અધિકાર છે; જે સાંભળવા ઇચ્છે, તેનો વિશેષ અધિકાર છે.

રામ દડ઼ી ચૌડે પડ઼ી, સબ કોઈ ખેલો આય ।
દાવા નહિં હૈ સંતદાસ, જીતે સો લે જાય ॥

એ બાબતો અઘરી નથી; કેમ કે આપણે ભગવાનના છીએ, ભગવાન આપણા છે, તેથી આપણે નાના નથી, ન દુઃખી છીએ. બહારની વસ્તુઓનો સહારો લેવાવાળા મોટામાં મોટા પણ ગરીબ જ છે—

કો વા દરિદ્રો હિ વિશાલતૃષ્ણઃ ।

(શંકરાચાર્યકૃત પ્રશ્નોત્તરી)

બહારનું તો રાજ્ય પણ કોઈ મોટી વસ્તુ નથી; કેમ કે આંખો મીંચાઈ ગયા પછી કંઈ રહેતું નથી.

સમ્મીલને નયનયોર્ન હિ કિંચિદસ્તિ ।

(ભર્તૃહરિકૃત વૈરાગ્યશતક)

તેથી ભગવાનનો સંબંધ જ મહાન છે અને તે સદાથી નિત્ય સિદ્ધ છે—આવો ઉત્તમ ભાવ ધારણ કરવો.

જ્યારે બાળકનો જન્મ થઈ જાય તો અભિભાવકોએ નાળ-છેદનના પહેલાં વૈદિક-વિધાનપૂર્વક જાત-સંસ્કારની સાથે ચારેય વેદોનું પઠન, નાન્દીમુખશ્રાદ્ધ, વર્ણાશ્રમ-વિધાનના અનુસાર અવશ્ય કરાવવું જોઈએ તથા ભગવન્નામ-ધ્વનિ, કીર્તન તથા કથાઓ સંભળાવવી જોઈએ.

આવી રીતે નામકરણ-સંસ્કાર વગેરે પણ કરાવવા

* સંતાન પેદા કરવું તો ભક્ત સંતાનને જ જન્મ આપવો, નહિ તો પોતાના જીવનને મીરાની માફક ભગવાનનાં ચરણોમાં લગાડી દેવું અર્થાત્ જાતે ભક્ત બની જવું.

તથા બાળકોનાં નામ જ્યોતિષ મત મુજબ અક્ષરોને મૂળમાં લઈને ભગવત્સંબંધી રાખવાં; જેમ કે ગોવિંદલાલ, રામચંદ્ર, હરિકૃષ્ણ; કન્યા હોય તો ગંગા, યમુના, શારદા, સરસ્વતી, ગાયત્રી વગેરે.

ઘણા દુઃખની વાત છે કે ભાવિ ભારતીય સંતાનોની માતાઓ અને અભિભાવક ગર્ભસ્થ બાળક પર નરી ખરાબ અસર પાડવાવાળા કુસંસ્કારોથી ભરેલું આચરણ કરે છે. હકીકતમાં માતાઓ અને અભિભાવકોનું એવું ખરાબ લક્ષ્ય તો નથી હોતું, પરંતુ આચરણ અને સ્વભાવવશ સગર્ભા બહેનો તેમજ અભિભાવક મનોરંજનને માટે જાસુસી નવલકથાઓ વાંચે છે તેમજ એવાં બીભત્સ ચિત્રો તથા સિનેમાને જુએ છે. રાત્રિક્લબોમાં તથા અશુદ્ધ સ્થાનોમાં જઈને અપવિત્ર ખાન-પાન પણ કરે છે. અનેક નર-નારી અસભ્ય પોષાકમાં નિર્લજ્જતાપૂર્વક નાચ-ગાન, ખેલ-કૂદ પણ કરતા રહે છે. બાળકોના જન્મ સમયે પણ પશ્ચિમી સભ્યતા મુજબ ઉત્સવ મનાવતા રહીને ફાલતુ તેમજ પાપ પેદાં કરવાવાળાં ખાન-પાન તથા મનોરંજન કરે છે. આજકાલ લોકો બાળકોનાં નામ પણ નિકૃષ્ટ ઢંગના રાખવા લાગ્યા છે તથા બાળકો પાસે પણ હીન શબ્દોનું ઉચ્ચારણ કરાવે છે; જેમ કે ડેડી, પાપા, મમ્મી વગેરે. પરંતુ આવા હલકા શબ્દોનું ઉચ્ચારણ ન કરાવીને પિતાજી, બાબુજી, માતાજી, મા વગેરે ઉત્કૃષ્ટ સંબોધનોની જ આદત પાડવી જોઈએ.

માતાઓ, બહેનો અને ભાઈ બાળકોને ભોળા ન માનો. 'આ નાનો છે, થોડા દિવસ તેમજ થોડા મહિનાનો છે, આ અબોધ છે'—એવું સમજીને બાળકના દેખતાં કોઈ પણ જાતનું અનુચિત આચરણ તેમજ કુચેષ્ટા ન કરવી. એમ તો આખુંય જીવન બધા જ સમયે પવિત્ર આચરણોથી ભરેલું હોવું જોઈએ, પરંતુ બાળકની સામે તો ખાસ કરીને પવિત્ર અને સુંદર આચરણ થવું જરૂરી છે. તેથી આદર્શ આચરણ કરવું, તેમની સામે એ ભાવ ન આવવા દેવો કે સ્ત્રી-પુરુષ શું છે ? અમે બાળક હતા, ત્યારે એકબીજાને પૂછ્યા કરતા હતા—'તું ક્યાંથી આવ્યો ?' એ સમયે અમે લોકો એકબીજાને એ જ કહેતા હતા—'અમે તો રામજીની વર્ષાથી આવ્યા છીએ.' કેટલા પવિત્ર સંસ્કાર હતા; કેટલો પવિત્ર ભાવ હતો ! નાનું બાળક સમજતું નથી, પરંતુ તેના પર અદૃશ્યરૂપે સંસ્કાર જરૂર પડે છે.

સ્ત્રી-પુરુષને માટે જરૂરી છે કે બાળકોને વહાલ કરતા, રમાડતા-બહેલાવતા ખોટી વાતો ન કહેવી, સાચી વાતો જ વહાલથી કહેવી. એક વાર્તા સાંભળી છે. એક વૈશ્ય જાતિનો બાળક હતો. એક દિવસ પોતાના પિતાની પાસે દુકાન પર ગયો. તેના પિતા ત્યાં વકરો ગણી રહ્યા હતા. તે મુઠ્ઠીમાં પાંચ રૂપિયાની એક નોટ દબાવીને લઈ આવ્યો. વકરો મેળવવામાં આવ્યો, પાંચ રૂપિયા ઘટી ગયા. માલિકે વિચાર્યું—'બહારનું કોઈ આવ્યું નથી, શું વાત છે ?' બાળકને પૂછ્યું—'રૂપિયા તારી પાસે છે શું ?' તેણે કહ્યું—'ખિસકોલી લઈ ગઈ.' બાળકને ધમકાવવામાં આવ્યો. ત્યારે તે બોલી પડ્યો—'મને કેમ મારો છો ? તમે તે દિવસે બે કેરીઓ લાવ્યા હતા, ત્યારે તમારા દેખતાં જ મેં એક કેરી લઈ લીધી, પછી બીજી માંગી તો માતાજીએ હાથ ઉપરની તરફ કરીને 'કેરી ખિસકોલી લઈ ગઈ' કહીને કેરીને પોતાનાં કપડાંમાં છુપાવી દીધી. એ વેળાએ દૂધ ઊભરાવા લાગ્યું તો મા દૂધની તરફ દોડી ગઈ ! કેરી ટપ દઈને માનાં કપડાંમાંથી નીકળી પડી. આમ ખિસકોલીની ખોટી વાત સામે આવી ગઈ. મારા પર એ જ અસર પડી કે આવી જ રીતે રૂપિયા ખિસકોલી લઈ જાય છે.' તેથી આ વાર્તાથી શીખવાનું મળે છે કે બાળકોને અણસમજુ માનીને તેમને જૂઠી વાતો કદી ન કહેવી. બાળકના મનમાં અપવિત્ર સંસ્કાર ન પડવા પામે એટલા માટે તેમની સામે મોંમાંથી કદી ગાળ ન કાઢવી. બાળકો તમારી સાચી અનામત છે, ભાવિ સંસાર છે, દેશની આધારશિલા છે. બાળકોની સામે તમે જે કંઈ પણ કહેશો કે કરશો, તેના સંસ્કાર બાળકો પર સ્થાયીરૂપે પડી જશે. જેમ કુંભાર કાચા ઘડા પર જે પણ ચિતરામણ કરીને ઘડાને નિભાડામાં પકવી લે છે, પછી એ ચિત્ર ભૂંસાતું નથી. આ દાખલો તો ગર્ભસ્થ બાળકોને માટે છે. નાના બાળકને માટે દાખલો છે માટીનો નવો ઘડો, જેમાં પહેલી વાર પાણી ભરીને ઉપર કોલસાથી કંઈક લખી દેવામાં આવે તો તે લખાણ કદી ભૂંસાતું નથી.

यन्नवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् ।

અભિપ્રાય એ છે કે ગર્ભથી લઈને ચાર-પાંચ વર્ષના નાના બાળક પર સંસ્કાર સ્થાયી રૂપથી જરૂર પડશે; તેથી માતા-પિતા વગેરેને માટે ઉચિત છે કે તેઓએ મર્યાદા તથા સભ્યતાથી રહેવું, કોઈ પણ જાતનું ખરાબ આચરણ કદી ન કરવું. આજે જે નાનાં-નાનાં બાળકોમાં ચારિત્ર્યહીનતા જોવામાં આવે છે, એનું કારણ શું છે ? માબાપ, ભાઈ-ભોજાઈની અસાવધાનીથી કરેલાં તેમનાં ખરાબ આચરણોની બાળકો પર ઘણી ખરાબ અસર પડે છે.

થોડાં વર્ષો અગાઉ તો આઠ-દસ વર્ષનાં બાળકો નાગાં રમતાં, ફરતાં રહેતાં હતાં. આજે બે-ત્રણ વર્ષના બાળકને પણ ઘણું કરીને નાગું રાખતા નથી. માતાઓ જરાક સમજુ બાળકને રમાડતા રહીને કહે છે—'તારા માટે વહુ લાવીશ, નાની પત્ની લાવીશું.' આ શબ્દમાત્રથી જ બાળકનું ઘણું ભારે અહિત થાય છે. ઘણીય વાતો છે. તમે બધા ગૃહસ્થાશ્રમમાં રહેવાવાળા જાણો પણ છો.

એટલા માટે આપણા બાળક-બાલિકાઓ ઉત્તમ બને—એ તરફ દૃષ્ટિ રાખવી. જ્યારે તમે તમારું ચારિત્ર્ય સારું રાખશો તો બાળકો પર સ્વાભાવિક સારી અસર પડશે. આમાં મુખ્ય વાત તો છે—ભગવાનનાં ચરણોનો

આશ્રય, તેમની સાથે આત્મીયતા, તેમના પર વિશ્વાસ અને ભરોસો રાખતા રહીને તેમના નામનો જપ, પરોપકાર, સેવા-પરાયણતા, નિરભિમાનતા, ધીરજ, ઉત્સાહ, ક્ષમા વગેરે દિવ્ય ગુણોનું ધારણ અને આચરણ તમારા દ્વારા થાય તથા એ વિશ્વાસ હોય કે 'ભગવાન મારા છે અને હું ભગવાનનો છું તેમજ તેમની કૃપાથી જ મારામાં આવા દિવ્ય ગુણ, સદાચાર વગેરે આવ્યા છે અને હજુ પણ આવી રહ્યા છે.' મીરાનો મહિમા કેમ છે ? તેને દૃઢ વિશ્વાસ હતો—**'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ.'** તેથી ભગવાનનાં ચરણોમાં જ મારાપણું હોય. વિશ્વાસ રાખવો, ભગવાન સિવાય કોઈ આપણું નથી. સત્સંગરૂપી ગંગાથી વિશ્વાસરૂપી ગંગાજળ લઈ જવું. ભગવાન પર વિશ્વાસ થઈ ગયો, ક્ષણભંગુર શરીર અને સંસાર પરથી વિશ્વાસ ચાલ્યો ગયો તો જીવન સફળ થઈ ગયું. આપણે લોકો ભગવાનના વિશ્વાસપાત્ર થઈ જઈએ તો તેઓ આપણા લોકો પર વિશ્વાસ કરી લેશે. ભગવાનનો સ્વભાવ છે—

યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।

(ગીતા ૪ । ૧૧)

'જેઓ જેવી રીતે મને ભજે છે, તેમને તેવી જ રીતે હું ભજું છું.'

જ્યાં વિશ્વાસ થયો ત્યાં જ ભગવાન પ્રકટ થઈ જશે, એવી કોઈ જગા છે જ નહિ, જ્યાં ભગવાન ન હોય. જેમણે વિશ્વાસ કરી લીધો, તેમની સામે ભગવાન પ્રકટ થઈ ગયા.

સત્યં વિધાતું નિજભૃત્યભાષિતં
વ્યાપ્તિં ચ ભૂતેષ્વખિલેષુ ચાત્મનઃ ।
અદૃશ્યતાત્યદ્ભુતરૂપમુદ્વહન્
સ્તમ્ભે સભાયાં ન મૃગં ન માનુષમ્ ॥

(ભાગવત ૭ । ૮ । ૧૮)

'પોતાના સેવક પ્રહ્લાદ તથા બ્રહ્માની વાણી સત્ય કરવાને અને સઘળા પદાર્થોમાં પોતાની વ્યાપકતા દેખાડવાને માટે સભાની અંદર એ થાંભલામાં ઘણું જ વિચિત્ર રૂપ ધારણ કરીને ભગવાન પ્રકટ થયા. તે રૂપ ન તો પૂરેપૂરું સિંહનું હતું અને ન તો માણસનું જ.'

આદિ અંત જન અનત કે, સારે કારજ સોય ।
જહઁ જિવ ઉર નહચૌ ધરૈ, તેહિં ઢિગ પરગટ હોય ॥

તેથી બધી માતા-બહેનોએ સ્વીકારી લેવું કે ભગવાન મારા છે અને હું ભગવાનનું જ કામ કરું છું. રસોઈ બનાવીએ તો ભગવાનને માટે જ બનાવીએ, ભગવાનને જ ભોગ ધરાવીએ, ભગવાનનું નામ લેતાં રહીને ભગવાનનો પ્રસાદ લઈએ. શ્રીગોસ્વામીજી કહે છે—

તુમ્હહિ નિબેદિત ભોજન કરહીં । પ્રભુ પ્રસાદ પટ ભૂષન ધરહીં ॥

કોઈ પણ નવી વસ્તુ કામમાં લઈએ તો ભગવાનની આજ્ઞા લઈને ભગવાનને અર્પણ કરીને પ્રસાદરૂપે લેવી. અન્ન તે પવિત્ર હોય છે, જે શુદ્ધ કમાણીનું હોય, જેમાં સામગ્રી પવિત્ર હોય, જે ભગવાનનું સ્મરણ કરતાં રહીને ઘણી પવિત્રતાથી ભગવાનને માટે જ બનાવવામાં આવે તેમજ જે તૈયાર થવાથી બલિવૈશ્વદેવયજ્ઞ કરીને ભગવાનને ભોગ ધરાવીને દરેક કોળિયો ભગવાનને યાદ કરીને પ્રસાદરૂપે લેવામાં આવે. આવી રીતે ભોજન કરવાવાળો મનુષ્ય અન્નના દોષોથી દૂષિત થતો નથી. કહ્યું પણ છે—

કવલે કવલે કુર્વન્ રામનામાનુકીર્તનમ્ ।
યઃ કશ્ચિત્ પુરુષોઽઞાતિ સોઽન્નદોષૈર્ન લિપ્યતે ॥

અન્ન પવિત્ર હોવાથી મન પવિત્ર થઈ જાય છે. જ્યારે રસનાને જીતી લેવામાં આવે છે તો સઘળી ઇન્દ્રિયો વશમાં થઈ જાય છે.

તાવજ્જિતેન્દ્રિયો ન સ્યાદ્ વિજિતાન્યેન્દ્રિયઃ પુમાન્ ।
ન જયેદ્ રસનં યાવજ્જિતં સર્વં જિતે રસે ॥

(ભાગવત ૧૧ । ૮ । ૨૧)

'મનુષ્ય બીજી બધી ઇન્દ્રિયો પર વિજય મેળવી લેવાથી પણ ત્યાં સુધી જિતેન્દ્રિય નથી થઈ શકતો, જ્યાં સુધી રસનેન્દ્રિયને પોતાના વશમાં કરી નથી લેતો અને જો રસનેન્દ્રિયને વશમાં કરી લીધી, ત્યારે તો માનો બધી ઇન્દ્રિયો વશમાં થઈ ગઈ.'

દરેક કામ કરતી વેળા ભગવાનનું નામ લેતા રહેવું, સમય ખાલી ન જવા દેવો. જે લોકો કહે છે—'ભગવાનનું ભજન ક્યારે કરીએ ?' તેઓ પોતાના કામ-ધંધાના સિવાય જે સમય નકામો જાય છે, તેમાં પણ સાવધાનીપૂર્વક ભજન કરે તો ઘણું ભજન થઈ શકે છે અને જો કામ-ધંધાને પોતાનો ન માનીને ભગવાનનો જ માની લે, ત્યારે તો સ્વાભાવિક જ બધો સમય ભજન થઈ જાય છે. તેથી જેમ-તેમ, જે કોઈ પણ રીતે ભગવાનને યાદ કરવા—**'તસ્માત્ કેનાપ્યુપાયેન મનઃ કૃષ્ણે નિવેશયેત્ ।'** ભગવાન જાતે કહે છે—**'મામનુસ્મર ।'** (ગીતા ૮ । ૭).

સંતોએ પણ કેટલું સુંદર કહ્યું છે—

હાથ કામ મુખ રામ હૈ, હિરદય સાઁચી પ્રીત ।
જન દરિયા ગૃહ સાધુ કી, આ હી ઉત્તમ રીત ॥
હલ હાંકે હરિ કો ભજે, શ્રદ્ધા માફિક દેય ।
ઇતને મેં હરિ ના મિલે, મુજરા હમસે લેય ॥
ઉદ્યમ કર ઉદર ભરે, મુખ સૂં જાપે નામ ।
ઐસા મૌકા ના મિલે, તો કરોડો ખરચે દામ ॥

એક દિવસ એક સજ્જને એકાંતમાં પૂછ્યું—'મહારાજજી ! મારા મનમાં આવે છે કે હું ભગવાનને મા કહી શકું છું શું ! મા મને ઘણી મીઠી લાગે છે !' મેં કહ્યું—'ખૂબ કહી શકો છો એટલું જ નહિ, તેના ખોળામાં

રમો.' જગદ્વન્દ્ય શ્રીશંકરાચાર્યજી કહે છે—

माताऽस्तेऽर्पयित्वा भरणकृतिकृते मोहमूलोद्भवं मां
मातः कृष्णाभिधाने चिरसमयमुदासीनभावं गतासि ।
कारुण्यैकाधिवासे सकृदपि वदनं नेक्षसे त्वं मदीयं
तत्सर्वज्ञे न कर्तुं प्रभवति भवती किं नु मूल्यस्य शान्तिम् ॥

(પ્રબોધસુધાકર)

'હે કૃષ્ણ નામવાળી માતેશ્વરિ ! મોહરૂપી મૂળનક્ષત્રમાં ઉત્પન્ન થયેલા મને પુત્રને ભરણ-પોષણને માટે માયાના હાથોમાં સોંપીને તું ઘણા દિવસોથી મારી તરફથી ઉદાસીન થઈ ગઈ છે. અરે કરુણામયી મા ! તું એક વાર પણ મારું મોં નથી જોતી ? હે સર્વજ્ઞે ! શું તું એ મોહરૂપી મૂળની શાંતિ કરવામાં સમર્થ નથી ?'

બસ, આજથી જ ભગવાનને મા માની લઈએ. સાચી અને હમેશાંની મા મળી ગઈ, બસ, ભૂલ નાબૂદ થઈ ગઈ. ભગવાનનું ભજન કરીએ, ભગવાનને મા માનીને પોકારીએ, મા દ્વારા જે ઇચ્છીએ તે માને કહી શકીએ છીએ. ભાગવતમાં આવ્યું છે—

अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः ।
तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् ॥

(૨ । ૩ । ૧૦)

'ભલે નિષ્કામ હોય કે સઘળી કામનાઓથી ભરેલો હોય અથવા મોક્ષની કામના હોય, બુદ્ધિમાન પુરુષે તો તીવ્ર ભક્તિયોગના દ્વારા પુરુષોત્તમ ભગવાનની જ આરાધના કરવી જોઈએ.'

તાત્પર્ય એ છે કે કાંઈ પણ નહિ જોઈએ તો ભગવાનનું ભજન કરવું, સર્વ કંઈ જોઈએ તો ભગવાનનું ભજન કરવું અને મોક્ષ જોઈએ તો ભગવાનનું ભજન કરવું. ભજન તો સંજીવની બૂટી છે, એવી ઉત્તમ વસ્તુ છે ! એના પર ધ્યાન ન આપવાના કારણે જ લોકો અભાવ અને દુઃખ ભોગવી રહ્યા છે. ભગવાનને છોડીને સંસાર પાસેથી આશા જોડી રાખી છે કે આ ન્યાલ કરી દેશે, પેલા ન્યાલ કરી દેશે વગેરે. જેની પોતાની કમી જ કમી છે, જે પોતે નાશવાન અને દુઃખી છે, તે શું ન્યાલ કરી દેશે.

ભક્ત પ્રહ્લાદે અસુરબાળકોને કહ્યું છે—

रायः कलत्रं पशवः सुतादयो
गृहा मही कुंजरकोशभूतयः ।
सर्वेऽर्थकामाः क्षणभंगुरायुषः
कुर्वन्ति मर्त्यस्य कियत् प्रियं चलाः ॥

(ભાગવત ૭ । ૭ । ૩૯)

'અરે ભાઈ ! ધન, સ્ત્રી, પશુ, પુત્ર-પુત્રી, મહેલ, પૃથ્વી, હાથી, ખજાનો અને જાતજાતની વિભૂતિઓ—વધારે તો શું સંસારનું સઘળું ધન તથા ભોગ-સામગ્રીઓ આ ક્ષણભંગુર મનુષ્યને શું સુખ આપી શકે છે; તેઓ જાતે જ ક્ષણભંગુર છે.'

શ્રીતુલસીદાસજી વિનયપત્રિકામાં કહે છે—

देव, दनुज, मुनि, नाग, मनुज सब माया बिबस बिचारे ।
तिनके हाथ दास तुलसी प्रभु, कहा अपनपौ हारे ॥

એટલા માટે એ ભાવને સુદૃઢ રાખવો કે હું તો માત્ર ભગવાનનો દાસ છું, મારે ભગવાનની સેવા જ કરવી છે. પહેલાંની ભૂલને ભગવાન ગણતા નથી, તેથી તેની ચિંતા ન કરવી. બાળક માનો ગમે તેટલોય ગુનો કરી દે, જ્યારે બાળક રડી પડશે તો મા હૃદયથી લગાવી દેશે. આ સ્નેહ મામાં ક્યાંથી આવ્યો ? પ્રભુ દ્વારા જ તો આવ્યો છે. બસ, રડી પડો, ભગવાનને કહી દો—'એ વિચાર મારા છે, તમારે નભાવવા પડશે.'

'આયા હૂઁ શરણમેં નિભાના પડેગા ।'

ભગવાનની કૃપાદૃષ્ટિથી તમે નિર્મળ થઈ જશો.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે—

अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

(૯ । ૩૦)

'જો કોઈ અતિશય દુરાચારી પણ અનન્યભાવથી મારો ભક્ત થઈને મને ભજે છે તો તે સાધુ જ માનવા યોગ્ય છે, કેમ કે તે યથાર્થ નિશ્ચયવાળો છે એટલે કે તેણે ઘણી સારી રીતે નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કંઈ પણ નથી.'

કેવો સીધો, સરળ અને સહેલો રસ્તો છે !

શ્રીરામચરિતમાનસમાં ભગવાન શ્રીરામ પણ પોતાની પ્રજાને ઉપદેશ આપતા રહીને કહે છે—

कहहु भगति पथ कवन प्रयासा । जोग न मख जप तप उपवासा ॥

આમાં ન તો યોગાભ્યાસની આવશ્યકતા છે અને ન તો બીજી કોઈ કઠણાઈ છે. આમાં મુખ્ય હેતુ એ જ છે કે ભગવાનનો કેવળ સરળ સ્વભાવ જ ઘણો સારો લાગે છે.

सरल सुभाव न मन कुटिलाई । जथा लाभ संतोष सदाई ॥

તેથી પ્રભુ જે કંઈ આપી દે, જેવી રીતે પરિવારમાં રાખે, જે પરિસ્થિતિમાં રાખે, તેમાં ભગવાનની કૃપા માનવી, બીજી તરફ તાકવું જ નહિ.

मोर दास कहाइ नर आसा । करइ तो कहहु कहा बिस्वासा ॥

જો ભગવાનના થઈને બીજાઓની તરફ તાકે છે તો ભગવાનનો વિશ્વાસ કેવો ! તેથી પ્રભુનાં ચરણોનો આશ્રય લઈને નિશ્ચિંત અને નિર્ભય થઈ જઈએ. પ્રભુની કૃપાથી પ્રભુના વહાલા ભક્ત જન્મશે. આપણે પણ પ્રભુની કૃપાથી તેમના વહાલા છીએ. આપણે તો તેમની વાતો સાંભળવી-કહેવી છે. ભજન કરવાથી આપણી શું દશા થશે—એની ચિંતા આપણને છે જ નહિ. આપણે તો તેમના છીએ, તેમના આશ્રિત !

કાહૂ કે બલ ભજન કો, કાહૂ કે આચાર ।
બ્યાસ ભરોસે કુઁવરિ કે, સોવત પાઁવ પસાર ॥

એક ભરોસો એક પખ, એક બિસ્વાસ ।
એક રામ ઘનશ્યામ હૈં, ચાતક તુલસીદાસ ॥



સર્વોચ્ચ પદની પ્રાપ્તિનું સાધન

પ્રાપ્ત સામર્થ્યનો સદુપયોગ

વિચાર કરો ! ધન આદિ પદાર્થોમાં જે સુખ દેખાય છે અને તેનાથી આપણે સુખની આશા રાખીએ છીએ, તો શું એમાં સંપૂર્ણ સુખ છે ખરું ? શું તે સંબંધે ક્યારેય દુઃખ થતું જ નથી ? શું તે સદાય સાથે જ રહેશે ? શું તે પદાર્થોના રહેવાથી દુઃખ થતું જ નથી ? આવું તો થઈ જ ન શકે. તે પદાર્થોના સંબંધથી એમને પોતાના માનવાથી લોભ જેવા નરકદ્વારરૂપી ભયંકર દોષ ઉત્પન્ન થઈ જાય છે, જે હયાતીમાં જ અગ્નિની પેઠે બાળતો રહે છે અને મૃત્યુ પછી સાપ વગેરે દુઃખમય યોનિઓમાં તથા ક્લેશ અને અતિ યાતનામય નરકમાં લઈ જાય છે.

વિચાર કરો ! તમે તમારા કુટુંબીજનો અને બીજા લોકો પાસેથી સુખની ઇચ્છા રાખો છો, તો શું એ બધાં સુખી છે ? શું તેઓ કદી પણ દુઃખી નથી થતા ? શું તે સઘળા સૌને પણ અનુકૂળ રહેતા હશે ? શું એ બધા જ તમારી સાથે રહે છે ? શું રહેવા ચાહે છે ? શું એ બધા જ તમારી સાથે રહી પણ શકે ખરા ? શું પહેલાંના મિત્રો તમારી સાથે છે ? શું એમના મનમાં અને શરીરમાં પરિવર્તન થતું નથી ? શું એમનામાંથી કોઈના મનમાં કોઈ પ્રકારની ક્ષતિઓનો અનુભવ નથી થતો ? શું એ સર્વદા-સર્વથા સંપૂર્ણ છે? શું એ કદી પણ કોઈક પાસેથી કંઈ પણ ઇચ્છતા નથી ? ઓછામાં ઓછું આપના પાસેથી તે કંઈ પણ ઇચ્છતા નહિ હોય ? વિચારો ! જે અન્યો પાસેથી પોતાના માટે કંઈ પણ ઇચ્છતા હોય શું તે બીજાની ઇચ્છા પૂરી કરી શકે ખરા ? શું સ્વયં સુખ ઇચ્છનારો બીજાઓને સુખ આપી શકે ખરો ?

સાવધાન થાવ ! સૌનો દરેક સમયે વિયોગ થઈ રહ્યો છે. આયુષ્ય પળેપળે ઘટી રહ્યું છે. મૃત્યુ પ્રતિક્ષણ નજીક આવી રહ્યું છે. આ વાતો શું વિચારવાથી નથી જોઈ શકાતી? અને જો કહીએ કે 'હા, જોઈ શકાય છે.' તો પછી યોગ્ય રીતે કેમ નથી જોતા ? ક્યારે જોશો? કોની રાહ જુઓ છો? શું આ મોહમાં પડી રહેવાથી તમને તમારું કલ્યાણ દેખાય છે ? અને જો નહિ, તો આપનું કલ્યાણ કોણ કરશે? કોના ભરોસે નિશ્ચિંત બેઠા છો ? આવી રીતે ક્યાં સુધી કામ ચાલશે ? ક્યારેય વિચાર્યું છે; ના, તો ક્યારે વિચારશો? તમારો સાચો મિત્ર કોણ છે ? શું આ શરીર, જેને આપ મારું કહેતાં કહેતા 'હું' પણ કહી દો છો, શું તમારી ઇચ્છા અનુસાર નીરોગી રહેશે ? શું જેવું ઇચ્છીએ, તે પ્રમાણે કામ આપશે ? શું એ હમેશાં સાથે રહેશે, મરશે નહિ ? આ દિશામાં તમે તમારી વિવેક-દૃષ્ટિથી જોયું છે ? ક્યારે જોશો ? શું આ વિષય પરત્વે અપરિચિત જ રહેવું છે ? શું આ બુદ્ધિમાની છે ? શું આનું પરિણામ બીજો કોઈ ભોગવશે ?

ચેતો ! પહેલાં આપણે જે પદાર્થો અને કુટુંબીઓની સાથે રહેતા હતા, એ બધા આજે છે ખરા ? તેમજ આજે જે આપની સાથે છે, એ કાયમ રહેશે ખરા ? એ સર્વસર્વ સદાય સાથે રહી શકે છે ખરા ? થોડું ધ્યાન દઈને વિચાર કરીએ !

જો તમો યોગ્ય વિચાર કરશો તો તમને જણાશે કે હમેશાં સાથે રહેનાર એકમાત્ર પરમ કૃપાળુ પરમાત્મા જ છે. આથી જ આપણે એમનાં (પરમાત્માના) જ ચરણોનું શરણું લેવું જોઈએ.

(૧) પરમાત્મામાં નિત્યસિદ્ધ પોતાનાપણું જ છે, માત્ર જીવ ભૂલી ગયો છે.	(૧) સંસારમાં પોતાનાપણું છે જ નહિ, માત્ર જીવે ભૂલથી માની લીધું છે.
(૨) પરમાત્માનો ક્યારેય પણ વિયોગ થઈ જ ન શકે.	(૨) સંસારની સાથે કદી સંયોગ રહી જ નથી શકતો.
(૩) પરમાત્મા જીવને કદી પણ છોડી શકતા નથી.	(૩) સંસાર જીવની સાથે કદીય રહી શકતો જ નથી.
(૪) પરમાત્મામાં આનંદ જ આનંદ છે, દુઃખ છે જ નહિ.	(૪) સંસારમાં દુઃખ જ દુઃખ છે, આનંદ છે જ નહિ.

ધ્યાન આપો ! આ જીવ પરમાત્માનો અંશ છે— **'મમૈવાંશઃ'** (ગીતા ૧૫ । ૭) **'ઈશ્વર અંસ જીવ અબિનાસી !'** (માનસ). પરમાત્મા સર્વોત્તમ છે, પરમાત્માનો જ અંશ હોવાથી આ જીવને પોતાની નિમ્ન સ્થિતિ પસંદ નથી. તે નીચે રહેવા નથી માગતો. સર્વોત્તમતા માટે એની ઉત્સુકતા સતત ચાલુ જ છે. એ પોતાની જાતને સર્વોચ્ચ પદ પર નિયુક્ત કરાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે, કારણ એ જ કે એ પરમાત્માનો અંશ છે અને પરમાત્મા બધાથી ઊંચો છે, એટલા માટે તે પણ ઊંચે પહોંચવા ઇચ્છે છે. જે ક્ષેત્રમાં રહે છે, ત્યાં ઊર્ધ્વગતિ માગે છે.

ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવા માટે બે બાબતો ઉપર ધ્યાન આપવામાં આવે તો ઝડપથી ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરી શકાય છે. એક તો છે—'કરવું' અને બીજું છે 'થવું'; આપણે વ્યાપાર કરીએ છીએ અને એમાં નફો-નુકસાન થાય છે. આથી કરવામાં દરેક સમયે સાવધ રહેવું, જેથી પતન થાય એવું કાર્ય કરો જ નહિ અને પ્રાપ્ત થયેલી વસ્તુમાં દરેક સમયે પ્રસન્ન રહેવું. જે કંઈ પણ થઈ રહ્યું છે, એ

આપણે પૂર્વે કરેલાં કર્મોનાં ફળ સ્વરૂપે થઈ રહ્યું છે, અને આ આપણા પ્રભુનું મંગલમય વિધાન છે. આ ધારણાની સિદ્ધિ તો ત્યારે જ થશે જ્યારે આપણી દૃષ્ટિ લક્ષ્ય પર સ્થિર બની રહેશે. આમ કરવાવાળાની ઉન્નતિ થાય જ છે અને એની ઊર્ધ્વગતિ થાય જ છે—આ નિયમ છે. પતનનું કારણ એ છે કે—આપણે કાર્ય કરવામાં સાવચેતી નથી રાખતા અને જે પરિણામ આવે છે, એમાં (ફળસ્વરૂપ)—અનુકૂળતામાં પ્રસન્ન અને પ્રતિકૂળતામાં દુઃખી બની જઈએ છીએ.

કાર્ય કરવામાં દરેક સમયે સાવધાન રહેવું જોઈએ. સાવધાનનો અર્થ એ છે કે જે (કાર્ય) કરવા યોગ્ય ન હોય તે કાર્ય ન કરવું અને જે ન થઈ શકે એની ચિંતા પણ ન કરવી, અર્થાત્ શાસ્ત્રોની વિરુદ્ધ, લોકમર્યાદાની વિરુદ્ધ તો કામ કરવું જ નહિ, અને સાથે ધન, માન, મોટાઈ, પદ, અધિકાર વગેરેની જેની પ્રાપ્તિ આપણે ઇચ્છીએ તે પણ આપણા હાથની વાત નથી, તો તેને મેળવવાની ચિંતા ન કરવી. ન કરવા યોગ્ય કામનો વિચાર છોડી દઈને અને જે નથી થઈ શકતું, એની ચિંતા છોડી દેવાથી આવશ્યક કામ કરવાનું બળ, યોગ્યતા અને ઉત્સાહ જન્મે છે. ગીતામાં શ્રીભગવાને અર્જુનને આ વાત આ પ્રમાણે કહી છે—**'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।'** (૨ । ૪૭)—'તારો કર્મ કરવામાં જ અધિકાર છે, ફળમાં કદી પણ નહિ', આથી મનુષ્યે ફળની આસક્તિનો ત્યાગ કરીને કર્મ કરવું જોઈએ.

કર્તવ્ય કર્મ એ જ હોય છે, જેમાં પોતાના સ્વાર્થનો ત્યાગ તેમજ બીજાનું હિત હોય. સ્વાર્થ-બુદ્ધિથી કરવામાં આવેલું કર્મ કર્તવ્ય નથી, માત્ર કર્મ છે. આ તો કર્માધિકાર-રહિત પશુ-પક્ષી વગેરે યોનિઓમાં પણ જોવા મળે છે. તો પછી માનવ-જીવનની શી સાર્થકતા થઈ ! આથી મનુષ્યે વિચાર કરવો જોઈએ કે પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને બીજાને સુખ મળે એવા પ્રયત્નો કરવા જોઈએ. સુખની અપેક્ષા કરતાં પણ આપણી દૃષ્ટિ તેમના હિત પ્રત્યે વધુ રહેવી જોઈએ. નીતિકાર કહે છે—

સંતોષસ્ત્રિષુ કર્તવ્યઃ સ્વદારે ભોજને ધને ।
ત્રિષુ ચૈવ ન કર્તવ્યઃ સ્વાધ્યાયે જપદાનયોઃ ॥

અર્થાત્ સ્ત્રી, ભોજન અને ધનની બાબતમાં સંતોષ રાખવો જોઈએ, કારણ કે આ તો પૂર્વજન્મોનાં કર્મોનાં ફળસ્વરૂપે પ્રાપ્ત થયેલાં છે. સ્વાધ્યાય, જપ અને દાનમાં સંતોષ નહિ કરવો જોઈએ, કારણ કે આ નવાં કર્મો છે. આમાં જો કોઈ સંતોષ રાખશે તો એ કર્તવ્યથી વિમુખ થઈ જશે. આથી કર્તવ્ય-કર્મમાં તત્પરતા હમેશાં રાખવી જોઈએ.

ધન-સંપત્તિ વગેરે બાબતમાં નીતિ આપણને સંતોષ રાખવા કહે છે. આનો આશય એ છે કે આપણે ધન વગેરેની પ્રાપ્તિમાં સંતોષી રહીએ—જે કંઈ પણ મળે, એ પ્રત્યે આપણા મનમાં અસંતોષ ન રહે, પરંતુ કર્તવ્ય કર્મના અનુષ્ઠાનમાં આપણે ક્યારેય પણ અભાવ ન લાવીએ.

આ પ્રાકૃતિક નિયમ છે કે મનુષ્યને જે કામમાં લગની હોય છે, એ તત્પરતાથી કરે છે અને લગનીથી કરવાવાળાની ઉન્નતિ પણ થાય જ છે.

આજે દેશમાં જે બેકારી સર્વત્ર વ્યાપેલી છે, એનાં અનેક કારણોમાં એક મુખ્ય કારણ એ પણ છે કે લોકો પોતાનું કર્તવ્ય-કર્મ કરતાં નથી. જો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામ કરવા મનુષ્ય હમેશાં તત્પર રહે, સ્વાદ, મોજશોખ અને શણગાર છોડી દઈ સાધારણ વસ્તુઓથી જ પોતાના જીવન-નિર્વાહને અપનાવી લે, બીજાનાં હિત અને સેવામાં પોતાની વસ્તુઓનો અને પોતાની શક્તિનો વિનિયોગ કરે, બીજાના હકકોનું રક્ષણ કરે, કુશળતાપૂર્વક પોતાનાં કર્તવ્ય-કર્મ કરે તો એને બેકારી સતાવતી નથી. જેઓ એમ કહેતા હોય કે 'અમારા પ્રારબ્ધમાં જે છે તે અવશ્ય મળશે', આનું પ્રયોજન ચિંતા ન કરવામાં છે. નહિ કે ક્રિયારહિત થવામાં. આથી કર્તવ્ય-કર્મ કરવામાં ક્યારેય ખામી ન લાવવી જોઈએ. આ પ્રમાણે લગનીથી કામ કરનારાઓની વ્યાવહારિક તેમજ પારમાર્થિક બન્ને પ્રકારની ઉન્નતિ થાય જ છે. પરંતુ બન્નેમાં એક અંતર રહે છે. વ્યાવહારિક ઉન્નતિને માટે લગની સાથે કર્મ કરનારાઓની કાર્યકુશળતા—કાર્ય કરવાની યોગ્યતા તો વધે છે, પરંતુ એને ધન-સંપત્તિ, માન-મોટાઈ, આદર-સત્કાર વગેરે પણ મળશે જ—આ નિયમ નથી. કારણ કે આ બધાં પૂર્વકૃત કર્મો પ્રારબ્ધને આધીન છે, એનાથી વિપરીત પારમાર્થિક ઉન્નતિને માટે પ્રયત્ન કરનારાઓને સફળતા મળે જ છે અર્થાત્ એનામાં પ્રેમ, બોધ, શાન્તિ, ઉત્સાહ તથા પ્રમાદ-આળસનો ત્યાગ અને કાર્ય-કુશળતા વગેરે ગુણો અવશ્ય આવે છે તેમજ એના દ્વારા તત્પરતાથી કામ પણ થાય છે; કારણ કે આ એની પોતીકી વસ્તુઓ છે.

આમ કેમ થાય છે ? એનો ઉત્તર એ છે કે માનવ-શરીર આપણને મળ્યું છે, પરમાત્માની પ્રાપ્તિ માટે ! એટલા માટે પારમાર્થિક ઉન્નતિ ઇચ્છનારાઓની લગનીથી કાર્ય કરવાથી ઉન્નતિ અવશ્ય થશે. હા, જો કોઈ પ્રયત્ન જ ન કરે તો એને એ કેવી રીતે મળશે ? એનાથી વિપરીત, વ્યાવહારિક વસ્તુઓની પ્રાપ્તિ માટે પ્રારબ્ધ જ પ્રધાન છે. પ્રારબ્ધ અનુકૂળ હશે તો મળી જશે, પણ પ્રયત્ન કરવાથી તે મળશે જ—આ નિયમ નથી. એનું તાત્પર્ય એ છે કે—આધ્યાત્મિકતાની પ્રાપ્તિમાં અભિલાષા—લગનીની પ્રધાનતા છે અને સાંસારિક વસ્તુઓની પ્રાપ્તિમાં પ્રારબ્ધની પ્રધાનતા છે. આથી મનુષ્યે ક્દી પણ આળસ-પ્રમાદમાં સમય નહિ બગાડવો જોઈએ તથા જપ, સ્વાધ્યાય, શાસ્ત્રનું મનન અને બધાનાં હિત (કલ્યાણ) માટે હમેશાં ચિંતન કરતા રહેવું જોઈએ.

સર્વના હિતને માટે વિચારવાથી સર્વનું હિત થાય છે, પરંતુ સ્થૂળ બુદ્ધિવાળા આ વાતને નથી સમજતા, સ્થૂળ વસ્તુ તો સીમિત હોય છે, પરંતુ સૂક્ષ્મ વસ્તુ વ્યાપક હોય છે, આથી બધાના હિતનો ભાવ મનમાં આવવાથી વાયુમંડળ એવું જ બને છે, જેનાથી બધાને સુખ મળે, માટે જ ભગવાન કહે છે—**'ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहितेरताः ॥'** (ગીતા ૧૨ । ૪)—'જેની અંદર બધા માટેના હિતની ભાવના છે, તેઓ પરમાત્મતત્ત્વને પ્રાપ્ત થાય છે' જેના અંતઃકરણમાં રાગ-દ્વેષ ન રહે અને બધાંના હિતની ભાવના જે સેવે છે, એની સમષ્ટિની સાથે એકતા સધાય છે.

ગીતામાં ભગવાને કહ્યું છે—**'सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥'** (ગીતા ૫ । ૨૯) 'મને પ્રાણીમાત્રનો મિત્ર માનનારને શાંતિ મળે છે' આવી સ્થિતિમાં જેનામાં બધાંને માટે હિતની ભાવના છે, જે બધાંને માટે સારો ભાવ જ રાખે છે અર્થાત્ જે **'सर्वे भवन्तु सुखिनः'**—બધાં જ સુખી બની રહે, **'सर्वे सन्तु निरामयाः'**—બધાં જ નીરોગી રહે, **'सर्वे भद्राणि पश्यन्तु'** બધાનું મંગલ જ મંગલ થાય, **'मा कश्चिद् दुःखभाग् भवेत्'**—કોઈને પણ લેશમાત્ર દુઃખ ન રહે—આવો ભાવ પોતાના મનમાં રાખે છે, એની આવી ભાવનાથી પ્રાણીમાત્રના સુહૃદ્ ભગવાનની ભાવનાની સાથે એકતા થઈ જાય છે. પરમાત્માની ભાવનાની સાથે એકતા થવાથી એની સરળતાથી જ પરમાત્માની સાથે અભિન્નતા થઈ જાય છે. પરંતુ જો એ અભિમાન કરે તો આ શક્તિ મળતી નથી.

શાસ્ત્રોનો આદેશ છે—દેવતાઓની પૂજા દેવતા બનીને કરવી **'देवो भूत्वा यजेद् देवम्'**. એ જ પ્રકારે મંત્રને સિદ્ધ કરવો હોય તો મંત્રનો પોતાનામાં ન્યાસ કરીને સ્વયં મંત્રરૂપ બનવું પડે છે. એ જ રીતે બધાંના હિતનો ભાવ જેના મનમાં રહે છે, એ પરમાત્મતત્ત્વને પ્રાપ્ત કરી લે છે. આથી સર્વનું હિત કરવા માટે હર ઘડીએ તત્પર રહેવું એ જ પરમાત્માને પ્રાપ્ત કરવાનો સૌથી શ્રેષ્ઠ સરળ ઉપાય છે.

શ્રીરામચરિતમાનસમાં શ્રીગોસ્વામીજી મહારાજ કહે છે—

सुर नर मुनि सब कै यह रीती । स्वारथ लागि करहिं सब प्रीती ॥

(કિષ્કિન્ધા૦ ૧૧ । ૧)

स्वारथ मीत सकल जग माहीं । सपनेहुँ प्रभु परमारथ नाहीं ॥
हेतु रहित जग जुग उपकारी । तुम्ह तुम्हार सेवक असुरारी ॥

(ઉત્તર૦ ૪૬ । ૩)

'સ્વાર્થ વગર હિત કરનારાઓ બે જ છે—એક આપ(ભગવાન) અને એક આપના ભક્ત.' આથી સ્વાર્થ વગર હિત કરવાની ભાવનાથી યુક્ત જીવ ભગવાનની જાતિના જ થઈ જાય છે. તત્ત્વતઃ છે તો બધાં એમની જાતિના પરંતુ સ્વાર્થવશ જડ પદાર્થોનો આશ્રય લેવાથી જીવ નિમ્ન જાતિનો બની ગયો. સંતોએ કહ્યું છે—

चाह चूहड़ी रामदास सब नीचनमें नीच ।
तू तो केवल ब्रह्म था, चाह न होती बीच ॥

ઇચ્છાથી જ જીવ નિમ્ન બની ગયો છે, કોઈ કવિની ઉક્તિ છે—**'हे श्रेष्ठसे भी श्रेष्ठ तू, पर चाह करके भ्रष्ट है.'** આથી આપણે બધાંએ ઇચ્છાઓનો ત્યાગ કરવો જોઈએ.

વ્યાપારીઓની લાભ તરફ જ પ્રવૃત્તિ હોય છે, નુકસાન તરફ નહિ. જો નાશવાન વસ્તુ આપણે અપનાવીશું તો એ વસ્તુનો નાશ તો થશે જ, એને ભોગવવાથી તમારું પણ પતન થશે. એને જો બીજાની સેવામાં મૂકી દેશો તો એ વસ્તુ સાર્થક બની જશે તેમજ તમારું પણ કલ્યાણ થશે. સંસારના બધાં પદાર્થ તમારાથી અલગ થનારા છે. અંતમાં એનાથી તમારો વિયોગ થશે જ, આ નિશ્ચિત છે. આથી એને બીજાની સેવામાં મૂકી દેવામાં આવે તો મરણધર્મી વસ્તુઓથી અમરતાની પ્રાપ્તિ થશે—**'मर्त्येनाप्नोति मामृतम् ॥'** (ભાગવત ૧૧ । ૨૯ । ૨૨) વસ્તુઓનો બહારથી જ ત્યાગ કરવો જરૂરી નથી, એમાંથી મમત્વ અને આસક્તિ હઠાવવી જોઈએ, બીજાનાં હિત માટે ઉપયોગી નીવડે એવો ભાવ હોવો જોઈએ. ભાવથી (પ્રેમથી) કલ્યાણ થાય છે, વસ્તુ ભલે પછી પોતાની પાસે જ કેમ ન પડી રહે. એનાથી વિપરીત જો આપણે આપણી સંપત્તિને સંપૂર્ણપણે બીજાના કામમાં વાપરી દઈએ, પરંતુ આપણી અંદર નિષ્કામભાવ ન હોય તો કલ્યાણ થશે નહિ. જેવી રીતે મરવાવાળો જીવ પોતાની માનેલી બધી વસ્તુઓને છોડીને જાય જ છે, એક દોરો પણ પોતાની સાથે લઈ જતો નથી, તોપણ એનું કલ્યાણ થતું નથી. હવે પ્રશ્ન એ થાય છે કે ભાવ શું છે ? ભાવનું તાત્પર્ય એ છે કે જેનો અવશ્ય વિયોગ થવાનો છે, એવી વસ્તુને પોતાની ન માનવી. આપણે આ વિચારવું જોઈએ—'સંસાર પરમાત્માનો છે, અહીંયાંની બધી જ વસ્તુઓ એમની છે. મારી કહેવામાં આવતી વસ્તુઓ પણ એમની છે. આથી આ વસ્તુઓ દ્વારા હું કેવી રીતે બધાંનું હિત કરું—બધાંનું ભલું કરું. મારી કહેવામાં આવતી વસ્તુઓ—ધન-સંપત્તિ, પદ-અધિકાર વગેરે આ બધી (વસ્તુઓ) કેવી રીતે બીજાની સેવામાં મૂકી દેવાય.' જેવી રીતે લોભી માણસના મનમાં લોભ રહે છે કે કેવી રીતે વધારે ધન મળે, એવી રીતે મનુષ્યના મનમાં આ લોભ જાગ્રત થવો જોઈએ કે એની કહેવામાં આવતી વસ્તુઓ કેવી રીતે બધાંની સેવામાં મૂકી શકાય. આવો ભાવ થવા છતાં પણ બધે બધી વસ્તુઓ આપણે બીજાઓની સેવામાં વાપરી શકીશું નહિ; કેમ કે તેમનો અભાવ નહિ થશે, તેમનામાં ઘટ નહિ આવશે.

સારા-સારા વિચારકો તેમજ ધનિકો પાસેથી સાંભળ્યું છે કે ધન કમાવવામાં એટલી મુશ્કેલી નથી, જેટલી એની આવશ્યકતા યોગ્ય જગ્યા ઉપર હોય ત્યાં વાપરવામાં

થાય છે—એનો સદુપયોગ કરવામાં થાય છે. જેવી રીતે સમયરૂપી અમૂલ્ય ધન બધાને મળ્યું છે, પરંતુ એનો સદુપયોગ કરવામાં મુશ્કેલી છે. લોકોમાં વધુ ધન કમાવાની જ લગની રહેલી છે, એના યોગ્ય ઉપયોગની નહિ. બીજાની તો વાત જ ક્યાં, સત્સંગ કરનારા ભાઈ-બહેનોમાં પણ વધારે સત્સંગ ક્યાંથી મળે, સારામાં સારી રીતે વાત સાંભળવાની ક્યાંથી મળે—આ લગની તો રહેલી જ હોય છે, પરંતુ સાંભળેલી વાતોને આપણે અમલમાં કેવી રીતે મૂકીએ, એ તરફ દૃષ્ટિ ઓછી રહે છે. પરંતુ વાસ્તવમાં સાંભળેલી બાબતોને અનુકૂળ આચરણ થાય—આ બાબતની લગની વધારે રહેવી જોઈએ. સત્સંગ અને સત્-શાસ્ત્ર અનુસાર જીવન બની રહ્યું નથી—એનું દુઃખ રહેવું જોઈએ.

કેટલાક લોકોના મનમાં આ ભાવ રહે છે કે અમારી પાસે ધન ઘણું થાય તો એના દ્વારા આપણે પુણ્ય કરીએ, આથી એ ધનના સંગ્રહમાં લાગી રહે છે. પરંતુ નીતિ કહે છે કે 'ધર્મને માટે ધન-સંગ્રહનો પ્રયત્ન કરવો તો દૂર, ઇચ્છા કરવી એ પણ યોગ્ય નથી.' ધ્યાન રાખો—યજ્ઞ-દાન વગેરે કરવા માટે પણ ધનની ઇચ્છા કરવી એ ભૂલ છે. એનાથી વિપરીત, જે કંઈ પણ આપણી પાસે છે, તેનો સદુપયોગ કેવી રીતે કરવો—આ વિચાર કલ્યાણ કરનારો છે. નીતિમાં કહ્યું છે—

धर्मार्थं यस्य वित्तेहा वरं तस्य निरीहता ।
प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम् ॥
(पंचतंत्र)

ધર્મને માટે ધન કમાવું એવું છે, જેવી રીતે કોઈ એ વિચારીને પોતાના કપડાં ગટરના કાદવથી બગાડે છે કે ઘરમાં પાણીનો નળ છે જ એનાથી કાદવ ધોઈ લઈશ. આવી મૂર્ખતા કરનારો એ નથી વિચારતો કે એનાં કપડાં પહેલેથી જ ધોયેલાં છે, એને કાદવની ગટરમાં બગાડીને ફરીથી ધોવાનો પરિશ્રમ શા માટે કરવો જોઈએ ? એવી જ રીતે શુભ કામ માટે પણ ધનની ચિંતા કેમ કરવી ? હા, ધન-વિદ્યા-બળ-બુદ્ધિ વગેરે જે પ્રાપ્ત છે, એનો સદુપયોગ અવશ્ય કરવો જોઈએ. (ધન તો આજે છે અને કાલે નથી) ધન આવવા-જવાવાળી વસ્તુ છે. તમે હમેશાં રહેનારા આત્મા (અવિનાશી) છો, આથી ધન તમને શું સુખ આપશે ? માટે એની (ધનની) ઇચ્છા કરવી, કાદવથી પોતાના કપડાં ધોવા બરાબર નથી તો શું છે ! અહીંયાં એક વાત વધારે વિચારણીય છે—કાદવ અને શરીર એક જ જાતિના છે—પ્રકૃતિના વિકાર (કાર્ય) છે, જ્યારે તમે ચિન્મય (પરમાત્મા) છો. ધન જડ તેમજ નાશવાન છે, એના દ્વારા ચિન્મયતાની (પરમાત્માની) પ્રાપ્તિ થવાની નથી, પરંતુ જડતા ત્યજી દેવાથી ચિન્મય (પરમાત્મા) ની પ્રાપ્તિ થાય છે. ધન દ્વારા આપણે ભગવાનને ખરીદી લઈશું આવું વિચારવું ભૂલભરેલું છે. ધન-સંપત્તિની વાત તો દૂર રહી, ભગવાન તો કહે છે—**'नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।'** (ગીતા ૧૧ । ૫૩)—યજ્ઞોના દ્વારા ભગવાનને જોઈ શકાતા નથી. વેદાધ્યયન દ્વારા આપણે ભગવાનને પ્રાપ્ત કરી લઈશું, એવું નથી થવાનું, આટલું ધન દાન કરી દઈશું તો ભગવાન મળી જશે—આ પણ સંભવ નથી, આટલી તપસ્યા કરવાથી ભગવાનની પ્રાપ્તિ થઈ જશે—આ પણ માત્ર ખોટી આશા છે. ભગવાન કહે છે 'આનાથી મારી પ્રાપ્તિ થતી નથી' હા, આ જડ પદાર્થ સાથેનો સંબંધ તૂટતાં જ પરમતત્ત્વ (ચિન્મયતત્ત્વ) આપમેળે બચી રહેશે.

આ વિષય પર કોઈ પ્રશ્ન કરી શકે—'તમે કહો છો કે યજ્ઞ, દાન, તપ વગેરેથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી'. પણ શ્રીભગવાન કહે છે—

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥
(ગીતા ૯ । ૨૭)

'હે અર્જુન ! તું જે કંઈ કર્મ કરે છે, જે કંઈ પણ ખાય છે, જે હવન કરે છે, જે કંઈ દાન આપે છે, જે કંઈ સ્વધર્માચરણરૂપ તપ કરે છે, એ બધું મને અર્પણ કર.'

—જે કંઈ પણ કરો તે અર્પણ કરી દો, એનાથી તમે **'शुभाशुभफलैरेवं मोक्ष्यसे'** (ગીતા ૯ । ૨૮)—'શુભ-અશુભ (કર્મના) ફળમાંથી છૂટી જશો.' આનું સમાધાન શું છે ? આના ઉત્તરમાં એ છે કે અહીંયાં બધું જે કંઈ પણ (હોય) તે ભગવાનને અર્પણ કરવાનો અભિપ્રાય છે—યજ્ઞ, દાન-તપ વગેરે જે કંઈ પણ તમે કરો છો, એને પોતાનું ન માનો. આનાથી સારાંશ એ નીકળે છે કે આના દ્વારા ભગવાનની પ્રાપ્તિ થતી નથી, મમત્વના ત્યાગથી જ (ભગવાનની પ્રાપ્તિ) થાય છે—

त्यागाच्छान्तिरनन्तरम् । (ગીતા ૧૨ । ૧૨)
त्यागेनैके अमृतत्वमानशुः । (કૈવલ્ય-ઉપ૰ ૩)

શ્રુતિ અને સ્મૃતિ—બન્ને જ કહે છે કે ત્યાગ કરવાથી ભગવાન મળે છે. પોતાનો સ્વાર્થ અને અભિમાન છોડીને બીજાના હિતનો પ્રયત્ન કરવો એ જ 'ત્યાગ' છે.

જેવી રીતે બીજને વાવવાથી ખેતી થાય છે તથા તેનું ભક્ષણ કરવાથી એનો નાશ થાય છે, એ જ પ્રમાણે સુખ-સમૃદ્ધિ ધનને (ભોગોને) બીજાની સેવામાં વાપરવાથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જીવની ઉન્નતિ થાય છે અને પોતાના માટે વાપરવાથી નાશ એટલે કે પતન થાય છે.

અહીંયાં શંકા થાય છે—'શું ધન વગેરેનો ઉપયોગ પણ ન કરીએ ?' આનો જવાબ એ છે—'તમે પવિત્ર વસ્તુનો ઉપયોગ કરી શકો છો.' યજ્ઞશિષ્ટ—યજ્ઞમાં વધેલી સામગ્રી પવિત્ર હોય છે. કેવળ પોતાના માટે ભોજન રાંધનારના સંબંધમાં ભગવાન કહે છે—'એ પાપી પાપને જ ખાય છે'—

ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ।
(ગીતા ૩ । ૧૩)

શ્રુતિ કહે છે—

કેવલાદી ભવતિ કેવલાદી ।

આથી બધાને આપવાનો ભાવ મનમાં હોવાથી બધાને આપવાની ઇચ્છા પણ થશે તથા સ્વયં પણ નિર્વાહ માટે (વાપરવા માટે) અન્ન-વસ્ત્ર વગેરેનો ઉપયોગ કરી શકશો. માત્ર અન્ન-વસ્ત્રાદિની જ વાત નથી, આનાથી વિશેષ તમે જાણતા હોય તો તેનો ઉપયોગ પણ બધાનાં હિત માટે કરી શકાય. આ જ ભાવ મનમાં હોવો જોઈએ—'બધાનું કલ્યાણ કેવી રીતે થાય ?' બધા માટે હિતની ભાવના ભગવાનને પ્રાપ્ત કરાવી દે છે. ભગવાન અને ભગવાનના ભક્ત કારણ વગર હિત કરનારા છે—**'હેતુ રહિત જગ જુગ ઉપકારી'.** આ પ્રમાણે જો કોઈકના હૃદયમાં બધાં માટે હિતનો ભાવ જન્મે તો એનું કલ્યાણ નિશ્ચિત છે; કારણ આવા લોકો માટે ભગવાન કહે છે—**'મમ સાધર્મ્યમાગતાઃ ।'** (ગીતા ૧૪ । ૨)— તેઓ (બધાં) મારા સહધર્મી બની જાય છે.

તુચ્છ વસ્તુઓની સાથે સંબંધ બાંધવાથી આપણે તુચ્છ બની જઈએ છીએ; સર્વસુહૃદ્ પરમાત્માની સાથે સંબંધ બાંધવાથી આપણે સારા બનીએ જ છીએ. ભગવાનને ધરાવવામાં આવેલો ભોગ (પ્રસાદ) શુદ્ધ, પવિત્ર બની જાય છે. તેમને (ભગવાનને) પતાસાં જેવી સાધારણ વસ્તુનો પણ ભોગ (પ્રસાદ) ધરાવામાં (ચઢાવવામાં) આવે તો એને (પતાસાં) લેવા માટે મોટા કહેવાતા ધનિકો પણ હાથ ફેલાવે છે. કેમ ? શું તે મીઠાઈના ભૂખ્યા છે ? શું એમને પતાસાં મળતાં નથી ? તો પછી વાત શું છે ? ભગવાનને ધરાવવામાં-(ચઢાવવામાં) આવેલી વસ્તુ પવિત્ર બની જાય છે, એનું મહત્ત્વ વધી જાય છે. આ પ્રમાણે જે બધું ભગવાનને અર્પણ કરી દે છે અર્થાત્ બધાં પરથી (બધી વસ્તુ પરથી) મોહ (માયા) હઠાવી લે છે, તેનું બધેબધું પવિત્ર બની જાય છે. કેવી સરળ અને સુગમ વાત છે. માત્ર ભાવ બદલવાનો છે, ભાવનું પરિવર્તન થવાથી મોટું અંતર પડી જાય છે ! વ્યાપારી જાણે છે કે ખરીદેલી વસ્તુ જેની પાસેથી ખરીદેલી છે એની પાસે કેમ ન પડી રહે, એનો ભાવ વધવાથી આપણે ધનિક બની જઈશું અને ભાવ નીચા જવાથી આપણને નુકસાન થશે. બજારના ભાવને બદલવા એ આપણા હાથમાં નથી, પરંતુ આપણા મનના ભાવને બદલવો તો આપણા હાથમાં છે. આથી મનના ભાવને બદલીએ—એને ઊંચે લાવીને આપણે માલામાલ—કૃતાર્થ બની શકીએ છીએ, એને માટે જ આપણને આ માનવ-શરીર મળ્યું છે.

જેવી રીતે તિજોરીનું તાળું આપણી તરફ ફરતાં જ બંધ થઈ જાય છે અને આપણી વિરુદ્ધ દિશામાં ફરતાં જ ખુલી જાય છે, એ જ પ્રમાણે પરમાત્મા બધે જ પરિપૂર્ણ છે, એમની સંપત્તિ આપણને મળે—આ ભાવથી આપણે એના પર તાળું લગાવી દઈએ છીએ. એનાથી વિરુદ્ધ આપણો ભાવ એ થઈ જાય કે એની સંપત્તિ બધાને મળે તો તાળું ખુલી જાય છે. સાચા હૃદયથી પરમાત્મા તરફ ચાલવાવાળાની બાબતમાં સાંભળ્યું છે કે ભણ્યાગણ્યા વિના લોકોનાં હૃદયમાં પણ શ્રુતિ-સ્મૃતિઓની તાત્ત્વિક વાત સ્ફુરિત (કેલાઈ અથવા સમજાઈ) થઈ જાય છે. આવું કેમ બને છે? કારણ કે એ જ્ઞાન આપણા માટે જ છે. ભગવાનના કામમાં તો આવતું નથી, કારણ જ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે અને ભગવાન અજ્ઞાની છે જ નહિ, આથી શાસ્ત્રોની વાતો ભગવાનના કામમાં આવતી નથી. એ બધેબધું જ્ઞાન આપણા માટે જ છે. પદાર્થની (વસ્તુની) ઇચ્છા રાખવાથી એનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. ભગવાન તરફથી આ નિષેધ નથી કે પદાર્થોની (વસ્તુઓની) ઇચ્છા રાખનારાઓને એ (પરમાત્મા) જ્ઞાન આપશે નહિ; પરંતુ પદાર્થોની ઇચ્છા રાખનારો જ્ઞાનને પામી શકતો નથી. પદાર્થોને, ભોગોને પકડી-પકડીને જ આપણે જ્ઞાન ઇચ્છીશું તો એ મળવાનું નથી.

સંતોએ બે કીડીઓનું દૃષ્ટાંત આપ્યું છે. એક મીઠાના ઢગલા પર રહેનારી કીડીની એક ખાંડના ઢગલા પર રહેનારી કીડી સાથે દોસ્તી થઈ ગઈ. દોસ્તીના સંબંધથી એ (મીઠા પર રહેનારી કીડી) એને પોતાના મીઠાના ઢગલા પર લઈ ગઈ અને કહ્યું—'ખાઓ !' તેણે (ખાંડના ઢગલા પર રહેનારીએ) કહ્યું—'શું ખાઈએ, આ પણ કોઈ ગળ્યો પદાર્થ છે શું ?' મીઠાના ઢગલા પર રહેનારીએ એને પૂછ્યું કે 'ગળ્યો પદાર્થ શું હોય છે, આનાથી પણ ગળ્યો કોઈ પદાર્થ છે શું ?' ત્યારે ખાંડ પર રહેનારી કીડીએ કહ્યું—'આ તો ગળ્યો છે જ નહિ. ગળ્યું તો આનાથી ભિન્ન (અલગ) જ જાતનું હોય છે' પરીક્ષા કરાવવાને માટે ખાંડ ઉપર રહેનારી કીડી બીજી કીડીને પોતાની સાથે લઈ ગઈ. મીઠા પર રહેનારી કીડીએ વિચાર્યું કે 'હું કયાંક ભૂખી ન રહી જાઉં' નાની મીઠાની ગાંગડી પોતાના મોંમાં પકડી લીધી. ખાંડ ઉપર પહોંચીને ખાંડ મોંમાં નાંખવાથી પણ મીઠી નહિ લાગી. ખાંડ પર રહેનારી કીડીએ પૂછ્યું—'મીઠું લાગે છે ને ?' તે બોલી 'હા-માં-હા તે કેવી રીતે મેળવી દઉં ? ખોટું તો નહિ માનશે ને ? મને તો કોઈ ફરક નથી લાગતો, તેવો જ સ્વાદ આવે છે.' તે ખાંડ પર રહેનારી કીડીએ વિચાર કર્યો—'શું વાત છે ? આને તેવો જ મીઠાનો સ્વાદ કેમ આવી રહ્યો છે !' તેણે ખાંડ પોતે ચાખી જોઈ, મીઠી હતી. તે વિચારવા લાગી—'વાત શું છે !' એણે પૂછ્યું—'આવતી વખતે તેં મોંમાં કશું રાખી તો નથી લીધું ને ?' એથી તે બોલી—'ભૂખી ન રહી જાઉં, એટલા માટે નાનો મીઠાનો ટુકડો મોમાં નાખી લીધો હતો' એણે કહ્યું—'કાઢી નાખ.' જ્યારે તેણે મીઠાનો ગાંગડો મોંમાંથી કાઢી નાંખ્યો, ત્યારે બીજીએ કહ્યું—'હવે ચાખ આને.' આ વખતે એણે ચાખ્યું તો ચીપકી જ ગઈ. પૂછ્યું—'કેવું લાગે છે ?' તો તે ઇશારાથી બોલી—'બોલો નહિ, ખાવા દો.'

એ જ રીતે સત્સંગી ભાઈ-બહેન સત્સંગની વાત તો

સાંભળે છે, પરંતુ ધન, માન-મોટાઈ, આદર-સત્કાર વગેરે પકડી પકડીને સાંભળે છે. સાધના કરનારો, એનામાં રસ લેનારો તેમને પૂછે છે—'કેમ ? કેવો આનંદ છે ?' ત્યારે હા માં હા તો મેળવી દે છે પણ તેમને રસ કેવી રીતે આવે ? મીઠાની ગાંગડી મોઢામાં પકડી છે. મનમાં હેતુ તો છે ધન વગેરે પદાર્થોના સંગ્રહનો, ભોગોનો અને માન-પદ વગેરેનો. આથી એમનો હેતુ ન રાખીને કેવળ પરમાત્માની પ્રાપ્તિનો જ હેતુ રહેવો જોઈએ.

ધન-સંપત્તિ વગેરે બધા પદાર્થ સાથે તો આવવાના નથી, એને કામમાં લઈ લો, જેમ કોઈ માર્ગને તાળું લગાવવા ઇચ્છે તો પણ તાળું લગાવવાથી શું લાભ ? માર્ગ તો આવવા-જવા માટે છે, એનો ઉપયોગ કરવો જોઈએ. એ જ પ્રમાણે આ બધા સાંસારિક પદાર્થ પણ આવવા-જવાવાળા છે. એને પોતાના કામમાં પણ લો અને બીજાઓને પણ એમનો ઉપયોગ કરવા દો. પરંતુ આપણો હેતુ સંગ્રહ કરવાનો અને ભોગ ભોગવવાનો હોવાથી આપણી અંદર આસુરી સંપત્તિ પેદા થાય છે. આસુરી સંપદાવાળા કહે છે—'બસ ભોગ ભોગવવામાં જ બધું કાંઈ છે.'—**'કામોપભોગપરમા એતાવદિતિ નિશ્ચિતાઃ'** (ગીતા ૧૬ । ૧૧); સમજુ લોકો કહે છે—'ભાઈ ! વિચાર કરો, એમની સાથે આપણો સંબંધ કેટલા દિવસ રહેશે ?' સારામાં સારાં કપડાં પહેરો, જરા પણ કરચલી પડી જાય તો સહન થતું નથી. ભોગોમાં આપણે કેટલા રચ્યા-પચ્યા છીએ કે કપડામાં કરચલી પડી જાય—એવી તુચ્છ વાત પણ સહન થતી નથી. સારાં કપડાં પહેરવાનો વિરોધ નથી, સમયાનુસાર કપડાં પહેરવાં એ ખરાબ પણ નથી. પરંતુ એવાં જ કપડાં પહેરવાં જરૂરી નથી. આપણે ગમે તેટલી પણ સાવચેતી ભલે રાખીએ, કપડાં જૂનાં અને મેલાં તો થશે જ. ભોગને ભોગવવાનું જ્ઞાન તો પશુ-પક્ષીઓમાં પણ છે, મનુષ્યને ભગવાને વિવેક-શક્તિ આપી છે, સારું-ખરાબ જાણવાની શક્તિ આપી છે. તેવી શક્તિને પોતાના સુખ-ભોગમાં તેમજ બીજાના અહિતમાં ન વાપરવી. ઋષિ-મુનિઓએ બધાના કલ્યાણ માટે પોતાની બુદ્ધિ વાપરી છે, એટલા માટે તેઓ મહાન બની ગયા. યુદ્ધ વગેરેમાં માયાવી શક્તિઓનો, લુચ્ચાઈ વગેરેનો પ્રયોગ રાક્ષસોમાં—અસુરોમાં જ જોવા મળે છે. આ બધાનો પ્રયોગ ઋષિ-મુનિઓએ નથી કર્યો. ધન-સંપત્તિનો સંગ્રહ પણ યક્ષ-રાક્ષસ જ કરતા હતા. એનો એવો અર્થ પણ નથી કે કોઈ ધન-સંગ્રહ ન કરે, ધન-સંપત્તિ ન રાખે. કહેવાનું તાત્પર્ય એ છે કે એનો સદ્‌ઉપયોગ કરવો. ધન-સંપત્તિ, વિદ્યા, બળ, બુદ્ધિ વગેરેનું મહત્ત્વ નથી, એમના ઉપયોગનું મહત્ત્વ છે.

નીતિનો એક શ્લોક છે—

વિદ્યા વિવાદાય ધનં મદાય શક્તિઃ પરેષાં પરિપીડનાય ।
ખલસ્ય સાધોર્વિપરીતમેતજ્જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય ॥

'દુર્જનની વિદ્યા વિવાદને માટે, ધન ઘમંડ પેદા કરવા માટે તથા શક્તિ બીજાને પીડા આપવા માટે હોય છે; એનાથી વિપરીત સત્પુરુષની પાસે રહેલી વિદ્યા એને જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે, એમનું ધન દાન રૂપે ખર્ચાય છે અને એમની શક્તિ બીજાના રક્ષણને માટે કામમાં આવે છે અને એનાથી જીવનું કલ્યાણ થઈ જાય છે.'

આથી આપણી પાસે શક્તિ, સમય, સામગ્રી અને સમજ જે કંઈ જેટલું છે, વધારે છે કે ઓછું—આનાથી કંઈ પ્રયોજન નથી, તેને સઘળાં પ્રાણીમાત્રના હિતમાં લગાવી દો. બધી ભગવાનની જ પ્રજા છે, આથી બધાનાં હિતમાં આપણી શક્તિ વગેરે વાપરીએ તો ભગવાનની જે શક્તિ છે, એ આપણને મળી જશે; કારણ કે ભગવાનની પ્રતિજ્ઞા છે—

યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥
(ગીતા ૪ । ૧૧)

એટલું જ નહિ, તેને ભગવાન પણ પ્રાપ્ત થાય છે. સત્સંગ સાંભળ્યા પછી સાંભળેલી વાતનો ઉપયોગ કેવી રીતે કરવો, એને માટે જ વિશેષરૂપે પ્રયત્ન કરવો. એનો આ મતલબ નથી કે સત્સંગની વાત સાંભળીએ જ નહિ. સાંભળવાની તો છે જ, સાંભળવાથી જ સાંભળેલી વાતને ઉપયોગમાં લેવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે, પરંતુ જે કંઈ સાંભળ્યું છે, તેને ઉપયોગમાં લેવાનો પ્રયત્ન વિશેષરૂપે કરવો જોઈએ.

ટુંકમાં એમ કહી શકાય કે પરમાત્માનો અંશ હોવાથી જીવને પોતાની સ્થિતિથી સંતોષ થતો નથી, એ ઊર્ધ્વગતિ કરવા માગે છે. પરંતુ જ્યાં સુધી પરમાત્માને પ્રાપ્ત ન કરી શકે ત્યાં સુધી એને પૂર્ણ સુખ-સંતોષ પ્રાપ્ત થઈ શકશે નહિ. ઉપર જણાવ્યા પ્રમાણે કટિબદ્ધ થઈને સાધના કરવાથી મનુષ્ય પોતાની સ્થિતિમાંથી ઊર્ધ્વગતિ પામી શકે છે અને પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. એ મનુષ્ય-શરીર વડે જ સંભવ છે, કારણ કે પરમાત્માએ આ મનુષ્ય-શરીર પોતાની પ્રાપ્તિ માટે જ આપ્યું છે અને સાથે જ એને માટે ઉપયોગી સાધન-સામગ્રી પણ પૂરી આપી છે. આથી આપણે લોકોએ પરમાત્માની પ્રાપ્તિને માટે જ વિશેષ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

****

ભગવત્પ્રાપ્તિને માટે ભવિષ્યની અપેક્ષા નથી

એક ઘણી જ માર્મિક વાત છે, જેની તરફ સાધકોનું ઘણું ઓછું ધ્યાન જાય છે. જો તે પર વધુ ધ્યાન આપવામાં આવે તો ઝડપથી ભારે મોટો લાભ થઈ શકે છે.

સાધકોમાં એક ખોટી ધારણા દૃઢપણે મૂળ ઘાલીને બેઠી છે કે જે રીતે દુનિયાદારીનું કોઈ કામ કરતાં-કરતાં થાય છે, તત્કાળ થતું નથી; તે જ પ્રમાણે એટલે કે તે જ રીતે ભગવાનની પ્રાપ્તિ પણ સાધન કરતાં-કરતાં થાય છે, તત્કાળ થતી નથી. આવી ધારણા જ ભગવાનની પ્રાપ્તિમાં વિલંબ કરી રહી છે. જેવી રીતે કે કોઈ બાળક માની પાછળ પડી જાય કે મને તો હમણાં ને હમણાં જ લાડુ આપ તો લાડવો બનેલો ન હોય તો મા એને તત્કાળ લાડુ કેવી રીતે બનાવીને આપશે ? જો કે માનો પોતાના બાળક પ્રત્યે ભારે પ્રેમ, ખૂબ પ્યાર છે; કેમ કે તેને તેના બાળક કરતાં વહાલું બીજું કોણ હોય ? તેમ છતાં પણ લાડુ બનાવવામાં વખત તો લાગશે જ. તે જ પ્રમાણે કોઈ જગ્યાએ જવાનું હોય, કોઈ વસ્તુને સુધારવી હોય, કોઈ વસ્તુને બદલવાની હોય—આ બધામાં સમય તો લાગે જ. તાત્પર્ય એ છે કે દુન્યવી ચીજો મેળવવામાં તો સમય લાગે છે; પરંતુ ભગવાનને મેળવવામાં સમય લાગતો નથી—આ એક ખૂબ માર્મિક વાત છે.

આપણે બધેબધા પરમાત્મારૂપી કલ્પવૃક્ષની છાયામાં રહીએ છીએ, આ કલ્પવૃક્ષની છાયામાં રહીને જો આપણે એવો ભાવ રાખીએ છીએ કે ઘણી સાધના કરવાથી ભવિષ્યમાં ક્યારેક ભગવાન પ્રાપ્ત થશે તો આપણી ધારણા મુજબ ભગવાન ભવિષ્યમાં જ કદીક મળશે. જો આપણે એવો ભાવ રાખીએ કે ભગવાન તો અત્યારે જ મળશે તો તેઓ અત્યારે જ મળી જશે. ભગવાને પોતે કહ્યું પણ છે—

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

(ગીતા ૪ । ૧૧)

'જે મને જે પ્રકારે ભજે છે, હું પણ તેને તે જ રીતે ભજું છું.'

આમ ભગવાનની પ્રાપ્તિમાં ભવિષ્ય નથી. આપણા લોકોની ભાવનામાં જ ભવિષ્ય છે.

આ બાબતમાં એક વાત ખાસ અગત્યની છે કે સંસારમાં જેટલાં પણ કામો છે, તે બધેબધાં થનારાં કે બગડનારાં છે. થનાર કામમાં વાર લાગે છે પણ થયેલા (હાજર) કામમાં વાર કેવી રીતે લાગી શકે ? પરમાત્મા પણ હાજર છે અને આપણે પણ હાજર છીએ. તેમની અને આપણી વચ્ચે દેશ-કાળ વગેરેની કોઈ પણ આડશ નથી; તો પછી પરમાત્માની પ્રાપ્તિમાં વાર કેમ લાગવી જોઈએ ?

ભગવાન સર્વ સમયે, સર્વે દેશ (સ્થળે), સઘળી ચીજોમાં તથા સર્વે જીવોમાં હાજર છે. સમય, સ્થળ, વસ્તુ, પ્રાણી, વગેરે બધેબધા બદલાનારા છે એટલે કે નિરંતર રહેતા નથી. એથી વિરુદ્ધ આપણે (પોતે) પણ નિરંતર રહેનારા છીએ અને ભગવાન પણ. એવા ભગવાનને પ્રાપ્ત કરવાને માટે આપણે એવી માન્યતા બાંધી લીધી કે જ્યારે દુનિયાનું કોઈ સામાન્ય કામ પણ જલદી થતું નથી, તો જેઓ મહાન છે, એવા ભગવાનની પ્રાપ્તિનું કામ જલદી કેવી રીતે થઈ જશે ? પણ વાસ્તવિકતા એ છે કે જે વસ્તુ જેટલી ઊંચી તે તેટલી જ સહજ-સુલભ પણ હોય છે. ભગવાન સૌને માટે છે અને સૌને પ્રાપ્ત થઈ શકે છે. ખુદ આપણે જ ભગવાનની પ્રાપ્તિમાં આડખીલી ઊભી કરી છે કે તે વૈરાગી-ત્યાગી માણસોને જ મળે છે, આપણને ગૃહસ્થીઓને કેવી રીતે મળશે ? તેઓ જંગલમાં રહેનારાઓને મળે છે, આપણને શહેરમાં રહેનારાઓને કેવી રીતે મળશે ? કોઈ સારા ગુરુ નહિ મળશે તો ભગવાન કેવી રીતે મળશે ? કોઈ શ્રેષ્ઠ સાધન નહિ કરીએ તો ભગવાન કેવી રીતે મળશે ? આજકાલ ભગવત્પ્રાપ્તિનો માર્ગ બતાવવાવાળા કોઈ સારા મહાત્મા પણ નથી રહ્યા તો અમને ભગવાન કેવી રીતે મળશે ? આપણા નસીબમાં જ નથી તો ભગવાન કેવી રીતે મળશે ? આપણે અધિકારી જ નથી તો ભગવાન આપણને કેવી રીતે મળશે ? અમારાં કર્મ એવાં નથી તો ભગવાન અમને કેવી રીતે મળશે ? આ જાતની કંઈ કેટલીય આડશો આપણે પોતે જ ઊભી કરી રાખેલી હોય છે. ભગવાનને આપણે આવી આડશોની, પહાડોની નીચે દબાવી દીધા છે! એ હાલતમાં બિચારા ભગવાન શું કરે ? આપણને કેવી રીતે મળે ?

પાર્વતીએ 'તપ કરવાથી જ શિવજી મળશે !' એવો ભાવ રાખીને જ પોતે જ શિવજીની પ્રાપ્તિમાં આડશ ઊભી કરી દીધી હતી; એ કારણે જ એમને તપ કરવું પડ્યું.* તપનો ભાવ અંદર રહેવાને કારણે તપ કરવાથી જ શિવજી

---

* પાર્વતીના મનમાં પહેલાં જ એવો ભાવ થઈ ગયો હતો કે શિવજી મળવા મુશ્કેલ છે—

ઉપજેઉ સિવ પદ કમલ સનેહૂ । મિલન કઠિન મન ભા સંદેહૂ ॥ (માનસ ૧ ।૬૮ । ૩)

બાદમાં દેવર્ષિ નારદે કહી દીધું કે તપ કરવાથી જ શિવજી મળી શકે છે—

દુરારાધ્ય પૈ અહહિ મહેસૂ । આસુતોષ પુનિ કિએઁ કલેસૂ ॥

જૌ તપુ કરૈ કુમારિ તુમ્હારી । ભાવિઉ મેટિ સકહિં ત્રિપુરારી ॥ (૧ । ૭૦ । ૨–૩)

મળ્યા. આ પ્રમાણેના ભાવને લીધે જ ધ્રુવને છ મહિનાની તપશ્ચર્યા પછી ભગવાન મળ્યા. ભગવાનના મળવામાં ખરેખર કંઈ વાર નથી લાગી. જે સમયે એવો ભાવ થયો કે હવે હું ભગવાન વિના રહી શકતો નથી, તે જ સમયે ભગવાન મળી ગયા.

કોઈ લાયકાતના બદલામાં ભગવાન મળશે, એ ધારણા તદ્દન ખોટી છે. એ સિદ્ધાંત છે કે કોઈ કિંમતના બદલામાં જે ચીજ પ્રાપ્ત થાય છે, તે વાસ્તવમાં તે કિંમત કરતાં ઓછી કિંમતની જ હોય છે. જો દુકાનદાર કોઈ ચીજ ૧૦૦ રૂપિયામાં વેચતો હોય તો દેખીતું જ છે કે દુકાનદારે તે વસ્તુ ૧૦૦ રૂપિયાથી ઓછી કિંમતે ખરીદી હશે. તે જ રીતે જો આપણે એમ માનીએ છીએ કે વિશેષ યોગ્યતા અથવા સાધન, યજ્ઞ-દાન વગેરે મોટાં મોટાં કર્મોથી ભગવાન મળે છે તો ભગવાન એનાથી ઓછી કિંમતના જ થયા ! પણ ભગવાન કોઈથી ઓછી કિંમતના નથી*, તેથી તેઓ કોઈ સાધન-સંપત્તિથી ખરીદી શકાય નહિ†. જો કોઈ કિંમતના બદલામાં ભગવાન મળતા હોય એવા ભગવાન મળીને પણ આપણને શું ન્યાલ કરવાના ? કેમ કે તેમનાથી ચઢિયાતી (વધારે કિંમતની) ચીજો લાયકાત, તપ-દાન વગેરે તો આપણી પાસે પહેલેથી જ છે !

આપણે જેવા ઇચ્છીએ છીએ, તેવા જ ભગવાન આપણને મળે છે. બે ભક્તો હતા. એક ભગવાન શ્રીરામનો ભક્ત હતો, બીજો ભગવાન શ્રીકૃષ્ણનો. બંને પોત-પોતાના ભગવાન (ઇષ્ટદેવ)ને શ્રેષ્ઠ દર્શાવતા હતા. એક વાર તેઓ જંગલમાં ગયા. ત્યાં બંને ભક્તો પોત-પોતાના ભગવાનને પોકારવા લાગ્યા. તેમનો ભાવ એવો હતો કે બંનેમાંથી જે ભગવાન વહેલા આવી જાય, તે જ શ્રેષ્ઠ છે. તેથી તેમના ભક્તે તેમને શ્રેષ્ઠ બનાવી દીધા. થોડી વારે શ્રીરામ પણ પ્રગટ થયા. તેથી તેમના ભક્તએ કહ્યું કે આપે મને હરાવી દીધો; ભગવાન શ્રીકૃષ્ણ તો પહેલાં આવી ગયા અને આપ મોડા આવ્યા, તેથી મારું અપમાન થઈ ગયું. ભગવાન શ્રીરામે તેમના ભક્તને પૂછ્યું—'તેં મને કયા સ્વરૂપે યાદ કર્યો હતો ?' ભક્ત બોલ્યો—'રાજાધિરાજના સ્વરૂપે'. ત્યારે ભગવાન શ્રીરામ બોલ્યા—'વગર સવારીએ રાજાધિરાજ કેવી રીતે આવી શકે. પહેલાં સવારી તૈયાર થાય, ત્યાર પછી જ તે આવે.' કૃષ્ણ-ભક્તને પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું—'મેં તો મારા ભગવાનને ગાયોના ચરાવનારાના રૂપમાં યાદ કર્યા હતા કે તેઓ અહીંયાં જંગલમાં ગાયો ચરાવતા હશે' તેથી તે બોલાવતાં તરત જ પ્રગટ થઈ ગયા.

દુઃશાસને ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચ્યાં તેથી દ્રૌપદીએ '**द्वारकावासिन् कृष्ण**' કહીને ભગવાનને પોકાર્યા, તેથી ભગવાનને આવતાં થોડી વાર લાગી. એથી ભગવાને દ્રૌપદીને કહ્યું કે તેં મને '**द्वारकावासिन्**' (ખેતલે કે દ્વારકામાં રહેવાવાળા) કહીને પોકાર્યા, તેથી મારે દ્વારકા જઈને પછી ત્યાંથી આવવું પડ્યું, જો તું એમ કહેત કે અહીંયાંથી જ આવી જાઓ તો હું અહીંયાંથી જ પ્રગટ થઈ જાત.

ભગવાન સર્વ સ્થળે છે. જ્યાં આપણે છીએ, ત્યાં જ ભગવાન પણ છે. ભક્ત જ્યાંથી ભગવાનને બોલાવે છે, ત્યાંથી ભગવાન પ્રગટ થાય છે. ભક્તની ભાવના અનુસાર જ ભગવાન પ્રગટ થાય છે.

जाके हृदयँ भगति जसि प्रीती । प्रभु तहँ प्रगट सदा तेहिं रीती ॥

* * *

हरि ब्यापक सर्बत्र समाना । प्रेम तें प्रगट होहिं मैं जाना ॥
देस काल दिसि बिदिसिहु माहीं । कहहु सो कहाँ जहाँ प्रभु नाहीं ॥

(માનસ ૧ । ૧૮૫ । ૨-૩)

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓની વચ્ચેથી અંતર્ધાન થઈ ગયા ત્યારે ગોપીઓ પોકારવા લાગી—

માતા-પિતા પાસેથી પણ પાર્વતીને તપ કરવાની જ પ્રેરણા મળી–

અબ જૌં તુમ્હહિ સુતા પર નેહૂ । તૌ અસ જાઇ સિખાવનુ દેહૂ ॥
કરૈ સો તપુ જેહિં મિલહિં મહેસૂ । આન ઉપાયઁ ન મિટિહિ કલેસૂ ॥ (૧ । ૭૨ । ૧)

સ્વપ્નમાં પણ પાર્વતીને તપ કરવાનો જ બોધ મળ્યો—

કરહિ જાઇ તપુ સૈલકુમારી । નારદ કહા સો સત્ય બિચારી ॥
માતુ પિતહિ પુનિ યહ મત ભાવા । તપુ સુખપ્રદ દુખ દોષ નસાવા ॥ (૧ । ૭૩ । ૧)

આ બધાં કારણોથી પાર્વતીના મનમાં એવો ભાવ દૃઢ થઈ ગયો કે તપ કરવાથી જ શિવજી મળશે, નહિ તો નહિ—બીજી કોઈ રીતે નહિ.

* અર્જુન ભગવાનને કહે છે—

ન ત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યો લોકત્રયેઽપ્યપ્રતિમપ્રભાવ ॥ (ગીતા ૧૧ । ૪૩)

'હે અજોડ પ્રભાવવાળા ! ત્રણે લોકમાં આપના જેવા બીજા કોઈ પણ નથી પછી વળી અદકેરા તો કેવી રીતે હોઈ શકે ?'

† નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા । શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા ॥ (ગીતા ૧૧ । ૫૩)

'હે અર્જુન ! જે રીતે તેં મને જોયો છે, તે રીતનો ચતુર્ભુજ રૂપવાળો હું ન વેદોથી, ન તપથી, ન દાનથી અને ન તો યજ્ઞથી ય દેખાઈ શકું છું.'

દયિત દૃશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ
ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥

(શ્રીમદ્ભાગવત ૧૦ । ૩૧ । ૧)

'હે પ્રિય ! તમારામાં અમારા પ્રાણ સમર્પિત કરી ચૂકેલી એવી અમે સૌ તમારી ગોપીઓ તમને બધી બાજુ શોધી રહી છે, આથી હવે તમે તરત પ્રગટ થાઓ.'

ગોપીઓનો પોકાર સાંભળીને ભગવાન તેમની વચમાં જ પ્રગટ થયા—

તાસામાવિરભૂચ્છૌરિઃ સ્મયમાનમુખામ્બુજઃ ।
પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મથમન્મથઃ ॥

(શ્રીમદ્ભાગવત ૧૦ । ૩૨ । ૨)

'બરાબર તે જ વખતે તેમની વચ્ચોવચ્ચ ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થઈ ગયા. તેમનું મુખકમળ મંદ-મંદ હાસ્યથી ખીલેલું હતું, ગળામાં વનમાળા હતી, પીતાંબર ધારણ કરેલું હતું, તેમનું એ રૂપ શું હતું, સૌના મનને મથી દેનારા કામદેવના મનને પણ મથનારું હતું.'

આ પ્રમાણે ગોપીઓએ 'પ્યારા ! (પ્રગટ થાઓ) દેખાઈ જાઓ' (**દયિત દૃશ્યતામ્**)— એમ કહ્યું તો ભગવાન ત્યાં જ નજરે પડ્યા. જો તેઓ કહેત કે ક્યાંકથી આવી જાઓ તો ભગવાન ત્યાંથી જ આવત.

ભગવાનની પ્રાપ્તિ સાધન દ્વારા થાય છે—એ વાત પણ જોકે સાચી છે, પણ એ વાતને માનીને ચાલવાથી સાધકને ભગવત્પ્રાપ્તિ વિલંબથી થાય છે. જો સાધકનો એવો ભાવ થઈ જાય કે મને તો ભગવાન અત્યારે જ મળશે, તો તેને ભગવાન અત્યારે જ મળી જશે. તે એમ નહિ જુએ કે ભક્ત કેવો છે, કેવો નથી ? વૃક્ષ કાંટાવાળાં હોય, ઘાસ હોય, ખેતી હોય, પર્વત હોય, રણ હોય કે સમુદ્ર હોય; વરસાદ તો સૌ પર સમાનરૂપે વરસે છે. વરસાદ એવું નથી જોતો કે ક્યાં પાણીની જરૂર છે અને ક્યાં નથી ? તે જ પ્રમાણે જ્યારે ભગવાન કૃપા કરે છે ત્યારે એ નથી જોતા કે આ પાપી છે કે પુણ્યાત્મા ? સારો છે કે નરસો ? તેઓ બધી જગ્યાએ વરસી જાય એટલે કે પ્રગટ થઈ જાય છે.*

પાપીમાં પાપી માણસને પણ ભગવાન મળી શકે છે (ગીતા ૯ । ૩૦). સદન કસાઈ અને ડાકુઓને પણ ભગવાન મળી ગયા હતા ! ભગવાન તો હમેશાં સર્વત્ર હાજર છે, માત્ર ભાવની જરૂર છે. અંતઃકરણ અશુદ્ધ હોવાથી એવો ભાવ રહેતો નથી. એ વાત બરાબર હોવા છતાં પણ વાસ્તવમાં સાધકને માટે બાધક છે. શાસ્ત્રોમાં પતિવ્રતા સ્ત્રીનો ઘણો મહિમા ગવાયો છે કે ભગવાન પણ તેના વશમાં આવી જાય છે. જો કોઈ એમ કહે કે અમારામાં પતિવ્રત-ભાવ આવી નથી શકતો તો એ તેની ભૂલ છે. પાપીથી પણ પાપી પુરુષોની પણ સ્ત્રીઓ પતિવ્રતા થયેલી છે અને ઉત્તમમાં ઉત્તમ પુરુષોની પણ. ભગવાન શ્રીરામની પત્ની સીતાજી પણ પતિવ્રતા હતાં અને રાક્ષસરાજ રાવણની પત્ની મંદોદરી પણ. એવું નથી કે શ્રીરામની પત્ની તો પતિવ્રતા હોઈ શકે છે, પણ રાવણની પત્ની નહિ. પતિવ્રત-ધર્મનું પાલન કરવાને કારણે જ મંદોદરી તો ભગવાન શ્રીરામને તત્ત્વથી ઓળખતી હતી, પણ રાવણ જાણતો ન હતો. (જુઓ માનસ, લંકા૦ ૧૫—૧૬)

હાલના યુગ (કળિયુગ)માં તો ભગવાન સુગમતાથી મળે છે; કેમ કે હવે એમના ગ્રાહકો ઘણા ઓછા છે. ગ્રાહક ઘણા ઓછા હોય તો, માલ સસ્તો મળે છે; કેમ કે ત્યારે વેચનારને ગરજ હોય છે. આથી એવો ભાવ નહિ રાખવો જોઈએ કે આ ઘોર કળિયુગમાં આટલી સુગમતાથી કેવી રીતે મળશે ?

પોતે વિચાર મક્કમ કરી લેવો કે ચાહે દુઃખ આવે કે સુખ, અનુકૂળતા આવે કે પ્રતિકૂળતા, આપણે તો ભગવાનને મેળવવા જ છે. જો આપણે પહેલાં આપણા અંતઃકરણને શુદ્ધ કરવા મંડી પડીશું તો ભગવાનની પ્રાપ્તિમાં ઘણો વિલંબ લાગશે. આપણે ઉદ્યમ કરીએ તે કરતાં ભગવાનની અનંત અપાર કૃપાશક્તિ આપણને એકદમ જલદીથી શુદ્ધ કરી દેશે. બાળક કાદવથી ખરડાયેલું પણ હોય, જો તે માના ખોળામાં ચાલ્યું જાય તો મા પોતે જ તેને ચોખ્ખું કરી દે છે.

એક રાજા સાંજના સમયે મહેલની છત પર ફરતો હતો. એકાએક તેની નજર નીચે બજારમાં ફરતા એક સંત પર પડી. સંત પોતાની મસ્તીમાં એવા ચાલતા હતા કે જાણે તેમની દૃષ્ટિમાં સંસાર છે જ નહિ. રાજા સજ્જન હતા. તેમણે પોતાના માણસોને તે સંતને તત્કાળ ઉપર લઈ આવવાનો હુકમ કર્યો. હુકમ મળતાં જ રાજપુરુષોએ ઉપરથી જ દોરડું લટકાવીને તે સંતને (દોરડાંમાં ફસાવીને) ઉપર

---

* આદિ શંકરાચાર્યજીએ કહ્યું છે—

અયમુત્તમોઽયમધમો જાત્યા રૂપેણ સંપદા વયસા । શ્લાઘ્યોઽશ્લાઘ્યો વેત્યં ન વેત્તિ ભગવાનનુગ્રહાવસરે ॥
અંતઃસ્વભાવભોક્તા તતોઽન્તરાત્મા મહામેઘઃ । ખદિરશ્ચમ્પક ઇવ વા પ્રવર્ષણં કિં વિચારયતિ ॥

(પ્રબોધસુધાકર ૨૫૨-૨૫૩)

'કોઈના પર કૃપા કરતી વખતે ભગવાન એવો વિચાર નથી કરતા કે આ જાતિ, રૂપ, ધન અને ઉંમરથી ઉત્તમ છે કે અધમ ? પ્રશંસાને પાત્ર છે કે નિંદાને ?' 'આ અંતરાત્મા—(શ્રીકૃષ્ણ) રૂપી મહામેઘ આંતરિક ભાવોનો જ ભોક્તા છે; મેઘ શું વરસતી વખતે એવો વિચાર કરે છે કે આ ખદિર (ખેર) છે કે ચમ્પક (ચંપો) ?'

ખેંચી લીધા. આ કામ બદલ રાજાએ તે સંતની માફી માંગી અને કહ્યું કે એક પ્રશ્નનો જવાબ મેળવવા ખાતર જ મેં આપને તકલીફ આપી. પ્રશ્ન એ છે કે ભગવાન જલદી કેવી રીતે મળે ? સંતે કહ્યું 'હે રાજા ! એ વાત તો તમે જાણો જ છો'. રાજાએ પૂછ્યું—'કેવી રીતે ?' સંત બોલ્યા—'જો મારા મનમાં તમને મળવાનો વિચાર આવત તો અનેક અડચણો આવત અને ઘણી વાર લાગત. મળવાનું શક્ય બનત કે નહિ એ પણ ખબર નથી. પણ જ્યારે તમારા મનમાં મને મળવાનો વિચાર આવ્યો, ત્યારે કેટલી વાર લાગી ? રાજન્ ! તે જ રીતે જો ભગવાનના મનમાં આપણને મળવાનો વિચાર આવી જાય તો પછી તેમના મિલનમાં વાર નહિ લાગશે'. રાજાએ પૂછ્યું—'ભગવાનના મનમાં આપણને મળવાનો વિચાર કેવી રીતે આવે ?' સંત બોલ્યા—'તમારા મનમાં મને મળવાનો વિચાર કેવી રીતે આવ્યો ?' રાજાએ કહ્યું—'જ્યારે મેં જોયું કે આપ એક જ ધૂનમાં ચાલ્યા જાઓ છો અને સડક, બજાર, દુકાનો, મકાન, માણસ વગેરે કોઈની તરફ આપનું ધ્યાન નથી, ત્યારે મારા મનમાં તમને મળવાનો વિચાર આવ્યો'. સંત બોલ્યા—'રાજન્ ! એ જ રીતે તમે એકી ધૂને ભગવાનની તરફ લાગી જાઓ, બીજા કોઈની તરફ જુઓ નહિ, તેના વિના રહી ન શકો, તો ભગવાનના મનમાં તમને મળવાનો વિચાર આવી જશે અને તેઓ તરત મળી જશે.'*

ભગવાન જ આપણા છે, બીજું કોઈ આપણું છે જ નહિ. ભગવાન કહે છે—

'सर्वस्य चाहं हृदि सन्निविष्टः'

(ગીતા ૧૫ । ૧૫)

'હું સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો છું.'

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।

(ગીતા ૯ । ૪)

'મુજ નિરાકાર પરમાત્માથી આ જગત (પાણીથી બરફની માફક) પરિપૂર્ણ છે.'

ભગવાન હૃદયમાં જ નહિ, પરંતુ જે દેખાય છે, તે સમસ્ત સંસારના કણ-કણમાં હાજર છે. એવા સર્વત્ર હાજર પરમાત્માને જ્યારે આપણે ખરા હૃદયથી જોવા ઇચ્છીએ, ત્યારે જ તેઓ દેખાશે. જો આપણે સંસારને જોવા ઇચ્છીશું તો ભગવાન વચમાં નહિ આવે. સંસાર જ દેખાશે. આપણે સંસારને જોવા નથી માંગતા, તેની પાસેથી આપણે કંઈ પણ લેવાનું નથી, એના પ્રત્યે નથી રાગ કરવાનો કે નથી દ્વેષ, આપણે તો માત્ર ભગવાન સાથે જ પ્રયોજન છે—એ ભાવથી આપણે એક ભગવાન સાથે જ ઘનિષ્ઠતા કેળવી લેવી. ભગવાન આપણી વાત સાંભળે કે ન સાંભળે, માને કે ન માને, આપણને અપનાવી લે કે ઠોકર મારે—એની સહેજ પણ પરવા ન કરતાં આપણે ભગવાન સાથે આપણો અતૂટ સંબંધ (જે નિત્ય છે) જોડી લઈએ. જે રીતે માતા પાર્વતીએ કહ્યું હતું—

जन्म कोटि लगि रगर हमारी । बरउँ संभु न त रहउँ कुआरी ॥
तजउँ न नारद कर उपदेसू । आपु कहहिं सत बार महेसू ॥

(માનસ ૧ । ૮૧ । ૩)

પાર્વતીના મનમાં એ ભાવ હતો કે શિવજીમાં એવી શક્તિ જ નથી કે મને તેઓ ન સ્વીકારે. તે જ પ્રમાણે આપણા બધાનો સંબંધ ભગવાનની સાથે છે. આપણે ભલેને ભગવાનથી વિમુખ થઈ જઈએ, પણ ભગવાન આપણાથી કદી વિમુખ થયા નથી, થઈ શકતા નથી. આપણો ત્યાગ કરવાની તેમનામાં શક્તિ નથી.

બાળક રમવાનું બંધ કરી દે અને રડવા માંડે તો માએ પોતાનું બધું કામ છોડીને તેની પાસે આવવું પડે છે અને તેને ખોળામાં બેસાડીને વહાલ કરવું પડે છે; પણ જો બાળક રમતમાં જ પરોવાયેલું રહે તો મા નિશ્ચિંત રહે છે. તે જ પ્રમાણે જો આપણે ભગવાનને માટે વ્યાકુળ નહિ બનીને સાંસારિક ચીજોમાં જ પ્રસન્ન રહીએ તો ભગવાન નિશ્ચિંત રહે છે અને આપણને મળવા નથી આવતા. જો બાળક સતત રડવા લાગી જાય અને મા વગરની કોઈ પણ ચીજ (રમકડાં વગેરે)થી ખુશ ન થાય તો ઘરના બધા લોકો બાળકના પક્ષમાં થઈ જાય છે અને તેની માને કહે છે—'બાળક રડી રહ્યું છે અને તું કામમાં જ લાગી રહી છે ! ભાડમાં જાય તારું કામ ! ઝટ બાળકને ખોળામાં લઈ લે.' તે વખતે મા ગમે તેટલું જરૂરી કામ કેમ ન કરી રહી હોય, બાળકના રુદન આગળ તે કામની કોઈ કિંમત રહેતી નથી. તે જ પ્રમાણે આપણે એકમાત્ર ભગવાનને માટે જ રડવા લાગી જઈએ તો ભગવદ્‌ધામના બધા જ સંતજનો આપણે પક્ષે આવી જશે. તેઓ સૌ કહેવા લાગશે—'મહારાજ ! બાળક રડી રહ્યું છે; તમે મળવામાં મોડું કેમ કરી રહ્યા છો ?' પછી ભગવાનના આવવામાં વાર નહિ લાગે. હા, જ્યારે બાળક રમકડાંથી રમી રહ્યું હોય અને

---

* अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ (ગીતા ૮ । ૧૪)
'હે પૃથાનન્દન ! અનન્યચિત્તવાળો જે મનુષ્ય મારું નિત્ય-નિરંતર સ્મરણ કરે છે, તે નિત્યયુક્ત યોગીને માટે હું સુલભ છું એટલે કે તેને સુગમતાથી પ્રાપ્ત થઈ જાઉં છું.'

† વાસ્તવમાં જો કે ભગવાનની સાથે આપણો હમેશાંથી જ અતૂટ સંબંધ છે, તેમ છતાં ભગવાનથી વિમુખ થઈ જવાનો કારણે આપણને તે સંબંધનો અનુભવ નથી થતો.

ઉપરથી ઊઁ.....ઊઁ પણ કરી રહ્યું હોય, તો મા એને ખોળામાં નથી લેતી. તે જ પ્રમાણે આપણે સાંસારિક રમકડાંઓથી પણ રમતા હોઈએ અને રડવાનો ઢોંગ પણ કરતા હોઈએ, ત્યારે ભગવાન નથી આવતા. તેઓ તો આપણા આંતરિક ભાવને જુએ છે, ક્રિયાને નહિ. માન- આદર, સુખ-આરામ, ધન-સંપત્તિ, સિદ્ધિઓ વગેરે બધા સાંસારિક રમકડાં છે. માનો ખોળો, તેનું વહાલ, રમકડાં વગેરે બધું કાંઈ બાળકને માટે જ હોય છે. એવી જ રીતે ભગવાનનો ખોળો, તેમનું વહાલ તથા તેમની પાસે જે પણ સામગ્રી છે, બધું ભક્તને માટે હોય જ છે. ભગવાનને માટે ભક્તથી ચડિયાતું કંઈ પણ નથી. જો આપણે કોઈ પણ વસ્તુથી ખુશ નહિ થઈને ભગવાનને પોકારવા માંડીએ તો તેઓ તત્કાળ આવી જાય. એમાં ભવિષ્યની વાત કેવી ? મા બાળકની યોગ્યતા જોઈને તેની પાસે નથી આવતી. તે એવું નથી જોતી કે બાળક બહુ રૂપાળું છે, વિદ્વાન છે કે ધનવાન છે. બાળકનામાં માને બોલાવવા માટે એક એ જ યોગ્યતા છે કે તે માત્ર માને ચાહે છે અને મા વિના બીજી કોઈ પણ વસ્તુથી પ્રસન્ન થતું નથી.

ભગવાનની સાથે આપણો સંબંધ સ્વતંત્રતાથી, સ્વાભાવિક છે. દુન્યવી ચીજો સાથે આપણો સંબંધ સ્વાભાવિક નથી. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, શરીર વગેરે સઘળા પદાર્થ નિરંતર વહ્યા જ જાય છે. તેમની સાથે આપણો કોઈ સંબંધ નથી. ભગવાન જ આપણા છે. બાળકમાં કોઈ લાયકાત, વિદ્વત્તા, શૂરવીરતા વગેરે હોતા નથી, માત્ર તેનામાં 'મા મારી છે'—એવું મામાં મારાપણું હોય છે. આ મારાપણામાં ભારે તાકાત છે, જે ભગવાનને પણ ખેંચી શકે છે. એ જ કારણે પ્રહ્લાદે પથ્થરથી પણ ભગવાનને કાઢી લીધા—

પ્રેમ બદૌં પ્રહલાદહિકો, જિન પાહનતેં પરમેસ્વરુ કાઢે ॥

(કવિતાવલી ૧૨૭)

સંસારનો આપણાથી હરઘડી વિયોગ થઈ રહ્યો છે. શરીર, કુટુંબ, ધન, સંપત્તિ વગેરે સઘળા પદાર્થો પહેલાં હતા નહિ અને પછીથી પણ નહિ રહેશે. દૃશ્ય માત્ર નિરંતર અદર્શનને પામી ચાલ્યા જઈ રહ્યા છે. કોઈ ચીજ ૬૦ વર્ષ સુધી રહેનારી હોય તો એક વર્ષ વીતી જતા તે ૫૯ વર્ષની જ રહેશે. કેમ કે તે લગાતાર નાશ તરફ જઈ રહી છે. આપણે નહિ રહેનારા સાંસારિક પદાર્થોને પોતાના માનીએ છીએ અને હમેશાં રહેનારા પરમાત્માને આપણા નથી માનતા, એ ભારે મોટી ભૂલ છે. ભગવાન હાલમાં છે અને આપણા છે—એ વાત પર આપણે દૃઢતાથી વળગી જઈએ તો ભગવાન હાલમાં જ મળી જશે. માત્ર ઉત્કટ અભિલાષા* થવાની વાર છે, ભગવાનના મળવામાં વાર નથી. આપણા ભાવ અનુસાર ચાહે તો આજે ભગવાનને પ્રાપ્ત કરી લો, ચાહે ભવિષ્યમાં—વર્ષો યા જન્મો બાદ !

****

મનની ખટપટ કેવી રીતે મટે ?

પ્રશ્ન આવ્યો છે કે મનની ખટપટ (હલચલ, અશાન્તિ) કેવી રીતે મટે ?

બહુ જ સીધી અને સહેલી વાત છે કે મનમાં જે ખટપટ ચાલે છે, તે આપણા જાણવામાં આવે છે. તો જે ચીજ જાણવામાં આવે, જોવામાં આવે તે આપણા સ્વરૂપમાં નથી હોતી. મને મકાન દેખાયું તો શું હું મકાન થઈ ગયો? મને એક પથ્થર દેખાયો તો શું હું પથ્થર થઈ ગયો ? દેખાય છે તે ચીજ ભિન્ન-અલગ હોય છે અને તેને જોવાવાળો અલગ હોય છે. એમાં સંદેહ નથી. ખટપટ થાય છે એવું જેને જ્ઞાન થાય છે, તે તમે જ છો. તમે ખટપટને જોનારા થયા. એમાં શંકા છે શું ? ખટપટને આપણે દેખીએ છીએ અને ખટપટ દેખાવાવાળી થઈ તો આપણને શું બાધા લાગી? આપણે પથ્થર જોયો, પથ્થર ગરમ થઈ ગયો તો આપણે શું ? અને ઠંડો થઈ ગયો તોપણ શું ?

આ જે મનનો એક સંકલ્પ છે કે ખટપટ ન રહે એ જ ખટપટનું કારણ છે; કેમ કે આ સંકલ્પથી જ ખટપટ સાથે આપણો સંબંધ બંધાઈ જાય છે. જો એવો સંકલ્પ કર્યો કે મારા મનમાં ખટપટ ન રહે તો બસ સમજી લો કે હવે ખટપટ થવા જ માંડશે. તેથી મન સાથેનો જ સંબંધ તોડી દો. વાસ્તવમાં તો મન સાથે સંબંધ જ નથી. આ તો કેવળ માની લીધેલો સંબંધ છે. મનને તમે તમારું માન્યું, એટલે ખટપટને તમે સ્વયંમાં માની લીધી. ખટપટ તો પેદા થાય છે અને મટી જાય છે. સંકલ્પ ઉત્પન્ન થાય છે અને મટી જાય છે, પરંતુ આપણે તો એ—ના—એ જ રહીએ છીએ. આમાં કોઈ સંદેહ છે કે ? તો આ મટે કે ન મટે, એને તમે છોડી દો. તમે એની સાથે ભળી ન જાઓ. એનાથી રાજી-નારાજ ન જ થાઓ. ખટપટથી ખુશ થવું એ પણ એની સાથે ભળી જવા જેવું છે અને નારાજ થવું એ પણ એની સાથે ભળવા જેવું છે. સાધકને માટે ઉત્તમ ચીજ એ છે કે તમે રાજી પણ ન થાઓ અને નારાજ પણ ન થાઓ. જેવી રીતે તડકો લાગવા માંડ્યો અને મન એમાં ન માન્યું તો છાયામાં જઈ બેસી જાઓ. પરંતુ તડકા સામે વિરોધ ન કરો અને છાયાની પ્રશંસા ન કરો. ન તો કોઈનો વિરોધ કરવાનો છે કે ન તો કોઈની પ્રશંસા

* ભગવત્પ્રાપ્તિની ઉત્કટ અભિલાષા જાગૃત કરવાનો ઉપાય છે—સઘળી સાંસારિક ઇચ્છાઓનો ત્યાગ અને બીજા આપણી પાસેથી જે ન્યાયી ઇચ્છા ધરાવતા હોય, તે યથાશક્તિ પૂરી કરી દેવી.

કરવાની છે, આ જ સાધકનું ખાસ કામ છે.

જ્ઞાનયોગી, કર્મયોગી અને ભક્તિયોગી ગમે તે સાધનાનો યોગી હોય, જે પરિસ્થિતિ આવે તેમાં રાજી-નારાજ ન થવું એ બધાનું કામ છે. યોગીમાત્રનું કામ છે. જે પરમાત્માતત્ત્વની પ્રાપ્તિ કરવા ચાહે છે, એને માટે આ બહુ આવશ્યક છે. ગમે તેવી સુંદર ચીજ મળે અથવા ગમે તેટલી અસુંદર ચીજ મળે, ગમે તેટલી અનુકૂળતા થાય કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે એ બન્નેમાં જે સુખી-દુઃખી નથી થતો, તે પરમાત્માતત્ત્વને પ્રાપ્ત કરી શકે છે અને જે સુખી-દુઃખી થાય છે, એની સંસારમાં આવન-જાવન ચાલ્યા જ કરે છે, એટલે કે જન્મ્યા-મર્યા કરે છે.

અનુકૂળતા અને પ્રતિકૂળતા તો બધાયને આવશે. જેના ઘોડા હાંકે છે, એવા અર્જુનને ભગવાન કહે છે— ભાઈ, આ તો **'શીતોષ્ણસુખદુઃખદાઃ'** છે. એને તું સહન કરી લે— **'તાંસ્તિતિક્ષસ્વ'** (ગીતા ૨ । ૧૪). આ સર્વ હું મટાડી દઈશ એવું ભગવાને નથી કહ્યું. ભગવાને તો સહન કરવાનું કહ્યું છે.

રાગ-દ્વેષને વશ ન થાઓ. યોગ્ય અને અયોગ્ય માનીને સુખી-દુઃખી ન થવું. એમની ચિંતા ન કરો. પછી બધું જ યોગ્ય થઈ જશે. ગમે તેટલી ખટપટ આવે, સુખી-દુઃખી ન થશો. આ બધું આવન-જાવન કરનાર છે. એનો મંત્ર છે— **'આગમાપાયિનોઽનિત્યાઃ'** આવું મનમાં ને મનમાં જપો. એવા ભાવથી જપો કે આ બધું તો આવવા-જવાવાળું છે, અનિત્ય છે, સારી કે ખોટી ગમે તેવી કેમ ન હોય, ખટપટ આવે કે આ મંત્ર(સૂત્ર) લગાવી દો કે **'આગમાપાયિનોઽનિત્યાઃ'** આ આવવા-જવાવાળી છે અને અનિત્ય છે. અનુકૂળથી ય અનુકૂળ આવે તોપણ તે આવન-જાવન સ્વભાવવાળું જ છે. પ્રતિકૂળથી પ્રતિકૂળ આવે તો પણ તે આવન-જાવન સ્વભાવવાળું છે. બિલકુલ સાચી વાત છે. ન તો અનુકૂળતા સદૈવ ટકે છે, ન તો પ્રતિકૂળતા સદૈવ ટકે છે. બસ એને માટે એટલું જાણી લો કે આ કશું રહેવાનું નથી. આમાં કશું જ નવું કામ કરવાનું નથી. હવે એને લઈને શું રાજી કે નારાજ થવું ?

ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ ।

(ગીતા ૫ । ૨૦)

પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિમાં સુખી અને દુઃખી શા માટે થવું ? ગમે તેવી ઉત્તમ પરિસ્થિતિ આવે, ટકવાની નથી, પણ તમે તો ટકેલા જ છો. રહેવાવાળા જ છો. કેમ કે તમારી સામે અનુકૂળતા અને પ્રતિકૂળતા બન્ને આવે છે અને જાય છે, છતાં તમે તો રહો જ છો. તમે તે જ છો, બસ સ્વયં પર દૃષ્ટિ કરો. આ જે આવન-જાવન કરવાવાળી ચીજો છે, એમની સાથે તાદાત્મ્ય ન કેળવો, બસ આ જ તો મુક્તિ છે. એમની સાથે ભળી જવું એ જ તો બંધન છે. આવવા-જવાવાળી ખટપટની સાથે ભળી જવું એ જ તો બંધન છે. ન ભળવું એ જ મુક્તિ છે.કેટલી સરળ અને સીધી-સાદી વાત છે.

તમે કહો છો કે ઇચ્છા ન હોવા છતાં આપણે ભળી જઈએ છીએ, અનુકૂળતા-પ્રતિકૂળતા સાથે તાદાત્મ્ય એકદમ થઈ જાય છે, તો તેનો પણ ઉપાય છે. એમની સાથે ભળી જવા છતાં પણ એ જ્ઞાન તો રહે છે કે આપણે આની સાથે ભળી ગયા છીએ, પણ આપણે અલગ તો છીએ જ અને આ ખટપટો પણ અલગ છે.આ વાત સાચી છે કે નહિ ? ખટપટ પેદા થાય છે અને મટી જાય છે, આવે છે અને જાય છે છતાં તમે તો સ્વરૂપમાં અડીખમ ઊભા છો. તો પછી તમે અને ખટપટ અલગ અલગ બે થયા કે એક જ ?

હવે કહે છે કે 'અમે અત્યારે જાણીએ છીએ, પણ જે વખતે અનુકૂળતા-પ્રતિકૂળતા આવે છે, તે વખતે ખબર રહેતી નથી. અમે તો એમાં એકરસ થઈ જઈએ છીએ. ભળી ગયા પછી ખબર પડે છે અરે ! આપણે તો ભળી ગયા.' તો પછી ખબર પડતાંની સાથે જ આ વિચાર કરો કે તે સમયે પણ આપણે ભળી ગયા ન હતા, ભળી ગયા છે એવું કેવળ માની લીધું હતું. તે અમારી સાથે નથી, આપણે એનાથી અલગ છીએ. ભિન્ન છીએ એવું વિચારીને ચૂપ થઈ જાઓ. બસ, બધી ખટપટ મટી જશે. ખટપટ સાથે ભળી જવાથી જે સુખ-દુઃખ છે, તેને તમે આદર આપો છો, તેથી જ આપણી ખટપટ મટતી નથી. એનો આદર ન કરો, કહી દો અમે તો ભળ્યા જ નથી. પછી સ્વયં મટી જશે. જ્યારે પણ ખ્યાલ આવે, ત્યારે પોતાની જાતને કહી દો કે ના, ના અમે ભળ્યા-ભળ્યા જ નથી.

જ્યારે ખટપટ થાય છે, અનુકૂળતા-પ્રતિકૂળતા થાય છે, ત્યારે તો તેમાં આપણે વહી જઈએ છીએ અને સુખી-દુઃખી થઈ જઈએ છીએ. અને પછી જ્યારે ખબર પડે કે હું તો ખટપટમાં ભળી ગયો છું, ત્યારે ચિંતા કરો છો કે હું તો ખટપટમાં ભળી ગયો ! તો જે સમયે એને મળો છો તે સમયે પણ એને મળવાનું છોડતા નથી, અને જ્યારે મળતા નથી, તે સમયે પણ એની જ ચિંતા કરો છો. આ જ તો બીમારી છે, બન્ને વખતે તમે જ એને પકડી લો છો. વાસ્તવમાં તો તમે તેનાથી મુક્ત તો સ્વયં જાતે જ થઈ જાઓ છો. પરિસ્થિતિ, પદાર્થ તો બિચારા તમને મુક્ત કરી જ રહ્યા છે, પણ તમે એને પકડી લો છો કે અમારે ઘણી ખટપટ રહે છે, ખટપટ મટતી જ નથી. આ રીતે જ્યારે ખટપટ નથી હોતી, ત્યારે પણ તમે ખટપટ પકડી રાખો છો. હવે જ્યારે ખટપટ આવે છે, ત્યારે રાગ-દ્વેષ કરીને ફસાઈ જાઓ છો અને જ્યારે ખટપટ નથી હોતી, ત્યારે એની ચિંતા કરીને એમાં ફસાઈ જાઓ છો. આવું ન કરો. આવું કરીને શા માટે એમાં ફસાઓ છો ?

ભગવાન અર્જુનના રથને હાંકે છે. તેનો હુકમ માને છે, તોય ભગવાન અર્જુનને ફટકારે છે –

ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરંતપ ॥

(ગીતા ૨ । ૩)

'હે અર્જુન ! નપુંસકતાને પ્રાપ્ત ન થતો, તારામાં

એ ઉચિત જણાતી નથી. હે પરંતપ ! હૃદયની તુચ્છ દુર્બળતાને છોડીને યુદ્ધને માટે તૈયાર થઈ જા.'

અર્જુન ચિંતા કરે છે કે આ બધા મરી જશે, તો કુળમાં પાપ ફેલાઈ જશે. પાપ ફેલાઈ જવાથી વર્ણસંકરતા પેદા થઈ જશે, પછી પિતૃઓને પિંડદાન નહિ મળે. આ બધાંને મારવાથી બહુ પાપ લાગશે. ભગવાન કહે છે કે પહેલાં જ હલ્લો-ગલ્લો શા માટે કરે છે ? હજુ તો કશું થયું નથી, વગર ફોગટની ચિંતા કરે છે. જે થઈ ગયું તેની ચિંતા કરે છે અથવા જે નથી થયું તેની ચિંતા કરે છે. તું વગર કારણે ઊડતાં તીર પોતાના ઉપર લઈ લે છે. જે અત્યારે છે જ નહિ , એની આફત પહેલાં જ મફતમાં ઊભી કરે છે. ખટપટ આવી તો એમાં ફસાઈ ગયા અને ચાલી ગઈ તો ય ફસાઈ ગયા. ખટપટનો અંત તો આવે જ છે. સદા ય રહેતી જ નથી, પણ આપણે એને જકડીને રહીએ છીએ. એને શું કામ પકડો છો ? એ જતી રહે તો મોજ કરો, આનંદ કરો કે મટી ગઈ, હવે તો ગઈ.

ખટપટમાં રહેવાની શક્તિ જ નથી. કોઈ જુવાન-જોધ, પરણેલો દીકરો મરી જાય, તો મોહ-આસક્તિને કારણે હૃદયમાં એક આઘાત લાગે છે. પણ તે મરે છે, ત્યારે જેવો આઘાત લાગ્યો, એવો આઘાત બીજે-ત્રીજે દિવસે રહેતો નથી, પણ આપણે રડી-રડીને, યાદ કરીને એ આઘાતને તાજો રાખીએ છીએ. યાદ કરીએ છીએ અને ફરી રડીએ છીએ, એ રીતે એને પાળીએ છીએ. તેમ છતાં પણ એ હૃદયનો ઘા એક દિવસ તો જતો જ રહે છે, ચિંતા-શોક જતાં રહે છે. આપણે એને કયાં સુધી રાખી શકીએ. કોઈનામાં છે તાકાત કે એ ઘા હમેશાં રાખી શકે ? અમુક વર્ષો પછી તો ચિંતા-શોક બિલકુલ જતાં રહે છે. તમે તો રાખવાની ખૂબ ચેષ્ટા કરી, બહુ રડ્યા, લોકોને બહુ બહુ સંભળાવ્યું કે આમ હતું, તેમ હતું અને બસ છોકરો ચાલ્યો ગયો. શોકનું આટલું જતન કર્યું તો ય તે જતો રહ્યો, મહેનત કરવા છતાં શોકને હમેશાં રાખી શકાતો નથી. તેથી તેની ઉપેક્ષા કરો. મરી ગયો તો થઈ ગયું કામ પૂરું ! હવે શું કરવા ચિંતા કરવી અને રડવું ? જો આવું વિચારશો તો તત્કાળ એ જ સમયે શાન્તિ થઈ જશે. એને પકડી રાખશો તોપણ એ રહેશે નહિ. મારી વાત જૂઠી હોય તો બોલો. જે ખતમ થવાનું હતું તે ખતમ થઈ ગયું. કામ સમાપ્ત થઈ ગયું. જે નશ્વર છે તેની સાથે સંબંધ જોડો જ નહિ. કેટલી સીધી વાત છે. હું ધારું છું ત્યાં સુધી આપ જેટલા અહીંયાં બેઠા છો તેમાં કોઈ નિર્બળ નથી. જે આ વાતને ન માની શકે. તમે સ્વયં તમારી જાતને નિર્બળ માની લો તો, હું શું કરું ? એટલું તો આપ જાણો છો કે હું તમને ધોખો-દગો દેતો નથી. તમારી સાથે વિશ્વાસઘાત કરતો નથી. તો પછી મારી વાત પર અવિશ્વાસ કેમ કરો છો ? કોઈ ધોખો થતો હોય તો બતાવી દો કે મારી વાત માનવાથી ધોખો થયો છે. કોઈ હાનિ થઈ હોય તો પણ બતાવી દો. પરંતુ માનવાથી લાભ થાય છે એવું તમે પણ માનો છો અને હું પણ માનું છું.

યા તો સ્વયં આને સમજવા માટે વિચાર કરી લો અથવા બીજાની વાત માની લો—આમાંથી એક તો કરી લો. બુદ્ધિની તીક્ષ્ણતાની જરૂર નથી. તીક્ષ્ણતા સહાય કરે છે, પણ બુદ્ધિની શુદ્ધિ (એક નિશ્ચય) જેટલી સહાયતા કરે છે એટલી તીક્ષ્ણતા સહાય નથી કરતી. બુદ્ધિમાં જડતા અથવા વિક્ષેપ હોય, એનાથી કોઈ ફરક પડતો નથી. પણ આ વિષયને હું સમજું એ તરફ જ લક્ષ્ય હોવું જોઈએ.

વાસ્તવમાં આપણામાં ખટપટ છે જ નહિ—આ જ સાર વાત છે.

****

સંસારનો આશ્રય કેવી રીતે છૂટે ?

આપણે ભગવાનના આશ્રિત થઈ જઈએ અથવા સંસારનો આશ્રય છોડી દઈએ—બંનેનો એક જ અર્થ છે. સંસારનો આશ્રય બધી રીતે છૂટી જવાથી ભગવાનનો આશ્રય એની મેળે થઈ જાય છે અને ભગવાનના દરેક રીતે આશ્રિત થઈ જવાથી સંસારનો આશ્રય એની મેળે છૂટી જાય છે. આ બેમાંથી કોઈ એકને મુખ્ય રાખીને ચાલવામાં આવે અથવા બંનેને સાથે રાખીને ચાલવામાં આવે તો એક જ અવસ્થા થઈ જાય છે એટલે કે કલ્યાણ થઈ જાય છે.

ભગવાનના આશ્રિત થવામાં સંસારનો આશ્રય જ ખાસ બાધક છે. સંસારનો આશ્રય ન છૂટવામાં ખાસ કારણ છે—સંયોગથી થનારા સુખની આસક્તિ. સંયોગથી થનારું જે સુખ મળે છે તે સુખમાં જે ખેંચાય છે, મનની જે લગની છે, એ જ સંસારના આશ્રયનું, સંસારના સંબંધનું ખાસ મૂળ છે. આ મૂળ કપાઈ જાય તો સંસારનો આશ્રય છૂટી જશે. પરંતુ ભીતરમાં સંયોગથી થનારા સુખની લાલચ રહેવા દઈને બહારથી સંબંધ છોડી દો, સાધુ પણ બની જાઓ, પૈસા પણ છોડી દો, પદાર્થ પણ છોડી દો, ગામ છોડીને જંગલોમાં પણ ચાલ્યા જાઓ, તોપણ સંસારનો આશ્રય છૂટશે નહિ.

સંયોગજન્ય સુખ આઠ પ્રકારનું છે—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, માન (શરીરનો આદર-સત્કાર), મોટાઈ (નામની પ્રશંસા) અને આરામ. આ આઠ પ્રકારના સંયોગજન્ય સુખ જ મૂળ નડતર છે. જ્યાં સુધી આ સુખોમાં આકર્ષણ છે, લગની છે, એ સારાં લાગે છે, ત્યાં સુધી સંસારનો આશ્રય છૂટતો નથી અને સંસારનો આશ્રય છૂટ્યા સિવાય કોઈ પણ રીતે ભગવાનનો આશ્રય થતો નથી. જો માત્ર ભગવાનનો આશ્રય લઈ લેવામાં આવે તો સંસારનો આશ્રય છૂટી જશે. સંયોગજન્ય સુખનું ઘણું ભારે આકર્ષણ છે. પણ તે ક્યારે

છૂટશે ? જ્યારે માણસ કેવળ ભગવાનનો આશ્રય લઈને ભગવાનનાં ભજન-સ્મરણમાં તલ્લીન થશે. ભગવાનનાં ભજન-સ્મરણમાં તલ્લીન થવાથી જ્યારે પારમાર્થિક સુખ મળવા લાગશે, ત્યારે સંયોગજન્ય સુખ સહેલાઈથી છૂટી જશે. એ પારમાર્થિક સુખમાં એટલી વિલક્ષણતા, અલૌકિકતા છે કે એની સામે સંસારના બધાં સુખની કોઈ વિસાત નથી, તુચ્છ છે, કાંઈ જ નથી. જ્યારે તે પારમાર્થિક સુખ મળવા લાગશે, ત્યારે સાંસારિક સુખ ફિક્કાં પડી જશે, આપમેળે સ્વાભાવિક રીતે જ તુચ્છ લાગશે. તેથી એ પારમાર્થિક સુખને, આનંદને જ લેવા જોઈએ. એને લેવાની બે રીત છે ભાવના- (ભક્તિ-)થી અથવા વિવેક-(જ્ઞાન-)થી. ભાવનાથી એમ લો કે ભગવાન છે, તેઓ મારા છે અને હું તેમનો છું—

મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ રે ।

ભગવાનને પોતાના માનવાની સાથેસાથે **'દૂસરો ન કોઈ'**—એ માનવું જરૂરી છે. પરંતુ થાય એ છે કે સંસારમાં આત્મીયતા રાખતા રહીને ભગવાનમાં આત્મીયતા કરે છે. હકીકતમાં સંસારની સાથે આત્મીયતા રહેતી નથી—એ નિશ્ચિત વાત છે. આ વખતના જન્મની પહેલાં જે કુટુંબની સાથે આત્મીયતા હતી, આજે એ કુટુંબની યાદ જ નથી. એવી રીતે આજે જે કુટુંબની સાથે, જે પૈસાની સાથે, જે ભોગોની સાથે આપણી આત્મીયતા છે, તે બધી ભવિષ્યમાં યાદ સુદ્ધાં રહેવાની નથી, તો સંબંધ ક્યાં રહેવાનો છે ? તેથી જે રહેવાનાં નથી, તેને છોડી દેવામાં શું જોર પડે છે ? જે રહેવાવાળું છે, તેને જો છોડવાનું કહેવામાં આવે, ત્યારે તો કાંઈક મુશ્કેલી જોવા મળશે કે રહેવાવાળી ચીજને કેવી રીતે છોડી દઈએ ! પણ સંસાર તો છૂટશે જ અને છૂટતો જ ચાલ્યો જઈ રહ્યો છે; તેથી તેને છોડવામાં કઠણાઈ કેમ? કેવળ મૂર્ખાઈને લીધે જ આપણે એને પકડી રાખ્યો છે.

થોડો જ વિચાર કરીએ તો એ વાત સાવ ચોખ્ખી સમજાશે કે બચપણમાં આપણો જે મિત્રોની સાથે, જે રમકડાંઓની સાથે, જે વ્યક્તિઓની સાથે સંબંધ હતો, તે સંબંધ આજે માત્ર યાદ પૂરતો રહ્યો છે. આજે તે સંબંધ નથી. ન એ અવસ્થાની સાથે સંબંધ છે, ન પેલી ઘટનાઓ સાથે સંબંધ છે. પેલાં રમકડાંઓની સાથે સંબંધ નથી, એ સમયની સાથે સંબંધ નથી. હવે તમે કહો છે કે અમારું બચપણ આવું હતું અને અમે હઠ પકડીએ એવું ન હતું તો તમારી પાસે કોઈ પ્રબળ પ્રમાણ નથી કે તમે એને અમને બતાવી શકો. તમે અને અમે ગમે તેટલી જિદ્દ કરીએ પણ 'અમારું બાળપણ આવું હતું'—એને તમે અને અમે બતાવી શકતા નથી. બતાવીએ પણ તો શું બતાવીએ અને કેવી રીતે બતાવીએ ? કોની તાકાત છે, જે તેને બતાવી દે ? તમને તમારું બચપણ વર્તમાન અવસ્થાની માફક સાચું દેખાતું હતું. પરંતુ આજે એને તમે સિદ્ધ નથી કરી શકતા, તો પછી આજે તમારી જે અવસ્થા છે, તેને ભવિષ્યમાં સિદ્ધ કરવા ચાહશો તો કેવી રીતે કરશો ? જેવી રીતે એ બચપણનો સમય પસાર થઈ ગયો એવી રીતે આ આજનો સમય પસાર થઈ રહ્યો છે. ભવિષ્યમાં શું થશે, હવે એક કલાક પછી શું થશે, એનો કશો જ ખ્યાલ નથી ! આજથી યુગો અગાઉ શું થયું, ખબર નથી અને આજથી યુગો પછી શું થશે, ખબર નથી. આજથી યુગો પછી શું થશે, ખબર નથી. વર્તમાન પણ ઘણી ઝડપથી પસાર થઈ રહ્યો છે. વર્તમાન, 'છે'નું નામ નથી, બલકે જે વરતી રહ્યો છે અર્થાત્ ઝડપથી જઈ રહ્યો છે, તેનું નામ વર્તમાન છે. વર્તમાન એટલી ઝડપથી જઈ રહ્યો છે કે એની એક ક્ષણ પણ સ્થિર નથી. વર્તમાન કોઈ કાળ છે જ નહિ, માત્ર ભૂત અને ભવિષ્યની સંધિને વર્તમાન કહેવામાં આવ્યો છે. વર્તમાન શબ્દનો અર્થ જ છે—ચાલતું રહેવું. જે ભવિષ્યનું છે, તે સામે આવીને ભૂતમાં જઈ રહ્યું છે. જે ભવિષ્ય ભૂતમાં જઈ રહ્યું છે, તેને વર્તમાન કહે છે. આવી રીતે જે કદી સ્થિર રહેતું જ નથી, જેનો હરપળે વિયોગ જ થઈ રહ્યો છે, તેનાથી વિમુખ થવામાં શું જોર પડે છે, બતાવો ? એ તો જબરજસ્તીથી છૂટશે, રહેશે નહિ. એને રાખવા માગશો તો બેઆબરૂ, દુઃખ, સંતાપ, બળતરા, આપત્તિના સિવાય બીજું કાંઈ મળવાનું નથી. પરંતુ એને છોડી દેશો તો ન્યાલ થઈ જશો. તો ગમે તો આ સંસારનો આશ્રય છોડી દો અને ગમે તો ભગવાનની સાથે સંબંધ માની લો કે 'હે ભગવાન ! તમે જ અમારા છો.' ભગવાનનું જ નામ લો, તેમનું જ ચિંતન કરો, તેમની આગળ રડો અને કહો કે 'મહારાજ ! સંસારનો ત્યાગ કરવામાં હું તો હારી ગયો, મને મારી મનોવૃત્તિઓ ભારે પ્રબળ છે.' આવું કરીને ભગવાનને શરણે થઈ જાઓ. તુલસીદાસજી મહારાજ કહે છે કે—

હૌં હાર્યો કરિ જતન બિબિધ બિધિ અતિસૈ પ્રબલ અજૈ ।
તુલસિદાસ બસ હોઇ તબહિં જબ પ્રેરક પ્રભુ બરજૈ ॥
(વિનયપત્રિકા ૮૧)

અમારાથી તો આ શત્રુ સીધા થતા નથી. એ પ્રભુ કૃપા કરશે. ત્યારે જ એ બધા સીધા થશે. પરંતુ પોતાની શક્તિનો પૂરો ઉપયોગ કર્યા વિના માનવ પોતાની શક્તિથી હતાશ થવા પામતો નથી—પોતાનામાં અસમર્થતાનો અનુભવ કરવા પામતો નથી. પોતાની શક્તિથી હતાશ થયા વિના અભિમાન દૂર થતું નથી કે હું આવું કરી શકું છું. પૂરી શક્તિ લગાડીને પણ કામ ન બને તો કહી દેવું કે 'હે નાથ ! હવે હું કંઈ કરી શકતો નથી !' તો પછી એ જ ક્ષણે કામ બની જશે. પરંતુ પૂરી શક્તિ લગાડ્યા વિના આવી અનન્યતા આવતી નથી. એટલા માટે તમે જે કરી શકો છો, તેને પૂરું કરીને મનનું કાઢી નાંખો. જ્યારે ભીતર એ વિશ્વાસ થઈ જશે કે મારી શક્તિથી કામ થશે નહિ, ત્યારે આપમેળે પોકાર નીકળશે કે 'હે નાથ ! મારી શક્તિથી

થતું નથી.' અને એ જ ક્ષણે ભગવાનની શક્તિથી કામ પૂરું થઈ જશે. પોતાની શક્તિ બાકી રાખીને ભગવાનના અનન્ય શરણે થઈ શકાતું નથી. જો પોતાના બળનો કાંઈક આશ્રય છે કે અમે કાંઈક કરી શકીએ છીએ તો કરીને પૂરું કરી લો. જેટલું જોર લગાડવું હોય, તેટલું પૂરું ને પૂરું લગાડી લો. પૂરું જોર લગાડવાથી જ્યારે જોર બાકી નહિ રહેશે, ત્યારે કાર્ય સિદ્ધ થઈ જશે. કારણ કે સંસારનો જે આશ્રય છે, તે પરમાત્માનો આશ્રય નથી લેવા દેતો. એટલું જ એનું કામ છે અને તે પોતે રહેતો નથી !

સંસારનો આશ્રય વ્યાકરણમાં 'ક્વિપ્' પ્રત્યય જેવો છે. 'ક્વિપ્' પ્રત્યયનો લોપ જ થઈ જાય છે, પણ ક્રિયાવાચક ધાતુને ગુણ-વૃદ્ધિ થવા દેતો નથી. એવી જ રીતે સંસારના આશ્રયનો તો લોપ થઈ જાય છે, પરંતુ સાધકમાં ન તો સદ્‌ગુણ-સદાચાર આવવા દે છે અને ન તો તેને પરમાત્માની તરફ આગળ વધવા દે છે. તેથી સંસારનો આશ્રય એ માત્ર ધોખો છે. આમાં લાભ થતો હોય તો બતાવો ?

શ્રોતા—અનંત જન્મોથી સંસારનો આશ્રય લેવાના સંસ્કાર પડી ગયા છે !

સ્વામીજી—એ બધું કંઈ નથી. માત્ર બહાનાં છે. તમારો વિચાર જ નથી, એટલા માટે બહાનાં બનાવો છો. બહાનાંબાજી મેં ઘણી સાંભળી છે. 'શું કરવું, અમારાં કર્મ બરાબર નથી. શું કરવું, કોઈ સારા મહાત્મા મળતા નથી, શું કરવું ભગવાને એવી કૃપા નથી કરી. શું કરવું, વાતાવરણ એવું જ છે. શું કરવું, સમય એવો જ આવી ગયો છે. સમય ઘણો ખરાબ આવી ગયો છે, સમાજમાં કુસંગ છે. શું કરવું, અમારું પ્રારબ્ધ એવું જ છે. શું કરવું, અમારા સંસ્કાર એવા જ છે. ક્યાં જવું ? શું કરવું ?' કેવી રીતે કરવું ? કોને પૂછવું ? ઈશ્વરે અમને એવા જ બનાવી દીધા. ભગવાનની માયા જ આવી છે, અમે શું કરીએ !—એ બધી બિલકુલ નકામી વાતો છે. એમાં કંઈ તત્ત્વ નથી. મેં આનો અભ્યાસ કર્યો છે. મેં જોયું છે કે બહાનાં કાઢવાની તરકીબ જેટલી પણ છે, તે બધી પણ માત્ર અસલ લાભથી વંચિત થવાની તરકીબ છે. કદાચ અસલ લાભ ન થઈ જાય—એ માટે શોધી શોધીને તરકીબો કાઢી છે બીજું કશું નથી! એવી સરસ રીતે કમર કસી છે કે કોઈ પણ આધ્યાત્મિક ઉન્નતિ ન થઈ જાય. કાંઈ ને કાંઈ અડચણ નાંખી જ દેવાના કે સ્વામીજીને આ વાતોની શી ખબર ? એમને ઘરસંસાર તો છે નહિ. દુકાન એમને છે નહિ. એમને તો મફતમાં રોટલા મળે છે અને વાતો બનાવતાં આવડે છે. આવી રીતે કોઈ પણ રીતે એમની વાતોને ટાળી દેવી છે—એ તમે વિચારી રાખ્યું છે. આને માટે તમને તરકીબો ઘણી આવડે છે. એક-બે-ચાર-પાંચ તરકીબો થોડી જ છે ? જો કર્મ બાધક છે તો કર્મ તમારાં કરેલાં છે કે કોઈ બીજાનાં ? તમારા કરેલા સંસ્કાર જો બાધક છે, તો શું એઓને તમે મટાડી નથી શકતા ? તમે કર્યા છે, જોયા છે, સાંભળ્યા છે, સમજ્યા છે, વાંચ્યા છે—આ રીતે તમે પોતે પોતાની અંદર જે સંસ્કાર નાખ્યા છે, તે જ પેદા થાય છે. તેથી તમારા કરેલા સંસ્કાર જ પેદા થાય છે, તમારા કર્યા વિના એક પણ સંસ્કાર ઉત્પન્ન થઈ શકતો નથી.

એક સંતને કોઈએ પૂછ્યું કે 'મહારાજ ! ભગવાનમાં મન કેવી રીતે લાગે ?' સંતે જવાબ આપ્યો કે તું જાતે ભગવાનમાં લાગી જા તો મન પણ પોતાની મેળે ભગવાનમાં લાગી જશે. મન ક્યાં જાય છે ? તેં જ્યાં જ્યાં તારો સંબંધ જોડ્યો છે, ત્યાં ત્યાં મન જાય છે. તેણે કહ્યું કે 'મહારાજ ! મન તો દરેક જગ્યાએ ચાલ્યું જાય છે !' તો સંતે કહ્યું કે 'મનમાં કદી વાઈસરોયની ચા પીવાનો વિચાર આવે છે શું ?' 'નથી થતો !' 'કેમ નથી થતો ?' કારણ કે આપણે સંબંધ જોડ્યો જ નથી. તેથી જ્યાં તમે સંબંધ જોડ્યો નથી, ત્યાં મન જતું નથી. જ્યાં તમે સંબંધ જોડ્યો છે, ત્યાં જ મન જાય છે. તમે સંબંધ છોડી દો તો મન ત્યાં જવાનું ચૉડી દેશે. બધાં કામ પોતાનાં જ કરેલાં છે—

આપ કમાયા કામડ઼ા, કિણને દીજૈ દોષ।
ખોજેજી રી પાલડી, કાંદે લીની ખોસ* ॥

જો પોતાનો પાક્કો વિચાર હશે તો પોતે જ નાબૂદ કરી દેશો. જો તેને પૂરેપૂરું નાબૂદ કરવા ચાહો છો, પણ પોતાની શક્તિથી નાબૂદ થતું નથી, તો એવી પરિસ્થિતિમાં તમે રડી પડશો. એ વિદ્યા આપણે સૌએ બચપણમાં કામમાં લીધી છે. બચપણમાં કયું કામ રડવાથી નથી થયું ! રડવાથી બધાં કામ થયાં. આ રડવું તમારા, અમારા બધાના કામમાં લીધેલો ઉપાય છે. તેથી ભગવાનની આગળ રડી પડો, તો ભગવાનને જખ મારીને આવવું પડશે. આપણે ભગવાનના વહાલામાં વહાલા બાળક છીએ. જો આપણે બેચેન થઈને

* પોતાના જ દ્વારા કરવામાં આવેલા કામમાં કોને દોષ દેવો ! 'ખોજેજી' નામના એક ઠાકોરના ગામ પાલડીને લોકો 'ખોજેજીની પાલડી' કહીને બોલાવતા હતા. એક વાર ખોજેજીના ગામમાં એક ઘણો મોટો કાંદો (પ્યાજ) થયો હતો. તેને તેઓ રાજાને બતાવવાને માટે લઈ ગયા. રાજાની પાસે લઈ જવાથી એ ગામ 'કાંદાની પાલડી' નામ જાણીતું થઈ ગયું અને લોકો એ ગામને 'ખોજેજીની પાલડી' ન કહેતાં 'કાંદાની પાલડી' કહીને બોલાવવા લાગી ગયા.

રડી પડીએ તો ભગવાનની તાકાત નથી આપણી ઉપેક્ષા કરી દે, કરી શકતા જ નથી.

આપણે સંસારના ભોગોને ચાહીએ છીએ, એઓના સંગ્રહને ચાહો છો, તો એ ચીજો રડવા છતાંએ મળવાની નથી. નસીબમાં મળવાની હશે તો મળશે. મળવાની નહિ હોય તો મળશે નહિ. પરંતુ ભગવાનને માટે રડવાનું થશે તો ભગવાન સહી નહિ શકશે. ભગવાન સંસારના દુઃખની પરવા કરતા નથી. જે માનવ સંસારનું સુખ ચાહે છે, તે તો એક રીતે દુઃખ જ ચાહે છે. જાણે કે ભગવાન કહી રહ્યા છે કે પહેલાં મળેલું દુઃખ પૂરતું છે, વધુ દુઃખ લઈને તું શું કરશે ! એટલા માટે સાંસારિક સુખ માંગવાથી અને તેને માટે રડવાથી પણ ભગવાન સાંસારિક સુખ આપી જ દેશે એવો નિયમ નથી.

એક સજ્જન હતા. એમની પત્ની માંદી પડી. તેમણે ભગવાનને પ્રાર્થના કરી. પરંતુ તેમની પત્ની મરી ગઈ. તો તેમણે ભગવાનની આસ્થા છોડી દીધી. તેમની પરીક્ષામાં ભગવાન નાપાસ થઈ ગયા; કારણ કે પ્રાર્થના કરવા છતાં પણ ભગવાને અમારું દુઃખ મટાડ્યું નહિ, પત્નીની રક્ષા કરી નહિ. પરંતુ માનવ એ વિચારતો નથી કે પ્રથમ દુઃખ વધારે હતું, તેને ઓછું કર્યું તો નુકસાન શું થયું ? પરંતુ આ વાત બુદ્ધિમાં બેસતી નથી. માનવ પોતાની મનગમતી વસ્તુ જ માગ્યા કરે છે. જો તમારામાં આધ્યાત્મિક લગની હોય અને એને માટે તમે રડી પડો, તો ભગવાન એ જ સમયે તેને પૂરી કરી દેશે. કારણ કે એઓ જાણે છે કે આ સાચી વાતને માટે રડે છે. જે જૂઠી વાતને માટે રડે છે. તેની કોણ પરવા કરે ? તે તો ગાંડો છે, કમબુદ્ધિ છે, મૂર્ખ છે.

સંસાર પાસેથી કંઈ પણ લેવાની ઇચ્છા ન રાખીએ, તોપણ મનમાં 'આ આપણું છે'—એવો ભાવ છે તો એ ભોગ છે. કારણ કે સંસારથી પોતાનાપણું છૂટે છે તો દુઃખ થાય છે. સંસાર સાથે પોતાનાપણું ટકવાનું નથી. આપણે શરીરને પોતાનું માનીએ છીએ તો શું તેની સાથે આપણો સંબંધ હમેશાં ચાલુ રહેશે ? શરીર ટકી રહે—એ ઇચ્છા માનવને હેરાન કરી રહી છે. શરીર સદા રહેવાવાળું તો છે નહિ, પણ 'તે મારું છે'—એવા ભાવથી એક સુખ મળે છે. આ સુખ જ આફતમાં નાખવાવાળું છે. આ સાધકના કામની ઘણી માર્મિક વાત છે.

આ સંસાર બધેબધો છૂટવાવાળો જ છે; પરંતુ એવું જાણતા હોવા છતાં પણ એને છોડવામાં અસમર્થતા માલૂમ પડે છે. પણ એ અસમર્થતા, કઠણાઈની સામે હાર ન સ્વીકારો. ગભરાઈ જાઓ તો ભગવાનને પ્રાર્થના કરો. હાલતાં-ચાલતાં કહો કે હે નાથ ! શું કરું ? મારાથી તો કાંઈ નથી બનતું ! જેટલું સંયોગજન્ય સુખ લીધું છે, તેનાથી સવાયું દુઃખ થઈ જાય તો સંસારથી માનેલો સંબંધ છૂટી જશે. એટલા માટે સંસારમાં દુઃખના જેવું ઉપકારી બીજું કોઈ છે જ નહિ. પરંતુ એ દુઃખ અંતરમાં થવું જોઈએ. પરિસ્થિતિજન્ય દુઃખ બહારથી આવે છે. પુત્ર નથી, ધન નથી, માન નથી, આ નથી, તે નથી—એ બધાં અસલ દુઃખ અંતરમાં થાય છે. બળતરા અંતરમાં થાય છે. પરમાત્મામાં આપણી ખરેખરી સ્થિતિ નથી થઈ રહી, ભગવાનમાં પ્રેમ બની રહ્યો નથી, ભગવાનનાં દર્શન નથી થઈ રહ્યાં, સંસારનો આશ્રય છૂટી રહ્યો નથી—આવું અંતરમાં જે દુઃખ થાય છે, બળતરા થાય છે. તેને ભગવાન સહી શકતા નથી.

ભગવાનનો સ્વભાવ છે—**'વ્રજાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ'** અર્થાત્ ભગવાન ભક્તના હિતને માટે કઠોરતામાં તો વજ્રથી પણ કઠોર (વજ્ર પડે તો પર્વતના પણ ટુકડે-ટુકડા કરી નાખે છે; એવા વજ્રથી પણ કઠોર છે), પણ કોમળતામાં તેઓ ફૂલથી પણ વધુ કોમળ છે ! સંતોને માટે આવ્યું છે—

સંત હૃદય નવનીત સમાના । કહા કબિન્હ પરિ કહૈ ન જાના ।
નિજ પરિતાપ દ્રવઇ નવનીતા । પર દુખ દ્રવહિં સંત સુપુનિતા ॥

(માનસ ૭ । ૧૨૫ । ૪)

માખણ તો પોતાના જ તાપથી પીગળી જાય છે, પણ સંત બીજાનું દુઃખ જોઈને પીગળી જાય છે. જ્યારે સંત બીજાનું દુઃખ સહન કરી શકતા નથી, ત્યારે સંતોના પ્રિય ભગવાન બીજાનું દુઃખ કેવી રીતે સહન કરી શકે છે ? ભગવાનનો જ તો સ્વભાવ સંતોમાં આવે છે. ભગવાન ઘણા ભારે શૂરવીર છે, પરંતુ બીજાનાં વાસ્તવિક દુઃખોને સહન કરવામાં ભારે કાયર છે. આમાં એમની શૂરવીરતા નકામી થઈ જાય છે. લોકો શું કહેશે, શું નહિ કહેશે, પ્રશંસા થશે કે નિંદા થશે—એ બાબતોને તેઓ ગણકારતા નથી. ગોપીઓ કહે છે કે 'લાલા, તું નાચે તો અમે તને છાશ આપીશું.' તો ભગવાન નાચવા લાગી જાય છે. જેની સ્ફુરણામાત્રથી અનંત બ્રહ્માંડ ઉત્પન્ન અને લીન થાય છે, તે ભગવાન છાશને માટે ગોપીઓની સામે નાચવા લાગી જાય છે ! એવું નથી કે મારી કેટલી બેઆબરૂ થશે. તે ભગવાન શું આજે બદલાઈ ગયા ? જો આપણે સંસારનો આશ્રય ન છૂટવાથી દુઃખી થઈ જઈએ, તો શું તેઓ આપણું દુઃખ સહી શકવાના છે ? નથી સહી શકતા. તેમની કૃપાથી આપણો સંસારનો આશ્રય છૂટી જશે.

****

પરમાત્મા તત્કાળ કેવી રીતે મળે ?

શ્રોતા—જલદીમાં જલદી ઉદ્ધાર કેવી રીતે થાય ?

સ્વામીજી—અમારો ઉદ્ધાર થઈ જાય—એ એક જ લાલસા થઈ જાય તો ઉદ્ધાર થઈ જશે. એક વાત તમે ધ્યાન દઈને સાંભળો. સંસારનાં કામ જેમ કરવાથી થાય છે, તે પ્રમાણે જ આપણે જાણીએ છીએ કે પરમાત્માની પ્રાપ્તિ ઉદ્યમ કરવાથી થશે. ભગવાનને પ્રાપ્ત કરવાના વિષયમાં આ વાત નથી, નથી ને નથી ! પરમાત્મા બધાં સ્થાનોમાં, બધા સમયમાં, બધી વસ્તુઓમાં છે, બધી વ્યક્તિઓમાં છે, તો એ તત્ત્વની પ્રાપ્તિ માટે તો હૈયાની અંદરની લાલસા જ જોઈએ. કારણ કે પરમાત્માનું નિર્માણ કરવાનું નથી, એમને બદલવાના નથી, એમને ક્યાંકથી લાવવાના નથી. એ છે, એ તત્ત્વ જેવું છે તેવું છે, બધાં સ્થળોમાં, બધામાં છે. જ્યાં તમે કહો છો કે 'હું છું', ત્યાં પણ પરમાત્મા પૂરા અને પૂરા છે. આ કારણે કેવળ લાલસાથી પરમાત્મા મળી જશે.

સંસારની કોઈ વસ્તુ માત્ર લાલસા કરવાથી મળતી નથી. લાલસા થશે, ઉદ્યમ કરીશું અને ભાગ્યમાં હશે, તો વસ્તુ મળશે. જેમ કે રૂપિયા જોઈએ તો રૂપિયાની લાલસા હોય, રૂપિયાને માટે પ્રયત્ન કરવામાં આવે અને પ્રારબ્ધમાં હશે તો રૂપિયા મળશે. જો પ્રારબ્ધમાં ન હશે તો ઇચ્છા કરવા છતાં અને ઘણા પ્રયત્ન કરવા છતાં પણ રૂપિયા મળશે નહિ. પરંતુ પરમાત્મપ્રાપ્તિની ઇચ્છા થવાથી પ્રયત્ન આપોઆપ થશે. પરંતુ પરમાત્મપ્રાપ્તિ પ્રયત્નને આધીન નથી. જે વસ્તુ પ્રયત્નને આધીન હોય છે, ક્રિયાજન્ય છે, તે નાશવંત હોય છે. જેની ઉત્પત્તિ થાય છે, તેનો વિનાશ થાય જ છે. જે સાધનાથી મળશે તે ઉત્પત્તિવાળું હશે અને જે ઉત્પત્તિવાળું હશે, તે નષ્ટ થઈ જશે, રહેશે નહિ. પરંતુ પરમાત્મા ઉત્પન્ન ન થવાવાળું તત્ત્વ છે અને સદા જેવું છે તેવું ને તેવું જ છે. તેથી તેની પ્રાપ્તિ માત્ર લાલસાથી થઈ જાય છે.

માત્ર પરમાત્મપ્રાપ્તિની જ લાલસા હોય, બીજી કોઈ પણ લાલસા ન હોય—**'એક બાનિ કરુનાનિધાન કી। સો પ્રિય જાકેં ગતિ ન આન કી ॥'** (માનસ ૩ । ૧૦ । ૪). બીજી લાલસા હોવાથી, બીજી તરફ વૃત્તિ થવાથી જ પરમાત્મપ્રાપ્તિમાં બાધા પડે છે. જો બીજી લાલસા ન થાય તો પરમાત્મપ્રાપ્તિમાં બાધા છે જ નહિ, વિલંબ છે જ નહિ, દૂરતા છે જ નહિ ! બીજી માન-મોટાઈ, સુખ-આરામ વગેરેની લાલસા થવાથી જ સંસારનો સંબંધ છે. બીજી લાલસા છૂટતાં જ સંસારનો સંબંધ છૂટી જાય છે અને સંસારનો સંબંધ છૂટતાં જ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. પરમાત્મા તો પહેલેથી જ મળી ચૂકેલા છે. પરમાત્મા તો પહેલેથી જ મળેલા છે. બીજાની જે ઇચ્છા છે, ચાહના છે, વાસના છે, તેનાથી સંસારની સાથે સંબંધ જોડાયેલો છે. સંસાર સાથે સંબંધ જોડવાના કારણે પરમાત્માનો અનુભવ નથી થઈ રહ્યો.

સંસારની ઇચ્છા કરીને, પ્રયત્ન કરીને કંઈ પામી શકશો નહિ. માત્ર મળશે ધોખો ને ધોખો. પરમાત્મપ્રાપ્તિથી વંચિત રહી જશો—એના સિવાય બીજો કાંઈ લાભ નહિ થશે. સમય નકામો ચાલ્યો જશે, માનવ-શરીર નકામું ચાલ્યું જશે અને મળશે કંઈ નહિ; કેમ કે સંસારની હયાતી નથી. માનવે પોતાના અંતરમાં એક સિદ્ધાંત ગોઠવી રાખ્યો છે કે જે સ્થિતિ હમણાં નથી, તે સ્થિતિ થઈ જશે તો આપણે મોટી ઉન્નતિ કરી લીધી. એ મોટા દોષની વાત છે. પહેલાં ધન ન હતું, હવે ધન થઈ ગયું તો માને છે કે ઘણું ભારે કામ કરી લીધું ! લોકો પણ કહે છે કે પહેલાં સામાન્ય માણસ હતો, હવે લખપતિ-કરોડપતિ બની ગયો તો ભારે મોટું કામ કરી લીધું ! આ મૂર્ખ હતો, હવે પંડિત બની ગયો, તો ભારે મોટું કામ કરી લીધું ! એને પહેલાં કોઈ જાણતું ન હતું, હવે સંસારમાં એની મોટી પ્રસિદ્ધિ થઈ ગઈ; તો ભારે મોટું કામ કરી લીધું ! એનો કોઈ આદર કરતું નહોતું, બધા ધુત્કારતાં હતા, હવે એનો આદર થઈ ગયો, તો મોટું કામ કરી લીધું ! હકીકતમાં કંઈ નથી કર્યું. ધૂળના બે કણ જેટલું કામ કર્યું નથી ! જે સ્થિતિ પહેલાં ન હતી, તે સ્થિતિ હાલમાં થઈ પણ જાય તો અંતે તે રહેશે નહિ. જે પહેલાં પણ નહિ હતી અને પછી પણ નહિ રહેશે; તેને પ્રાપ્ત કરવી કોઈ બહાદુરી નથી. જે બધા સ્થળ, કાળ વગેરેમાં હયાત છે, એ પરમાત્માને પ્રાપ્ત કરવા જ બહાદુરી છે. તે પરમાત્મા સદા 'છે' જ રહેશે. તે કદી 'નથી' થઈ શકતા જ નથી.

તમારી સ્થિતિ પરમાત્મામાં છે. સંસારમાં સ્થિતિ છે જ નહિ. તમારી સ્થિતિ તો અટલ છે અને સંસાર તમારી સામે બદલાય છે. સંસારમાં તમારી સ્થિતિ છે ક્યાં ? બચપણ બદલાયું, જુવાની બદલાઈ, વૃદ્ધાવસ્થા બદલાઈ, રોગી-અવસ્થા બદલાઈ, નીરોગ-અવસ્થા બદલાઈ, ધનિકતા બદલાઈ, નિર્ધનતા બદલાઈ—એ બધાં બદલાતાં રહ્યાં, પણ તમે તે-ના-તે જ છો. સંસાર તમારી સાથે રહી જ શકતો નથી અને તમે સંસારની સાથે કદી રહી જ શકતા નથી. બ્રહ્માજીની પણ તાકાત નથી કે સંસાર તમારી સાથે અને તમે સંસારની સાથે રહી જાઓ. તમારી સ્થિતિ સદા પરમાત્મામાં રહે છે. પરમાત્મા સદા તમારી સાથે રહે છે અને તમે સદા પરમાત્માની સાથે રહો છો. તેથી પરમાત્માની પ્રાપ્તિ અઘરી છે જ નહિ, અઘરું તો ત્યારે હોય, જ્યારે પરમાત્માને મેળવવાને માટે કંઈ કરવું પડે. જ્યારે કરવાનું કાંઈ છે જ નહિ, ત્યારે તેની પ્રાપ્તિ અઘરી કેવી રીતે ! અઘરાપણું

અને સરળતાનો પ્રશ્ન જ નથી.

શ્રોતા—વાત તો આ ઠીક લાગે છે પણ.....

સ્વામીજી—ઠીક લાગે છે તો મનાઈ કોણ કરે છે? આડ તો તમે પોતે જ કરી રાખી છે. ખરેખર તમને પરમાત્મપ્રાપ્તિની પરવા જ નથી, ભલે પ્રાપ્તિ થાય કે ન થાય !

સંતદાસ સંસાર મેં, કઈ ગુગ્ગુ કઈ ડોડ।
ડૂબન કો સાઁસો નહીં, નહીં તિરન કો કોડ॥

—ગુગ્ગુ (ઘુવડ)ને તો દિવસે નથી દેખાતું અને ડોડ (એક જાતનો મોટો કાગડો)ને રાત્રે દેખાતું નથી. પરંતુ સંસારમાં કેટલાક એવા લોકો છે, જેમને ન તો દિવસે દેખાય છે અને ન તો રાત્રે દેખાય છે અર્થાત્ પોતાના ઉદ્ધારની તરફ તેમની દૃષ્ટિ કદી જતી જ નથી. તેમનામાં ન તો પોતાના ડૂબવાની (પતન થવાની) ચિંતા થાય છે અને ન તરવાનો (પોતાના ઉદ્ધાર કરવાનો) ઉત્સાહ થાય છે.

કેવળ આ લાલસા થઈ જાય કે પરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય ? શું કરું ? ક્યાં જાઉં ? કોને પૂછું ? આ લાલસા જોરદાર થઈ કે પરમાત્માની પ્રાપ્તિ થઈ ! કારણ કે આ લાલસા થતાં જ બીજી લાલસાઓ છૂટી જાય છે. જ્યાં સુધી બીજી સાંસારિક લાલસાઓ રહે છે, ત્યાં સુધી એક અનન્ય લાલસા થતી નથી. પરમાત્મા અનન્ય છે; કેમ કે તેમના જેવું બીજું કોઈ છે જ નહિ, એટલા માટે તેમની પ્રાપ્તિની લાલસા પણ અનન્ય થવી જોઈએ.

શ્રોતા—પરમાત્માની લાલસા બનાવવી પડે છે કે સ્વતઃસિદ્ધ છે ?

સ્વામીજી—પરમાત્માની લાલસા સ્વતઃસિદ્ધ છે, બીજી લાલસાઓ તમે બનાવી છે. તેથી તે લાલસાઓને છોડવાની છે. હાલમાં તમે જે લાલસાઓને જાણો છો, આજથી પચાસ વર્ષ પહેલાં તેમને જાણતા હતા ? જાણતા જ ન હતા. એટલા માટે તે લાલસાઓ બનાવટી છે. એક ક્ષણ પણ કોઈ લાલસા ટકતી નથી, બલકે બદલાતી રહે છે, મટતી રહે છે અને તમે નવી નવી લાલસા પકડતા રહો છો.

શ્રોતા—પરમાત્મપ્રાપ્તિની અનન્ય લાલસાના વિના પણ પરમાત્મપ્રાપ્તિ થઈ શકે છે શું ?

સ્વામીજી—પરમાત્માપ્રાપ્તિની અનન્ય લાલસા વિના, બીજી લાલસા રાખતાં છતાં પણ પ્રયત્ન કરી શકાય છે, ભજન-સ્મરણ કરી શકાય છે. પરંતુ એ લાંબો રસ્તો છે, એનાથી તત્કાળ પરમાત્મપ્રાપ્તિ થશે નહિ. એક-બે જન્મ, દસ જન્મ, ખબર નથી કેટલા જન્મ થઈ જાય તો થઈ જાય ! બીજી લાલસા રહેવાથી જ તો આપણે અટકી પડ્યા છીએ, નહિ તો શા માટે અટકતે ? જે સત્સંગમાં લાગ્યા છે, તેમનામાં કાંઈ ને કાંઈ પારમાર્થિક લાલસા છે જ; પરંતુ અનન્ય લાલસા ન હોવાથી જ પરમાત્મપ્રાપ્તિમાં વાર થઈ રહી છે.

હકીકતમાં જોવામાં આવે તો પારમાર્થિક લાલસા વિનાનું કોઈ પ્રાણી છે જ નહિ. પરંતુ આ બાબતની ખબર પશુ-પક્ષીઓને નથી. જે મનુષ્ય પશુ-પક્ષીઓની માફક જ જીવન પસાર કરી રહ્યા છે, તેમને પણ આ વાતની ખબર નથી. બધાં જ એ તત્ત્વને ચાહે છે. જેમ કે કોઈ પણ પ્રાણી મરવા માગે છે શું ? બધાં પ્રાણી નિરંતર રહેવા માગે છે—આ 'સત્'ની ચાહના છે ! કોઈ અજ્ઞાની રહેવા માગે છે શું? બધાં જાણવા માગે છે—આ 'ચિત્'ની ચાહના છે. કોઈ દુઃખી રહેવા માગે છે શું ? બધા સુખી રહેવા માગે છે—આ 'આનંદ' ની ચાહના છે. આવી રીતે સત્-ચિત્-આનંદ-સ્વરૂપ પરમાત્માની ચાહના બધામાં સ્વાભાવિક છે. આને કોઈ મટાડી શકતું નથી, બીજી ચાહનાઓ જેટલી વધારે પકડી રાખી છે, તેટલી જ પરમાત્મપ્રાપ્તિમાં વાર લાગશે. બીજી ચાહનાઓ જેટલી મટશે તેટલી જ જલદી પરમાત્મપ્રાપ્તિ થશે. ચાહનાઓને સદંતર મટાડી દો તો તત્કાળ પરમાત્મપ્રાપ્તિ થઈ જશે.

રાજ્યની ચાહના હોવાથી જ ધ્રુવજીને પરમાત્મપ્રાપ્તિમાં વાર લાગી. આ ચાહનાને કારણે અંતે તેમને પસ્તાવો થયો કે મેં ભૂલ કરી દીધી ! તમે જે ચાહનાઓને પૂરી કરવા માગો છો, તે ચાહનાઓનો તમને પસ્તાવો થશે અને રડવું પડશે. તેથી પરમાત્મપ્રાપ્તિમાં બીજી લાલસા બાધક છે—એ બાબત પર વિચારવાથી બીજી લાલસા મટી જશે. બીજી લાલાસા પરમાત્મપ્રાપ્તિમાં બાધા કરવામાં જ મદદ કરે છે. આનાથી લોક-પરલોકમાં કોઈ જાતનો બિલકુલ પણ ફાયદો નથી. માત્ર નુકસાનના સિવાય બીજું કાંઈ નથી. બીજી લાલસા આધ્યાત્મિક માર્ગમાં કેવળ અડચણ કરનારી છે. જો એનાથી કોઈ પણ લાભ હોય તો કોઈ બતાવો કે અમુક લાલસાથી આટલો ફાયદો થઈ જશે. એમાં ચોખ્ખું નુકસાન છે. માત્ર નુકસાનની વાત પણ તમે છોડી શકતા નથી, તો શું છોડી શકવાના છો ?

શ્રોતા—બીજી લાલસા શાના પર ટકેલી છે ?

સ્વામીજી—બીજી બધી જ લાલસાઓ સંયોગથી થનારા સુખની લાલસા પર ટકી રહેલી છે. સંયોગથી થનારા સુખની જે લાલસા છે, મનમાં જે રુચિ છે, એ જ બાધક છે; સુખ એટલું બાધક નથી. સાચી બીમારી ક્યાં છે—એની અમને તો કેટલાંય વર્ષો સુધી ખબર જ ન હતી. વ્યાખ્યાન કરતાં કરતાં કેટલાંય વર્ષો ચાલ્યાં ગયાં ત્યારે ખબર પડી કે બીમારી અહીંયાં છે ! સંયોગથી થનારા સુખની જે લોલુપતા છે—આપણને સુખ મળી જાય—બસ, આ

લાલસામાં જ બધી બાધાઓ છે. આ જ અનર્થનું મૂળ છે, આ જ ઝેર છે.

શ્રોતા—સંયોગજન્ય સુખની લાલસા કેવી રીતે છૂટે?

સ્વામીજી—આનાથી છૂટવાને ઘણો સરળ ઉપાય છે. પરંતુ આને છોડવી છે—એટલી ઇચ્છા તમારા ઘરની, પોતાની હોવી જોઈએ; કેમ કે આના વિના બીજો કોઈ ઉપાય કામ લાગશે નહિ. એને અમે છોડવા માગીએ છીએ—એટલા તમે તૈયાર થઈ જાઓ તો એવો ઉપાય મારી પાસે છે, જેનાથી ઘણું જલદી કામ બની જાય. મેં પુસ્તકોમાં જે વાંચ્યું છે, સંતો પાસેથી જે સાંભળ્યું છે, તે વાત કહું છું. ભાઈઓ-બહેનો માટે, ભણેલા-અભણ માણસોને માટે, નાનાં મોટાને માટે, બધાંને માટે સીધો સરળ ઉપાય છે કે બીજાઓને સુખ કેવી રીતે પહોંચે ? બીજાઓને આરામ કેવી રીતે મળે ? બીજાઓનું ભલું કેવી રીતે થાય ?—આ લાલસા લાગી જાય તો પોતાના સુખની લાલસા છૂટી જશે. કરીને જોઈ લો, નહિ તો પછી મને પૂછો કે આ તો થયું નહિ ! યુક્તિયુક્ત ન લાગે તો કહી દો કે આ યુક્તિયુક્ત લાગતું નથી !

શ્રોતા—આમાં પ્રારબ્ધની બાધા છે કે નહિ ?

સ્વામીજી—આમાં પ્રારબ્ધની કોઈ બાધા નથી. આમાં પ્રારબ્ધ માનવું તો ફક્ત બહાનાંબાજી છે. પ્રારબ્ધ આવું જ છે, સમય આવો આવી ગયો છે, ઈશ્વરે કૃપા ન કરી, સારા ગુરુ ન મળ્યા, સારા મહાત્મા ન મળ્યા, કોઈ બતાવવાવાળું ન મળ્યું, અમારું નસીબ આવું જ છે—આ બધાં બહાનાંના ખેલ છે, માત્ર પરમાત્મતત્ત્વથી વંચિત રહેવાનો ઉપાય છે.

એવું પણ કદી થઈ શકે છે કે ભગવાન પોતાની પ્રાપ્તિમાં અડચણ કરી દે ? અથવા આપણાં કરેલાં કર્મ આપણને બાધા કરી દે ? આપણી બનાવેલી વાસના આપણને અડચણ કરી દે ? કર્મ આપણે જાતે કર્યાં છે, વાસનાઓ આપણે જાતે બનાવી છે. જે ચીજ આપણે જાતે પેદા કરી છે, તેને આપણે મટાડી શકીએ છીએ. ગુરુ કોઈ નહિ મળ્યા તો ગુરુની જરૂરત જ નથી. કોઈ મહાત્મા મળ્યા નથી તો મહાત્માની જરૂરત જ નથી. ભગવાને જ્યારે પોતાની પ્રાપ્તિને માટે મનુષ્ય-શરીર આપ્યું છે તો પોતાની પ્રાપ્તિની સામગ્રી શું થોડી આપી છે ? જો ગુરુની જરૂરત હશે તો ભગવાને જાતે ગુરુ બનીને આવવું પડશે ! તેઓ જગતના ગુરુ છે—**'કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્'**. સારા મહાત્મા સંસારમાં કેમ રહે છે ? તત્ત્વજ્ઞ, જીવન્મુક્ત પરમાત્માને પામેલા મહાપુરુષ સંસારમાં જીવે છે તો કેમ જીવે છે ? સંસારમાં આવીને એમને જે કામ કરવાનું હતું, તે કામ તો એમણે પૂરું કરી લીધું; તેથી તેમણે તે જ વખતે મરી જવું જોઈતું હતું. પરંતુ તેઓ હજુ જીવે છે તો ફક્ત આપણા માટે જીવે છે. એમના પર આપણો પૂરો હક લાગે છે. જેમ કે બાળક દુઃખ પામી રહ્યું છે તો માતા જીવે છે શા માટે ? માતા તો બાળકને માટે જ જીવે છે, નહિ તો મરી જવું જોઈએ માતાએ ! જરૂરત નથી તેની ! એ જ પ્રમાણે મહાત્મા પુરુષો સંસારમાં જીવે છે તો માત્ર સંસારના જીવોના કલ્યાણને માટે જીવે છે. એટલા માટે મહાત્મા આપણને નહિ મળશે તો તેઓ ક્યાં જશે ? એમણે મળવું પડશે, વિવશ બનીને આવવું પડશે; જો આપણે સાચા હૃદયથી પરમાત્માને ચાહીએ છીએ તો ગુરુની જરૂરત હોવાથી ગુરુ આપમેળે આવી જશે. ભગવાન ગુરુજીને મોકલી દેશે. કેટલાક સ્થળે આવા બનાવ બન્યા છે. આ તદ્દન સાચી વાત છે. એટલા માટે પ્રારબ્ધ અને કર્મ તરફની કોઈ અડચણ નથી. પરમાત્મપ્રાપ્તિની એક પ્રબળ ઇચ્છા થઈ જાય તો અનંત જન્મોનાં પાપ ભસ્મ થઈ જશે.

****

ભગવત્પ્રાપ્તિ ક્રિયાસાધ્ય નથી

એક વાત પર વિશેષ ધ્યાન આપવાનું છે કે જેને મુક્તિ, કલ્યાણ કે ભગવત્પ્રાપ્તિ કહે છે, તે પોતાની મેળે સિદ્ધ છે, એ ક્રિયાથી સાધી શકાય એમ નથી. આ ઘણી વિલક્ષણ વાત છે. તમે કૃપા કરીને આ વાતની તરફ ધ્યાન આપો. સંસારની જેટલી પણ વસ્તુઓ છે, તે બધી પ્રકૃતિનું કાર્ય હોવાથી તેમનામાં હરદમ પરિવર્તન થતું રહે છે. ક્રિયાશીલ હોવાથી તેવી વસ્તુઓની પ્રાપ્તિ પણ કર્મોના દ્વારા જ થાય છે. તેથી સંસારની વસ્તુઓ ક્રિયાસાધ્ય છે. પરંતુ પરમાત્મતત્ત્વ સદા જેવું ને તેવું રહે છે. એમાં કદી કોઈ પરિવર્તન થતું નથી. તેથી પરમાત્મતત્ત્વ ક્રિયાસાધ્ય નથી. સિદ્ધાંતની એક ઘણી ઉત્તમ અને સૂક્ષ્મ વાત એ છે કે પરમાત્મતત્ત્વ પોતાની મેળે સિદ્ધ છે. તે ક્રિયાઓના દ્વારા મેળવી શકાય તેમ નથી. આ વાત ઉપર વિશેષ ધ્યાન આપવાનું છે. તમારું ધ્યાન ખેંચવાને માટે કહું છું કે આ વાત મને ઘણાં વર્ષો પછી સંતો પાસેથી મળી છે. આ વાત શાસ્ત્રસંમત પણ છે. તેથી આ વાતની તરફ જ તમે ધ્યાન આપશો તો ઘણા જ લાભની વાત છે. હવે એનો ખુલાસો કહું છું, તમે ધ્યાન આપશો.

અમે એ માનીએ છીએ કે પરમાત્મા બધા સમયમાં છે, બધી જગ્યાએ છે, બધામાં જ છે અને બધાના છે. હવે આ ચારેય વાતો પર વિચાર કરીએ (૧) પરમાત્મા બધા સમયમાં છે, તો આ સમયે છે કે નહિ ? (૨) જો આ સમયમાં નથી, તો પરમાત્મા બધા સમયમાં છે—એવું કહેવાનું નહિ બનશે. (૨) પરમાત્મા બધી જગ્યાએ છે તો અહીંયાં છે કે નહિ ? જો અહીંયાં નથી, તો પરમાત્મા બધી જગ્યાએ છે—એવું કહેવાનું નહિ બનશે. (૩) પરમાત્મા

બધામાં છે. તેઓ જડ-ચેતન, સ્થાવર-જંગમ વગેરે બધામાં છે. સજ્જનના બે ભેદ છે—સ્થાવર અને જંગમ. વૃક્ષ વગેરે સ્થાવર છે અને મનુષ્ય, પશુ-પક્ષી વગેરે જંગમ છે. જડ-ચેતનમાં , સ્થાવર-જંગમમાં પરમાત્મા છે. હલકામાં હલકા સમજવામાં આવતાં પ્રાણીઓમાં તથા દુષ્ટમાં દુષ્ટ આચરણવાળા મનુષ્યમાં પણ પરમાત્મા છે. સંત-મહાત્માઓમાં પણ પરમાત્મા છે. શુદ્ધથી શુદ્ધ વસ્તુમાં અને અત્યંત અપવિત્રમાં અપવિત્ર વસ્તુમાં પણ પરમાત્મા છે. નરકોમાં પણ પરમાત્મા પરિપૂર્ણ છે. જ્યારે એઓ બધામાં છે તો આપણામાં છે કે નહિ ? જો આપણામાં નથી, તો પરમાત્મા બધામાં છે—એમ કહેવાનું બનશે નહિ. (૪) પરમાત્મા બધાના છે, એવું નહિ કે તેઓ સાધુઓના છે, ગૃહસ્થોના નથી; ભાઈઓના છે, બહેનોના નથી; બ્રાહ્મણોના છે, અંત્યજોના નથી. એવું તમે નથી કહી શકતા કે પરમાત્મા કોઈ વ્યક્તિવિશેષના છે. પરમાત્મા દુષ્ટમાં દુષ્ટ પુરુષના પણ એવાને એવા છે કે જેવા મહાત્માથી મહાત્મા પુરુષના છે. પરમાત્મા પર મહાત્માથી મહાત્માનો જેવો હક લાગે છે, તેવો જ હક દુષ્ટથી દુષ્ટનો પણ લાગે છે. તેમનામાં કદી કિંચિત્માત્ર પણ પક્ષપાત નથી. એમનામાં પક્ષપાત હોઈ જ શકતો નથી, અશક્ય વાત છે. તેથી પરમાત્મા બધાના છે, તો આપણા પણ છે. જો તેઓ આપણા નથી, તો પરમાત્મા બધાના છે—એવું કહેવાનું બનશે નહિ. હવે સિદ્ધ શું થયું ? કે પરમાત્મા બધા સમયમાં છે તો હમણાં પણ છે, બધી જગ્યાએ છે તો અહીંયાં પણ છે, બધામાં છે તો મારામાં પણ છે અને બધાના છે તો મારા પણ છે.

ઉપરોક્ત ચાર વાતોની તરફ ધ્યાન આપવાથી એક વાત સિદ્ધ થાય છે કે પરમાત્મા આપણને નિત્યપ્રાપ્ત છે, આપણે ભગવાનનું ભજન કરીએ છીએ, કીર્તન કરીએ છીએ, રામાયણ, ભાગવત વગેરે ગ્રંથ વાંચીએ છીએ, સંતોની વાણી સાંભળીએ છીએ તો એ ભાવ રહે છે કે પરમાત્મા પછી મળશે. હમણાં આપણે પરમાત્માને પામવાને માટે લાયક થયા નથી, એટલા માટે પરમાત્મા હમણાં નહિ મળશે, ભવિષ્યમાં મળશે. આ ધારણા સાધકોને માટે મહાન બાધક છે. મનમાં તો તેઓ માની રહ્યા છે કે અમે ભગવાનની તરફ ચાલી રહ્યા છીએ, પણ ખરેખર ભગવાનથી અલગ થવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. એ ચિંતન કરી રહ્યા છે કે હમણાં ભગવાન મળશે નહિ. જ્યારે મારું અંતઃકરણ શુદ્ધ થઈ જશે, ત્યારે ભગવાન મળશે. હમણાં કેવી રીતે મળી જશે ? હું યોગ્ય નથી, હું પાત્ર પણ નથી. સાધકને માટે આ ધારણા મહાન પતન કરવાવાળી છે. વિચાર કરવો જોઈએ કે શું આપણી અપાત્રતાથી ભગવાન અટકી શકે છે ? શું ભગવાન એટલા કમજોર છે કે આપણે અયોગ્ય છીએ, એટલા માટે તેઓ આપણને મળી શકતા નથી ? જો આવી વાત છે તો પછી તેમને દયાળુ કહેવા નિરર્થક છે. જ્યારે તેઓ યોગ્યને મળે છે, અયોગ્યને મળતા નથી, તો પછી દયાને શું લેવાદેવા ?

ભગવાને પોતાને પ્રાણીમાત્રના સુહૃદ્ કહેલ છે—**'સુહૃદં સર્વભૂતાનામ્'** (ગીતા ૫ । ૨૯) તો શું દુષ્ટથી દુષ્ટ મનુષ્યના પણ ભગવાન સુહૃદ્ નથી ? હું ગમે તેવોય કેમ ન હોઉં, શું ભગવાન મારા સુહૃદ્ નથી ? જો એમનામાં પક્ષપાત છે તો એઓ ભગવાન કેવી રીતે ? હું દુષ્ટ છું, વધુ અયોગ્ય છું તો ભગવાનની કૃપા મારી ઉપર વધુ થશે—

'પાપી હુલસ વિશેષી અબકી બેર ઉબારિયો ।'

(કરુણાસાગર)

પાપીના મનમાં વધારે આનંદ થાય છે, કારણ કે ભગવાન પતિતપાવન છે. એટલા માટે એમના પર પતિતોનો વધારે હક લાગે છે. મા પણ પોતાના અયોગ્ય દીકરાનો વધારે ખ્યાલ રાખે છે, તો શું ભગવાન મારો ખ્યાલ નહિ રાખશે ? તેઓ મારા પર કૃપા ન કરે—એ હોઈ શકતું નથી. એટલા માટે ભજન-ધ્યાન કરતાં રહીને, નામ-જપ કરતાં રહીને એ વાત પર ખાસ ધ્યાન આપો કે જીભમાં, નામમાં, શ્વાસમાં, મનમાં, બુદ્ધિમાં, અંતઃકરણમાં, શરીરમાં બધી જગાએ પરમાત્મા પરિપૂર્ણ છે, પૂરા ને પૂરા વિદ્યમાન છે. તેઓ બધામાં છલોછલ ભરેલા છે. હવે એ શંકા થાય છે કે જ્યારે એ પરમાત્મા બધામાં છે, બધી જગ્યાએ મોજૂદ છે તો પછી નામ-જપ કેમ કરો છો ? નામ-જપના વિના અમને સંતોષ થતો નથી; એટલા માટે કરીએ છીએ. સનકાદિ ઋષિઓની વાત તમે સાંભળી હશે. એ ચારેય ભાઈ એક સરખા જ બ્રહ્મજ્ઞાની છે. એમાંના એક તો ભગવાનની કથા સંભળાવે છે અને બાકી ત્રણ કથા સાંભળે છે. આ રીતે બ્રહ્મજ્ઞાની હોવા છતાં પણ તેઓ ભગવાનની કથા કહેતા રહે છે; કેમ કે ભગવાનની કથા જ એવી છે—

આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।
કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થમ્ભૂતગુણો હરિઃ ॥

(શ્રીમદ્ભા૰ ૧ । ૭ । ૧૦)

જ્ઞાનના દ્વારા જેમની ચિત્-જડ-ગ્રંથિ હણાઈ ગઈ છે, એવા આત્મારામ મુનિગણ પણ ભગવાનની નિષ્કામ ભક્તિ કર્યા કરે છે; કારણ કે ભગવાનના ગુણ જ એવા છે કે તેઓ પ્રાણીઓને પોતાની તરફ ખેંચી લે છે.

ભગવાન છે જ એવા કે તેમના ભજન વિના સાધક રહી શકતો નથી. એટલો રસ, એટલો આનંદ ક્યાંય છે જ નહિ, થયો જ નથી, થશે જ નહિ, થઈ શકતો જ નથી. એટલા માટે અમે તેમનું ભજન કરીએ છીએ. ભજનના દ્વારા આપણે ભગવાનને ખરીદી લઈશું—એવો ભાવ ન રાખશો. ભગવાન તો એમની કૃપાથી જ મળે છે. ભજન-ધ્યાન, નામ-જપ, કીર્તન વગેરેમાં આપણો અનન્ય પ્રેમ હોવો જોઈએ. કારણ કે આપણે સંસારમાં આસક્તિ, પ્રિયતા કરીને ભારે મોટી ભૂલ કરી છે. હવે આ ભૂલને સુધારવાને માટે આપણે ભજન-ધ્યાન, નામ-જપ વગેરે કરવાના છે. પરમાત્મા ભજન-ધ્યાન વગેરેને આધીન છે—એવી વાત નથી.

ભગવાન જાતે કહે છે—

'નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા ।'

(ગીતા ૧૧ । ૫૩)

અર્થાત્ હું વેદાધ્યયન, તપ, દાન, યજ્ઞ વગેરેના દ્વારા પ્રાપ્ત કરી શકાતો નથી. ઉપનિષદોમાં આવે છે—

'નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન ।'

(કઠ૦ ૧ । ૨ । ૨૩)

એટલે કે પ્રવચનથી, પંડિતાઈથી, ઘણાં શાસ્ત્રોનો બોધ થવાથી પરમાત્મા મળતા નથી. આનો તમે ઊલટો અર્થ ન લેશો કે સત્સંગ સાંભળવો, અભ્યાસ કરવો, શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરવું ખરાબ છે. આને તો કરતા જ રહેવાનું છે. કહેવાનો ભાવ એ છે કે આના દ્વારા ભગવાન ઉપર કબજો કરી શકાતો નથી, અધિકાર જમાવી શકાતો નથી. જે પ્રમાણે કોઈ વસ્તુની જે કિંમત હોય છે, તે કિંમત પૂરી આપવાથી એ વસ્તુ પર આપણો અધિકાર થઈ જાય છે. પરંતુ ભગવત્પ્રાપ્તિના વિષયમાં આવી વાત નથી. સાધન કરીને ભગવાન પર અધિકાર કરી શકાતો નથી. તેમના પર અધિકાર મેળવવાની પણ એક યુક્તિ છે. એ યુક્તિ આવી છે કે પોતે જ દરેક રીતે ભગવાનના થઈ જઈએ. તન, મન, વચન, વિદ્યા, બુદ્ધિ, અધિકાર વગેરે કોઈનો લેશમાત્ર પણ આધાર ન લઈને માત્ર ભગવાનના જ થઈ જઈએ, તો ભગવાન તેના વશમાં થઈ જશે. પરંતુ અમે સાધના કરી છે, અમે જપ કર્યા છે, અમે કીર્તન કર્યું છે, અમે અભ્યાસ કર્યો છે, અમે ગીતાને જાણીએ છીએ, અમે અનેક શાસ્ત્રોને જાણીએ છીએ—એવા અભિમાન કે જકથી ભગવાન વશ થઈ જાય એ અસંભવિત છે. ભગવાન વશમાં થાય છે તો કૃપાપરવશ જ થાય છે. એમની કૃપા એના પર થાય છે, જે દરેક રીતે એમનો થઈ જાય છે. એઓ સસ્તા છે તો એટલા સસ્તા છે. 'હે નાથ ! હું તમારો છું'—એટલું સાંભળતાં જ ભગવાન કહે છે કે 'હા દીકરા, હું તારો છું.' તમે વિદ્યા, બુદ્ધિ, યોગ્યતા વગેરેનું કેટલુંય જોર કરો, તો એનાથી તમારું જ્ઞાન વધી શકે છે, તમારામાં પવિત્રતા આવી શકે છે, પણ તેનાથી ભગવાન વશમાં થઈ જાય—એ વાત નહિ થશે.

ભગવાન આપણા છે અને આપણે ભગવાનના છીએ—એ સાચી વાત છે. એટલા માટે ભજન-ધ્યાન કરતા રહીને એ વાતને ખાસ યાદ રાખવી કે ભગવાન અત્યારે છે, અહીંયાં છે, મારામાં છે અને મારા છે. હવે નિરાશાને સ્થાન જ ક્યાં છે ? જે પ્રમાણે બાળક માને છે કે મા મારી છે, તો તે મા પર પોતાનો અધિકાર કરે છે, પૂરો અધિકાર કરે છે. મા અહીંતહીં જુએ છે તો હડપચી પકડીને કહે છે કે તું મારી તરફ જ જો, બસ ! તેથી માતાને તેની તરફ જોવું પડે છે. એ જ પ્રમાણે ભગવાનને આપણે કહી દઈએ કે અમે તમારા છીએ, તમે અમારા છો, તેથી અમારી તરફ જ જુઓ. સંતોએ કહ્યું છે—**'ન મૈં દેખૂઁ ઔર કો, ન તોહિ દેખન દેઉઁ ।'** હું બીજાને જોઈશ નહિ અને તને પણ બીજાની તરફ જોવા નહિ દઉં. આવું થવાથી ભગવાન વશમાં આવી જશે. આપણે જે બીજાની તરફ જોઈએ છીએ, એ જ બાધા છે.

એક બાનિ કરુનાનિધાન કી । સો પ્રિય જાકેં ગતિ ન આન કી ॥

(માનસ ૩ । ૧૦ । ૪)

એટલા માટે કોઈ ગમે તેવું હોય, તેણે ભગવાનની તરફથી નિરાશ નહિ થવું જોઈએ. તમને વિશ્વાસ ન આવે તો જપ કરો, કીર્તન કરો, બધું કરો અને વિશ્વાસ બેસે તોપણ બધું કાંઈ કરો; કેમ કે એ તો કરવાની ચીજ છે ! પરંતુ જપ-ધ્યાન વગેરેના દ્વારા ભગવાન પર કબજો કરી લઈએ—એ વાત નથી. આપણે આપણી જાતને સોંપીને જ તેમના પર કબજો કરી શકીએ છીએ. આપણે આપણી જાતને સંસારને આપી રાખી છે, તેથી તો તમે દુઃખ પામી રહ્યા છો. જો પોતાની જાતને ભગવાનને આપી દઈએ તો ન્યાલ થઈ જઈએ.

બિલકુલ શાસ્ત્ર-સંમત વાત છે કે ક્રિયાઓના દ્વારા ભગવાન પર કબજો કરી શકાતો નથી. કેટલીયે યોગ્યતા મેળવી લો, એમના પર અધિકાર કરી શકાતો નથી. કારણ કે આના દ્વારા અધિકાર તેના પર થાય છે કે જે આનાથી કમજોર હોય છે. સો રૂપિયા દ્વારા આપણે તે ચીજ પર કબજો કરી શકીએ છીએ, જે સો રૂપિયાથી ઓછી કિંમતની છે. કોઈ ચીજ સો રૂપિયાની છે તો આપણે સવાસો રૂપિયા આપીને તે ચીજ પર કબજો કરી શકીએ છીએ. એ જ પ્રમાણે ભગવાનને કોઈ યોગ્યતાથી ખરીદીશું તો એ યોગ્યતાથી ઓછી કિંમતના ભગવાન મળશે. તેથી આ વિરક્ત છે, આ ત્યાગી છે, આ વિદ્વાન છે, આ મોટા છે, એમને ભગવાન મળશે, અમને સાધારણ મનુષ્યોને ભગવાન કેવી રીતે મળશે, એ ધારણા ભૂલભરેલી છે, ખોટી છે. જો તમે ભગવાનને માટે વ્યાકુળ થઈ જાઓ, તેમના વિના રહી ન શકો, તો મોટામોટા પંડિતો અને મોટા વિરક્તો તો રડતા રહેશે અને ભગવાન પહેલાં તમને મળશે. તમે ભગવાનના વિના રહી નહિ શકશો તો ભગવાન પણ તમારા વિના નહિ રહી શકશે. આ માટે પરમાત્મા તરફથી કોઈએ કદી બિલકુલ પણ નિરાશ નહિ થવું જોઈએ અને સંસારની આશા નહિ રાખવી જોઈએ. કારણ કે સંસાર આશામાત્રથી મળશે નહિ. જો મળી જશે તો ટકશે નહિ. જો એ ટકી પણ જશે તો તમારું શરીર નહિ ટકશે. સંસાર અભાવરૂપ છે. એટલા માટે તેનો સદા અભાવ જ રહેશે. પરમાત્મા છે, એટલા માટે તેમનો સદા ભાવ જ રહેશે, અભાવ કદી થશે જ નહિ—આ સિદ્ધાંત છે.

****

પરમાત્મપ્રાપ્તિની સુગમતા

હું જે વાત કહું છું, તેને તમે કૃપા કરીને માની લો. હું એવી વાત કહું છું, જે તમારી જાણેલી છે. કોઈ નવી વાત જણાવતો નથી. કોઈ ભાઈ-બહેન શું એવું જાણે છે કે હું પહેલાં ન હતો અને પછી નહિ રહીશ ? આ સવાલ પોતાની જાતના વિષયમાં છે, શરીરના વિષયમાં નથી. શરીર તો પેદા થવા અગાઉ ન હતું અને મર્યા પછી નહિ રહેશે. પરંતુ હું પહેલાં ન હતો પછી નહિ રહીશ તથા અત્યારે પણ હું નથી—એવો પોતાના અભાવનો અનુભવ પણ કોઈને થાય છે શું ? પોતાના અભાવનો અનુભવ કોઈને થતો નથી, હું શું હતો, શું રહીશ, શું છું—એવો વિચાર તો થઈ શકે છે, પણ 'હું છું કે નથી ?'—એવો વિચાર, સંદેહ કદી થતો નથી.

'હું છું'—આ જે પોતાની સત્તા, પોતાનું હોવાપણું છે, તેનો કદી કિંચિત્‌માત્ર પણ અભાવ થતો નથી—**'नाभावो विद्यते सतः'** (ગીતા ૨ । ૧૬). જેનો કદી અભાવ થતો નથી, તેમાં કદી કમી આવતી નથી. જેમાં કોઈ કમી નથી આવતી તેને માટે શું જોઈએ ? કાંઈ નહિ જોઈએ. કારણ કે ચાહના તો કમીમાં જ હોય છે. જેનો કદી અભાવ નથી થતો, જેમાં કદી કમી નથી આવતી, જે નિત્ય નિરંતર જેમ છે તેમ રહે છે, તેને માટે શું કરવાનું બાકી રહ્યું ? શું જાણવાનું બાકી રહ્યું ? શું મેળવવાનું બાકી રહ્યું ? પરંતુ એ 'છે'માં સ્થિત ન થઈને જે હરપળે નાશ પામી રહ્યું છે, એ શરીરમાં તમે સ્થિત થઈ જાઓ છો, ત્યારે કરવાનું પણ બાકી રહે છે, જાણવાનું પણ બાકી રહે છે અને મેળવવાનું પણ બાકી રહે છે.

એ વાતને પણ તમે જાણો છો કે શરીર હરપળે બદલાય છે, ક્યારેય પણ એકરૂપ રહેતું નથી. જો શરીર એકરૂપ રહેત તો બચપણનું શરીર હાલમાં પણ રહેવું જોઈતું હતું. પરંતુ બચપણનું શરીર અત્યારે નથી—આ સૌનો અનુભવ છે. બચપણનું શરીર કોઈ એક દિવસમાં, એક મહિનામાં અથવા એક વર્ષમાં બદલાયું નથી, બલકે પ્રત્યેક વર્ષમાં, પ્રત્યેક મહિનામાં, પ્રત્યેક દિવસમાં, પ્રત્યેક કલાકમાં, પ્રત્યેક મિનિટમાં અને પ્રત્યેક સેંકડમાં બદલાય છે. તેથી માત્ર બદલવાના ઢગલાનું નામ શરીર છે. શરીર વગેરે પદાર્થ સ્થૂળ બુદ્ધિથી દેખાય છે. સૂક્ષ્મ બુદ્ધિથી જોઈએ તો માત્ર પરિવર્તન જ પરિવર્તન દેખાશે, વસ્તુ નહિ દેખાશે. જે પ્રમાણે પંખો ચાલે છે તો ગોળ ચક્કર દેખાય છે, પણ ખરેખર ગોળ ચક્કર છે નહિ. પંખાની પાંખો અલગ અલગ છે, પણ ઝડપથી ફરવાને કારણે ગોળ ચક્કર દેખાય છે. એવી જ રીતે ઝડપથી બદલાવાને કારણે પદાર્થ, શરીર દેખાય છે. આ શરીર—એવું કહેવામાં તો વાર લાગે છે, પણ એના બદલાવામાં વાર લાગતી નથી. આ તો હરપળે બદલાતું રહે છે. પરંતુ સ્વયં (સ્વરૂપ) નિત્ય-નિરંતર જેમ છે તેમ રહે છે. નિત્ય-નિરંતર રહેવાવાળા સ્વયંને જ્યારે ક્ષણેક્ષણે બદલાવાવાળા શરીરની સાથે ભેળવી દઈએ છીએ, ત્યારે કામના, ઇચ્છા, વાસના, તૃષ્ણા વગેરે પેદા થાય છે. એનાથી બધો અનર્થ થાય છે.

જો આપણે નિત્ય-નિરંતર રહેવાવાળા ન હોત, તો પહેલાંના કરેલાં કર્મોનું ફળ હમણાં અને હમણાં કરેલાં કર્મોનાં ફળ કોને ભોગવવાં પડશે ? આપણે પહેલાં હતા, ત્યારે તો પહેલાંનાં કરેલાં કર્મોનાં ફળ હમણાં ભોગવી રહ્યા છીએ અને આપણે આગળ રહીશું, ત્યારે તો હમણાંનાં કરેલાં કર્મોનાં ફળ આગળ ભોગવવાં પડશે. અગાઉ આપણે જે કર્મો કર્યાં હતાં, તે પરિવર્તનશીલ શરીરની સાથે ભળીને જ કર્યાં હતાં અને હાલમાં તેમનાં ફળ પણ પરિવર્તનશીલ શરીરની સાથે ભળીને જ ભોગવીએ છીએ. હમણાં શરીરની સાથે ભળીને જે કર્મ કરીએ છીએ, તેમનાં ફળ પણ શરીર સાથે ભળીને જ ભોગવીશું. જો આપણે શરીરની સાથે ન ભળીએ તો ન તો અગાઉનાં કર્મ સ્પર્શ કરશે, ન હાલનાં કર્મ સ્પર્શ કરશે અને ન ભવિષ્યનાં કર્મ સ્પર્શ કરશે. કારણ કે 'છે'માં કદી અભાવ નથી હોતો અને અભાવ થયા વિના તેમાં બીજી વસ્તુનો સ્પર્શ થતો નથી, પ્રવેશ થતો નથી. તે 'છે' સદા જેમ છે તેમ રહે છે, એ માટે તેનો અનુભવ કરવાવાળા મહાપુરુષોએ કહ્યું છે—

હૈ સો સુન્દર હૈ સદા, નહિં સો સુન્દર નાહિં ।
નહિં સો પરગટ દેખિયે, હૈ સો દીખે નાહિં ॥

'છે' તો બધાનો દૃષ્ટા છે, તે દેખાય કેવી રીતે ? આંખથી બધાને જોઈએ છીએ, પણ આંખ નથી દેખાતી, પરંતુ જેનાથી જોઈએ છીએ, તે જ આંખ છે. આવી રીતે આપણે 'છે'ને એટલે કે પોતાના હોવાપણાને જોઈ શકતા નથી; પરંતુ જેનાથી આ બધું દેખાઈ રહ્યું છે, તે જ 'છે' છે. આ વાતને તમે માની લો. તમે કહી શકો છો કે અમને તેનો અનુભવ નથી થઈ રહ્યો તો તેના અનુભવને માટે તમારે જિજ્ઞાસા કરવી, વ્યાકુળ થઈ જવું.

કૃપા કરીને તમારે એવું ન માનવું કે તે 'છે' દૂર છે, તે આવશે અથવા અમે તેની પાસે જઈશું; ત્યારે તેની સાથે મિલન થશે. નહિ તો ભજન કરતા રહીને તમે તો માનો છો કે અમે તો ભગવાનની પાસે જઈ રહ્યા છો, પણ હકીકતમાં ભગવાનથી પોતાને દૂર કરી રહ્યા છો, ભગવાનની સાથે પોતાના સંબંધના અભાવને દૃઢ કરી રહ્યા છો. ભગવાન તો પછી મળશે, હમણાં તો નહિ મળે—એવી ધારણા રાખતા રહીને રામરામ જપો છો, કૃપા કરીને આવી ધારણાઓને છોડી દો. અમને અનુભવ નથી થઈ રહ્યો—એ વાત માનો તો કોઈ હરકત નથી, પણ આ વાત દૃઢતાથી માની લો કે ભગવાન બધી જગ્યાએ મોજૂદ છે. 'હું છું'—એમાં પણ ભગવાન છે, મનમાં પણ છે, બુદ્ધિમાં પણ છે, વાણીમાં પણ

છે, રામ-રામ-રામ—આ અવાજમાં પણ ભગવાન છે. જોવામાં, સાંભળવામાં, સમજવામાં જે કંઈ પણ આવી રહ્યું છે, તે બધું ભગવાન જ છે. ભગવાન કહે છે—

મનસા વચસા દૃષ્ટ્યા ગૃહ્યતેઽન્યૈરપીન્દ્રિયૈઃ ।
અહમેવ ન મત્તોઽન્યદિતિ બુધ્યધ્વમંજસા ॥

(શ્રીમદ્ભા૦ ૧૧ । ૧૩ । ૨૪)

મનથી, વાણીથી, દૃષ્ટિથી તથા અન્ય ઇન્દ્રિયોથી પણ જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે, તે બધું હું જ છું. મારાથી અલગ બીજું કંઈ નથી—આ સિદ્ધાંત તમે લોકો તત્ત્વવિચારના દ્વારા સમજી લેશો.

તેથી 'ભગવાન છે'—એટલું તમે માની લો, ભલેને તેમનો અનુભવ હમણાં ન થાય. સંત-મહાત્મા કહે છે, વેદ-પુરાણ કહે છે, મોટા-મોટા જાણકાર કહે છે કે 'તે છે.' બસ 'તે છે'—એવું માનતા રહીને લગનીપૂર્વક રામ-રામ જપ કરો તો ઘણી જલદી અનુભવ થઈ જશે. તેનો અનુભવ કેવી રીતે થાય ? શું કરું ? કેવી રીતે કરું ? કોને પૂછું ?—એ જિજ્ઞાસા જોરદાર થઈ જાય. રામ-નામને છોડશો નહિ; કારણ કે એના સિવાય સંસારમાં બીજો કોઈ સહારો નથી. મરણ ટાણે પણ કહે છે—'રામ-નામ સત્ય છે.' શરીર-સંસાર અસત્ છે. તેથી રામ-રામ કરતા રહો. 'ર'માં, 'આ'માં, 'મ'માં જીભમાં, મનમાં, સ્ફુરણામાં, ચિંતનમાં, બુદ્ધિમાં, હુંપણામાં—બધી જગ્યાએ એ પરમાત્મા પરિપૂર્ણ છે. જે બધામાં રમણ કરે છે અને જેમાં બધા રહે છે, તેનું નામ 'રામ' છે.

રામ-નામનો જપ ઘણો જ મહાન અને સહેલું સાધન છે. કાલે લકવાની બીમારીવાળા એક ભાઈ મળ્યા હતા, તેઓ બીજું કાંઈ બોલી શકતા ન હતા, માત્ર રામ-રામ બોલી શકતા હતા. તેમનાથી પણ પહેલાં એક ભાઈ કલકત્તામાં મળ્યા હતા, તેઓ પણ કાંઈ બોલી શકતા ન હતા, માત્ર 'રામ'—આટલું જ કહી શકતા હતા. રામ-નામ લોકમાં, પરલોકમાં બધી જગ્યાએ શાંતિ આપવાવાળું. બધાને સુખ આપવાવાળું છે.

સુમિરત સુલભ સુખદ સબ કાહૂ । લોક લાહુ પરલોક નિબાહૂ ॥

(માનસ ૧ । ૨૦ । ૧)

તમે આ વાત ચાહે શ્રદ્ધાથી માની લો, ચાહે વિશ્વાસથી માની લો, ચાહે યુક્તિથી માની લો, ચાહે અનુભવથી માની લો, ચાહે વિચારી-સમજીને માની લો કે પરમાત્મા બધી જગ્યાએ છે; જ્યાં તમે છો, ત્યાં જ પરમાત્મા છે. તમારી એકતા પરમાત્માની સાથે છે, બદલાવાવાળા શરીર સાથે નથી. શાસ્ત્ર પણ ટકોરાબંધ વાત કહે છે કે પરમાત્મા બધી જગ્યાએ છે, બધામાં છે, બધાના પોતાના છે, બધાના સુહૃદ્ છે. તમે આને દૃઢતાથી માની લો. સાધકથી મોટી ભૂલ આ થાય છે કે તે 'ભજન' કરશે, પછી પરમાત્માને મળશે—એવું માની લે છે. આ ભવિષ્યની આશા જ મહાન બાધક છે. શાસ્ત્રોથી, સંતોના કહેવાથી, કોઈના કહેવાથી આ માની લો કે પરમાત્મા તો મળેલા જ છે, માત્ર આપણને દેખાતા નથી. વર્તમાનમાં પરમાત્માના અભાવનો સ્વીકાર ન કરો. આપણને તેમનો અનુભવ નથી થઈ રહ્યો; તેથી અનુભવ કેવી રીતે થાય—એના માટે રાત-દિવસ રામ-નામનું રટણ શરૂ કરી દો. પછી જુઓ તમાશો ! કેટલો જલદી અનુભવ થાય છે.

જો જિવ ચાહે મુક્તિ કો, તો સુમિરીજૈ રામ ।
હરિયા ગૈલે ચાલતાં, જૈસે આવૈ ગામ ॥

****

મનુષ્યનો વાસ્તવિક સંબંધ

સંસારની સાથે આપણો સંબંધ કાયમી રહેતો નથી—આ હકીકતને આપણે સૌ જાણીએ છીએ. પરંતુ આ જાણકારી પર આપણે કાયમ રહેતા નથી—એટલી ભૂલ છે. જો આ જાણકારી પર આપણે કાયમ રહી જઈએ એટલે કે સંસારની સાથે પોતાનો સંબંધ ન માનીએ તો આજે, અત્યારે જ બેડો પાર છે ! આપણે સંસારની સાથે જે આપણો સંબંધ માનીએ છીએ, તેને છોડ્યા વિના આપણે રહી શકતા જ નથી. સંસારના સંબંધ વિના તો આપણે રહી શકીએ છીએ, પણ વિયોગના વિના આપણે રહી શકતા જ નથી, જીવી જ શકતા નથી. આ વાત પર તમારે ખૂબ ધ્યાન આપીને વિચાર કરવો. સંસારની જે વસ્તુઓ, વ્યક્તિઓ, પદાર્થોની સાથે આપણે આપણો સંબંધ માનીએ છીએ, તેમના સંબંધથી એટલું સુખ નથી મળતું, જેટલું તેમના વિયોગથી સુખ મળે છે. જે પ્રમાણે આપણને ગાઢ ઊંઘ આવે છે તો એ સમયે આપણો કોઈ વ્યક્તિ કે વસ્તુ સાથે બિલકુલ પણ સંબંધ નથી રહેતો. ગાઢ ઊંઘમાં બધી વસ્તુ-વ્યક્તિઓને ભૂલી જઈએ છીએ. તેમને ભૂલવાથી જેટલું સુખ મળે છે, તેટલું સુખ તેમને યાદ રાખવાથી, તેમની સાથે સંબંધ રહેવાથી મળતું નથી—આ આપણા સૌનો અનુભવ છે.

હવે ધ્યાન દઈને આ વાતને તમે બરાબર રીતે સમજો. ઊંઘવાની પ્રવૃત્તિ આપણી જન્મથી જ છે. તમે યાદ કરો તો બચપણથી લઈને આજ સુધી આપણે ઊંઘતા જ રહ્યા છીએ. એટલે કે સંસારને ભૂલતા જ રહ્યા છે. ઊંઘ્યા વિના એટલે કે સંસારથી વિમુખ થયા વિના આપણે આઠ પહોર પણ જીવી શકતા નથી. જો કેટલાક દિવસ સુધી ઊંઘ ન આવે તો માણસ ગાંડો થઈ જાય. જેટલું પોષણ ઊંઘથી આપણને મળે છે, એટલું પોષણ પદાર્થો, વ્યક્તિઓના સંબંધથી મળતું નથી. પદાર્થો, વ્યક્તિઓની સાથે સંબંધ રાખવાથી તો થાક લાગે છે. ઊંઘથી થાક દૂર

થાય છે અને શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણમાં નવી શક્તિ, સ્ફૂર્તિ, તાજગી આવે છે. પદાર્થો અને વ્યક્તિઓના સંબંધથી તાજગી નાશ પામે છે.

બચપણમાં રમકડાં જેટલાં સારાં લાગતાં હતાં, તેટલાં પદાર્થ અને વ્યક્તિ સારા લાગતા ન હતા. રમત જેટલી સારી લાગતી હતી, તેટલું ઘર સારું લાગતું ન હતું. હવે યુવાનીમાં રૂપિયા સારા લાગવા માંડ્યાં. હવે રમકડાં સારાં લાગતાં નથી, પણ ઊંઘ હજુ પણ તેવી ને તેવી જ સારી લાગે છે. જ્યારે રમકડાં સારાં લાગતાં હતાં, ત્યારે ઊંઘ પણ સારી લાગતી હતી અને ઊંઘથી સુખ મળતું હતું. હવે રૂપિયા સારા લાગવા માંડ્યા તોપણ ઊંઘ સારી લાગે છે. પરંતુ રૂપિયાને ભૂલીને જે ઊંઘ આવે છે, તે ઊંઘ રૂપિયાથી પણ સારી લાગે છે. જ્યારે લગ્ન થયાં ત્યારે પત્ની, પુત્ર, કુટુંબ ઘણું સારું લાગવા માંડ્યું, જેના માટે રૂપિયા પણ વાપરીએ છીએ. પરંતુ જ્યારે ઘેરી ઊંઘ આવવા માડે છે, ત્યારે પત્નીને, પુત્રને, મિત્રોને, કુટુંબીઓને પણ છોડી દઈએ છીએ. જેમના મોહમાં ફસાઈને જૂઠ, કપટ, બેઈમાની, ચોરી, ઠગાઈ, ધોકાબાજી વગેરે કરી લઈએ છીએ, તે બધાને ગાઢ ઊંઘમાં છોડી દઈએ છીએ. જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે, ત્યારે પરિવારમાં પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રીમાં મોહ વધી જાય છે; પરંતુ ગાઢ ઊંઘમાં આવવાથી એમને પણ છોડી દઈએ છીએ. જો વૈરાગ્ય થઈ જાય છે તો ધન, મકાન, પત્ની, પુત્ર, પરિવાર વગેરેને છોડીને સાધુ થઈ જઈએ છીએ, વિરક્ત-ત્યાગી બની જઈએ છીએ, ત્યારે પણ ઊંઘ લઈએ છીએ. ઊંઘમાં સાધુપણાનો પણ વિયોગ થાય છે, વિરક્તપણાનો પણ વિયોગ થાય છે. આવી રીતે દરેક સ્થિતિમાં ઊંઘ સારી લાગે છે. ઊંઘ ન આવે તો સારું છે—એવો ભાવ કદી થતો નથી, બલકે ઊંઘ આવી જાય તો સારું છે—એ ભાવ રહે છે. ઊંઘવાની પૂરી તૈયારી કરીએ છીએ. સારી પથારી પાથરીએ છીએ. સારો ઉત્તમ તકિયો લગાવીએ છીએ, ગાદલું લગાવીએ છીએ, પંખો લગાવીએ છીએ, જેથી આરામથી ઊંઘ આવી જાય. શોર-બકોર ન થાય, એવી વ્યવસ્થા કરીએ છીએ. જ્યારે ઊંઘ આવવા લાગે છે, ત્યારે જાતજાતના ભોગ, મનોહર દૃશ્ય, સિનેમા ગમતા નથી. ત્યારે એમ જ કહીએ છીએ કે ભાઈ, હવે તો અમને ઊંઘવા દો; અમે તો સૂઈ જઈશું; આથી સિદ્ધ થયું કે ઊંઘ બધી વસ્તુ-વ્યક્તિઓથી ચડિયાતી-વહાલી છે. ઊંઘને માટે બધાનો ત્યાગ કરી શકાય છે, પણ ઊંઘનો ત્યાગ કરી શકાતો નથી. પરંતુ ક્યાંક ભગવાનના ભજનમાં પ્રેમ થઈ જાય, ભજનમાં રસ આવવા માંડે, તો પછી ઊંઘ પણ સારી લાગતી નથી. સંતોનું પદ આવે છે—**'બૈરિન હો ગઈ નિંદરિયા'** એટલે કે આ ઊંઘ તો અમારી વેરણ થઈ ગઈ; ઊંઘ નહિ આવે તો સારું છે. એનાથી સિદ્ધ થાય છે કે જેને માટે વહાલામાં વહાલી ઊંઘનો પણ ત્યાગ થઈ જાય છે, એ પરમાત્માની સાથે જ આપણો વાસ્તવિક સંબંધ છે. સંસારની સાથે આપણો સંબંધ બનાવટી છે, ભૂલથી માનેલો છે. એટલા માટે સંસારના સંયોગના વિના તો આપણે રહી શકીએ છીએ, પણ વિયોગના વિના આપણે રહી જ શકતા નથી. સંસારના વિયોગથી સુખ થાય છે—એ આપણા બધાનો અનુભવ છે.

કેટલી વિલક્ષણ વાત છે કે સંસારના વિયોગનો અનુભવ જીવમાત્રને છે ! મનુષ્ય, પશુ, પક્ષી વગેરે બધા ઊંઘ લે છે. આશય એ છે કે દરેક પ્રાણી સંસારથી વિયોગ ઇચ્છે છે. સંસારના સંયોગમાં તો કમીથી કામ ચાલી જાય છે; જેમ કે કોઈને ભોજન સારું મળે છે, કોઈને ભોજન સારું મળતું નથી, કોઈને મકાન મળે છે, કોઈને મકાન મળતું નથી; આમાં બધાની વિષમતા છે. બે માણસોની આરામ-સામગ્રી પણ એક સરખી હોતી નથી. પરંતુ ઊંઘ બધાની એક સરખી હોય છે. અહીંયાં એક વાત વિચારવાની છે કે ઊંઘની તરફ આપણી જે પ્રવૃત્તિ થાય છે, તેમાં આપણે કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી, ન કાંઈ ચિંતન કરવું પડે છે, ન કંઈ કામ કરવું પડે છે, ન કંઈ યાદ કરવું પડે છે. તાત્પર્ય છે કે કંઈ ન કરવાથી ઊંઘ આવી જાય છે. ઊંઘના માટે એવું નથી કે આટલી કોશિશ કરો, ત્યારે ઊંઘ આવશે !

ઊંઘમાં બધા સાથે સંબંધ-વિચ્છેદ થાય છે. પરંતુ સંસારની સાથે માનેલા સંબંધને પકડીને જ ઊંઘીએ છીએ, એટલા માટે જાગ્યા પછી એમાં (સંસારમાં) લાગી જઈએ છીએ. અવસ્થા બદલાઈ જાય છે, પરિસ્થિતિ બદલાઈ જાય છે, ઘટના બદલાઈ જાય છે, વ્યક્તિ બદલાઈ જાય છે, સ્થાન બદલાઈ જાય છે, કાળ બદલાઈ જાય છે—આ બધા તો બદલાઈ જાય છે, પણ સંસાર સાથે સંબંધ-વિચ્છેદ કદી બદલાતો નથી. કારણ કે સંસારની સાથે સંબંધ તો આપણો માનેલો છે, અવાસ્તવિક છે, પણ સંસારથી સંબંધ-વિચ્છેદ માનેલો નથી, બલકે વાસ્તવિક છે. એટલા માટે સંસારથી નિરંતર સંબંધ-વિચ્છેદ થઈ રહ્યો છે. બચપણ સાથે સંબંધ-વિચ્છેદ થયો, જુવાનીથી થયો, વૃદ્ધાવસ્થાથી થયો, નીરોગતાથી થયો, રોગીપણાથી થયો, ધનિકપણાથી થયો, નિર્ધનતાથી થયો અને કેટલીય વ્યક્તિની સાથે સંયોગ થઈને વિયોગ થયો. આવી રીતે સંસારનો સંબંધ તો છિન્ન-ભિન્ન થતો રહે છે; કેમ કે આ સંબંધ તો નકલી છે, માનેલો છે. આપણે ઘણી ભારે ભૂલ એ કરી કે માનેલા સંબંધને તો સાચો માની લીધો, પણ સંસાર સાથે જે સંબંધ-વિચ્છેદ થઈ રહ્યો છે, તેની તરફ ખ્યાલ જ નથી કર્યો કે આ પણ તો આપણો અનુભવ છે. સંસારના સંબંધ-વિચ્છેદથી જેટલું સુખ મળે છે, તેટલું પદાર્થોથી મળતું નથી. જો પદાર્થોથી સુખ મળતું તો ઊંઘ છૂટી જાત.

જ્યારે ભગવાનના ભજનમાં રસ આવવા લાગે છે, ત્યારે ઊંઘ, ભૂખ અને તરસ છૂટી જાય છે, એમની પણ

પરવાહ રહેતી નથી. ઊંઘ, ભૂખ અને તરસ શરીર-નિર્વાહની અગત્યની વસ્તુઓ છે, પણ ભજનમાં એમને પણ ભૂલી જઈએ છીએ. એનો અર્થ એ થયો કે આપણો સંબંધ ભગવાનની સાથે છે. અસલી સંબંધ જાગ્રત થઈ જાય તો પછી નકલી સંબંધને કોણ રાખવા માગશે ? શરીર-સંસારની સાથે માનેલા નકલી સંબંધોને આપણે છોડી દઈએ તો આજે જ ન્યાલ થઈ જઈએ ! સંબંધને છોડીને જવાનું ક્યાંય નથી, ન વનમાં જવાનું છે, ન સાધુ બનવાનું છે. માત્ર એ માની લેવાનું છે કે આ સંસાર વાસ્તવમાં આપણો નથી. આપણા તો માત્ર ભગવાન જ છે. વ્યક્તિઓ સાથે આપણો જે સંબંધ દેખાય છે, તે તેમની સેવા કરવાને માટે છે. વસ્તુઓ સાથે આપણો જે સંબંધ દેખાય છે, તે તેમને બીજાઓની સેવામાં વાપરવાને માટે છે. ન તો આપણા માટે કોઈ વ્યક્તિ છે અને ન આપણા માટે કોઈ વસ્તુ છે. જે આપણા કહેવાય છે, તેવા માતા, પિતા, પુત્ર, ભાઈ, ભોજાઈ વગેરેની સેવા કરી દો, બસ. વસ્તુઓ તો તેમની સેવાને માટે છે અને તેઓ સેવનીય છે. શરીર તેમનું જ છે, એટલા માટે શરીરને તેમની સેવામાં લગાવી દો. આપણે તેમની પાસેથી કંઈ લેવાનું જ નથી. તેમની વસ્તુઓને તેમની સેવામાં લગાડી દેવાની છે. આને કર્મયોગ કહે છે—

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ ॥

(ગીતા ૨ । ૪૭)

'કર્તવ્ય-કર્મ કરવામાં જ તારો અધિકાર છે, ફળોમાં કદીય નહિ. આથી તું કર્મફળની ઇચ્છાવાળો પણ ન બનીશ અને તારી અકર્મણ્યતામાં પણ આસક્તિ ન થાઓ.'

ખૂબ તત્પરતાથી, સારી રીતે કર્મ કરવાનાં છે; કેમ કે મનુષ્ય-શરીર સેવા કરવાને માટે જ મળ્યું છે, ભોગ ભોગવવાને માટે નહિ. આપણને જે વિવેક મળ્યો છે, તે શરીરની સાથે માનેલા સંબંધનો વિચ્છેદ કરવાને માટે મળ્યો છે, શરીર સાથે ચોંટવાને માટે નહિ.

સંસારની સાથે આપણો સંબંધ માત્ર સેવા કરવાને માટે જ છે. સેવાના સિવાય સંસાર સાથે બીજો કોઈ મતલબ નથી. માતા-પિતાની સેવા કરવાની છે, પત્ની-પુત્રનું પાલન-પોષણ કરવાનું છે, સેવા કરવાની છે. તેમની સાથે સંબંધ માનવાથી ખરેખર શાંતિ મળતી નથી. શાંતિ તો તેમની સેવા કરીને સંબંધ-વિચ્છેદ કરવાથી મળે છે. સંસારની સાથે માનેલો એવો કોઈ પણ સંબંધ નથી, જેને માટે મનુષ્ય ઊંઘ, ભૂખ અને તરસ પણ છોડી દે. પરંતુ ભગવાનની સાથે સંબંધ જોડવાથી ઊંઘ ગમતી નથી, ખાવું-પીવું ગમતું નથી, ત્યાં સુધી કે શરીરનો મોહ પણ રહેતો નથી; કેમ કે ભગવાનની સાથે આપણો સાચો સંબંધ છે.

નારદજીના પૂર્વજન્મના વર્ણનમાં આવે છે કે જ્યારે તેમના માતા મૃત્યુ પામ્યા, ત્યારે તેઓ જંગલમાં ચાલી નીકળ્યા. તેમને એ ખ્યાલ જ નહિ આવ્યો કે જંગલમાં શું ખાઈશ-પીશ ? ક્યાં રહીશ ? ત્યાં એક વૃક્ષની નીચે બેઠા. તેમનું મન ભગવાનમાં લાગી ગયું, સમાધિ લાગી ગઈ. તેમને પોતાના હૃદયમાં ભગવાનનું રૂપ દેખાવા લાગ્યું. થોડી વાર પછી એકાએક સમાધિ છૂટી ગઈ તો તેઓ ઘણા વ્યાકુળ થયા. ત્યારે આકાશવાણી થઈ કે આ શરીર છૂટ્યા પછી જ્યારે બ્રહ્માજીના પુત્રરૂપે તારો જન્મ થશે, ત્યારે મારાં દર્શન થશે. આવી આકાશવાણી સાંભળીને નારદજી રાહ જોવા લાગ્યા કે ક્યારે આ શરીર છૂટશે, ક્યારે હું મરીશ ! દુનિયા ચાહે છે કે આપણે સદા જીવતા જ રહીએ અને તેઓ ઇચ્છે છે કે હું મરી જાઉં !

સંસારમાં પોતાના શરીરને જીવવાની જેટલી ઇચ્છા થાય છે, એટલી કુટુંબના જીવવાની ઇચ્છા થતી નથી. ગાય પોતાના વાછડા પર ઘણો સ્નેહ રાખે છે. તે વાછડાને છોડીને જંગલમાં ચરવાને પણ જતી નથી. પરંતુ જ્યારે તેને લાઠી મારીએ છીએ, ત્યારે તે જંગલમાં ચાલી જાય છે. જંગલમાં ચરતાં-ચરતાં જ્યારે તેને વાછડો યાદ આવી જાય છે, ત્યારે તે 'હુમ્'—એવો હુંકાર કરે છે અને તેના મોંમાંથી ઘાસ પડી જાય છે. સાંજના સમયે જ્યારે તે પાછી આવે છે, ત્યારે તે બધી ગાયોથી આગળ ભાગે છે અને હુંકાર કરતી વાછડાની પાસે જાય છે, તેને વહાલ કરે છે. દૂધ પીવડાવે છે. આવી રીતે તેનો વાછરડા પર પણ પ્રેમ છે અને ઘાસ પર પણ પ્રેમ છે. પણ પોતાના શરીર પર સૌથી વધારે પ્રેમ છે. જ્યારે શરીર પર લાઠી પડે છે, ત્યારે તે વાછડાને, ઘાસને, બધાને છોડી દે છે. જ્યારે શરીર પર આફત આવે છે, ત્યારે કોઈની પરવા કરતી નથી. સારાંશ એ છે કે શરીરમાં તેનો એક નંબરનો પ્રેમ છે, વાછરડામાં બે નંબરનો પ્રેમ છે અને ઘાસમાં ત્રણ નંબરનો પ્રેમ છે. આથી શરીરનો મોહ તો પશુને પણ હોય છે. પરંતુ મનુષ્ય શરીરથી મોહ છોડીને ભગવાનને પ્રેમ કરી શકે છે.

શરીર તો હરદમ બદલાય છે, તેથી એ તો હરદમ રહેતું નથી, પણ ભગવાન હરદમ રહે છે. આપણે તો ભગવાનના જ છીએ—આવી જ્યારે ઓળખ થઈ જાય છે, ત્યારે મનુષ્ય શરીરની આસક્તિ-કામના છોડીને ભગવાનમાં જ લાગી જાય છે. તેથી ભગવાનની સાથે આપણો સંબંધ સાચો છે અને શરીર-સંસારની સાથે આપણો સંબંધ ખોટો છે—એ વાસ્તવિકતાને જાણીને બધી રીતે ભગવાનમાં જ લાગી જવું જોઈએ.

****

સુખ-લોલુપતાના નાશનો ઉપાય

જો તમે સંયોગજન્ય (સાંસારિક) સુખની આસક્તિ મટાડી દો તો હમણાં જ પરમાત્મતત્ત્વનો અનુભવ થઈ જશે. સંયોગજન્ય સુખમાં જે આકર્ષણ છે—એ જ ખાસ બીમારી છે. વિચારવાથી આ વાત બરાબર સમજવામાં આવે છે કે આ સંયોગજન્ય સુખની લાલસા જ પરમાત્મપ્રાપ્તિમાં ખાસ બાધા છે. સંયોગજન્ય અર્થાત્ પદાર્થો, વ્યક્તિઓ, પરિસ્થિતિઓના સંબંધથી પેદા થવાવાળું સુખ નિત્ય-નિરંતર કેવી રીતે રહી શકે છે ? કારણ કે જે ચીજ પેદા થાય છે, તે નાશ પણ પામે છે. જો સંયોગથી મળવાવાળું સુખ અસહ્ય થઈ જાય, આ કૃત્રિમ સુખનો ત્યાગ કરી દેવામાં આવે, તો 'સહજ સુખ' છે, તે પ્રકટ થઈ જશે; કેમ કે આ સ્વયં સહજ સુખ-સ્વરૂપ છે—

ઈસ્વર અંસ જીવ અબિનાસી । ચેતન અમલ સહજ સુખરાસી ॥

(માનસ ૭ । ૧૧૭ । ૧)

જ્યાં સુધી સંયોગજન્ય સુખનો ત્યાગ નહિ કરશો, ત્યાં સુધી 'આપણો સંબંધ સંસાર સાથે નથી, આપણો સંબંધ પરમાત્માની સાથે છે'—એ વાત સાંભળવા છતાં પણ કામમાં નહિ આવશે. એ જ પ્રમાણે 'સંસાર નાશવંત છે, ક્ષણભંગુર છે'—એવી વાતો ભલેને સાંભળી લો, યાદ કરી લો, પણ અનુભવ નહિ થશે. સંસાર અસત્ય છે—એવું કહેવાથી, શીખી લેવાથી, યાદ કરવાથી સંસાર છૂટતો નથી. આશય એ છે કે જ્યાં સુધી સાંસારિક સંયોગજન્ય સુખની આસક્તિ રહેશે, ત્યાં સુધી સંસારની અસત્યતાનો અનુભવ થશે નહિ. કારણ કે તમે સંયોગજન્ય સુખને સત્ય માનીને જ તેને માણવાની ઇચ્છા કરો છો, પછી સંસારની અસત્યતાનો અનુભવ કેવી રીતે કરી શકવાના છો ?

આ બાબતની પ્રત્યક્ષ ખબર છે કે સંયોગજન્ય સુખ લેવાથી દુઃખ ભોગવવું જ પડશે. એવું કોઈ પ્રાણી હોઈ શકતું જ નથી કે જે સંયોગજન્ય સુખ તો ભોગવતું રહે પણ તેને દુઃખ ન ભોગવવું પડે. તે દુઃખથી બચી જાય—એ અશક્ય છે. છતાં પણ માણસ સંયોગજન્ય સુખ કેમ છોડતો નથી ? વર્તમાનમાં સંયોગથી જે સુખ થાય છે, તેનું જેટલું આકર્ષણ છે, પ્રિયતા છે, વિશ્વાસ છે, ભરોસો છે, એટલો તેના પરિણામ પર વિચાર નથી. સુખભોગના પરિણામમાં શું થશે—એનો તે વિચાર જ કરતો નથી. તેના વિચારમાં આવે પણ છે, તો તે આંખ મીચી લે છે, તેને જાણવા ચાહતો નથી. એટલા માટે ભગવાને રાજસ સુખનું વર્ણન કરતાં જણાવ્યું છે કે સંયોગજન્ય સુખ શરૂઆતમાં અમૃતની માફક અને પરિણામમાં ઝેરની માફક હોય છે—**'વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્ । પરિણામે વિષમિવ.....'** (ગીતા ૧૮ । ૩૮). એના પરિણામનો વિચાર મનુષ્ય જ કરી શકે છે, પશુ-પક્ષી વગેરેમાં એનો વિચાર કરવાની શક્તિ જ નથી. દેવલોકો તો સુખ ભોગવવાના ઉદ્દેશ્યથી જ સ્વર્ગમાં રહે છે, તેઓ એના પરિણામને શું જાણશે ? મનુષ્ય-શરીર ફક્ત પરમાત્માની પ્રાપ્તિને માટે જ મળ્યું છે. તેથી એમાં પરિણામનો વિચાર કરવાની યોગ્યતા છે. એટલા માટે મનુષ્યે હરદમ સંયોગજન્ય સુખના પરિણામની તરફ નજર રાખવી જોઈએ. હરદમ વિચારવું જોઈએ કે આનું પરિણામ શું થશે ? સાંસારિક સુખનું પરિણામ દુઃખ થશે જ. ભગવાને ગીતામાં કહ્યું છે—**'યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।'** (ગીતા ૫ । ૨૨). એટલે કે જેટલાં પણ સંબંધજન્ય સુખ છે, તે બધેબધાં દુઃખોનું કારણ છે. સંસારમાં જેટલાં પણ દુઃખ થાય છે—નરક થાય છે, કેદ થાય છે, અપયશ થાય છે, અપમાન થાય છે, રોગ થાય છે, શોક થાય છે, ચિંતા થાય છે, વ્યાકુળતા થાય છે, ગભરામણ થાય છે, બેચેની થાય છે—એ બધેબધાં સંયોગજન્ય સુખની લોલુપતાનું જ પરિણામ છે.

સુખ એટલું બાધક નથી, જેટલી સુખની લોલુપતા બાધક છે. સુખ મળી જાય, સુખ લઈ લઉં—આ ઇચ્છા જેટલી બાધક છે, તેટલું સુખ બાધક નથી. કારણ કે સુખ બિચારું આવે છે અને ચાલ્યું જાય છે, પણ તેની લોલુપતા જેમ છે તેમ રહે છે. સુખ નથી હોતું તે સમયે પણ લોલુપતા રહે છે. સુખ ભોગવતી વેળા પણ લોલુપતા રહે છે અને સુખ ચાલ્યું જાય તોપણ લોલુપતા રહે છે. સુખમાં જે આકર્ષણ રહે છે, પ્રિયતા રહે છે, એ જ ખરેખરી બીમારી છે. એને મટાડવાનો સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે કે બીજાઓને સુખ કેવી રીતે થાય—આવી લગની લાગી જાય. તમે કૃપા કરીને આજે જ આ વાતને ધારણ કરી લો કે બીજાઓને સુખ કેવી રીતે પહોંચે; બીજાઓનું ભલું કેવી રીતે થાય, બીજાઓનું હિત કેવી રીતે થાય, બીજાઓને આરામ કેવી રીતે મળે. દરેક કામમાં આ વિચાર કરવો કે બીજાઓને સુખ કેવી રીતે થાય. જો અંતરથી આ લગની લાગી જાય કે બીજાઓને સુખ કેવી રીતે થાય તો પોતાના સુખની ઇચ્છા છૂટી જશે.

પોતાની સુખ-લોલુપતા મટાડવાને માટે બીજાઓને સુખ પહોંચાડવાનું છે, ગાયોને સુખ પહોંચાડવાનું છે, ગરીબોને સુખ પહોંચાડવાનું છે. પોતાની સુખ-લોલુપતા મટાડવાના ઉદ્દેશ્યથી જો સેવા કરવામાં આવે તો મારો વિશ્વાસ છે કે જરૂર લાભ થશે, કરીને જોઈ લો. આજકાલ સેવા કરવાવાળાઓમાં પણ સાચી લગનીથી સેવા કરવાવાળા માણસ ઘણા ઓછા જોવામાં આવે છે. તેઓ સેવા તો કરે છે, પણ તેમાં દેખાડો રહે છે. અંતરથી આ લગની નથી હોતી કે બીજાઓને સુખ કેવી રીતે પહોંચે, બીજાઓનું હિત કેવી રીતે થાય. ગીતા કહે છે કે જે પ્રાણીમાત્રના

હિતમાં રત રહે છે, તેઓ ભગવાનને પ્રાપ્ત થાય છે—**'ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः'** (૧૨ । ૪).

હવે બીજાની સેવા કેવી રીતે કરવી, એ બતાવું છું. બીજાની સેવા કરતી વેળા પોતાના મનની મુખ્યતા બિલકુલ ન રાખવી, પોતાનો આગ્રહ બિલકુલ ન રાખવો. ફક્ત બીજાના મનની તરફ જોવું કે તેઓ કેવી રીતે રાજી થાય. કેવી રીતે તેમને સુખ પહોંચે. અમને તો કેટલાંય વર્ષો પછી એ વાત પકડમાં આવી કે 'મારા મનની વાત પૂરી થાય'—આ જ કામના છે. પોતાની મનમાની છોડીને બીજાની મનમાની કરવી. જે ન્યાયયુક્ત હોય, શાસ્ત્ર-સંમત હોય, પોતાની તાકાતને અનુરૂપ હોય—એવી બીજાના મનની વાત પૂરી કરવી, તો તમારામાં તમારી કામનાને દૂર કરવાની તાકાત આવી જશે.

જ્યાં રહો, જે ક્ષેત્રમાં રહો, ફક્ત એ લગની રાખો કે બીજાને સુખ કેવી રીતે મળે, બીજાનું હિત કેવી રીતે થાય. એ બાબતનો ખ્યાલ રાખો કે કોઈને પણ મારા દ્વારા દુઃખ ન થાય, સુખ થાય. જેમ કે ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું—**'कामिहि नारि पिआरि जिमि लोभिहि प्रिय जिमि दाम।'** (માનસ ૭ । ૧૩૦ખ); કામીને જે પ્રમાણે સ્ત્રી વહાલી લાગે છે અને લોભીને જે પ્રમાણે પૈસો વહાલો લાગે છે, તે જ પ્રમાણે બીજાનું હિત વહાલું લાગવા લાગે. પછી જુઓ તમાશો, ઝડપથી કામ થશે. વર્ષો સુધી વિચાર અને ચિંતન કરવાથી જે વાત મળી છે, તે વાત બતાવી છે તમને !

****

ઇચ્છાના ત્યાગથી અને કર્તવ્ય-પાલનથી લાભ

શ્રોતા—તમને આધ્યાત્મિક લાભ કેવી રીતે થયો ?

સ્વામીજી—મને તો સત્સંગ લાભ થયો છે. હું સાધનને એટલું મહત્ત્વ નથી આપતો, જેટલું સત્સંગને આપું છું. બીજાઓને માટે પણ હું સમજું છું, કે જો તેઓ મન મૂકીને, ઊંડા ઉતરીને સત્સંગની વાતો સમજે તો તેમને ઘણો લાભ થઈ શકે છે. એક ખાસ વાત કહી દઉં છું કે જો તમે સત્સંગને મહત્ત્વ આપો, તેને ઊંડા ઉતરીને સમજો તો મને જેટલાં વર્ષ લાગ્યાં, તેટલાં વર્ષ તમને નહિ લાગશે ! ઘણી જલદી તમારી ઉન્નતિ થશે—એવું મને સ્પષ્ટ દેખાય છે, મને શંકા નથી આ વાત પર. આ વિષયમાં હું તમને અયોગ્ય, અનધિકારી માનતો નથી. તમારામાં જે ઊણપ છે, તે ઊણપને નિવારવાની પૂરી તાકાત તમારામાં છે. આ બાબતની માત્ર તમારી ઉત્કંઠાની ઊણપ છે એવી મારી ધારણા છે. એ ઉત્કંઠા જાગી જાય તો તમે પાપીમાં પાપી હોય, મૂર્ખમાં મૂર્ખ હોય અને તમારી પાસે થોડાંમાં થોડો સમય હોય તોપણ તમારો ઉદ્ધાર થઈ શકે છે. સંસારની લગનીનો ત્યાગ કરવાથી ઉત્કંઠા જાગશે.

कबीर मनुआँ एक है, भावे जहाँ लगाय।
भावे हरि की भगति कर, भो विषय कमाय॥

સાંસારિક સંગ્રહ અને ભોગોમાં જે લગની લાગી છે, તેને નિવારી દો તો પરમાત્માપ્રાપ્તિની સાચી લગની લાગી જશે. આટલા રૂપિયા થઈ ગયા; આટલા બીજા થઈ જાય; આટલું સુખ ભોગવી લઈએ, એશ-આરામ કરી લઈએ; માન મળી જાય, મોટાઈ મળી જાય, નીરોગતા મળી જાય, સમાજમાં મારું ઊંચું સ્થાન થઈ જાય, અમે આવા બની જઈએ—આ જેટલી ઇચ્છાઓ છે, એનો ત્યાગ કરી દો તો તમને સાચી લગની લાગી જશે. જેટલી લગની લાગવી જોઈએ, એટલી નથી લાગી રહી તો એનું કારણ એ છે કે જેટલો ત્યાગ થવો જોઈએ, તેટલો નથી થઈ રહ્યો. ત્યાગ શું છે ? ગીતાએ ઇચ્છાના ત્યાગને જ 'ત્યાગ' કહ્યો છે. ઇચ્છા શું છે ? આમ તો થવું જોઈએ અને આમ નહિ થવું જોઈએ—આ ઇચ્છા છે.

શ્રોતા—ઇચ્છા કર્યા વિના શરીરનું, કુટુંબનું પાલન-પોષણ કેવી રીતે થશે ?

સ્વામીજી—પાલન-પોષણ ઇચ્છાથી નથી થતું. આ વાતને સમજવાની કૃપા કરો. કૃપાનાથ ! પૈસાનું પેદા થવું, પદાર્થોનું પ્રાપ્ત થવું ઇચ્છા પર બિલકુલ નિર્ભર નથી. પદાર્થોની પ્રાપ્તિ થાય છે પૂર્વોનાં કર્મોથી અને હાલનાં કર્મો (ઉદ્યમ)થી. કારણ કે કર્મોનો અને પદાર્થોનો ઘનિષ્ઠ સંબંધ છે. ઇચ્છાનો અને પદાર્થોનો બિલકુલ સંબંધ નથી. તમારામાંથી કોઈ કહી શકે છે કે મેં ધનની ઇચ્છા નથી કરી, એટલા માટે હું નિર્ધન રહ્યો. જો ઇચ્છા કરી લેત તો ધનવાન થઈ જાત. હકીકતમાં આ વાત છે જ નહિ. આ વાતને તમે સમજવાની કૃપા કરો. ઇચ્છાની સાથે પદાર્થોનો બિલકુલ સંબંધ નથી. પદાર્થોનો સંબંધ કર્મોની સાથે છે; કેમ કે ક્રિયા અને પદાર્થ—આ બંનેય પ્રાકૃત ચીજો છે, બંનેનું એક જ તત્ત્વ છે. તેથી પદાર્થોનો સંબંધ પૂર્વનાં અથવા વર્તમાનનાં કર્મોની સાથે છે. પૂર્વનાં કર્મોને પ્રારબ્ધ કહે છે અને વર્તમાનનાં કર્મોને પુરુષાર્થ કહે છે.

ઇચ્છાની સાથે પદાર્થોનો સંબંધ બિલકુલ નથી. જો હું ઇચ્છા કરું કે મારું પાલન-પોષણ થઈ જાય, તો શું આ રીતની ઇચ્છા કરવાથી મારું પાલન-પોષણ થઈ જશે, તમને લોકોને કહું છું કે એક કલાક સુધી તમે બધાં મળીને

આ ઇચ્છા કરો કે આના કુટુંબનું પાલન-પોષણ થઈ જાય અને એને એક કોડી પણ ન આપો; તો શું એના કુટુંબનું પાલન-પોષણ થઈ જશે ? કદાપિ નહિ. ઇચ્છાની સાથે માત્ર પરમાત્માનો સંબંધ છે. જો પરમાત્માની પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા, ઉત્કટ અભિલાષા થઈ જાય તો તેની પ્રાપ્તિ થઈ જશે ! એનું કારણ શું છે ? પદાર્થોનો આપણાથી અલગાવ છે. પદાર્થ આપણાથી દૂર છે, સ્થાનથી દૂર છે, કાળથી દૂર છે, વ્યક્તિથી દૂર છે; એટલા માટે તેમની પ્રાપ્તિ કર્મોથી થશે. પરંતુ પરમાત્મા સ્થાનથી દૂર નથી, કાળથી દૂર નથી, વસ્તુથી દૂર નથી, વ્યક્તિથી દૂર નથી. જ્યાં આપણે 'હું' કહીએ છીએ, ત્યાં પણ પરમાત્મા પરિપૂર્ણ છે; એટલા માટે તેમની પ્રાપ્તિ ઇચ્છામાત્રથી થઈ જશે. પરમાત્માની જેમ રૂપિયા બધી જગ્યાએ મોજૂદ નથી. તેને તો પેદા કરવા પડે છે. પરંતુ પરમાત્માને પેદા કરવા પડતા નથી, તેમને ક્યાંકથી લાવવા પડતા નથી.

તમે કહી શકો છો કે મોટું કુટુંબ છે, ખોરાક-કપડાંની તંગી છે, કામ ચાલતું નથી પછી ઇચ્છા કર્યા વિના કેવી રીતે રહેવું ? તો ઇચ્છા કરવાથી વસ્તુઓ થોડી જ મળશે ? વસ્તુઓ તો કામ કરવાથી મળશે. એટલા માટે વસ્તુઓની ઇચ્છા ન કરીને કામ કરો. નકામા, નિરર્થક ન રહેશો. ન્યાયયુક્ત કામ કરો. જૂઠ, કપટ, બેઈમાની, ઠગાઈ, ધોકાબાજી, ન કરો. અંતઃકરણમાં રૂપિયાને મહત્ત્વ ન આપો. આ જે લોભ છે, સંગ્રહ કરવાની ઇચ્છા છે, એનો ત્યાગ કરી દો, તો તમારું નવું પ્રારબ્ધ બની જશે એટલે કે તમારા ભાગ્યમાં જે લખ્યું નથી, તે તમારી પાસે આવી જશે ! પરંતુ તમારા લોભનો ત્યાગ થઈ જવો જોઈએ અને એટલો દૃઢ નિશ્ચય થવો જોઈએ કે ભલે મરી જઈએ પણ પાપ નહિ કરીશું, અન્યાય નહિ કરીશું, જૂઠ-કપટ-દગાબાજી નહિ કરીશું. જો મરી પણ જઈએ તો શું ફરક પડશે ? મરવાનું તો એક વાર છે જ; પછી પાપની પોટલી સાથે લઈને શા માટે મરો ? પાપની પોટલી સાથે લીધા વિના મરી જાઓ તો શું હાનિ છે ? જો પાપ કર્યા વિના પૈસા ન મળતા હોય તો ભૂખે ભલે મરી જશો, પણ નરકોમાં નહિ જશે. જો પાપ કરીને જીવશો તો નરકોમાં જશો જ, નરકોથી બચી નહિ શકશો, બ્રહ્માજી પણ નહિ બચાવી શકશે. તેથી ઇચ્છા કર્તવ્યની કરો, નકામા ન રહો. આ બાબતમાં હું ચાર વાતો કહ્યાં કરું છું—

(૧) પોતાનો બધો સમય સારામાં સારા, ઊંચામાં ઊંચા કામમાં ઉપયોગ કરો. નકામા ન બેસી રહો, નકામો સમય બરબાદ ન કરો. પત્તાં-ચોપાટ, ખેલ-તમાશા, બીડી-સિગારેટ પીવી, સિનેમા-નાટક જોવાં—એ બધાં ફાલતુ કામ છે, તમોગુણી કામ છે, જેનાથી અધોગતિમાં (નીચ યોનિઓમાં અને નરકોમાં) જવું પડશે—**'અધો ગચ્છન્તિ તામસાઃ'** (ગીતા ૧૪ । ૧૮). આવાં નકામાં કામોમાં સમય ન ગુમાવો. જેનાથી શરીરનો નિર્વાહ થાય, સ્વાસ્થ્ય બરાબર રહે, દુનિયાનું ભલું થાય, પરમાત્માની પ્રાપ્તિ થાય તેવાં કામોમાં મંડી રહો.

(૨) જે કંઈ કામ કરો, તેને સુચારુરૂપે કરો, જેથી તમારા મનમાં સંતોષ થાય અને બીજા પણ કહે કે ઘણું સારું કામ કરે છે. લખવાનું હોય, વાંચવાનું હોય, મુનીમગીરી કરવાની હોય, વેચાણ કરવાનું હોય, ખરીદી કરવાની હોય વગેરે વગેરે સંસારના જે જે કામો કરવાનાં હોય, તેને ઘણી સારી રીતે પૂરેપૂરી રીતે કરો. માતા-બહેનો રસોઈ બનાવે તો સારી રીતે બનાવે. સામગ્રી ભલે ગમે તેવી હોય, પણ ચીજ ઉત્તમ બનવાવી. ભોજન બરાબર રીતે પીરસવું. બધાને સંતોષ કેવી રીતે થાય, બધાને કેવી રીતે સુખ પહોંચે—એવો ભાવ રાખીને બધાં કામ કરવા.

(૩) આ વાતનું ધ્યાન રાખો કે તમારી પાસે બીજાના હકનું ન આવી જાય. તમારા હકનું ભલે બીજાની પાસે ચાલ્યું જાય, પણ બીજાના હકનું તમારી પાસે બિલકુલ ન આવે.

(૪) પોતાના વ્યક્તિગત જીવનને માટે ઓછામાં ઓછો ખર્ચ કરો. જીવન-નિર્વાહને માટે, ખાવા-પીવાને માટે, ઓઢવા-પહેરવાને માટે ઓછો ખર્ચ કરો, સાધારણ રીતે કામ ચલાવો. એશ-આરામ, સ્વાદ-શોખ ન કરો. જો આવાં કામ કરશો તો તમને ખોટ નહિ જશે. કરીને જોઈ લો.

આજકાલ લોકો કહે છે કે શું કરીએ ઠાલા બેઠાં છીએ, કામ નથી. આ તદ્દન ફાલતુ વાત છે. નકામા કેમ બેઠા છો ? નામ-જપ કરો, કીર્તન કરો, ગીતા-રામાયણ વગેરેનો પાઠ કરો. ઘરનું કામ કરો— ઘરમાં ઝાડુ લગાવો, વાસણ ધુઓ, જોડાં સાફ કરો, નાળાં સાફ કરો, શૌચાલય સાફ કરો. આવી રીતે કંઈ ને કંઈ કામ કરતા રહો. કરવા ચાહો તો ઘણાં કામ કરી શકો છો. કામ કરવાથી અંતઃકરણ નિર્મળ થશે. પત્તાં-સોગઠાંબાજી રમવા વગેરે ફાલતુ કામોને માટે સમય જ નહિ મળવો જોઈએ. છૂટ્ટીનો દિવસ હોય તો એમ જ નકામા ફરશો, નકામા ફરવા ચાલ્યા જશો, સિનેમા જોશો, રમત કરશો, પાણી ઉછાળશો, ધક્કા દેશો— આવી રીતે નકામો સમય બરબાદ કરશો. આ માનવ- શરીરનો સમય આમ બરબાદ કરવાને માટે નથી. ઘાંચીના ઘરમાં તેલ હોય છે તો તે લોટા ભરીને પગ ધોવાને માટે થોડું જ છે !

ભગવાને સૌથી શ્રેષ્ઠ માનવ-શરીર આપ્યું છે. આવા માનવ-શરીરનો સમય શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામોમાં લગાડવાને માટે છે. આ સમયને બરબાદ કરવો ઘણું ભારે નુકસાન છે. રૂપિયા પાછા પેદા કરી શકાય છે. યુવાન દીકરો

મરી જાય તો જે નાના બાળક છે, તેઓ યુવાન થઈ શકે છે. સંસારીઓને નવાં પેદા થઈ શકે છે. પરંતુ ઉમર (સમય) કોઈ પણ રીતે પેદા થતી નથી, તે તો નાશ જ પામતી રહી છે. પૈસાનો તો તમે ઘણો ખ્યાલ રાખો છો, એક એક પૈસો સમજી-સમજીને વિચારી-વિચારીને વાપરો છો; અને વિમાન જોવામાં ચાર-પાંચ મિનિટ ખરચી દો છો ! શું ફાયદો મળ્યો ? બતાવો ? સ્વાસ્થ્ય સુધર્યું કે સમાજ સુધર્યો ? રૂપિયા મળ્યા કે ભગવાન મળ્યા ? શું મળ્યું ? તમને સમયરૂપી જે અસલી ધન મળ્યું છે તેને કેમ બરબાદ કરો છો ? જો તમે સાવધાન રહો, સમયને નકામો ન વેડફીને તેને સારામાં સારાં, ઉત્તમમાં ઉત્તમ કામમાં લગાડો તો લોકમાં અને પરલોકમાં—બંને ઠેકાણે તમારી ઉન્નતિ થશે, એમાં શંકા નથી. તમે કોઈ પણ ક્ષેત્રમાં જાઓ, તમારી ઉન્નતિ થશે. નાસ્તિકમાં નાસ્તિક માણસ પણ સમજી-વિચારીને સમયનો સદુપયોગ કરશે, તો તેની ધારણા અનુસાર, ક્રિયાના અનુસાર તેની ઉન્નતિ થશે, તેને જરૂર સફળતા મળશે, તો પછી સમયનો સદુપયોગ કરવાથી આસ્તિક માણસને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય એમાં તો કહેવાનું જ શું હોય ?

બીજાનો હક ન આવવા દો. પત્નીનો જે હક છે, તે પત્નીને આપી દો. તેનો જેટલો અધિકાર છે, તેને છીનવો નહિ. તેના તરફ તમારું જે કર્તવ્ય છે, તેનું પૂરેપૂરું પાલન કરો. દીકરાનો જેટલો હક છે, તે તેને આપી દો. દીકરાની તરફ બાપનું જે કર્તવ્ય છે, તેનું પૂરું પાલન કરો. માતા-પિતાએ તમને જન્મ આપ્યો છે. તમારું પાલન-પોષણ કર્યું છે, તમને ભણાવ્યા છે; તેથી તેમના તરફ તમારા કર્તવ્યનું પૂરું પાલન કરો. તમારા ઉપર તેમનો જે અધિકાર છે, તેનું રક્ષણ કરો. તેમનો હક તેમને આપી દો. કપૂત ન કહેવડાવો. એ જ પ્રમાણે પડોશી છે, વેપારી છે, જેમની સાથે વ્યવહાર, વેપાર વગેરે કરો છો, તેમનો હક ન આવવા દો. તેમની સાથે સ્નેહનો, ઈમાનદારીનો વ્યવહાર કરો. આવી રીતે દરેક ઠેકાણે સાવધાન રહો. આટલું કરવાથી પણ પૂરું ઋણ અદા નહિ થશે; પરંતુ નવું ઋણ ચઢશે નહિ.

સાવધાની રાખવાથી જ તમને ખબર પડશે કે આપણે ક્યાં ક્યાં બીજાનો હક ડૂબાડી રહ્યા છીએ. હમણાં તો બીજાના હકની ખબર જ પડતી નથી. હમણાં તમને પૂછવામાં આવે તો તમે કહેશો કે અમે તો કોઈનો હક ડૂબાડતા જ નથી. અમે તો બરાબર જ કરીએ છીએ. અમે પાપ કરતાં જ નથી. મને એવી વ્યક્તિઓ પણ મળી છે જે કહે છે કે 'ભજન કરવાની શું જરૂર છે, અમે પાપ તો કરતાં જ નથી. ભગવાનનું ભજન તે કરે, જે પાપ કરે છે.' તેમને ભાન જ નથી, ખબર જ નથી કે પાપ શું હોય છે, અન્યાય શું હોય છે. એટલા માટે હરઘડી સાવધાની રાખવી કે હમણાં જે વાતો સાંભળી છે, એમનું હવે અમે ઉમરભર પાલન કરીશું. હવે કદી ગફલત, ભૂલ નહિ કરીશું.

હમણાં મેં તમને જણાવ્યું કે પૈસાનો, પદાર્થોનો સંબંધ ઇચ્છા અથવા ચિંતનની સાથે નથી, તેમનો સંબંધ કર્મોની સાથે છે—આ વાતને સમજવાની ઘણી ભારે જરૂર છે. તમે કહેશો કે આમ કામ કેવી રીતે ચાલશે ? અમે ગૃહસ્થી છીએ, કેટલાંય કામ-ધંધા છે, એટલા માટે ચિંતન કરવું જ પડે છે, તો 'કામ કેવી રીતે કરવું, સેવા કેવી રીતે કેરવી'—એ જાતનું ચિંતન (વિચાર) કરવું દોષ નથી. મને રૂપિયા મળી જાય, વસ્તુ મળી જાય—આ રીતનું ચિંતન કરવું દોષ છે.

શ્રોતા—ચિંતા પણ થઈ જાય છે મહારાજજી !

સ્વામીજી—ચિંતા થઈ જાય છે તો ચિંતા છોડો અને કામ કરો. ચિંતા કરવાથી બુદ્ધિ નાશ પામશે—**'બુદ્ધિઃ શોકેન નશ્યતિ.'** શાંતિપૂર્વક વિચાર કરો તો બુદ્ધિ વિકસિત થશે. ચિંતા કરવી અલગ ચીજ છે, વિચાર કરવો અલગ ચીજ છે. 'કામ કેવી રીતે કરવું, કેવી રીતે કુટુંબનું પાલન કરવું, કેવી રીતે વેપાર કરવો; કેવી રીતે બધા સાથે વ્યવહાર કરવો'—આમ શાંત ચિત્તે વિચાર કરો, વિચાર કરવાથી બુદ્ધિ વિકસિત થશે. પરંતુ ચિંતા કરશો કે 'હાય, હાય શું કરવું ! આટલા કુટુંબનું પાલન કેવી રીતે કરવું. કમાણી છે નહિ, શું કરવું !' તો બુદ્ધિ વધારે નષ્ટ થઈ જશે, કામ કરવામાં પણ અડચણ પડશે, ફાયદો કોઈ થશે નહિ. એટલા માટે ચિંતા ન કરીને વિચાર કરો, ઉદ્યોગ કરો, પુરુષાર્થ કરો, ઠાલા ન રહો. સત્સંગ કરો, પુસ્તકો વાંચો અને જાતે વિચાર કરો અથવા પરસ્પર વિચાર-વિનિમય કરો.

****

પરમાત્મપ્રાપ્તિમાં ભોગ અને સંગ્રહની ઇચ્છા જ મહાન બાધક

ભોગ અને સંગ્રહ—આ બે ચીજોમાં જ્યાં સુધી માણસની આસક્તિ રહે છે, ત્યાં સુધી 'મારે પરમાત્માની પ્રાપ્તિ કરવી છે'—એવો નિશ્ચય પણ થતો નથી, પછી પરમાત્માને પ્રાપ્ત કરવા તો દૂર રહ્યા—

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥

(ગીતા ૨ । ૪૪)

જ્યાં સુધી ભોગ અને સંગ્રહમાં આસક્તિ છે, એટલે

કે સાંસારિક પદાર્થોથી સુખ લેતા રહો છો અને રૂપિયાઓનો સંગ્રહ થયા કરે—આવી ભાવના હૈયામાં રહેલી છે, ત્યાં સુધી પ્રયત્ન કરવા છતાં પણ પરમાત્માને જાણી શકતા નથી—**'યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥'** (ગીતા ૧૫ । ૧૧). કારણ કે હૃદયમાં પરમાત્માના સ્થાને ભોગ અને ધન આવીને બેઠાં છે.

સંસારનું સુખ ભોગવવું છે અને સુખ ભોગવવાને માટે સંગ્રહની જરૂર છે. આ ભોગ અને સંગ્રહની રુચિ ઘણી ઘાતક છે. ધનનો ઉપયોગ તો ખર્ચ કરવામાં છે, ચાહે પોતાને માટે ખર્ચ કરો, ચાહે બીજાઓને માટે. પરંતુ ધનનો સંગ્રહ કોઈ કામનો નથી. પદાર્થો અને રૂપિયાઓના સંગ્રહની વાત તો દૂર રહી, 'ખૂબ ખૂબ ભણી લઉં, ઘણાં શાસ્ત્રો ભણી લઉં'—આ (અનેક વિદ્યાઓના સંગ્રહની) ભાવના પણ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી પરમાત્મતત્ત્વને જાણી શકતા નથી, જાણવાને માટે નિશ્ચય પણ કરી શકતા નથી. જે પોતાનું કલ્યાણ ઇચ્છે છે, તેની બુદ્ધિ એક જ હોય છે—**'વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકા'** (ગીતા ૨ । ૪૧). મારે માત્ર પરમાત્મતત્ત્વને જ પ્રાપ્ત કરવું છે—આ નિશ્ચય થવો જ બુદ્ધિનું એક થવું છે. પરંતુ જે ભોગ અને સંગ્રહમાં આસક્ત છે, તેમની બુદ્ધિઓ અનંત હોય છે અને એક એક બુદ્ધિના અનેક ફાંટા પણ હોય છે—**'બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ॥'** (ગીતા ૨ । ૪૧). જેમ કે પુત્ર મળે—આ એક બુદ્ધિ થઈ અને પુત્ર કેવી રીતે મળે, કઈ દવાનું સેવન કરવું કે કોઈ મંત્રનું અનુષ્ઠાન કરવું અથવા કોઈ સંતના આશીર્વાદ લેવા વગેરે વગેરે. એ બુદ્ધિની કેટલીય શાખાઓ થઈ. એ જ રીતે ધનની પ્રાપ્તિ—એ એક બુદ્ધિ થઈ અને ધન કેવી રીતે મળે, વેપાર કરવો કે નોકરી કરવી, ચોરી કરવી કે ધાડ પાડવી, ઠગાઈ કરવી કે કોઈને ધોખો દેવો વગેરે એ બુદ્ધિની શાખાઓ થઈ. એ જ રીતે આદરની ઇચ્છા થશે તો આદર કેવી રીતે થઈ શકે છે, વ્યાખ્યાન આપવાથી થશે કે સાંસારિક સેવા કરવાથી થશે વગેરે જાતજાતની શાખાઓ પેદા થશે. આ તમને થોડાક નમુના બતાવ્યા છે. આવી રીતે ભોગ અને સંગ્રહમાં આસક્ત માનવ પરમાત્મપ્રાપ્તિનો નિશ્ચય પણ કરી શકતો નથી. ક્યારેક સત્સંગ કરવાથી તેના મનમાં પરમાત્મપ્રાપ્તિની ઇચ્છા થઈ પણ જાય, તોપણ તે તેના પર ટકી શકતી નથી.

ગીતામાં ભગવાને પરમાત્મપ્રાપ્તિ વિશેના એક નિશ્ચયનો ઘણો વિલક્ષણ મહિમા ગાયો છે. **'અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।'** (ગીતા ૯ । ૩૦)—જે સાંગોપાંગ દુરાચારી છે, જેનાં દુષ્ટ આચરણોમાં કોઈ ઊણપ નથી, જૂઠું, કપટ, બેઈમાની, અભક્ષ્ય-ભક્ષણ, વેશ્યાગમન, જુગાર, ચોરી, વ્યભિચાર વગેરે પાપ-દુરાચાર કહેવામાં આવે છે, તે બધાંને કરવાવાળો છે, એવો મનુષ્ય પણ જો ફક્ત ભગવાનનું જ ભજન કરવાનો એક નિશ્ચય કરી લે, તો ભગવાન કહે છે કે તેને સાધુ જ માનવો જોઈએ—**'સાધુરેવ સ મન્તવ્યઃ ।'** તેને સાધુ જ માનવાની ભગવાન આજ્ઞા આપે છે ! કારણ શું છે કે તેણે પોતે પરમાત્મપ્રાપ્તિનો એક નિશ્ચય કરી લીધો છે—**'સમ્યગ્વ્યવસિતો હિ સઃ ।'** તેનું એક લક્ષ્ય થઈ ગયું છે કે હવે કાંઈ પણ થઈ જાય, એક ભગવત્પ્રાપ્તિ જ કરવી છે.

અહીંયાં એક શંકા થાય છે કે જે ભોગો અને સંગ્રહમાં આસક્ત છે, તેમનો તો પરમાત્મપ્રાપ્તિનો એક નિશ્ચય થઈ શકતો નથી; અને પાપીમાં પાપી પણ આવો નિશ્ચય કરી શકે છે—આ બન્ને બાબતોમાં પરસ્પર વિરોધ દેખાય છે. હકીકતમાં વિરોધ નથી; કેમ કે પાપીને માટે ભગવાને **'અપિ ચેત્'** પદ આપ્યું છે. તાત્પર્ય એ છે કે સાધારણ રીતે પાપી મનુષ્યનું મન ભગવાનનાં ભજનમાં લાગતું નથી—**'પાપવંત કર સહજ સુભાઊ । ભજનુ મોર તેહિ ભાવ ન કાઊ ॥'** (માનસ ૫ । ૪૪ । ૨), **'ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ'** (ગીતા ૭ । ૧૫), તેમ છતાં જો તે ભગવાનના ભજનમાં લાગવા ચાહે તો લાગી શકે છે. ભગવાનની તરફથી કોઈ મનાઈ નથી. એટલા માટે જો પાપી મનુષ્ય પણ ભગવાનના ભજનમાં લાગવાનો પાકો નિશ્ચય કરી લે તો તેને સાધુ માની લેવો જોઈએ. કારણ કે વાસ્તવમાં ભગવાનનો અંશ હોવાથી જીવ શુદ્ધ, નિર્દોષ જ છે. સંસારની આસક્તિને કારણે તેનામાં દોષ આવી જાય છે. જો તે સંસારની આસક્તિને નિવારી દે તો તેનું શુદ્ધ સ્વરૂપ રહી જશે. આજકાલ પારમાર્થિક વાતો કહેવા-સાંભળવા છતાં પણ ભગવાનની તરફ વળવાનો નિશ્ચય થતો નથી—એનું કારણ એ છે કે હૃદયમાં પૈસાનું મહત્ત્વ બેસી ગયું છે. હકીકતમાં પૈસા એટલા નથી અટકાવતા, જેટલું ભોગોનું મહત્ત્વ અટકાવે છે. ભોગો એટલા નથી અટકાવતા, જેટલું ભોગોનું મહત્ત્વ અટકાવે છે. જ્યાં સુધી હૃદયમાં પદાર્થોનું, માન-મોટાઈનું, આદર-સત્કારનું, નીરોગીતાનું, શરીરના આરામનું મહત્ત્વ ઠસેલું છે, ત્યાં સુધી માણસ પરમાત્મપ્રાપ્તિનો નિશ્ચય કરી શકતો નથી. ચાહે તે ગમે તેટલીયે વાતો બનાવી લે, ગમે તેટલો મોટો પંડિત બની જાય, બહારથી ગમે તેવો વિરક્ત અને ત્યાગી બની જાય, પણ મનમાં જ્યાં સુધી માન-મોટાઈની, સુખ-આરામની, કીર્તિની ઇચ્છા છે, ત્યાં સુધી પારમાર્થિક માર્ગમાં આગળ ધપી શકે નહિ; કારણ કે જ્યાં પરમાત્માની રુચિ હોવી જોઈએ ત્યાં ભોગ અને સંગ્રહની રુચિ થઈ ગઈ. ભોગો અને સંગ્રહ દ્વારા તેમનું ચિત્ત હરાઈ ગયું—**'અપહૃતચેતસામ્'** (ગીતા ૨ । ૪૪). તેમનાં ચિત્તનું હરણ થઈ ગયું. ઘણી ભારે ચોરી થઈ ગઈ એ બિચારાઓની ! તેમની પાસે જે શક્તિ હતી, તે ભોગો અને સંગ્રહમાં લાગી ગઈ. ભોગો અને સંગ્રહથી તેમને મળશે કાંઈ નહિ ! એક કોડી પણ મળશે નહિ. માત્ર ધોખો જ થશે, ધોખો ! પરમાત્માની પ્રાપ્તિથી વંચિત રહી જશે ! માન-મોટાઈ કેટલા દિવસ રહેશે અને માન-મોટાઈ મળીને પણ ન્યાલ શું કરવાનાં છે ? ભોગ કેટલા દિવસ

ભોગવશો ? સંગ્રહ કેટલા દિવસ રહેવાનો ? માન્યું: અહીંયાં ઘણું ધન એકઠું કર્યું, પરંતુ મરી જશો, ત્યારે ધન અહીંયાં રહી જવાનું અને આવરદા પૂરી થઈ જશે, પરમાત્માની પ્રાપ્તિથી વંચિત રહી જશો.

જો પરમાત્માની પ્રાપ્તિ ચાહો છો તો ભોગ અને સંગ્રહને મહત્ત્વ ન આપો. આજકાલ તો રૂપિયાની અપેક્ષાએ તેની સંખ્યાને મહત્ત્વ આપી રહ્યાં છે કે અમે લખપતિ થઈ જઈએ, કરોડપતિ થઈ જઈએ, અમારી પાસે આટલો સંગ્રહ થઈ જાય, પાસે જે રૂપિયા છે, તેને ખર્ચ કરી શકતાં નથી, રખેને ઓછા ન થઈ જાય. પોતાના દીકરાઓને ઉપદેશ આપો છો કે જેટલું કમાવ, તેમાંથી ખર્ચ કરો, મૂડીને ન છોડો. મૂળ મૂડી જેટલી છે તેને રહેવા દો, તેમાંથી ખર્ચ ન કરો. કોઈ મૂડીમાંથી ખર્ચ કરે તો કહેશો કે 'તારામાં અક્કલ નથી, મૂળ મૂડી ખર્ચી નાંખો છો !' મૂળ મૂડી તમારે શું કામ આવશે ? મૂળ મૂડીમાં શું દિવાસળી મૂકવી છે ? પણ તેને ખર્ચશો નહિ. જે નરકોમાં લઈ જવાવાળી ચીજ છે, તેનો ખર્ચ કેવી રીતે કરવામાં આવે ! તેને ખર્ચી દઈશું તો દુર્ગતિ કોણ કરશે ! હવે આવા માણસો પરમાત્માની પ્રાપ્તિ કઈ રીતે કરવાનાં છે ?

સાધુ હો, ગૃહસ્થ હો, ભણ્યા-શીખ્યા હો; ચાહે મૂર્ખ હો; ચાહે પંડિત હો, ભાઈ હો અથવા બહેન હો, જ્યાં સુધી સંગ્રહ કરવાની અને 'સંગ્રહ થયા કરે' એવી રુચિ રહેશે, ત્યાં સુધી તે પારમાર્થિક માર્ગ પર ચાલી શકતો નથી. જો તમારા દિલમાં સંગ્રહની રુચિ નથી, તો ભલેને તમારી પાસે લાખો-કરોડો રૂપિયા હોય, પણ તે તમને અટકાવી નહિ શકે. બેંકોમાં ઘણું નાણું પડ્યું છે, પણ તે આપણને અટકાવતું નથી. મકાન ઘણાં છે, પણ આપણને અટકાવતાં નથી. કેમ નથી અટકાવતા કે તેમનામાં આપણી મમતા નથી, તેમની પ્રાપ્તિની ઇચ્છા નથી. જો આપણી ઇચ્છા થઈ જશે તો આપણે ફસાઈ જઈશું.

જે થોડાક માણસોને આપણે પોતાનાં માની રાખ્યાં છે, જે મકાનને આપણે પોતાનું માની રાખ્યું છે, તેનાથી આપણે બંધાયેલા છીએ. જે માણસોને આપણે પોતાના માન્યા નથી, તેઓ મરી પણ જાય તો આપણા પર અસર નહિ પડશે. જે રૂપિયાને આપણે પોતાના માન્યા નથી, તે ભલેને ગમે ત્યાં ચાલ્યા જાય, નષ્ટ પણ થઈ જાય તો આપણા પર અસર પડશે નહિ. જે મકાનોને આપણે પોતાનાં માન્યાં નથી, તે બધાં પડી પણ જાય તોપણ આપણા પર અસર પડશે નહિ. તેથી મોટા ભાગના સંસારથી તો આપણે મુક્ત જ છીએ, થોડા જ માણસો, થોડા જ રૂપિયા, થોડા જ મકાનોમાં આપણે ફસાયેલા છીએ. જો આ થોડા માણસો વગેરેની મમતાનો ત્યાગ કરી દો તો ન્યાલ થઈ જશો. આપણી મોટા ભાગની મુક્તિ તો થઈ ચૂકી છે, થોડી જેવી મુક્તિ બાકી છે. વધુ બંધન નથી. વધુ જેવું બંધન તો છૂટી ગયેલું છે જ. જેઓમાં તમારી મમતા નથી, તેઓનાથી તમે મુક્ત છો અને જેઓમાં તમે મમતા કરી લો છો, તેઓમાં તમે બંધાઈ જાઓ છો. પરંતુ તમારી ચાલ એવી છે કે વધુ વ્યક્તિઓમાં, પદાર્થોમાં મમતા થઈ જાય. વક્તા ચાહે છે કે બીજુ કંઈ નહિ તો શ્રોતાઓ વધુ આવે. આવી ઇચ્છા નહિ રાખીશું તો ફસાશું કેવી રીતે? એટલા માટે વધારે ભોગ મળી જાય, વધારે સંગ્રહ થઈ જાય—એવી રીતની ઇચ્છા કરતા રહો છો. ઇચ્છા કરવાથી પદાર્થ મળશે નહિ. જો મળી પણ જશે તો ટકશે નહિ અને ટકી પણ જશે તો તમે ટકવાના નથી. પરંતુ બંધન તો થઈ જ જશે. મરણ પામ્યા પછી પણ છૂટી શકવાના નથી. હવે તમે નફો-નુકસાન વિચારી લો.

મૈં..મૈં બુરી બલાય હૈ, સકો તો નિકસો ભાગ ।
કબતક નિભહે રામજી, રુઈ લપેટી આગ ॥

—'હું-હું' એ મોટી બલા છે. નીકળી શકો તો ભાગી છૂટો, રામજી, રૂમાં લપેટેલો અંગારો ક્યાં સુધી ટકી શકે ?

રૂમાં લપેટેલી આગ કેટલા દિવસ રહી શકે ? એ તો સળગાવશે જ. જે જે પદાર્થોમાં તમે હું-મારાપણું કરો છો તેઓ કેટલા દિવસ રહેશે ? તેઓ તો રહેશે નહિ, પણ તમારું પતન કરી દેશે—એમાં શંકા નથી. એટલા માટે દરેક ભાઈ-બહેન માટે ઘણું જરૂરી છે કે તે સંસારના ભોગો અને સંગ્રહની ઇચ્છાને હૃદયમાંથી કાઢી નાખે.

અંતરથી પદાર્થોની ઇચ્છાનો ત્યાગ કરવાથી પદાર્થ પ્રારબ્ધ અનુસાર આપોઆપ આવે છે. ઇચ્છા રાખવાથી રૂપિયા-પૈસા, ભોગ-આરામ મહેનતથી, ઘણી કઠણાઈથી મળે છે. ઇચ્છા કરવાથી તેની પ્રાપ્તિમાં બાધા પડે છે અને પરમાર્થમાં તો બાધા પડે જ છે. આપણી ચાહનાનો ત્યાગ થવાથી આપણી જરૂરિયાત ફેલાય છે અને એની મેળે લોકોના મનમાં આપણી જરૂરિયાત પૂરી કરવા માટે પ્રેરણા થાય છે. આપણે ચાહના રાખીએ એટલે આપણી ઇચ્છા આપણામાં મર્યાદિત થઈ જાય છે, આડય આવી જાય છે. ચાહનાનો ત્યાગ કરવાથી વસ્તુઓ આપણા કામમાં આવીને સફળ થાય છે. ઇચ્છા રહેવાથી તો રૂપિયા મળવાથી આપણે પોતાની સફળતા માનીએ છીએ, પણ જો ઇચ્છા ન રહે તો રૂપિયા આપણી પાસે આવીને સફળ થશે, આપણામાં રૂપિયાની ગુલામી રહેશે નહિ.

તમે પરમાત્મતત્ત્વમાં નિત્ય નિરંતર સ્થિતિનો અનુભવ કરવા ઇચ્છતા હો તો ઉત્પત્તિ-વિનાશશીલ વસ્તુઓનું આકર્ષણ સર્વથા મટાડી દો. નાશવંત વસ્તુઓનું આકર્ષણ મટતાં જ અવિનાશીની તરફ આપમેળે આકર્ષણ થઈ જશે અને તેની પ્રાપ્તિ થઈ જશે. જો ઉત્પન્ન અને નાશ થનારી વસ્તુઓમાં ફસાઈ રહેશો તો સદા સાથે રહેનાર પરમાત્મા મળશે નહિ. એમનાથી વંચિત રહી જશો. ધન મળશે નહિ અને મળશે તો રહેશે નહિ. ભોગ પણ મળશે નહિ અને મળશે તો રહેશે નહિ અને નથી તમે રહેવાના. ફક્ત બંધન જ બંધન રહેશે.

હું રૂપિયાનો વિરોધ કરતો નથી, તેમની ગુલામીનો

વિરોધ કરું છું. ન્યાયથી કમાતા રહીને લાખો-કરોડો રૂપિયા આવી જાય તોય પ્રસન્નતા રહે અને લાખો-કરોડો રૂપિયા ચાલ્યા જાય તોપણ એ જ પ્રસન્નતા રહે. ત્યારે તો તમે 'ધનપતિ' (ધનના માલિક) છો. પરંતુ રૂપિયા આવી જાય તો પ્રસન્ન થઈ જાઓ અને રૂપિયા ચાલ્યા જાય તો રડવા લાગી જાઓ, ત્યારે તમે 'ધનદાસ' (ધનના ગુલામ) છો. ધનપતિ નથી થયા, નથી થયા, નથી થયા. રૂપિયાના જવાથી રડવા લાગી જાઓ છો કે અમારા માલિક (રૂપિયા) ચાલ્યા ગયા, હવે તેમના વિના કેવી રીતે રહેવાય ? અરે, રૂપિયા ચાલ્યા ગયા તો શું થયું. જેણે કમાણી કરી હતી તે તો મોજૂદ જ છે. પરંતુ આ વાત બુદ્ધિમાં બેસતી નથી; કેમ કે ધનને તમે તમારા ઇષ્ટદેવ માની રાખ્યા છે. જેણે ધનને પોતાના ઇષ્ટદેવ માની રાખેલ છે, તેને ધનની પ્રાપ્તિને માટે જૂઠાણું, કપટ, બેઈમાની, ધોખાબાજી વગેરેને પોતાના ઇષ્ટ બનાવવા પડે છે; કેમ કે તેનો એ ભાવ રહે છે કે આના વિના પૈસા પેદા થતા નથી. તેથી જૂઠાણું, કપટ, કાળાબજાર વગેરે તરફ ભક્તિ પેદા થશે. જેમ ભગવાનનો ભક્ત ભગવાનને યાદ કરે છે, તેમનો આશ્રય લે છે, એવી જ રીતે ધનનો ભક્ત જૂઠાણું, કપટ, ઠગાઈ વગેરેનો આશ્રય લે છે, તેને કોઈ સમજાવે તો તે કહેશે કે આજના જમાનામાં જૂઠાણું, કપટના વિના કામ ચાલતું નથી. હવે આવા માણસને બ્રહ્માજી પણ સમજાવી શકે નહિ ! એટલા માટે જો પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ ચાહો છો તો ભોગ અને સંગ્રહની ઇચ્છાનો ત્યાગ કરવો જ પડશે, નહિ તો પરમાત્માની પ્રાપ્તિ તો દૂર રહી, પરમાત્મપ્રાપ્તિનો નિશ્ચય પણ કરી શકશો નહિ.

****

અસત્ પદાર્થોના આશ્રયનો ત્યાગ કરીએ

ઉત્પન્ન અને નષ્ટ થવાવાળી વસ્તુઓના વિના મારું કામ નહિ ચાલશે—એવું માનવું સ્વયંની ખાસ ભૂલ છે. સ્વયં પરમાત્માનો સાક્ષાત્ અંશ હોવાથી સત્ અને અપરિવર્તનશીલ છે. સંસારની જેટલી વસ્તુઓ છે, એ અસત્ અને પરિવર્તનશીલ છે.

'नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।'

(ગીતા ૨ । ૧૬)

'અસત્‌ની તો સત્તા નથી હોતી અને સત્‌નો અભાવ નથી હોતો.' બચપણથી લઈને આજ સુધી જોઈએ તો શરીર, શક્તિ, યોગ્યતા, રમત વગેરેના વિષય, સાથી, દેશ, કાળ, પરિસ્થિતિ વગેરે બધાનું પરિવર્તન થઈ ગયું, પણ હું તો એ જ છું. બધાનું પરિવર્તન થઈ ગયું—આ (બદલાવાવાળું) થયું 'અસત્' અને 'હું એ જ છું'—આ (ન બદલાવાવાળું) થયું 'સત્' ! સ્વયં સત્ થઈને પણ પોતાને અસત્‌ને આધીન માનવું કે આના વિના મારું કામ નહિ ચાલશે, એ ભારે મોટી ભૂલ છે.

શરીરના વિના મારું કામ નહિ ચાલશે, રૂપિયાના વિના કામ નહિ ચાલશે, કુટુંબના વિના કામ નહિ ચાલશે, અન્ન-જળ વિના કામ નહિ ચાલશે—આ બધું અસત્‌નો આશ્રય છે. અસત્‌નું સ્વતંત્ર અસ્તિત્વ નથી. જો તેનું સ્વતંત્ર અસ્તિત્વ હોય તો તેને અસત્ કેમ કહેત ? અસત્ નામ જ તેનું છે, જેનું સ્વતંત્ર અસ્તિત્વ નથી હોતું, જે કોઈના આશ્રયે રહે છે; જે નિરંતર મટતું જાય છે, જે નિરંતર અદૃશ્ય થતું રહે છે, જે નિરંતર અભાવમાં જઈ રહ્યું છે. સ્વયં સત્ હોવા છતાં પણ અસત્‌નો આશ્રય લઈ લેવો, અસત્‌ને પરાધીન થઈ જવું અને એ પરાધીનતામાં પણ સ્વાધીન-બુદ્ધિ કરી લેવી—એ ખાસ ભૂલ છે.

પરાધીનતામાં પણ સ્વાધીન-બુદ્ધિ કેવી રીતે થાય છે—એને તમે આ રીતે સમજો. માની લો કે તમને એક ચશ્માની જરૂર પડી. હવે વિચાર થાય છે કે 'એક ચશ્મા જોઈએ, તો શું કરવું ? કોને કહેવું ? કોણ લાવીને આપે ?' આપણી પાસે પૈસા નથી, એટલા માટે આપણે પરાધીન થઈ ગયા. જો આપણી પાસે પૈસા હોત તો આપણે પરાધીન ન હોત અને તરત પૈસા આપીને લઈ લેત. આ રીતે પાસે પૈસા ન હોવાથી તમે પોતાને પરાધીન માનવા લાગો છો. હવે વિચાર કરીએ કે તમે જાતે પૈસા છો શું ? પૈસા પણ તો 'પર' જ છે. તમે પૈસાને આધીન હોવા છતાં પણ પોતાને સ્વાધીન માની લો છો—આ જ પરાધીનતામાં સ્વાધીન-બુદ્ધિ થવું છે.

પરાધીનતામાં સ્વાધીનતાની બુદ્ધિ થવા જેવો બીજો કોઈ અનર્થ છે જ નહિ. સઘળાં પાપ એનાં સંતાન છે. પાપ અન્યાય, જૂઠાણું, કપટ, નરક વગેરે બધા આ બુદ્ધિના હોવાના કારણે જ હોય છે. તમારે વિચારવું કે પૈસા 'સ્વ' છે કે 'પર' છે ? પૈસાને આધીન થવું એ સ્વાધીનતા છે કે પરાધીનતા છે ? પરંતુ તમે પરાધીનતામાં જ સ્વાધીનતાની બુદ્ધિ કરી લો છો કે આપણી પાસે પૈસા હોત તો આપણે તરત જ રેલવે, વિમાનમાં ચઢીને જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જાત; આ લઈ લેત, તે લઈ લેત. આ પૈસાની પરાધીનતા છે. પૈસા વિના વસ્તુ મળતી નથી, એ પ્રત્યક્ષ વાત છે, પછી આપણે સ્વાધીન ક્યારે થઈશું ? આપણે સ્વાધીન ત્યારે થઈશું જ્યારે આપણને કોઈ ચીજની જરૂરત જ ન રહે; ન ચશ્માની જરૂરત રહે, ન અન્ન-જળની જરૂરત રહે, ન કપડાંની જરૂરત રહે. આ ક્યારે થશે ? આ ત્યારે થશે, જ્યારે તમે સ્વયંને શરીરથી અલગ અનુભવ કરશો.

તમે શરીરની સાથે ભળીને એક થઈ જાઓ છો તો શરીરની જરૂરત તમારી જરૂરત થઈ જાય છે. જેમ કે કોઈ પુરુષ લગ્ન કરી લે છે તો જ્યારે તે સ્ત્રીને માટે ઘાઘરો, નથની વગેરે ખરીદવા જાય છે, તો દુકાનદારને

કહે છે કે મારે ઘાઘરો જોઈએ, નથની જોઈએ. દુકાનદાર તેને પૂછશે કે શું તમે ઘાઘરો, નથની પહેરો છો ? તો તે કહેશે કે મારે નહિ, ઘરમાં એની જરૂર છે. તેણે પત્ની સાથે સંબંધ કરી લીધો છે, તો હવે પત્નીની જરૂરિયાત તેની પોતાની જરૂરિયાત થઈ ગઈ. એ જ પ્રમાણે શરીરમાં 'હું' અને 'મારું' કરી લેવાથી શરીરની જરૂરિયાતને પોતાની જરૂરિયાત દેખાવા લાગી જાય છે. હકીકતમાં આ તમારી આવશ્યકતા નથી, આ શરીરની આવશ્યકતા છે. તમારે કોઈ વસ્તુની બિલકુલ આવશ્યકતા નથી.

શ્રોતા—શરીરથી હું અલગ છું, એ અનુભવ થતો નથી, શું કરવું ?

સ્વામીજી—શરીર જ હું છું અને શરીર જ મારું છે—અસત્નો સંગ છે. તમે સત્ છો, શરીર અસત્ છે. તમે અવિનાશી છો, શરીર વિનાશી છે, તેથી તમે અને શરીર એક કેવી રીતે થાય ?

શ્રોતા—આ વાતને જાણીએ છીએ, પણ આ જાણવાનું ટકાઉ રહેતું નથી.

સ્વામીજી—ટકાઉ નથી રહેતું તો એનું દુઃખ થાય છે શું ? ટકાઉ રહેવાથી કોઈ ફાયદો અને ટકાઉ ન રહેવાથી કોઈ નુકસાન દેખાય છે શું ? જો તમે 'હું શરીરથી અલગ છું'—આ જાણકારીને વાસ્તવમાં ટકાઉ રાખવા ચાહો છો તો કોઈ બાધા છે જ નહિ. પરંતુ તમે તેને ટકાઉ રાખવા ચાહતા જ નથી, આને ટકાઉ ન રહેવાનું તમને દુઃખ જ નથી. હાલ તો તમે એવું કહો છો કે આ ટકાઉ નથી રહેતું; પણ શું બીજા સમયે પણ તમને આની યાદ આવે છે ?

તમે શરીરની આવશ્યકતાઓ પૂરી કરી જ લો છો—એવો નિયમ નથી ! ખરેખર રીતે શરીરની આવશ્યકતા આપોઆપ પૂરી થાય છે.

પ્રારબ્ધ પહલે રચા, પીછે રચા શરીર ।
તુલસી ચિન્તા ક્યોં કરે, ભજ લે શ્રીરઘુબીર ॥

શરીર-નિર્વાહનો તમારી ઉપર ઇજારો નથી. તમે શરીર-નિર્વાહની ચિંતા કરીને જાણી જોઈને મુશ્કેલી વ્હોરી લો છો. હકીકતમાં જેવો થવાનો હશે, તેવો જ થશે, ચેષ્ટા કરવાથી પણ તેવો જ નિર્વાહ થશે. પ્રારબ્ધમાં લખ્યું છે, તો અન્ન વિના મરવું પડશે. ભલે ગમે તેટલી ચેષ્ટા કરી લો. જો મરવાનું નથી તો કોઈ પણ હિલચાલ ન કરો, શરીરનો નિર્વાહ થશે.

એ વાત પર ધ્યાન આપો કે તમારા શરીર-નિર્વાહ માટે તો પરમાત્માની તરફથી ગોઠવણ છે, પણ તમારી તૃષ્ણાની પૂર્તિને માટે જોગવાઈ નથી, નથી, નથી. તમે જે ઇચ્છો છો કે આટલું મળી જાય, આટલું મળી જાય—એની પૂર્તિને માટે કોઈ ગોઠવણ નથી; પરંતુ તમારા શરીર-નિર્વાહને માટે જોગવાઈ પૂરેપૂરી છે. જેણે જન્મ આપ્યો છે, તેણે જીવન-નિર્વાહની પૂરી જોગવાઈ કરી લીધી છે. વિચારો કે માતાના સ્તનોમાં તમે કે અમે દૂધ પેદા કર્યું હતું શું ? માતાનું દૂધ પેદા કરવા માટે તમે કે અમે કોઈ કોશિશ કરી હતી ? માતાના દૂધની જોગવાઈ જેણે કરી હતી તે શું બહલાઈ ગયો ? શું તે મરી ગયો ? શી નવી વાત થઈ ગઈ ? આ કારણે શરીર-નિર્વાહને માટે કદી ચિંતા ન કરવી જોઈએ. હિલચાલ કરવાને માટે હું મનાઈ કરતો નથી. હિલચાલ કરો માત્ર નિર્વાહને માટે. પદાર્થોનો કર્મની સાથે સંબંધ છે. માટે ઉદ્યોગ કરો, મહેનત કરો, તેથી કર્મ તો કરો પણ ચિંતા ન કરો.

મોટરકારની ચાર અવસ્થાઓ હોય છે—૧. મોટર ગેરેજમાં ઊભી છે. તે સમયે ન તો એન્જિન ચાલુ છે કે ન તો પૈડાં ચાલુ છે, બંને બંધ છે. ૨. જ્યારે મોટર ચાલુ કરવામાં આવે છે, ત્યારે એન્જિન તો ગતિમાં આવે છે; પણ પૈડાં ચાલતા નથી. ૩. જ્યારે મોટરને ત્યાંથી રવાના કરી દો છો, ત્યારે પૈડાં પણ ચાલે છે અને એન્જિન પણ ગતિમાં છે. ૪. ચાલતાં–ચાલતાં આગળ સાફ ઢાળવાળું મેદાન આવી ગયું, ઘણે દૂર સુધી રસ્તો સાફ દેખાય છે, વચ્ચે વૃક્ષ વગેરે કાંઈ આડું આવતું નથી અને રસ્તો ઢાળવાળો છે એટલે કે થોડો નીચાણવાળો છે, એ સમયે એન્જિન બંધ કરી દો તો પૈડાં ચાલુ રહેશે—મોટર ચાલતી રહેશે અને તેલ પણ વપરાશે નહિ. આ પ્રમાણે મોટરકારની ચાર અવસ્થાઓ થઈ. આ ચારે અવસ્થાઓમાં સૌથી ઉત્તમ અવસ્થા તે થઈ, જેમાં પૈડાં તો ચાલે પણ એન્જિન ન ચાલે એટલે કે તેલ પણ ન વપરાય અને રસ્તો પણ કપાઈ જાય. સૌથી ખરાબ અવસ્થા એ થઈ જેમાં એન્જિન તો ચાલે પણ પૈડાં ન ચાલે એટલે કે તેલ તો બળે, પણ રસ્તો ન કપાય. આ જ પ્રમાણે તમે અંતરથી ચિંતા કરો છો—એ તમારી ખરાબ અવસ્થા છે. આપણે અંતરમાં ચિંતા કરીએ છીએ તો એ તો તેલ બળી જાય છે. શક્તિ વપરાઈ જાય છે, કામ થતું નથી. પરંતુ તમે ચિંતા ન કરીને કર્તવ્ય કરતા રહો—એ તમારી ઉત્તમ અવસ્થા છે. આ છે તેલ બળે નહિ અને પૈડાંમાં ગતિ રહે. આને જ ગીતામાં કર્મયોગ કહ્યો છે—

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ ॥

(ગીતા ૨ । ૪૭)

'તારો કર્તવ્ય-કર્મ કરવામાં જ અધિકાર છે, ફળોમાં કદી નહિ. તેથી તું કર્મફળની ઇચ્છાવાળો પણ ના બનીશ અને તારી અકર્મણ્યતામાં પણ આસક્તિ ન થાઓ !'

અકર્મણ્ય કદી ન થાઓ. કર્તવ્ય-કર્મ કરતા રહો, પણ ફળની ઇચ્છા ન કરો. ચિંતા ન કરો કે શું મળશે ? કેવી રીતે થશે ? ઇચ્છા કરવાથી, ચિંતા કરવાથી પદાર્થ મળતા નથી, પદાર્થ કર્મોથી મળે છે. ભલે તે કર્મ પૂર્વનાં (પ્રારબ્ધ) હોય અથવા વર્તમાનનાં. એટલા માટે કર્મ કરો. અંદરના એન્જિનને કેમ ચલાવો છો એટલે કે ચિંતા કેમ કરો છો ?

ચિંતાની બાબતમાં વધુ એક વાત સમજવાની છે.

અંતઃકરણની બે વૃત્તિઓ છે—એક વિચાર છે અને એક ચિંતા છે. વિચારથી બુદ્ધિ વિકસે છે અને ચિંતાથી બુદ્ધિ નાશ પામે છે—**'બુદ્ધિઃ શોકેન નશ્યતિ'** વિચારપૂર્વક કોઈ કામ કરવામાં આવશે તો તે કામ ઉત્તમ થશે. જો ચિંતા થઈ જશે તો તે કામ નબળું થશે, તેમાં ભૂલો થશે. જેના દિલમાં ચિંતા-શોક થાય છે, તે માણસને હોશ-ભાન રહેતું નથી, તેની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. એ કારણે ચિંતા ન કરીને બધાં કામ વિચારપૂર્વક કરો. નાનાથી નાનું અને મોટાથી મોટું કામ વિચારપૂર્વક રીતે કરો.

આપણી શારીરિક જરૂરિયાતો આપણે પૂરી કરી લઈશું—એ બિલકુલ આપણા હાથની વાત નથી. જરૂરિયાત વાસ્તવમાં છે જ નહિ; કેમ કે શરીર પણ વાસ્તવિક નથી, પછી એની જરૂરિયાત કેવી રીતે વાસ્તવિક હોવાની ? તમે પોતે વાસ્તવિક છો, એટલા માટે તમારી આવશ્યકતા જ વાસ્તવિક આવશ્યકતા છે. તમારી આવશ્યકતા છે—આત્મતત્ત્વને પ્રાપ્ત કરવું. શરીર-નિર્વાહની જરૂરિયાત પૂરી થવાવાળી હશે તો પૂરી થઈ જશે અને પૂરી નહિ થવાવાળી હશે તો પૂરી નહિ થશે; પરંતુ પરમાત્મતત્ત્વની આવશ્યકતા તમે ચાહશો તો જરૂર પૂરી થશે; કેમ કે એને માટે જ આ મનુષ્ય-શરીર મળ્યું છે. આ મનુષ્ય-શરીર ખાવા-પીવાને માટે મળ્યું નથી. અમે શાસ્ત્રોમાં ક્યાંય એવું વાંચ્યું નથી કે આ મનુષ્ય-શરીર રૂપિયા કમાવાને માટે મળ્યું છે અથવા ભોગ ભોગવવાને માટે મળ્યું છે. સદાને માટે કલ્યાણ થઈ જાય, ઉદ્ધાર થઈ જાય—આને માટે જ મનુષ્ય-શરીર મળ્યું છે. આ બાબતમાં પણ એક ખૂબ રહસ્યની છુપાયેલી વાત છે કે પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ શરીરથી થતી નથી ! પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ વિવેકશક્તિથી થાય છે, શરીર, ઇન્દ્રિયો, મન-બુદ્ધિથી નહિ. સત્-અસત્, નિત્ય-અનિત્ય, સાર-અસાર વગેરેને ઠીકઠીક જાણવાને માટે મનુષ્યને જે વિવેકશક્તિ મળી છે, તેનાથી ઉદ્ધાર થશે. એ વિવેકશક્તિનો સદુપયોગ કરવાથી સાંસારિક કામ પણ ઉત્તમ થશે અને પારમાર્થિક કામ પણ ઉત્તમ થશે. એટલા માટે એ વિવેકશક્તિનો સદુપયોગ કરવો, એના માટે માનવ-શરીર મળ્યું છે.

****

વાસ્તવિક મોટાઈ

એક પરમાત્મા જ સત્ય છે, બાકીનું બધું અસત્ય છે. અસત્યનો અર્થ છે—જેનો અભાવ હોય. જે વસ્તુ નથી, તે અસત્ય કહેવાય છે. જે વસ્તુનો અભાવ હોય છે તે જોવામાં આવતી નથી, પરંતુ સંસાર જોવામાં આવે છે. તો પછી સંસાર અસત્ય કેમ ? વાસ્તવમાં અસત્ય હોવા છતાં પણ આ સંસાર સત્ય-તત્ત્વ પરમાત્માને કારણે જ સત્ય જોવામાં આવે છે. તાત્પર્ય એ છે કે આ સંસારની સ્વતંત્ર સત્તા નથી. જે પ્રમાણે અરીસામાં મોઢું જોવામાં આવે છે, તેવી જ રીતે સંસાર જોવામાં આવે છે. અરીસામાં મોઢું દેખાય તો છે, પરંતુ એમાં એ નથી, તે જ પ્રમાણે સંસાર દેખાય તો છે જ, પરંતુ વાસ્તવમાં નથી. વાસ્તવમાં એક પરમાત્મ-તત્ત્વની જ સત્તા છે. પરમાત્મામાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી અને પ્રકૃતિ (સંસાર)માં કાયમ પરિવર્તન થયા કરે છે. જેમાં હમેશાં પરિવર્તનની ક્રિયા થયા કરે છે અને એનો અંશ શરીર હમેશાં બદલાયા કરે છે તેનું નામ પ્રકૃતિ છે—**'પ્રકર્ષેણ કરણં પ્રકૃતિઃ'** સંસાર અને એનો અંશ શરીર હમેશાં બદલાયા કરે છે અને પરમાત્મા તથા એનો અંશ જીવ કદી બદલાયા નથી. ન બદલાયા કરતો જીવ બદલાયા કરતા સંસારનો આશ્રય લે છે. એની પાસેથી સુખની ઇચ્છા કરે છે એ જ ભૂલ છે. હમેશાં બદલાયા કરતું શું ન બદલાયા કરનારને ન્યાલ કરી દેશે ? એનો સાથ પણ કેટલો વખત રહેવાનો ? તેથી સંસારને પોતાનો માનવો, એની પાસેથી લાભ મેળવવાની ઇચ્છા રાખવી, એના પર વિશ્વાસ રાખવો, એનો આશ્રય લેવો એ જ ભૂલ છે. આ ભૂલને જ આપણે સુધારવાની છે. એ માટે જ ગીતામાં ભગવાને કહ્યું છે—**'મામેકં શરણં વ્રજ'** 'મારે એકલાને શરણે આવ.' સંસારની વસ્તુઓનો સદુપયોગ તો કરો, પણ એને મહત્ત્વ ન આપો, સંસારની વસ્તુઓને કારણે પોતાને મહાન ન માનો.

પાસે વધુ ધન હોવાથી મનુષ્ય પોતાને મહાન માની લે છે, પરંતુ વાસ્તવમાં મોટો નથી થતો, પણ નાનો થાય છે. ધ્યાન આપો, ધનને કારણે મનુષ્ય મહાન થયો, તો વાસ્તવમાં એ પોતે (ધનના વિના) તો નાનો જ સિદ્ધ થયો ! ધનની અભિમાની વ્યક્તિ પોતાનાં તિરસ્કાર અને અપમાન કરીને તથા પોતાને નાનો કરીને જ પોતાનામાં મોટાઈનું અભિમાન કરે છે. વાસ્તવમાં પોતે જાતે હમેશાં રહેનારો છે અને ધન, માન, મોટાઈ, પ્રશંસા, નીરોગતા, પદાધિકાર વગેરે બધાં આવ-જા કરનારાં છે. એમનાથી તમે મોટા કેવી રીતે થયા ? એઓને કારણે પોતાનામાં મોટાઈનું અભિમાન કરવું એટલે પોતાની પડતી જ કરવી. એ જ પ્રકારે નિર્ધનતા, નિંદા, રોગ વગેરેને કારણે પોતાને નાનો માનવો એ પણ ભૂલ છે. આવતી-જનારી વસ્તુઓથી કોઈ નાનો કે મોટો થતો નથી.

નાશવાન પદાર્થોને મહત્ત્વ આપવાને કારણે જ જન્મ-મરણરૂપી બંધન, દુઃખ, સંતાપ, હૈયાવરાળ વગેરે ઉત્પન્ન થાય છે. તેથી સારી રીતે વિચાર કરવો જોઈએ કે હું તો હમેશાં રહેનારો છું અને આ પદાર્થો આવ-જા કરનારા છે, તેથી એ પદાર્થોની આવ-જાની અસર મારા ઉપર કેવી રીતે પડી શકે છે?

તમે ધન પેદા કરો છો, નહિ કે ધન તમને. તમે

ધનનો ઉપયોગ કરો છો, નહિ કે ધન તમારો. ધન તમારે વશ છે, તમે ધનને વશ નથી. તમે ધનના માલિક છો, ધન તમારું માલિક નથી. આ બધી વાતો હમેશાં યાદ રાખવાની છે. તમે ધનપતિ છો, ધનદાસ નહિ, એટલી જ વાત છે. ધનને મહત્ત્વ આપવાથી અને ધનને કારણે પોતાની જાતને મોટી માનવાથી મનુષ્ય ધનદાસ (ધનનો ગુલામ) બની જાય છે, તેથી જ એ દુઃખ પામે છે, નહિ તો તમને દુઃખ દેનાર છે કોણ ? ધન વગેરે પદાર્થ તો આવ-જા કરનારા છે, એ તમને શું સુખી કે દુઃખી કરશે ? એ તો નદીના પ્રવાહની જેમ હમેશાં વહી જઈ રહ્યા છે. જો તમારી ધનાઢ્યતા ચાળીસ વર્ષ રહેનારી છે અને એમાંથી એક વર્ષ પસાર થઈ ગયું, તો બતાવો કે તમારી ધનાઢ્યતા વધી કે ઘટી ? ધનાઢ્યતા એ હમેશાં ઘટતી જાય છે અને ચાળીસ વર્ષ પૂરાં થતાં જ એ સમાપ્ત થઈ જવાની છે, પરંતુ તમે તો તેવા ને તેવા જ રહો છો. જ્યારે ધન નહોતું, ત્યારે પણ તમે એ જ હતા અને જ્યારે ધન આવી મળ્યું, ત્યારે પણ તમે એ જ રહ્યા. વળી ધન ચાલ્યું જાય, ત્યારે પણ તમે એના એ રહેવાના. સંસારની બધી જ વસ્તુઓ હમેશાં વહી જઈ રહી છે. જે મનુષ્ય ઉપર આ વહેવાવાળી વસ્તુઓની અસર નથી પડતી તે મુક્ત થઈ જાય છે. (ગીતા ૨ । ૧૫). એ કારણે વિવેકી પુરુષ નાશવાન વસ્તુઓમાં રમતો (આનંદ પામતો) નથી—**'न तेषु रमते बुधः'** (ગીતા ૫ । ૨૨). જે વસ્તુઓને અસ્થિર માની રહેલો છે, તે એ વસ્તુઓનો ગુલામ બનતો નથી. પદાર્થોને લઈને સુખી કે દુઃખી માનનારો મનુષ્ય પોતાના સ્થાનથી નીચે જઈ પડ્યો, નાનો બની જ ગયો. આવ-જા કરનારા પદાર્થોની અસર ન થવી એ જ અસલી મોટાઈ છે.

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥

(ગીતા ૫ । ૨૦)

'જે પુરુષ પ્રિયને પામીને હર્ષિત થતો નથી અને અપ્રિયને પામીને ઉદ્વેગ કરતો નથી, તે સ્થિરબુદ્ધિનો સંશયરહિત બ્રહ્મવેત્તા પુરુષ પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મકતાથી હમેશને માટે રહેલો છે.'

****

ત્યાગથી સુખની પ્રાપ્તિ

જેવો એક ગૃહસ્થને પોતાના પૂરા પરિવાર સાથે સંબંધ હોય છે તેવો પરમાત્માને પણ સમગ્ર સંસાર સાથે સંબંધ છે. સંસારમાં સારાં કે ખરાબ, ઉત્તમ કે હલકાં પ્રાણી કેવાંયે કેમ ન હોય, પરમાત્માનો સંબંધ બધાંની સાથે સરખો છે. ભગવાને કહ્યું છે—**'समोऽहं सर्वभूतेषु'** (ગીતા ૯ । ૨૯). 'બધાં ભૂત-પ્રાણીઓમાં હું સમાન છું.' પ્રાણીઓની સાથે જ માત્ર નહિ, બધી પરિસ્થિતિઓ, અવસ્થાઓ, ઘટનાઓ વગેરેની સાથે પણ એકસરખો સંબંધ છે. હવે ધ્યાન આપો કે કોઈ વ્યક્તિમાં વિશેષ યોગ્યતા હોય તો શું એની સાથે પરમાત્માનો વિશેષ સંબંધ છે ? નહિ, એમાં જે વિશેષતા દેખાય છે તે સંસારની દૃષ્ટિથી જ છે. પરમાત્માનો તો બધાંની સાથે સરખો સંબંધ છે; એ સંબંધમાં કદીયે કમી કે વધારો થતાં નથી. આથી કોઈ ગુણ, યોગ્યતા કે વિશેષતાથી આપણે પરમાત્માને મેળવી લઈશું—એ વાત સંસારની વિશેષતા કે મહત્તાને લીધે કરવામાં આવે છે. જો સંસારથી વિમુખ થઈને જોઈએ, તો બધાંયે પરમાત્માને મેળવવાના અધિકારી છે. સંસારની દૃષ્ટિથી જેટલી યોગ્યતા, વિલક્ષણતા, વિશેષતા છે તે પૂરી અને પૂરી મળીને પણ પરમાત્માને ખરીદી લે—એ વાત નથી. ભગવાને કહ્યું છે—**'नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।'** (ગીતા ૧૧ । ૫૩).

'હું વેદોથી, તપથી, દાનથી અને યજ્ઞથી પ્રાપ્ત નથી.' મોટાં ભારી ઉગ્ર તપ કરવામાં આવે, એનાથી પણ ભગવાન પકડમાં નથી આવતા **'न तपोभिरुग्रैः'** (ગીતા ૧૧ । ૪૮). તો ભગવાન પકડમાં કેવી રીતે આવે છે ? ત્યાગથી—**'त्यागाच्छान्तिरनन्तरम्'** (ગીતા ૧૨ । ૧૨). ત્યાગથી પછી શાંતિ મળે. ત્યાગ કરવો હોય તો ઘણું ધન હોય તોપણ ત્યાગ કરવાનો છે, થોડું ધન હોય તોપણ ત્યાગ કરવાનો છે, વધુ યોગ્યતા હોય તોપણ ત્યાગ કરવાનો છે, ઓછી યોગ્યતા હોય તોપણ ત્યાગ કરવાનો છે. સાચી વાત તો ભારે વિલક્ષણ છે. એ આ છે કે જે પ્રમાણે પાપોનો ત્યાગ કરવાનો છે, તે રીતે પુણ્યોનો પણ ત્યાગ કરવાનો છે. વાત થોડી અટપટી લાગે છે, પરંતુ ગુણોના, યોગ્યતાના, પુણ્યોના અભિમાનનો પણ ત્યાગ કરવાનો જ છે. અભિમાનનો ત્યાગ એ જ ત્યાગ છે, વસ્તુનો શો ત્યાગ ? વસ્તુ તો તમારાથી (જીવથી) અલગ છે જ. તેથી તો સંસારની જેટલી યોગ્યતા, પરિસ્થિતિ, ગુણ વગેરે છે, તે બધાંના ત્યાગથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે. તત્ત્વની પ્રાપ્તિમાં વાર એને લીધે થઈ રહી છે કે તમે યોગ્યતા, પરિસ્થિતિ, ગુણ, વ્યક્તિત્વ, સામગ્રી વગેરેને પકડી રાખ્યાં છે. ત્યાં સુધી કે ત્યાગને પણ પકડી રાખ્યો છે કે 'હું મોટો ત્યાગી છું'—આ ત્યાગીપણાનો પણ ત્યાગ કરવાનો છે, નહિ તો પરમાત્માની પ્રાપ્તિ નહિ થશે. એ જ પ્રમાણે 'હું મોટો વૈરાગી છું' એવા વૈરાગ્યભાવનો પણ ત્યાગ કરવો જોઈશે. એમ નહિ થાય તો બંધન ચાલુ રહેશે. પરમાત્માને જેવો વૈરાગ્ય સાથે સંબંધ છે, તેવો આસક્તિ સાથે પણ સંબંધ છે. તેથી જેમ આસક્તિની સાથે સંબંધ નથી રાખવાનો, તે પ્રમાણે વૈરાગ્ય સાથે પણ સંબંધ રાખવાનો નથી. સઘળી વસ્તુઓ, અવસ્થાઓ, ઘટનાઓ, ક્રિયાઓ વગેરે

સાથે પરમાત્માનો સંબંધ એકસરખો છે, તેથી એ બધાંથી વિમુખ થવું પડશે. એ બધાંથી વિમુખ થયે તત્ત્વની પ્રાપ્તિ થશે. **સનમુખ હોઇ જીવ મોહિ જબહીં, જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ॥** (માનસ ૫ । ૪૪ । ૧)

'જ્યારે જીવ મને (પ્રભુને) સન્મુખ થાય છે, ત્યારે કરોડો જન્મનાં પાપ નાશ પામે છે.'

વાસ્તવમાં આ બધાંથી આપણે દરરોજ વિમુખ થઈએ છીએ. કેવી રીતે ? જ્યારે આપણે સંસારનાં કામ કરતાં કરતાં થાકી જઈએ છીએ, ત્યારે સંસારથી વિમુખ થવાનું મનમાં આવે છે અને આપણે ઊંઘ લઈએ છીએ. આનાથી વિસ્રામો મળે છે, શાંતિ મળે છે, સુખ-આરામ મળે છે, તાજગી મળે છે, નીરોગતા મળે છે. આ બધું ત્યાગથી જ મળે છે, એટલું જ નહિ, સંસારના ભોગોનું સુખ પણ ભોગોના ત્યાગથી મળે છે. હા, એના તરફ ખ્યાલ ન કરવાને કારણે ભોગોથી સુખ મળતું લાગે છે. વાસ્તવમાં સુખ ભોગના સંયોગથી નહિ, પરંતુ એના વિયોગથી થાય છે. ભોગના સંયોગનો વિયોગ થવાથી સુખ થાય છે. દા.ત. ભોજન કરવાથી સુખ થતું જોવા મળે છે, પરંતુ વાસ્તવમાં સુખનો અનુભવ ભોજનનો ત્યાગ કરવાથી એટલે કે ભોજન કરી લીધા પછી થાય છે, જે સમયે તૃપ્તિ થઈ ચૂકી હોય છે. ભોગ ભોગવતા જ્યારે તેનાથી અરુચિ થાય છે, ત્યારે સુખ મળે છે. સુખ થાય છે, ત્યારે અરુચિ થઈ ચૂકી હોય છે. પહેલું શું થાય છે, એનો મનુષ્યને ખ્યાલ નથી રહેતો. પરંતુ ત્યાગથી સુખ થાય છે એમાં કશો સંદેહ નથી, લેશમાત્ર પણ સંદેહ નથી. કેટલીય ઊંચામાં ઊંચી સામગ્રી સાથે સંયોગ થાય છે, એના દ્વારા પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ નથી થઈ શકતી. પરમાત્માને બધાં સમાનરૂપથી પ્રાપ્ત કરી શકે છે, ભલેને એ કોઈ દેશ, વેશ, સંપ્રદાય, ધર્મ વગેરેનાં કેમ ના હોય ! કેવળ પરમાત્માનો પામવાની ઉત્કટ ચાહના હોવી જોઈએ.પરમાત્માની પ્રાપ્તિની ચાહનાની ઓળખ એ છે કે બીજી કોઈ પણ વસ્તુની ચાહના કરવી નહિ. કોઈ પરમાત્માને પણ ચાહતો હોય અને બીજી વસ્તુઓને પણ ચાહતો હોય તો આ બેઉ એકસાથે છે, ત્યાં સુધી પ્રાપ્તિ થવાની નથી. દ્વંદ્વ જેને હટી ગયું છે, તે જ સુખપૂર્વક મુક્ત થાય છે. જેના દ્વંદ્વ ચાલ્યાં ગયાં છે, તેવો સાધક બંધનમાંથી મુક્ત થાય છે—**'નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે ॥'** (ગીતા ૫ । ૩). ઇચ્છા-દ્વેષથી ઉત્પન્ન થતું આ દ્વંદ્વ જ મોહ છે, એમાં જ બધાં ફસાયેલાં છે—

ઇચ્છાદ્વેષસમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત ।
સર્વભૂતાનિ સમ્મોહં સર્ગે યાન્તિ પરન્તપ ॥
(ગીતા ૭ । ૨૭)

'ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા દ્વંદ્વના મોહથી બધાં ભૂત પ્રાણીઓ સૃષ્ટિને વિશે મોહ પામે છે.'

આ દ્વંદ્વરૂપ મોહ જેને નથી, તે દૃઢ નિશ્ચય કરીને ભગવાનનું ભજન કરે છે—**'તે દ્વંદ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દૃઢવ્રતાઃ'** (ગીતા ૭ । ૨૮).

'દ્વંદ્વરૂપ મોહથી મુક્ત થયેલા અને દૃઢ વ્રતવાળા ભક્તો મારું ભજન કરે છે.'

સંસારની દૃષ્ટિએ અયોગ્યતાની સરખામણીમાં યોગ્યતા ખૂબ જ ઉત્તમ છે, પાપની સરખામણીમાં પુણ્ય ખૂબ જ ઉત્તમ છે, પરંતુ આ ઉત્તમતાથી કોઈ પરમાત્માને ખરીદી લે, એવી વાત નથી. આને કારણે જે સાચા હૃદયથી પરમાત્માને ચાહે છે, તે પોતાની સ્થિતિનો ત્યાગ કરી દે છે, એનાથી વિમુખ થઈ જાય છે. વિમુખ જેવો થયો કે તરત જ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. પોતાની જે સ્થિતિ છે, પોતાનું જે વ્યક્તિત્વ છે, પોતાની જે યોગ્યતા કે અયોગ્યતા છે, તેને પકડી રાખવાથી જ પરમાત્માની પ્રાપ્તિમાં અડચણ થઈ રહી છે. તેથી તે સત્ય-તત્ત્વની પ્રાપ્તિ કરવા માટે કોઈ અનધિકારી, અયોગ્ય, અપાત્ર નથી. માત્ર ઉત્પત્તિ અને નાશવાળી વસ્તુની પકડ જ એમાં અડચણ કરી રહી છે. આ પકડ છોડી દે કે પ્રાપ્તિ થઈ ગઈ.

જ્યારે ભૂખ લાગે છે ત્યારે ભોજનમાં સુખ મળે છે—એ નિર્વિવાદ વાત છે. ધ્યાનમાં રાખો કે પહેલો કોળિયો લેવામાં જે સુખ મળે છે, તેવું જ પાંચ-દસ કોળિયા લીધા પછી સુખ રહે છે ? જેમ જેમ આપણે ભોજન કર્યે જઈએ છીએ, તેમ તેમ ભોજનનું સુખ ઓછું થતું જાય છે. છેવટે જ્યારે ભૂખની ઇતિશ્રી થઈ જાય છે, ત્યારે તૃપ્તિ થઈ જાય છે. એવા સમયે ભોજન તમને સુખ આપે છે શું ? જ્યારે ભૂખ મટી જાય ત્યારે કોળિયો લઈને જુઓ કે એ સુખ આપે છે શું ? સુખનો આરંભ રુચિથી થયો હતો, એટલે જ સંસારના ભોગ ત્યાં સુધી સુખ આપશે કે જ્યાં સુધી તમે એના વિના દુઃખી હશો. જેના વિના તમે દુઃખી નથી થતા, તે તમને કદી સુખ આપી શકતું નથી. તો જુઓ કે આ સંસાર દુઃખીને સુખ આપે છે અને સુખ આપી એ મનુષ્યને બંધનમાં નાખે છે. માત્ર વહેમ (ભ્રમ) રહે છે કે અમુક પદાર્થથી સુખ મળ્યું.

હવે અરુચિથી સુખ કેવી રીતે મળે છે—એ વાત સમજીએ. કોઈ પણ ભોગ વિશે અરુચિ થયા વિના શું તમે એ ભોગનો ત્યાગ કરો છો ? જ્યારે અરુચિ થાય છે, ત્યારે ત્યાગ થાય છે. જ્યાં સુધી અરુચિ ન થાય, ત્યાં સુધી સુખ થતું નથી અને જ્યાં સુધી રુચિ રહે છે, ત્યાં સુધી સુખ થાય છે. આ વાત મેં પહેલાં કહી દીધી કે અરુચિથી સુખ થાય છે કે સુખથી અરુચિ થાય છે, એનું વિશ્લેષણ જરા અઘરું છે, પણ વાત બેઉ ખરી છે. ભોગ ભોગવતાં ભોગવતાં એનાથી અરુચિ થાય જ છે. હવે તમે ધ્યાન આપો. અરુચિનો અર્થ છે—સંબંધનો વિચ્છેદ. ભોગના સંબંધનો વિચ્છેદ થયો કે સુખ થાય છે. સંબંધનો વિચ્છેદ શું છે એ સમજવા જેવી વાત છે. વિચ્છેદનો અર્થ એ કે ભોગ ભોગવવાની શક્તિનો નાશ થવો, એટલે કે હવે આગળ ભોગ ભોગવી શકાય એમ નથી. એટલે શક્તિનો નાશ થવાથી જ અરુચિ અને સુખ એ બેઉ થયા.

જો શક્તિનો નાશ ન થયો હોત તો અરુચિ કેવી રીતે થાત? તાત્પર્ય એ છે કે એ સુખ ભોગનું નહિ, પરંતુ શક્તિના નાશ એટલે કે થાકનું છે. ઘણું દોડ્યા પછી જ્યારે બેસીએ છીએ, તો સુખ જોવા મળે છે. એ સુખ થાકનું છે. તેથી ભોગ ભોગવવાની શક્તિના નાશનું નામ જ સુખ થયું. નાશ કહો કે અરુચિ કહો. ભોગી પુરુષ ભોગ્ય વસ્તુનો તો નાશ કરે છે અને પોતાની પડતી કરે છે. વૈરાગી પુરુષ એવું નથી કરતો. મનુષ્ય ભોગમાં સુખ માનીને ભોગનો ત્યાગ નથી કરતો, એ કારણે ન તો ભોગને અંતે થનારી અરુચિને સ્થાયી કરી શકતો તેમ ન તો ત્યાગના સુખને સ્થાયી કરી શકતો. જો એ સમજી લે કે ભોગના સંબંધનો વિચ્છેદ થવામાં સુખ છે તો પછી ભોગોમાં ફસાવવાનું નહિ થાય.

****

તત્ત્વપ્રાપ્તિમાં બધા જ યોગ્ય છે

સત્ય–તત્ત્વ બધાંને એની મેળે પ્રાપ્ત છે, પરંતુ એ બાજુ આપણી દૃષ્ટિ નથી, તેથી એ અપ્રાપ્ત છે, એવું જોવામાં આવે છે. દા.ત. તમે કોઈ પણ કામ કરો યા ન કરો, પણ તમે તમારો અભાવ જુઓ છો ? 'હું નથી'—એવો પોતાની હયાતી (સત્તા)નો અભાવ કોઈના પણ અનુભવમાં આવતો નથી, આવી શકતો નથી. આનાથી સિદ્ધ એ થયું કે પોતાનો ભાવ એટલે કે હોવાપણું નિરંતર રહે છે. ક્રિયાઓમાં અંતર પડી શકે છે, પરંતુ પોતાના હોવાપણામાં કોઈ અંતર પડતું નથી. પરંતુ મનુષ્યોની દૃષ્ટિ ક્રિયાઓની તરફ રહ્યા કરે છે, પોતાના હોવાપણાની તરફ નહિ. એ નાનું-મોટું, સારું-નરસું કરવા પાત્ર-મનાઈ કરેલું વગેરે કર્મ કરતો રહે છે અને પોતાને એ કર્મોનો કર્તા માની રહે છે, પરંતુ એની દૃષ્ટિ એ તત્ત્વ તરફ જ જતી નથી કે જેમાં કર્તા ટકી રહ્યો છે ને જે કર્તાનો પ્રકાશક તેમજ આશ્રય અને પ્રતિષ્ઠાન છે. એ જ્ઞાન અને પ્રકાશરૂપ નિર્વિકલ્પ (અદ્વૈત) તત્ત્વનો કદી અભાવ થતો નથી. તો પોતાનો ભાવ (હોવાપણું) નિરંતર રહે છે. આ જ આપણું સ્વરૂપ છે, એનું જ્ઞાન જ સ્વરૂપનું જ્ઞાન છે. આના તરફ દૃષ્ટિ થવી એ જ સ્વરૂપ-બોધ છે.

પહેલું અંતઃકરણ શુદ્ધ થશે, પછી એનો અનુભવ થશે. આ પ્રક્રિયા શાસ્ત્રોની છે અને ઘણી સાચી છે. પરંતુ અંતઃકરણ શુદ્ધ થયા વિના આપણે તત્ત્વની પ્રાપ્તિના અધિકારી નથી, એવું હું માનતો નથી. મનુષ્યમાત્ર કેવળ તત્ત્વની પ્રાપ્તિને માટે જ છે. ભગવાન પોતાની અહૈતુકી કૃપાથી જીવને મનુષ્ય-શરીર આપે છે—**'કબહુઁક કરિ કરુના નર દેહી । દેત ઈસ બિનુ હેતુ સનેહી ॥'** (માનસ ૭ । ૪૪ । ૩) 'કોઈક વાર કૃપા કરીને મનુષ્યનો દેહ પ્રભુ કોઈ પણ જાતના હેતુ વિના સ્નેહપૂર્વક આપે છે.' તેથી તો મનુષ્ય-શરીરની સાથે સાથે મુક્તિનો પૂરો અધિકાર પણ ભગવાન આપે છે. મનુષ્યનું શરીર પ્રભુની પ્રાપ્તિને માટે જ મળ્યું છે. જે પરમાત્માની પ્રાપ્તિ નથી કરી શકતો, તેને મનુષ્ય બનાવી દે—એવી ભગવાનમાં પોલ નથી. એક સરકારી અમલદાર પણ કોઈ અધિકારી કે સ્થાન ઉપર એવી વ્યક્તિની નિમણૂક કરે છે કે જે એ સ્થાનને માટે અધિકારી હોય, એને માટે યોગ્ય હોય. શાળાના મુખ્ય આચાર્યને સ્થાને કોઈ બકરાં ચરાવનારને લાવીને બેસાડવામાં આવતો નથી. તો ભગવાનથી એવી ભૂલ થઈ જાય ખરી કે મનુષ્યનું યોગ્ય કામ ન કરી શકે, તેને મનુષ્ય બનાવી દીધો? આવું થઈ જ નથી શકતું. જ્યારે મનુષ્યનું શરીર મળી ગયું, ત્યારે તત્ત્વની પ્રાપ્તિનો અધિકાર મળી જ ચૂક્યો. હવે મનુષ્ય પોતે જ પોતાની હાર માની લે તો એ તો એની ભૂલ છે. કહેવામાં આવે છે કે અશુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યને તત્ત્વનું જ્ઞાન કેવી રીતે થાય ? હું કહું છું કે અશુદ્ધ અંતઃકરણવાળો મનુષ્ય અંતઃકરણ દ્વારા તત્ત્વને જાણી શકતો નથી, પરંતુ તત્ત્વ તો અંતઃકરણની પેલે પાર રહેલું છે. શું સ્વયં (પોતાનું હોવાપણું) અંતઃકરણના હાથની વાત છે ? નહિ. અંતઃકરણ તો એક કરણ (સાધન) છે અને જીવ પોતે તો કર્તા છે. કરણ કર્તાને વશ હોય છે. કર્તા કાંઈ કરણને વશ નથી હોતો. જેનાથી આપણે કામ કરીએ છીએ, એ કામ કરવાનાં સાધન, હથિયાર, તેને 'કરણ' કહે છે અને કામ કરનારાને 'કર્તા' કહે છે. કરણથી કરવામાં આવતી ક્રિયાઓ કરવામાં તો કર્તા કરણ વિના નિષ્ફળ જાય છે, પરંતુ કરણની પેલે પારના તત્ત્વ એટલે કે પોતે પોતાના-(સ્વયં-)માં સ્થિત થવામાં કર્તા અસફળ કેવી રીતે થઈ જશે ? જે અંતઃકરણ દ્વારા પોતાને જાણવા ચાહે છે તે અંતઃકરણ શુદ્ધ થયા પછી જ જાણવાનો છે, પરંતુ આપણે અંતઃકરણના સંયોગનો વિચ્છેદ જ કરી નાખીએ તો શું તત્ત્વનું જ્ઞાન ન થાય ? કારણ સ્પષ્ટ છે કે કર્તા (પોતે) કરણ (અંતઃકરણ)ને વશ નથી. કરણ જુદાં જુદાં હોય છે અને તેમનાથી કરવાની ક્રિયાઓ પણ જુદી જુદી હોય છે, પરંતુ કર્તા તો એકનો એક જ હોય છે.

પોતે (એટલે કે પોતાનું સ્વરૂપ) હમેશાં નિષ્ક્રિય રહે છે. જ્યારે સામે કાર્ય આવે છે ત્યારે 'પોતે કર્તા છે' એવા અભિમાનને કારણે એ પેલા કામનો કર્તા બની બેસે છે, સ્વરૂપે તો એ વાસ્તવમાં અકર્તા જ હોય છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓમાં એ જેવો ને તેવો જ રહે છે. એના તરફ લક્ષ્ય રહેવું જ એ સ્વરૂપબોધ છે.

એક વાત તમે ધ્યાન દઈ સાંભળો. આપણા અંતઃકરણની શુદ્ધિ થશે ત્યારે તત્ત્વનું જ્ઞાન આપણને થશે—આ છે ભવિષ્યની આશા. તત્ત્વની પ્રાપ્તિને માટે ભવિષ્યની આશા તો ભારે અડચણ કરનારી છે, કારણ કે તત્ત્વ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેમાં છે અને એ ત્રણેથી એ પર

પણ છે. એવો કોઈ દેશ, કાળ, વસ્તુ, વ્યક્તિ, અવસ્થા, પરિસ્થિતિ વગેરે નથી કે જેમાં તત્ત્વ રહેલું ન હોય. એ તત્ત્વમાં દેશ, કાળ, વસ્તુ વગેરે કશું છે નહિ. જ્યારે આવી વાત છે, ત્યારે બતાવો કે કયા દેશ, કાળ, વસ્તુ, પરિસ્થિતિ વગેરેમાં આપણને એને જાણી શકતાં નથી કે પ્રાપ્ત કરી શકતાં નથી ? આપણામાં કરણ નથી, એનામાં કરણ નથી, પછી એને જાણવામાં વાર શાની ? કરણના દ્વારા તેને જાણવા ચાહો તો કરણની શુદ્ધિ કરવી પડશે, અને કરણના દ્વારા એ તત્ત્વને કોઈ જાણી શક્યું હોય, એવું આજ સુધી કોઈ થયું નથી.

તત્ત્વને જાણવાની વેદાંતની જે પ્રક્રિયા છે, તેમાં પહેલાં વિવેક પછી વૈરાગ્ય, સમાધિ, છ-સંપત્તિ અને મુમુક્ષા એ ચાર સાધનો સંપન્ન કરવામાં આવે છે. પછી શ્રવણ, મનન અને નિદિધ્યાસન (ધ્યાન) એ ત્રણ સાધન કરવાં પડે છે. એ પછી તત્ત્વપદાર્થનું સંશોધન થાય છે. એ તત્ત્વપદાર્થ-સંશોધનના પછી સબીજ સમાધિ થાય છે. અહીંયાં સુધી અંતઃકરણ-(પ્રકૃતિ-)નો સાથ હોય છે. અંતઃકરણ સાથેના સંયોગનો તદ્દન વિચ્છેદ થયે નિર્બીજ સમાધિ થાય છે. જ્યારે નિર્બીજ સમાધિ થશે, ત્યારે તત્ત્વનો સાક્ષાત્કાર થશે. આ પ્રક્રિયા અંતઃકરણના દ્વારા તત્ત્વની તરફ જવાને માટે છે. પરંતુ અમે કહીએ છીએ કે આટલું બધું કરવાની કાંઈ જરૂર નથી. તત્ત્વમાં અત્યારે ને અત્યારે પણ સ્થિતિ થઈ શકે છે. માત્ર એને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા-ચાહનામાં ઊણપ છે, એને કારણે વાર થઈ રહી છે. તત્ત્વની પ્રાપ્તિ માટે હું કોઈને અયોગ્ય માનતો નથી, માત્ર એ પ્રાપ્ત કરવાની ઇચ્છામાં ઊણપ માનું છું. ઇચ્છામાં ઊણપ ન હોય તો તત્ત્વનું જ્ઞાન થશે એ પાકી વાત છે.

તત્ત્વ તો હમેશાં એવું ને એવું જ છે. એને તત્કાળ જાણી શકાય છે; માત્ર એ તરફ આપણી દૃષ્ટિ નથી. એને આ રીતે સમજો—આપણે આંખથી બધા પદાર્થોને જોઈએ છીએ, પરંતુ પદાર્થોની પણ પહેલાં આપણને પ્રકાશ જોવામાં આવે છે. પહેલા નમ્બરમાં પ્રકાશ અને બીજા નમ્બરમાં બધા પદાર્થ જોવામાં આવે છે. કારણ કે પ્રકાશની અંતર્ગત જ સર્વ કંઈ દેખાય છે. પરંતુ લક્ષ્ય ન હોવાને કારણે આપણી દૃષ્ટિ પહેલાં પ્રકાશ ઉપર જતી નથી—

જો જ્યોતિર્યોંકા જ્યોતિ હૈ, સબસે પ્રથમ જો ભાસતા ।
અવ્યય સનાતન દિવ્ય દીપક, સર્વ વિશ્વ પ્રકાશતા ॥

'જે જ્યોતિઓનું જ્યોતિ છે, સૌથી પ્રથમ જે ભાસતો, અવ્યય સનાતન દિવ્ય દીવો સર્વ વિશ્વ પ્રકાશતો.'

તેથી તો એ તત્ત્વ સૌથી પહેલું જોવામાં આવે છે. એની અંદર બધું કાંઈ છે. એ જ બધાં કરણોને પ્રકાશિત કરે છે. એના દ્વારા બધું જાણવામાં આવે છે. એ માટે તમને બધાંને નિવેદન કરું છું કે તમારામાં પોતાનામાં તત્ત્વની પ્રાપ્તિ માટેની યોગ્યતા નથી એમ ન સમજો. તમારામાં એક જ ઊણપ માનું છું કે આ તત્ત્વને જાણવાની ઉત્કટ અભિલાષા નથી.

તત્ત્વની પ્રાપ્તિમાં ભવિષ્યની વાત છે જ નહિ. જે વસ્તુ ઉત્પન્ન થવાવાળી છે, ક્રિયાથી જન્મ પામવાવાળી છે, જે દૂર દેશમાં છે, જેમાં કાંઈ પરિવર્તન કરવાનું હોય, તેની પ્રાપ્તિમાં તો ભવિષ્યની જરૂર છે, પરંતુ તત્ત્વ તો આપમેળે સિદ્ધ અને બધા દેશ, કાળ વગેરેમાં પરિપૂર્ણ છે. એને પ્રાપ્ત કરવામાં ભવિષ્ય કેવું ? બધા દેશ, કાળ, વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ વગેરેમાં તમારી સ્વતઃસિદ્ધ સત્તા છે. આ અખંડ સત્તા છે. એનો અનુભવ કરવાને માટે બધા જ યોગ્ય છે, બધા જ અધિકારી છે.

****

અભિમાન બધાંને દુઃખ આપે છે

અભિમાનને કેવી રીતે છોડી શકાય ? આના વિશે વિવેચન કરતાં વિચાર આવ્યો કે મનુષ્ય બીજાઓની સાથે પોતાનો મેળાપ ન કરે તો અભિમાનથી મુક્ત બની શકે છે. જ્યાં ક્યાંય બીજાંઓની સાથે મેળાપ કરીને જેવું જોયું કે અભિમાન પેદા થયું. અભિમાન બધાં જ દુઃખો અને પાપોનું મૂળ છે. એક અભિમાન અને એક કામના આ બે એવા દોષ છે કે બેઉ આવ્યા પછી બીજો કોઈ દોષ બાકી રહેતો નથી. નથી કોઈ દોષ બાકી રહેતો, નથી કોઈ પાપ બાકી રહેતું અને દુનિયાભરની કોઈ પતનકારક ચીજ બાકી રહેતી નથી. મેં ખૂબ વિચાર કરીને જોયું છે કે બધાં દુઃખ, સંતાપ, હૈયા-વરાળ, આફત, રોવું, કકળવું, નરક, કેદખાનું વગેરે જે કાંઈ છે તે બધાં અભિમાન અને કામના—એ બેઉથી જ થાય છે.

જ્યાં સુધી અભિમાન રહે છે, ત્યાં સુધી સ્વભાવ બગડેલો રહે છે, સુધરતો નથી. તો શું કરવું ? એ કે કેવળ પોતાના તરફ જોવું, બીજાની તરફ જોવું જ નહિ. બીજો સારું કરે છે કે નરસું કરે છે, એના પર દૃષ્ટિ નાખવી જ નહિ. દૃષ્ટિ નાખશો તો અભિમાન પેદા થઈ જ જશે.

તેરે ભાવે કછુ કરો, ભલો બુરો સંસાર ।
'નારાયન' તૂ બૈઠિકે, અપનો ભવન બુહાર ॥

જે પોતાને ગુણવાન માને છે, તે બીજાઓને દુઃખ દે છે. ધ્યાન આપો. એ એમ કે જેની પાસે એ ગુણ નથી, તેના તરફ એ કટાણું મોઢું કરશે અને તમે ગુણવાન નથી, દોષે ભરેલા છો, તો બીજા કટાણું મોઢું કરશે અને તેથી તમારી જાત તરફ પણ કટાણું મોઢું કરવાના. તો બીજાઓને દુઃખમાંથી બચાવવા અને પોતે અભિમાનથી બચવું—એ એક જ વાત છે. કોઈ પણ વાતનું અભિમાન થયું તો એનાથી બીજાને દુઃખ થશે જ. એક પારમાર્થિક સુખ જ એવું છે કે એમાં મસ્ત રહેવાથી પોતાને પણ સુખ થશે અને બીજાઓને પણ સુખ થશે. નહિ તો સંસારનું કોઈ

સુખ એવું નથી, જે કોઈનું દુઃખ ન હોય. એ માટે સુખનો ભોગી બીજાઓને દુઃખ દેવાવાળો, બીજાઓનો હિંસક જ બને છે. જે સંસારનું સુખ ભોગવે છે, તે ભલેને પોતાનાં જ ધન, વિદ્યા, બળ તથા ન્યાયપૂર્વક શાસ્ત્રમાં કહેલા ભોગ વગેરેથી સુખ ભોગવતો હોય, તોપણ બીજાને દુઃખ દઈ રહ્યો છે. તમે જે કોઈ વસ્તુ પાસેથી સુખ લો છો, તે વસ્તુ કોઈ અને કોઈની કરવામાં આવી છે, ત્યારે જ તમને સુખ મળ્યું છે. કારણ એ છે કે સંસારની બધી અનુકૂળ વસ્તુઓને હદ-મર્યાદા છે. એક સંત મહાત્મા દ્વારા પણ બીજાને દુઃખ મળી શકે છે, પરંતુ એ જુદાં પ્રકારનું છે. એનું પારમાર્થિક સુખ કોઈને દુઃખ નથી દેતું, પરંતુ બીજાઓ એને સુખી જોઈને પોતાના સ્વભાવને કારણે દુઃખી થાય છે, તેથી જ એ દુઃખ બીજાના સ્વભાવને કારણે છે, સંત-મહાત્મા એ દુઃખમાં કારણ નથી બનતાં. જે પોતાની બુદ્ધિમત્તા કે ચતુરાઈથી સંસારના પદાર્થો પ્રાપ્ત કરીને એનાથી સુખ ભોગવે છે, તે જ બીજાઓને દુઃખ દે છે. પારમાર્થિક સુખથી સુખી થયેલી વ્યક્તિ બીજાઓને દુઃખ દેતી નથી, પરંતુ બીજાઓ દુઃખ વહોરી લે છે. દા.ત. શિવલિંગ પૂજન માટે છે. એમાં કોઈ પોતાનું માથું ફોડે તો એમાં શિવ શું કરે ? તેથી તો સંસારના સુખથી સુખી થયેલી વ્યક્તિ જ દુઃખ દે છે.

આ ઘણી ઊંડી વાત છે કે દુઃખ દીધા સિવાય સુખનો ભોગ થતો જ નથી. એ સુખભોગ કોઈ ને કોઈને પરવશ કરે છે. સુખ ભોગવવાથી સુખભોગની સામગ્રીનો નાશ અને પોતાની પડતી થાય છે. એનાથી કોઈ બચી શકતું નથી. એ કારણે કોઈ પણ પ્રકારે સુખ લેવું એ નરકનો માર્ગ છે.

આ પહેલાં મેં જે મૂળ વાત બતાવી, તે ધ્યાનમાં રાખો કે સંસારના સુખને એની હદ-મર્યાદા છે અને એ પેદા થનાર અને નષ્ટ થનાર છે. જે વસ્તુને એની હદ-મર્યાદા છે, તેને સૌ મેળવવા માગતા હોય તો એ વસ્તુના ભાગલા તો થશે જ. જે પારમાર્થિક સુખ છે, તે અસીમ છે, તેથી એના ભાગલા પડતા નથી. એ બધાંને જ બેહદ મળે છે. દા.ત. કોઈ માતાને દસ બાળક છે તો માનો પેલાં બાળકો વચ્ચે ભાગ નથી થતો કે માનો આટલો ભાગ મારો અને બાકીનો ભાગ બીજાઓનો, મારો નહિ; મા તો બધાની પૂરેપૂરી જ છે, એ જ પ્રકારે ભગવાન પૂરા અને પૂરા આપણા છે.

જો કામના તદ્દન મટી જાય તો અભિમાન પણ મટી જશે અને અભિમાન તદ્દન મટી જાય તો કામના પણ મટી જશે. એ બેઉ મટી જતાં જડતા (સંસાર)ના સંબંધનો વિચ્છેદ થઈ જાય અને બધાં દુઃખ-દોષ મટી જાય.

****

સંસારનાં સુખ દુઃખોનાં કારણ છે

સંયોગથી ઉત્પન્ન થનારાં સુખ લેનાર વ્યક્તિ પોતાને અને સંસારને બેઉને નુકસાન કરે છે. જેટલાં પણ સંયોગથી ઉત્પન્ન થનારાં સુખ છે, તે બધાં ને બધાં દુઃખોનાં કારણ છે—**'યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે।'** (ગીતા ૫ । ૨૨). સુખ ભોગવનારો પોતાને માટે અને સંસારને માટે પણ દુઃખોનું કારણ બને છે, એટલે કે બધાંને દુઃખ દે છે, બધાંની હિંસા કરે છે. આ કારણ છે કે સંસારનો સુખભોગ હિંસા વિના થતો નથી. પરંતુ જે બધાં સ્થળે પરમાત્માને જુએ છે, તે પોતાની અને બીજાની હિંસા કરતો નથી—

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥

(ગીતા ૧૩ । ૨૮)

બધે સ્થળે પરમાત્માને જોનારો એક વિશેષ પ્રકારના આનંદમાં સ્થિતિ કરી રહે છે. એ આનંદ હિંસા વિનાનો છે, કારણ કે એ આનંદ કે સુખ પોતાનું સ્વરૂપ છે.

ઈસ્વર અંસ જીવ અબિનાસી । ચેતન અમલ સહજ સુખરાસી ॥

(માનસ ૭ । ૧૧૭ । ૧)

સંસારનું સુખ ભોગવનારી વ્યક્તિને જોઈને બીજાઓને મનમાં દુઃખ થાય છે. પોતાની પાસે પણ એવું સુખ ન હોવાને કારણે બીજાના હૈયામાં બળતરા થાય છે, દુઃખ થાય છે. તેથી બીજાઓના દુઃખનું કારણ બનનારું સુખ ભોગવનાર વ્યક્તિ હિંસા કરનારી થઈ. હવે કોઈ કહે કે જીવન્મુક્ત મહાત્મા હોય અને એની પાસે સંસારના સુખની સામગ્રી પણ હોય તો એને જોઈને પણ બીજાઓને દુઃખ, બળતરા થાય છે. પરંતુ વાસ્તવમાં મહાત્મા બીજાઓના દુઃખનું કારણ બનતા નથી. કારણ એ છે કે જીવન્મુક્ત મહાત્મા સંસારના સુખનો ભોગ કરતા નથી. એની દૃષ્ટિમાં સંસારનાં બધાં સુખ દુઃખરૂપ જ બની રહે છે—**'દુઃખમેવ સર્વં વિવેકિનઃ'** (યોગદર્શન ૨ । ૧૫). એટલે તેમની દૃષ્ટિમાં સંસારનાં સુખ છે જ નહિ. એ તો પોતાનામાં જ પોતાના સુખે સુખી રહે છે. એનું સુખ પરમાત્માને લગતું છે. જે દુઃખી થઈ રહ્યાં છે, તેમનું પણ સ્વરૂપ સુખરૂપ જ છે—**'ચેતન અમલ સહજ સુખરાસી।'** પરંતુ એઓ પોતાના પોતીકા સુખથી વિમુખ થઈને જ દુઃખ પામી રહેલ છે. જો એઓ પણ સંસારનાં સુખોથી વિમુખ થઈને પોતાના સુખમય સ્વરૂપમાં આવી રહે તો બેઉ સુખી છે. આ સુખના ભાગલા-વાંટા પડતા નથી. કોઈ મહાપુરુષની પાસે સંસારનાં સુખ અને દુઃખ આવી પણ જાય છે, તો એઓ એને સુખ કે દુઃખ દઈ શકતા નથી. એ તો સમુદ્રની જેમ શાંત અને પૂર્ણ છે.

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥

(ગીતા ૨ । ૭૦)

જેમ બધું પાણી આવીને સમુદ્રમાં પ્રવેશ કરે છે, છતાં

સમુદ્ર પોતાની મર્યાદામાં જ રહે છે. તે જ પ્રમાણે સંસારનાં બધાં સુખ આવવાં છતાં પણ જીવન્મુક્ત મહાપુરુષ પોતાની મર્યાદામાં સ્થિત રહે છે, શાંત રહે છે. પરંતુ ભોગોની કામનાવાળો પુરુષ કદી સુખી થઈ શકતો નથી. ભોગ નથી હોતા, ત્યારે એઓના અભાવથી દુઃખી થાય છે અને ભોગ આવે છે ત્યારે અભિમાન કરીને દુઃખ પામે છે. દા.ત. દરાજની બીમારીમાં ખંજવાળ અને બળતરા બેઉ થાય છે; ખંજવાળ સારી લાગે છે અને બળતરા બૂરી લાગે છે. એ પ્રમાણે સંસારના ભોગ મળવાથી જે સુખ થાય છે, તે પણ એક પ્રકારની પીડા જ છે. જીવન્મુક્ત મહાત્માને કેટલાય પદાર્થ મળે, છતાં એ શાંત રહે છે અને પદાર્થ ન મળે, ત્યારે પણ શાંત રહે છે. એની શાંતિ પદાર્થોને વશ નથી, એ તો સાધન-અવસ્થામાં પણ સિદ્ધિ-અસિદ્ધિમાં સમ રહે છે તો પછી સિદ્ધ-અવસ્થામાં તો સમ થશે જ.

સંસારના પદાર્થોની પાસે હોવાથી જેને અભિમાન થાય છે, તે હિંસા કરે છે. એ જ રીતે જેને ગુણોનું અભિમાન છે, તે પણ હિંસા કરે છે. ગુણ તો આવ-જા કરનારા છે. એઓને કારણે અભિમાન કરે છે, તો જેમની પાસે એ ગુણો નથી, તેમના મનમાં બળતરા પેદા થાય છે; કારણ કે એઓ કોઈથીયે ઓછા તો નથી. બધાયે બધા પરમાત્માના અંશ છે; તેથી સ્વરૂપથી સમાન છે. આવ-જા કરનારા પદાર્થોથી પોતાને સુખી માનવા એ ભૂલ છે. જે પોતાને મોટો અને બીજાંઓને હલકાં સમજીને બીજાઓનો તિરસ્કાર કરે છે, તે પણ હિંસા કરે છે. બીજાઓના કરતાં પોતાનામાં વિશેષતાનો અનુભવ કરવો એ પણ ભોગ છે અને એનાથી બીજાઓની હિંસા થાય છે. માન-મોટાઈનું સુખ ભોગવવાવાળો પણ હિંસા કરે છે; કારણ કે એ પોતાને માન-મોટાઈને યોગ્ય સમજીને અભિમાન કરે છે અને બીજાંઓને અયોગ્ય સમજીને એમનો તિરસ્કાર કરે છે. એ વિચારે છે કે જો બીજાની મોટાઈ થઈ જશે તો મારી મોટાઈને આઘાત થશે. આ જ પ્રમાણે કામ-ધંધો ન કરનારો મનુષ્ય આળસનું સુખ લે છે તો બીજા કહે છે કે અમે તો મહેનત કરીએ છીએ અને આ તો આરામથી બેઠો માલ ખાય છે તો આ પણ હિંસા છે. આમ સંસારનાં સુખ ભોગવનાર વ્યક્તિ પોતે તો દુઃખ પામે જ છે, બીજાઓને પણ દુઃખી કરે છે.

બધાં જ ભોગ દુઃખોનું કારણ છે. સંસારનાં સુખ પહેલાં પણ નહોતાં અને પછી પણ રહેવાનાં નથી. પોતે જાતે અવિનાશી હોવા છતાં પણ આવાં નાશવંત સુખોને વશ થવું એ પોતાની હત્યા કરવી જ છે. સુખની ભોગી વ્યક્તિ કદી પાપો અને દુઃખોમાંથી બચી જ નથી શકતી. તેથી તો જે પોતાનું કલ્યાણ ચાહે છે, તેને માટે જરૂરી છે કે એ કોઈ પણ વસ્તુ, પરિસ્થિતિ, વ્યક્તિ વગેરેને કારણે પ્રસન્નતા કે સુખનો અનુભવ ન કરે. એ એમનાથી પ્રસન્ન થનાર વ્યક્તિ મુક્ત થતી નથી. કર્મયોગમાં આ જ ખાસ વાત છે, કર્મયોગી બધાં જ કરવાના કામ કરે છે, પરંતુ સંયોગથી થનારા સુખનો ભોગ કરતો નથી. કોઈ પણ વાતથી એ પ્રસન્નતા ખરીદતો નથી.

ત્યાગથી સુખ થાય છે. જે પુરુષ વિરક્ત હોય, ત્યાગી છે, તેને જોઈને બીજાઓને સુખ થાય છે. આથી જે સંયોગથી થનારાં સુખોનો ભોગી નથી, તેવો ત્યાગી પુરુષ બીજાઓને સુખ પહોંચાડે છે અને સંસાર પર ભારે મોટો ઉપકાર કરે છે, તેટલો ઉપકાર બીજું કોઈ કરી શકતું નથી. એને જોવાથી, એની વાતો સાંભળવાથી પણ બીજાઓને સુખ મળે છે. આવો મહાપુરુષ જો એકાંતમાં બેઠો હોય તોપણ સંસારનાં દુઃખોનો નાશ કરે છે, એની ભાવના સંસારને સુખ પહોંચાડવાની હોય છે.

सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग्भवेत् ॥

પોતાના તરફ વેર રાખવાવાળાઓને પણ એ સુખ પહોંચાડે છે. જેનાં હૃદયમાં અભિમાન અને સ્વાર્થ નથી, જેની ભાવના બીજાંઓને સુખ પહોંચાડવાની છે, તેની ભગવાનની એ શક્તિની સાથે એકતા થઈ જાય છે, જે સમગ્ર સંસારનું પાલન કરી રહી છે, એટલે ભગવાને કરેલો ઉપકાર એનો છે અને એણે કરેલો ઉપકાર ભગવાનનો છે. એટલે જે સુખની ઇચ્છા અને સુખનો ભોગ કરે છે, તે પોતાને અને સંસારને નુકસાન કરે છે અને જે સંસારનાં સુખોનો ત્યાગી અને ભગવાનનો અનુરાગી છે, તે સમગ્ર સંસાર ઉપર ઉપકાર કરે છે.

****

આપણો સંબંધ સંસાર સાથે નથી

લોકો એવું સમજી બેઠાં છે કે સંસારની વસ્તુઓ મેળવવાને માટે કોશિશ કરવી પડે છે, તે પ્રમાણે ભગવાનને મેળવવા માટે પણ કોશિશ કરવી પડશે. લોકો શંકા પણ કરે છે કે કોશિશ કર્યા વિના મુક્તિ કેવી રીતે મળે ? કહેવું જોઈએ કે વાસ્તવમાં આ વાત બરોબર રીતે સમજવામાં આવી નથી, એટલે જ શંકા થાય છે. તમે ખ્યાલ કરો કે પરમાત્મા બધાં દેશ, કાળ, વસ્તુ વગેરેમાં પરિપૂર્ણ છે. જે રીતે સંસારની વસ્તુઓ કર્મો દ્વારા મેળવી લેવામાં આવે છે, તે રીતે પરમાત્માને મેળવી શકાતા નથી કે લાવી શકાતા નથી. સંસારની વસ્તુઓની જેમ પરમાત્માને બનાવી શકાતા નથી કે લાવી શકાતા નથી. પરમાત્મા પણ હયાત છે અને આપણે પણ હયાત છીએ.

देस काल दिसि बिदिसिहु माहीं । कहहु सो कहाँ जहाँ प्रभु नाहीं ॥
(માનસ ૧ । ૧૮૫ । ૩)

આપણું શરીર તો બને છે—બગડે છે, સંસાર પણ બધો ને બધો અદૃશ્ય થયે જાય છે, એક ક્ષણ માટે પણ

ટકી શકતો નથી. પરંતુ પરમાત્મા અને એના અંશ આપણે નિત્ય નિરંતર જેવા ને તેવા રહીએ છીએ. માટે જ નથી પરમાત્માને બનાવવાના કે નથી આપણને બનાવવાના. વારુ, તો પછી આપણે માટે શું કરવાનું બાકી છે ? આ જે નષ્ટ થઈ રહ્યો છે, તે સંસારની તરફ આપણું ખેંચાણ છે, એને પકડવા ચાહીએ છીએ, રાખવા ચાહીએ છીએ, બસ આ જ ભૂલ છે. આ ભૂલને જ મટાડવાની છે. આ ભૂલને લીધે આપણે દુઃખ પામીએ છીએ. જે રહેવાવાળો નથી, હમેશાં જઈ રહ્યો છે, તેને આપણી સાથે રાખવાની ઇચ્છાને જ દૂર કરવાની છે, બીજું કાંઈ કરવાનું નથી. પરમાત્મા પણ હયાત છે, આપણે પણ હયાત છીએ અને પરમાત્મા સાથેનો આપણો સંબંધ પણ હયાત છે. સંસારની સાથે આપણો સંબંધ છે જ નહિ, માત્ર માની લીધેલો છે. આપણે રહેવાવાળા છીએ, સંસાર જવાવાળો છે, આ બેઉને સંબંધ છે ક્યાં ? સંસારની સાથે આપણે સંબંધ માની લીધો અને જેની સાથે આપણો નિત્ય સંબંધ છે, તેને ભૂલી ગયા, એને ન માન્યો; બસ આ જ ભૂલ છે. ગમે તો એવું માની લો કે પરમાત્માની સાથે આપણો નિત્યનો સંબંધ છે અથવા ગમે તો એવું માની લો કે આપણો સંસારની સાથે સંબંધ નથી.

સારી રીતે, ઊંડાણમાં ઊતરીને સમજી લો કે સંસારની સાથે આપણો સંબંધ છે જ ક્યાં ? શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિની સાથે આપણો સંબંધ ક્યાં રહે છે ! એઓ તો બનતાં-બગડતાં રહેલાં છે, એઓમાં પરિવર્તન થયા કરે છે, પરંતુ આપણે તો જેવા ને તેવા રહીએ છીએ. આવું બરાબર અનુભવમાં ન આવે તોપણ આ વાત પાકી રીતે માની લો કે સંસારની સાથે આપણો સંબંધ નથી. તમે કહો છો કે સંસારનો સંબંધ છૂટતો નથી, પણ હું કહું છું કે સંસારને પકડી રાખવાનું બળ કોઈનામાંયે નથી જ. વાત તદ્દન સાચી છે. તમે બચપણ ક્યારે છોડ્યું? પણ એ છૂટી ગયું. બધું જ કાંઈ છૂટી રહ્યું છે, એ વાત સાચી છે. સાચી વાતનો તમે સમાદર કરો. એટલું કામ કરો કે સંસારનો સંબંધ છૂટતો નથી, એ ભાવનાને જ છોડી દો. સંસારનો સંબંધ કોઈ જાતની તાલીમ વિના પોતાની મેળે છૂટી રહ્યો છે.

સંસાર સાથેનો સંબંધ આપણે કેટલાયે જન્મોથી માની રાખ્યો છે, એ કારણે એને છોડી દેવામાં વાર લાગશે. એવું છે જ નહિ. પર્વતની એક ગુફામાં લાખો વર્ષોથી અંધારું છે, પરંતુ આજે કોઈ ત્યાં પ્રકાશ કરે તો અંધારું ચાલ્યું જવા માટે કેટલાં વર્ષ લાગશે ? પ્રકાશ થયો કે તરત જ અંધારું ચાલ્યું જવાનું. એ જ પ્રમાણે જ્ઞાન થતાં જ જૂઠો સંબંધ ચાલ્યો જતાં વાર લાગશે નહિ. તમે મહેરબાની કરીને આ વાતો તરફ ધ્યાન આપો. એકાંતમાં વિચાર કરો કે સમજમાં ન આવે તોપણ આ વાત સાચી જ છે. ભગવાન, શાસ્ત્ર, સંત-મહાત્મા, ઋષિ-મુનિ, અનુભવી મહાપુરુષ એ બધાય આ જ વાત કહે છે કે સંસારની સાથે મનુષ્યનો સંબંધ છે નહિ. તમે પણ નજરોનજર જુઓ છો કે સંબંધ ટકી રહેતો નથી, સતત છૂટી રહ્યો છે. પણ એ વાતનો તમે આદર કરતા નથી. જો આ વાતને આદર આપો તો માની લીધેલો સંબંધ રહેવાનો નથી.

સંસારની સાથે આપણો કાંઈ સંબંધ નથી—આ વાત તદ્દન સાચી હોવા છતાં તમારી પકડમાં એ માટે નથી આવતી કે તમે આ વાત ઉપર પોતાનાં મન-બુદ્ધિ દ્વારા વિચાર કરો છો અને મન-બુદ્ધિથી ઉપર તમે જે છો, ત્યાં આગળ તમે પહોંચતા નથી. આ મોટી ભૂલ છે. તમે પોતે શું છો ? બચપણમાં જે તમે હતા, તે જ અત્યારે પણ છો. બચપણ વગેરે અવસ્થાઓ બદલાઈ ગઈ, પરંતુ તમે પોતે ન બદલાયાં. તમારું હોવાપણું તો એનું એ રહ્યું. હકીકતે તમારું હોવાપણું છે, તેની સાથે સંસારનો સંબંધ નથી. જે મન-બુદ્ધિના દ્વારા તમે વિચાર કરો છો, તે પણ નષ્ટ થવાનાં છે, જુદાં પડી જવાનાં છે. તો જુદી પડી જવાવાળી વસ્તુની સાથેથી જુદી પડી જવાવાળી વસ્તુ કેવી રીતે રોકાશે ? બેઉ એક જ ધાતુનાં, એક જ પ્રકૃતિનાં છે. બદલાઈ જવાનાં હોય તેઓની સાથે બદલાઈ ન જનારને જોડો નહિ, એટલી જ વાત છે. જે પ્રમાણે બચપણ ચાલ્યું ગયું, તે પ્રમાણે જુવાની અને ઘડપણ પણ ચાલ્યાં જવાનાં, પરંતુ તમારું હોવાનું તો એવું ને એવું રહેવાનું. તેથી બદલાઈ જનારા સાથે મારો સંબંધ નથી— એમ આ જ ક્ષણે માની લો. આમાં વાર કરવાની જરૂર નથી.

તમારે એ જોવાની જરૂર નથી કે સંસારનો સંબંધ છોડી દેવાથી ઇન્દ્રિયોમાં કોઈ વિલક્ષણતા આવી કે નહિ. ખેડૂતો હળ ચલાવતી વેળા, બિયારણ વાવતી વેળા કહી દે છે કે ખેતી થઈ ગઈ, જ્યારે કે પાક તૈયાર થવામાં તો હજી વાર થવાની, પરંતુ ખેતી થઈ ગઈ, એમાં સંદેહ નથી. તો તમે વાત માની લીધી કે સંસારની સાથે મારો સંબંધ નથી, તો માનો કે ખેતી થઈ ગઈ. હવે મન-બુદ્ધિ-ઇન્દ્રિયો ઉપર એની શી અસર પડી એ તરફ નજર ન કરો. અસર નથી દેખાતી એનું કારણ છે કે તમે એ મન-બુદ્ધિ-ઇન્દ્રિયો દ્વારા જોવા ચાહો છો અને મન-બુદ્ધિ-ઇન્દ્રિયોમાં જ જોવા ચાહો છો. હું કહું છું કે તમે આના પર દૃષ્ટિ ન નાખો. દૃષ્ટિ એના ઉપર નાખો કે જે હમેશાં રહેનાર છે. કેટલી સહેલી વાત છે ! કેટલી ઊંચી વાત છે ! આમાં કોઈ તાલીમની જરૂર નથી. સહેલાપણું-અઘરાપણું, સારું-નરસું બધું મન-બુદ્ધિ-ઇન્દ્રિયોમાં છે કે જે પરિવર્તન પામવાના સ્વભાવવાળા છે. આનાથી અલગ જે પરિવર્તન પામવાના સ્વભાવનું નથી, તે તો જેવું અને તેવું જ રહે છે. એ માટે મન-બુદ્ધિ વગેરેનાં લક્ષણ બિલકુલ જુઓ નહિ. બદલાઈ જનારાં તરફ ન જુઓ, એની પરવા ન કરો. હમેશાં હયાત રહેનારા તમારા પોતાના સ્વરૂપને જુઓ, પછી મુક્તિ એની મેળે સિદ્ધ છે.

****

ભગવત્પ્રાપ્તિ સહજ છે

આપણે કરીશું, ત્યારે કામ થશે—એવો ક્રિયાનો એક વિષય હોય છે. ખેતી કરીશું, ત્યારે થશે; વેપાર કરીશું, ત્યારે થશે; નોકરી કરીશું, ત્યારે થશે. આ પ્રકારની એક ધારણા રહે છે, કે દરેક કામ કરવાથી જ થશે. આ પ્રમાણે ભગવત્પ્રાપ્તિ-ભગવાનની પ્રાપ્તિ પણ કરવાથી થશે અને ભગવત્પ્રાપ્તિ માટે જેટલાં સમય-બળ-બુદ્ધિ લગાવીશું, જેટલી તાલીમ લઈશું તેટલા જ આપણે ભગવાનની નજીક પહોંચીશું અને એવું કરતાં કરતાં એમને પ્રાપ્ત કરીશું, એવી ધારણા રહે છે. આ વિષયમાં એક માર્મિક વાત જાણવાની જરૂર છે. એ આ કે પરમાત્મા પહેલાંથી જ હયાત છે, આપણે પણ એ પરમાત્માની નજીક છીએ. પરમાત્મા દૂર છે; તેથી ધીરે કે ઝડપથી ચાલીને ત્યાં પહોંચીશું, પરિશ્રમ પણ થશે, રસ્તો પણ કપાતો જશે, સમય પણ લાગશે—આવી વાત છે જ નહિ. જ્યાં આપણે પરમાત્માને મેળવવા ચાહીએ છીએ અને જ્યાં આપણે આપણી સ્થિતિ માની રહ્યા છીએ, ત્યાં જ પરમાત્મા પૂરા અને પૂરા બિરાજી રહ્યા છે.

પરમાત્માને મેળવવાનો અધિકાર બીજાઓનો છે, એઓ કોઈ બીજાના કબજામાં છે, એમને છોડાવીશું ત્યારે કામ થશે. એમની ગરજ કરીશું તો એઓ ન્યાલ કરી દેશે અને એમની પ્રાપ્તિ થશે; આવી વાત બિલકુલ નથી. પરમાત્મા કોઈના અધિકારમાં નથી, એમના ઉપર કોઈનો કબજો નથી, એઓ કોઈ સ્થાનમાં બંધાયેલા નથી. એઓ કોઈ જ્ઞાન વગેરેથી બંધાયેલા નથી. એઓ તદ્દન ખુલ્લા છે. એમના ઉપર આપણો પૂરો હક્ક લાગે છે; કારણ કે આપણે એમના અંશ છીએ—**'ममैवांशो जीवलोके'** (ગીતા ૧૫ । ૭), **'ઈશ્વર અંશ જીવ અબિનાસી'** (માનસ ૭ । ૧૧૭ । ૧). જેમ બાળક હોય છે, તો તેને એની માના ખોળામાં જવા માટે શું નવું કામ કરવું પડે છે, શું તાલીમ લેવી પડે છે, શું એણે શુદ્ધ થવું પડે છે, શું એને વિદ્વાન, બળવાન કે ધનવાન બનવું પડે છે ? એ તો મા છે, જે સ્વરૂપમાં છે તેવો જ એ માની પાસે જઈ શકે છે. ભગવાન તો એ માના કરતાં પણ આપણી વધુ નજીક છે, કારણ કે મા તો એક જન્મ માટે હોય છે અને 'ભગવાન' તો હમેશાંને માટે આપણા છે. ભગવાન તો હમેશાંને માટે આપણા માતા, પિતા, ભાઈ, બંધુ, સંબંધી, કુટુંબી છે. આપણી નજીકમાં નજીક વસ્તુ ભગવાન જ છે. એઓ શરીર કરતાં પણ વધુ નજીક છે, કારણ કે શરીર તો પરિવર્તનના સ્વભાવનું હોવાને કારણે આપણાથી અલગ છે. શરીરની સંસારની સાથે એકતા છે અને આપણી ભગવાનની સાથે એકતા છે. આ કારણે એમને મેળવવાને માટે સમય, બળ, બુદ્ધિ લગાવવાં પડે એવી વાત છે જ નહિ. માત્ર એ તરફ આપણી દૃષ્ટિ નથી. આપણી દૃષ્ટિ નાશવાન પદાર્થોની તરફ છે. નાશવાન પદાર્થોમાં પણ પરમાત્મા જેવા ને તેવા પરિપૂર્ણ છે, પરંતુ એ બાજુ દૃષ્ટિ ન રહેવાથી એઓ દેખાતા નથી, નાશવાન પદાર્થ દેખાય છે. દા.ત. આપણે ગાડીમાં જઈ રહ્યાં છીએ. કોઈ સ્ટેશને ગાડી ઊભી રહી. વધુ સમય માટે ઊભી રહી, કારણ કે સામે બીજી ગાડી આવી રહી છે. સામેથી ગાડી આવી અને બીજી લાઈન પર ઊભી રહી. આપણે એ ગાડીની તરફ જોઈએ છીએ. એ ગાડી ઊપડી જાય છે. બરોબર એ સમયે આપણને એમ લાગે છે કે આપણી ગાડી ચાલી રહી છે, જ્યારે હકીકતે આપણી ગાડી તો જેવી ને તેવી સ્થિર ઊભી છે. આનો ખ્યાલ ત્યારે આવશે કે જ્યારે આપણે સ્ટેશન તરફ નજર કરીએ. આ જ પ્રકારે ચાલ્યા જતા સંસારને જોયા વિના સ્થિર રહેનારા પરમાત્મતત્ત્વને જોઈએ તો એ પરમાત્મા નથી ક્યાંયથી આવ્યા અને નથી ક્યાંય ગયા, એઓ તો જેવા ને તેવા છે, ચાલ્યો જનારો તો સંસાર છે.

સંસારની વસ્તુની પ્રાપ્તિ સમય વીત્યે થશે, કારણ કે એ આપણી પાસે નથી. એથી એની પાસે જવું પડશે અથવા એને આપણી પાસે લાવવી પડશે, એમાં પરિવર્તન કરવું પડશે અથવા એનું નિર્માણ કરવું પડશે, ત્યારે એ વસ્તુ મળશે. સંસારને માટે તો એ કાયદો છે, પરંતુ પરમાત્માને માટે એ કાયદો નથી. જે હમેશાંને માટે મોજૂદ છે, તેમને જ પ્રાપ્ત કરવાના છે, પરંતુ ત્યાં દૃષ્ટિ ન હોવાને કારણે એ દૂર દેખાય છે. એમનામાં અને આપણામાં ભેદ દેખાય છે, એનું કારણ એ છે કે નાશવાનની તરફ આપણી નજર પહોંચી છે.

હવે આ માની લો કે પરમાત્મા બધા દેશ અને કાળમાં છે, બધી વસ્તુઓમાં છે, બધી વ્યક્તિઓમાં છે અને ખાસ તો આપણા પોતાનામાં છે. શરીર, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરે આપણાં નથી, એ બધાં પરમાત્માનાં છે. જે આપણાં નથી, તેઓને આપણાં માની લેવાથી જે આપણા છે, તે આપણા તરીકે દેખાતા નથી.

ગીતામાં ભગવાન કહે છે કે—**'यो मां पश्यति सर्वत्र'** (ગીતા ૬ । ૩૦) 'જે મને બધે જુએ છે', અને **'मया ततमिदं सर्वम्'** (ગીતા ૯ । ૪) 'આ જે દેખાય છે, તે બધું મેં વિસ્તાર્યું છે, એ બધાંમાં હું છું' અને **'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति'** (ગીતા ૧૮ । ૬૧) 'હું બધાં પ્રાણીઓનાં હૃદયમાં બિરાજમાન છું.' અને **'सर्वस्य चाहं हृदि सन्निविष्टः'** (ગીતા ૧૫ । ૧૫) 'હું બધાંનાં હૃદયમાં જેવો અને તેવો પ્રવેશીને રહેલો છું.' આ જાણવા યોગ્ય તત્ત્વ હૃદયમાં બિરાજી રહ્યું છે—**'हृदि सर्वस्य विष्ठितम्'** (ગીતા ૧૩ । ૧૭).

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, પુરુષ, પંડિત, મૂર્ખ, પશુ, પક્ષી—કોઈ પણ કેમ ન હોય, બધાંમાં પરમાત્મા છે. એ પરમાત્મા બધાંના છે અને પરમ મિત્ર છે—**'सुहृदं सर्वभूतानाम्'** (ગીતા ૫ । ૨૯). એક વિલક્ષણ વાત એ છે કે એ પરમાત્મા બધાંને હમેશાં પોતાના તરફ ખેંચી રહ્યા છે, બોલાવી રહ્યા છે. એનો ખ્યાલ કેમ આવે ? એનો ખ્યાલ હાજરાહાજૂર છે કે કોઈ પણ પરિસ્થિતિ-

અવસ્થામાં એઓ તમને ટકવા નથી દેતા. તમે કોઈ પણ સમુદાયમાં રહો, કોઈ પણ વસ્તુ સાથે સંબંધ જોડો, એ ટકી રહેશે નહિ. કોઈનીય સાથે ભગવાન ટકવા નથી દેતા; કારણ કે તમે પેલાના સાથી નથી અને એ બધાં તમારાં સાથી નથી. બચપણ ચાલ્યું જાય તો આપણે જુવાનીને પકડીએ છીએ, જુવાની ગઈ તો ઘડપણને બાઝીએ છીએ. તમે પકડી રાખો છો અને ભગવાન છોડાવે છે. આ ભગવાનનો ક્રિયાત્મક ઉપદેશ છે. એક તો કહીને બતાવવામાં આવે છે અને એક કરીને બતાવવામાં આવે છે. તો એઓ શાસ્ત્રો–સંતો દ્વારા કહે જ છે અને કરે એ છે કે તમને કોઈની સાથે ટકવા દેતા નથી. માનો, કહે છે કે મારી તરફ જ આવો અને ક્યાંય ટકી ન રહો અને કોઈને પોતાના ન માનો, કારણ કે વાસ્તવમાં આ બધાં તમારાં નથી, હું તમારો છું અને તમે મારા છો.

પ્રશ્ન—જે જોવામાં આવે છે, તેમાં પરમાત્મા છે કે જે જોવામાં આવે છે, તે પરમાત્મા જ છે ? બે વાતમાં કયું સાચું છે ?

ઉત્તર—બેઉ વાત સાચી છે. જુઓ, જો પ્રકૃતિ અને પુરુષ (પરમાત્મા અને એમની શક્તિ) એમ બે માનતા હો, ત્યારે તો સંસારમાં પરમાત્મા છે અને જો એક પરમાત્માને જ માનતા હો, તો પરમાત્મા જ છે. સાધનમાં કયું સરળ છે, એમાં સાધકની ધારણા છે. જો એની ધારણા છે કે બધું જ કાંઈ પરમાત્મા જ છે, એ ઠીક છે. પરંતુ દરેકને માટે આ વાત સમજવી અઘરી છે, કારણ કે જે જોવામાં આવે છે તે તો એકદમ બદલાયે જાય છે અને પરમાત્મા તો બદલાતા નથી તો પછી બદલાતા હોય તેવા પદાર્થ પરમાત્મા કેવી રીતે ? આવી શંકા અધિક થઈ શકે છે. એ માટે એમાં પરમાત્મા છે, એમ માનવાથી શંકા ઓછી થાય છે. આ બે જ નહિ, ચાર વાત છે. ગમે તો સંસારમાં પરમાત્માને માની લો, ગમે તો સંસારને પરમાત્મા જ માની લો અને ગમે તો આ સંસાર પરમાત્માનો છે, એમ માની લો. બધાંનું પરિણામ એક જ થવાનું. બધાંમાં પરમાત્મા છે, એ વાત સુગમ છે. એના કરતાં પણ સુગમ આ વાત છે કે સંસારમાત્ર પરમાત્માનો છે, એના માલિક પરમાત્મા છે. આવું માની બધાંની સેવા કરો. ખાસ વાત એ જ કે લક્ષ્ય પરમાત્માનું હોવું જોઈએ, પછી બધું ઠીક થઈ જશે.

****

સંયોગમાં વિયોગનો અનુભવ

એક વિશેષ લાભની અને ઘણી જ સીધી સરળ વાત છે—જીવવાની ઇચ્છા, કરવાની ઇચ્છા અને મેળવવાની ઇચ્છા—એ ત્રણ ઇચ્છાઓ છે. આ ત્રણ ઇચ્છાઓ જેટલી પ્રબળ હશે, તેટલી જ સંસારમાં વધુ ફસામણી થવાની અને વાસ્તવિક તત્ત્વ સમજવામાં ભારે મોટી અડચણ આવવાની. જો આ ઇચ્છાઓ મટી જાય, તો કામ તદ્દન સીધું છે.

ગઈ કાલે જે વાત કહી હતી, તેને આ જીવવાની ઇચ્છા સમજવા દેતી નથી. આ ઇચ્છાથી મળતું કાંઈ નથી. ફાયદો કાંઈ નથી, નુકસાન સિવાય કાંઈ ફાયદો નથી. આ જે વાત છે કે જેટલી ઉમર વીતી ગઈ, તેટલા આપણે મરી ગયાં તો જીવવાની ઇચ્છા પ્રબળ હોવાથી જ આ વાત સમજમાં નથી આવતી. હવે પા ભાગની ઉમર વીતી ગઈ તો પા ભાગનાં મરી ગયાં, અડધી ઉમર વીતી ગઈ તો અડધા ભાગનાં મરી ગયાં અને પૂરી ઉમર વીતી ગઈ તો પૂરેપૂરાં મરી ગયાં. વારું આમાં શંકા શી છે ? દા.ત. સરોવરમાં પાણી આવી જાય, તો પાણી સમાપ્ત થઈ જતાં 'પાણી ખૂટી પડ્યું (સમાપ્ત થઈ ગયું)' એમ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે માણસ મરણ પામે તો કહીએ છીએ કે 'ખૂટી ગયો'. તો પાણી જે દિવસે ભરાયું, તે દિવસે નહોતું ખૂટ્યું. એ ખૂટતું ખૂટતું ખૂટી ગયું. પાણી તો હમેશાં ખૂટતું જાય છે અને એક દિવસે પૂરેપૂરું ખૂટી ગયું. એ જ પ્રમાણે મનુષ્ય હમેશાં ઓછો થતો જાય છે. એમાં નવી વાત શી છે ? હકીકતે આ બધો ને બધો સંસાર ખૂટી રહ્યો છે, ખતમ થઈ રહ્યો છે.

મહાભારતના 'વનપર્વ'માં યક્ષ અને મહારાજ યુધિષ્ઠિરનો સંવાદ આવે છે. ત્યાં યક્ષે પ્રશ્ન કર્યો કે 'આશ્ચર્યની વાત કઈ છે ?' આનો ઉત્તર મહારાજ યુધિષ્ઠિર આપે છે કે—

અહન્યહનિ ભૂતાનિ ગચ્છન્તીહ યમાલયમ્ ।
શેષાઃ સ્થાવરમિચ્છન્તિ કિમાશ્ચર્યમતઃ પરમ્ ॥

(મહા૦ વન૦ ૩૧૩ । ૧૧૬)

'સંસારમાં રોજેરોજ જીવો યમલોક તરફ જઈ રહ્યાં છે, છતાં પણ બચી રહેલાં લોક અહીંયાં સદા જીવતા રહેવાની ઇચ્છા કરી રહ્યાં છે. આનાથી વધુ આશ્ચર્ય બીજું શું હોઈ શકે ?' આમ કહ્યું કે, **'અહન્યહનિ'** અર્થાત્ રોજ-રોજ પ્રાણીઓ યમલોક તરફ ગતિ કરી રહ્યાં છે. રોજ-રોજ કેવી રીતે ? એમ કે જે દિવસે જન્મ થયો તે દિવસથી જ યમલોક નજીક ને નજીક આવતો જાય છે. તો જેટલા દિવસ વીત્યા તેટલી ઉમર તો ઓછી થઈ જ ગઈ, એટલું મૃત્યુ નજીક આવી ગયું. આમાં સંદેહ નથી. દર્શન ક્ષણે-ક્ષણે અદર્શનમાં જઈ રહ્યું છે. એક દિવસે નષ્ટ થઈ જશે એટલે દેખાશે નહિ. સંસાર પ્રત્યેક ક્ષણે 'નહિ'માં જઈ રહ્યો છે. જો વર્તમાનમાં જ બધુંયે બધું 'નહિ'માં માની લઈએ તો અત્યારે જ તત્ત્વ–સાક્ષાત્કાર, બ્રહ્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન મુક્તિ, આત્મસાક્ષાત્કાર થઈ જાય.

મરનારાઓનો સંબંધ આપણી સાથે નથી, આપણે તો અમર છીએ—**'ઈશ્વર અંસ જીવ અબિનાસી।'** અનાદિકાળથી આપણે તો એના એ છીએ અને શરીરો

ઉત્પન્ન થઈ થઈને નષ્ટ થતાં રહે છે. તો શરીર રહેવા છતાંયે આપણે એનાથી વિયોગ થયાનો સ્વીકાર કરી લઈએ તો પરમાત્મામાં આપણી સ્થિતિનો અનુભવ એની મેળે થઈ જાય. જેનો વિયોગ થયે જાય છે અને જેનો વિયોગ અવશ્ય થવાનો જ છે, તેનો સંયોગ રહેતો હોવા છતાંયે એના વિયોગનો અત્યારે જ અનુભવ કરી લઈએ કે શરીર સાથે આપણો કોઈ સંબંધ નથી.

સામાન્યમાં સામાન્ય ઘરોના અનુભવની વાત છે. ભાઈ અને બહેન રમતાં રમતાં લડી પડે છે તો મા છોકરાને કહે છે કે ભાઈ, બહેનને શા માટે મારે છે ? એ તો પોતાને ઘેર ચાલી જશે. અત્યારે એ નાની બાળકી છે, સગાઈ પણ નથી થઈ, પરંતુ માની ભાવના એ છે કે છોકરી પોતાને ઘેર જશે, અહીંયાં નહિ રહેશે. એવી જ રીતે આ શરીરરૂપી બાળકી પણ પોતાને ઘેરે જવાની, અહીંયાં નથી રહેવાની. આમ આ બધું ને બધું ચાલ્યું જવાનું છે, પ્રત્યેક ક્ષણે ચાલ્યું જાય છે. લગ્નનો દિવસ નજીક આવી રહ્યો છે કે નહિ ? એને ચાલ્યા જવાનો દિવસ નજીક આવી રહ્યો છે કે નહિ ? તો આજે જ માની લો કે એ આપણી નથી. હા, બાળકીનું પાલન-પોષણ કર્યે જાઓ, એને ખાવાનું આપો, કપડાં આપો. બાળકીની જેમ આ સમ્રગ સંસાર તો જવાવાળો છે, એની સેવા કર્યે જાઓ. આ સેવા કરવાને માટે જ છે, લેવાને માટે નહિ. શું બાળકીના ઘેરથી પણ લેવામાં આવે છે ? બાળકીને આપણે આપીએ છીએ કે એની પાસેથી લઈએ છીએ, બતાવો ? સંસાર પાસેથી લેવાની ઇચ્છા પાપ છે. તેથી તો સંસાર પાસેથી લેવાની ઇચ્છા છોડી દો તો એનો સંબંધ છૂટી જશે અને તમારી મુક્તિ થઈ જશે. વારુ, જીવવાની ઇચ્છાના મૂળમાં કારણ છે—શરીરની સાથે એકતા માનવાનું. જે સંયોગનો પ્રત્યેક ક્ષણે વિયોગ થઈ રહ્યો છે, તે સંયોગમાં સદ્‌ભાવ કર્યો અને સાચો માની લીધો એ ભૂલ છે. એને કારણે જન્મવાનું અને મરવાનું થાય છે.

જે મૃત્યુનો ભય છે, એમાં ઘણું મજાનું તત્ત્વ રહેલું છે. જે પોતે છે, તે તો મરતો નથી અને જે શરીર છે, તે રહેતું નથી. તો જે રહેતું નથી, તેને મરવાનો ભય હોઈ શકતો નથી અને જે મરતો નથી, તેને પણ મરવાનો ભય હોઈ શકતો નથી. ધ્યાન આપો જે પ્રત્યેક ક્ષણે મરી રહ્યું છે, તે તો મૃત્યુરૂપ જ છે. મૃત્યુને મૃત્યુનો શો ભય ? વળી જે મરનારો છે જ નહિ, તેને મૃત્યુનો ભય શાનો ? નથી પોતાને મરવાનો ભય કે નથી શરીરના મરવાનો ભય. જે શરીરનો પ્રત્યેક ક્ષણે વિયોગ થતો ચાલ્યો છે, તેની સાથે આપણે સંયોગ માની લીધો અને એ સંયોગની જે સત્તા માની લીધી, તે જ મરી રહી છે. મરવાનો ભય હોય તો આ છે. એનો ઉપાય શો ? ઉપાય છે—વિયોગ માની લેવો. પ્રત્યેક ક્ષણે વિયોગ થતો ચાલ્યો છે, સંયોગ છે જ નહિ; આનું નામ છે મુક્તિ.

સંયોગની હયાતી (સત્તા) માની રાખી છે એ જ ગરબડ છે, એ જ ચિજ્જડ ગ્રંથિ છે, એ જ બંધન છે. જેનો હમેશાં વિયોગ થતો ચાલ્યો છે, તેના સંયોગને સાચો માની લીધો, એને કારણે જ મોટો અનર્થ થયો છે. વિયોગરૂપી અગ્નિમાં આ સંયોગ લાકડાંની માફક સતત બળી રહ્યો છે. આમ સંયોગ સાચો નથી, વિયોગ સાચો છે. એ માટે અત્યારે ને અત્યારે આ વિયોગનો સ્વીકાર કરી લો તો આ જ ક્ષણે મુક્તિ થઈ જાય, કલ્યાણ થઈ જાય. વારુ, આમાં જોર શું કરવું પડે છે ? સંયોગ માનવો એ જ બંધન છે અને વિયોગનો અનુભવ કરવો એ જ મુક્તિ છે. વિયોગનો સ્વીકાર કોણ કરે ? જે મરવા માગતો નથી તે. પરંતુ અનુભવ કરવાની ગરજ નથી; એટલા માટે વાર થઈ રહી છે. ગરજ એટલા માટે નથી કે જીવવાની ઇચ્છા છે અને એમાં સંયોગથી આવી મળતા સુખભોગ અને સંગ્રહની ઇચ્છા છે, જે ખાસ અડચણરૂપ છે.

આનાથી પણ બીજી એક ઝીણી વાત છે. હું નિવેદન કરું છું, તમે ધ્યાન દઈને સાંભળો. શરીર-સંસારનો પ્રત્યેક ક્ષણે વિયોગ થઈ રહ્યો છે—એવો નિશ્ચય કરીને બેસી જઈએ. કાંઈ પણ ચિંતન ન કરીએ, પછી ચિંતન થાય તો એ પણ મટી જાય છે. મટવાના પ્રવાહનું નામ જ ચિંતન છે. મટનારાની સાથે આપણો સંબંધ છે જ નહિ. આ બધું નિત્ય નિરંતર મટી રહ્યું છે અને આપણે એ જાણનારા એનાથી અલગ છીએ. આ રીતે આપણા સ્વરૂપને જોઈએ. દિવસમાં પાંચ-છ વાર ૧૫-૧૫ મિનિટ એવું કરતાં રહીએ, પછી એ વાતને તદ્દન છોડી દઈએ. પછી યાદ કરીએ જ નહિ. યાદ ન કરવાથી વાત હૃદયમાં જામી જશે. આવી વિલક્ષણ આ વાત છે ! એને પ્રત્યેક ક્ષણે યાદ કરવાની જરૂર નથી. યાદ કરો તો પૂરી કરી લો અને છોડી દો તો પૂરી છોડી દો, પછી યાદ કરો જ નહિ. જેમ દરરોજ કામ કરીએ છીએ તેમ ને તેમ જ કરતા જાઓ, પછી વાત એકદમ મજબૂત થઈ જશે. આ યાદ કરવાની ચીજ જ નથી, આ તો કેવળ સમજી લેવાની, માની લેવાની ચીજ છે. જેમ કે આ બિકાનેર છે એ તમે યાદ કર્યા કરો છો ? યાદ કરવાથી તો વધુ ફસાઈ જશો, કારણ કે યાદ કરવાથી એને હયાતી (સત્તા) મળે છે. મટાડવાથી હયાતી (સત્તા) મળે છે. આપણે એને મટાડી દેવા માગીએ છીએ તો એની હયાતી માની ત્યારે જ તો એને મટાડી દેવા માગીએ છીએ! જ્યારે આપણે હયાતી માનતા જ નથી, ત્યારે શું મટાડવાનું? તેથી તો એની હયાતી (સત્તા)નો જ સ્વીકાર ન કરીએ.

****

સ્વભાવ સુધારવાની આવશ્યકતા

એવી એવી વાતો યાદ આવે છે કે જો એમાંની એક ઉપર પણ ધ્યાન આપવામાં આવે તો એકદમ લાભ થઈ જાય. એવી કેટલીયે વાતો છે. એમાંની એક વાત કહું છું. મનુષ્યોએ મોટે ભાગે ભજન, સ્મરણ, જપ, કીર્તન, સત્સંગ, સ્વાધ્યાય, વ્રત, નિયમ વગેરેને મહત્વ આપી રાખ્યું છે. એમાં પણ ભજન-સ્મરણને મહત્ત્વ આપે છે. ભગવાનના સંબંધનો જેટલો મહિમા છે, તેટલો બીજા કોઈનો નથી, એ સાચી વાત છે. પરંતુ આમ છતાં જેવો લાભ થવો જોઈએ, તેવો નથી થઈ રહ્યો. આનું કારણ શું છે? તે એ કે મનુષ્ય પોતાનો સ્વભાવ સુધારવા તરફ ધ્યાન આપતો નથી. પુરાણો જેવો સ્વભાવ છે, તેવું જ કર્યે જાય છે. તો એનાથી શું થશે ? કરેલાં ભજન-સ્મરણ ક્યાંય ચાલ્યાં જતાં નથી, એનો નાશ થવાનો નથી, પરંતુ અત્યારના સમયે એનું જીવન શુદ્ધ, નિર્મળ ચમકશે નહિ.

સ્વભાવમાં બે ભયંકર વ્યાધિઓ છે—સંગ્રહ કરવો અને સુખ ભોગવવું. આનાથી સ્વાર્થ અને અભિમાન એ ખાસ દોષ આવે છે. એને કારણે સ્વભાવ બહુ બગડી જાય છે. પોતાનો પણ બગાડ થાય અને બીજાઓનો પણ. તો જો પારમાર્થિક ઉન્નતિ ચાહતા હો તો સ્વભાવનો સુધારો કરો. સ્વભાવનો જે સુધારો છે તે એવા ઊંચા દરજ્જાની ચીજ છે કે ભગવાનને આસ્તિક માને છે, નાસ્તિક નથી માનતાં, પરંતુ સુધરેલા સ્વભાવવાળાઓને આ આસ્તિક અને નાસ્તિક બેઉ માનશે. મનુષ્ય કોઈ પણ સંપ્રદાયનો ભલેને હોય, એનો સુધરેલો સ્વભાવ બધાયને સારો લાગશે, બધાનાં હૃદયમાં એની અસર થશે. પરંતુ જેનો સ્વભાવ બગડી ગયેલો છે, તે પોતાના સંપ્રદાયવાળાઓને પણ સારો નહિ લાગે, તો પછી બીજા સંપ્રદાયવાળાઓ તેનો શું આદર કરશે !

પોતાના સ્વભાવનો સુધારો કરવાનું ઘણું જરૂરી છે. ભગવાને તો એટલું કહી દીધું કે દૈવી-સંપત્તિ મુક્તિને માટે છે અને આસુરી-સંપત્તિ બાંધવાને માટે છે—

'દૈવી સંપદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા ।'

(ગીતા ૧૬ । ૫)

સ્વાર્થબુદ્ધિ, ભોગબુદ્ધિ—એ જ આસુરી સ્વભાવ છે. જેને શીંગડાં હોય તેને 'અસુર' નથી કહેવામાં આવતો. જે સ્વાર્થમાં પડી પૈસાને માટે, ભોગને માટે અનર્થ કરી રહ્યા છે તે 'અસુર' છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે 'રાક્ષસી, આસુરી અને મોહિની સ્વભાવવાળા લોક મારું ભજન નથી કરતા, પરંતુ મારી અવહેલના કરે છે, તિરસ્કાર કરે છે' (ગીતા ૯ । ૧૧-૧૨). રાક્ષસી સ્વભાવવાળા એ છે કે જેઓ ક્રોધમાં આવી બીજાઓનો નાશ કરે, આસુરી સ્વભાવવાળા એ છે કે જેઓ પોતાના સ્વાર્થ માટે, પોતાના સુખને માટે બીજાઓને નાશ કરે અને મોહિની સ્વભાવવાળા એ છે કે જેઓ મૂઢતાથી કોઈ મતલબ વિના બીજાઓનો નાશ કરે, બીજાઓને નુકસાન કરે. આજકાલ આસુરી સ્વભાવ અનેકોમાં છે. ક્રોધ તો આવ-જા કરનારો છે, મૂઢતા સત્સંગથી નષ્ટ થઈ જાય છે, પરંતુ આ સ્વાર્થ દોષ સતત ચાલુ રહે છે. પોતાના શરીરનાં સુખ-આરામ અને અનુકૂળતાની ઇચ્છા એ આસુરી પ્રકૃતિ છે, જે સતત રહ્યા કરે છે.

ક્રોધ અને મૂઢતા (મોહ) એટલા ભયંકર અને નુકસાન કરનારાં નથી કે જેટલો સ્વાર્થ-દોષ છે. સાધકને માટે સ્વાર્થ-બુદ્ધિ ભારે નુકસાનકારક છે. એ ભજન, ધ્યાન, સ્વાધ્યાય વગેરે તો કર્યે જ જાય છે, પરંતુ સ્વાર્થ-દોષ તરફ એની નજર નથી જતી કે આ બાજુ પણ અનર્થ થઈ રહ્યો છે. શરીરને માટે આરામ, ભોગ, સુખ, સંગ્રહની ઇચ્છા અને કોઈ પણ રીતે પોતાની મતલબ સિદ્ધ કરવાની ભાવના ભારે મોટું નુકસાન કરનારી છે. એને લઈ આદમી ઊંચે આવી શકતો નથી. માટે, સજ્જનો ! પોતાના સ્વભાવનો સુધારો કરો, સ્વાર્થ-બુદ્ધિનો ત્યાગ કરીને બીજાઓનું હિત કરો. એના વિના બીમારી મટવાની નથી.

આજના સમયમાં સ્વાર્થ-બુદ્ધિના ત્યાગની ભારે મોટી જરૂર છે. આ સ્વાર્થને કારણે જૂઠાણું, કપટ, બેઈમાની, ઠગાઈ, છેતરપિંડી, વિશ્વાસઘાત વગેરે ન જાણે કેટકેટલાં પાપ થઈ રહ્યાં છે, જેનો કોઈ અંત નથી. તેથી તો જેમ ભૂખ્યાને અન્નની અને તરસ્યાને પાણીની જરૂર હોય છે, તેવી રીતે આ સમયમાં સ્વાર્થનો ત્યાગ કરનારાઓની ભારે મોટી જરૂર છે. આપણા દેશને સ્વાર્થનો ત્યાગ કરનારા મેળવવા ભારે ભૂખ લાગી છે. આપણો દેશ ભૂખે મરી રહ્યો છે ! આ કારણે કોઈ આદમી થોડા પણ સ્વાર્થનો ત્યાગ અને બીજાનું હિત કરે છે, તો તે ખૂબ જ જલદીથી વિલક્ષણ (જુદાં જ લક્ષણ-ઉમદા લક્ષણ ધરાવનારો) થઈ શકે છે.

બીજાને સુખ કેવી રીતે મળે ? બીજાને લાભ કેવી રીતે થાય ? બીજાનું હિત કેવી રીતે સધાય ? આવી એક ભાવના રાખવાથી સ્વાર્થનો ઘણી સરળતાથી ત્યાગ થઈ જાય છે અને સ્વભાવનો સુધારો થઈ જાય છે. પરંતુ જો પોતાના સ્વાર્થને માટે બીજાને સુખ પહોંચાડે છે જેથી પોતાની તેના ઉપર અસર પડે અને બીજો એને સારો સમજે તો એનાથી સ્વભાવમાં અસલી સુધારો થતો નથી. આમ કરવું એ સેવાનું વેચાણ કરવું છે. આથી બીજાને એ રીતે સુખ પહોંચાડે, એ પ્રકારે સેવા કરે કે બીજાને એનો ખ્યાલ પણ ન આવે. જેની સેવા કરવામાં આવે તેને પણ ખ્યાલ ન આવે અને બીજાઓને તો બિલકુલ ખ્યાલ ન આવે, ત્યારે જ સ્વભાવ સુધરી શકે છે.

મનુષ્ય સારું કાર્ય કરે છે, એના બદલામાં સુખ-આરામ, માન-મહત્તા વગેરે ખરીદી લે છે. સારું કાર્ય કરતાં જ એ અભિમાનને પકડી લે છે. આ અભિમાન સંપૂર્ણ આસુરી સંપત્તિનું મૂળ છે. જેમ કે મહાભારતના નલોપાખ્યાનમાં

જોવા મળે છે કે કલિયુગ બહેડા (વૃક્ષ)ના છાંયડામાં રહે છે, એ રીતે જ અભિમાનની છાયામાં કળિયુગ રહે છે. જેટલાં દુર્ગુણ-દુરાચાર છે, તે બધાં એની છાયામાં રહે છે. આ અભિમાન કર્યું-કરાવ્યું બધું નષ્ટ કરી નાખે છે. આજકાલ તો આ અભિમાનને જ દરેક વાતથી ખરીદે છે ! દાન-પુણ્ય કરે તો, ભજન-સ્મરણ કરે તો, જપ-ધ્યાન કરે તો, ઉપકાર કરે તો, સેવા કરે તો—એ અભિમાનને જ ખરીદે છે, જે આસુરી સંપત્તિનું અસલ મૂળ છે. માટે તો એનો ત્યાગ કરવાથી સ્વભાવ સુધરશે. આ કાંઈ મુશ્કેલ કામ નથી. વિચાર પાકો થઈ જાય કે આપણે તો અભિમાનનો ત્યાગ જ કરવાનો છે, તો ત્યાગ થઈ જશે, બાકી તો એ ભારે હિંમતનું કામ છે. દરરોજ ત્રણ લાખ નામ જપ કરી લેશે અને બધાં કામ કરી લેશે, પણ અભિમાન છોડશે નહિ ! સાધુ થઈ જશે, ત્યાગ કરી દેશે, પરંતુ 'હું ત્યાગી છું' એમ ત્યાગનું અભિમાન એવું ને એવું રાખશે !

અહંકાર રાક્ષસ મહાન્ દુઃખદાયી સબ ભાઁતિ ।
જો છૂટે ઇસ દુષ્ટસે, સોઈ પાવૈ શાંતિ ॥

આ અહંકાર મોટો રાક્ષસ છે. એ માટે, સજ્જનો ! સ્વભાવને શુદ્ધ અને નિર્મળ બનાવો. જે દુર્ગુણો-દુરાચાર દેખાય તે કાઢી નાંખો. આમ થતાં ભજન-સ્મરણનો ભારે વિલક્ષણ પ્રભાવ પડશે. આ બધા રાક્ષસો (સ્વાર્થ અને અભિમાન) સાથે બેઠા છે, તેથી જ પેલાનો પ્રભાવ પડવા દેતા નથી, સાધકને અસંગ (અનાસક્ત) થવા દેતા નથી. એ માટે સ્વભાવનો સુધારો કરવાની, એને શુદ્ધ બનાવવાની ભારે મોટી જરૂર છે.

****

અવગુણો મટાડવાનો ઉપાય

પોતાના અવગુણ પોતાને દેખાવા લાગી જાય, એ ઘણી ઉત્તમ વાત છે. આ જેટલું સ્પષ્ટ દેખાશે, તેટલો જ એ અવગુણની સાથેના સંબંધનો વિચ્છેદ થશે. આ એક મોટા તત્ત્વની વાત છે.

જ્યારે સાધકને પોતાનામાં દોષ દેખાય છે, ત્યારે એ તેનાથી ગભરાય છે અને દુઃખી થાય છે કે શું કરું, હું સાધક કહેવડાવું છું અને મારી દશા કેવી છે ! તો આ દુઃખી થવું તો સારું જ છે. પરંતુ આ દોષ મારામાં છે—એવું માનવું સારું નથી. ધ્યાન આપો, સાધકને માટે ઘણી ઉત્તમ વાત છે. જેમ કે આંખમાં લાગેલા કાજળને આંખ જોતી નથી, પરંતુ બીજી બધી ચીજોને જુએ છે, તે જ પ્રમાણે જ્યાં સુધી અવગુણ પોતાની ભીતર રહે છે, ત્યાં સુધી એ સ્પષ્ટ રીતે જોવામાં આવતો નથી, પરંતુ જ્યારે અવગુણ દેખાવા લાગે, ત્યારે સમજવું જોઈએ કે અવગુણ મારાથી કાંઈક દૂર થયો છે. જો અવગુણ દૂર ન હોય તો દેખાય કેવી રીતે ? જેટલો સ્પષ્ટ, સાફ દેખાય તેટલો જ એ (સાધકને) પોતાનાથી દૂર જઈ રહ્યો છે. અત્યંત દૂરની વસ્તુ અને અત્યંત નજીકની વસ્તુ, એ બેઉ આંખોથી દેખાતી નથી. તેથી અવગુણ દેખાતાં પ્રસન્નતા થવી જોઈએ કે હવે મારામાં દોષ નથી; હવે એ નીકળી રહેલો છે, મટી રહ્યો છે. ભૂલ ત્યારે જ થાય છે, જ્યારે સાધક એને પોતાનામાં માની લે છે.

પોતાનામાં દોષને માની લેવો એ ઘણી મોટી ભૂલ છે. પોતાનામાં માનવાથી દોષને સત્તા મળે છે, જ્યારે કે દોષની સ્વતંત્ર સત્તા છે જ નહિ. તમારી પોતાની સ્વતંત્ર સત્તા છે. દોષને પોતાનામાં માની લેવાથી એ સત્તા દોષને મળ્યા કરે છે. તેથી એ દોષ જીવતો જ રહે છે, મરતો નથી; કારણ કે એને તમારું બળ મળ્યું છે.

દોષ (સાધકને) પોતાનામાં નથી—એની એક પિછાણ તો એ છે કે એ દેખાવા લાગ્યો. બીજી પિછાણ એ છે કે જો (સાધકને) પોતાનામાં દોષ હોય, તો એ બધા સમયે દેખાતો રહેવો જોઈએ. જ્યાં સુધી 'હું છું' એવું જ્ઞાન રહે છે, ત્યાં સુધી એની સાથે સાથે દોષના રહેવાનું પણ જ્ઞાન હોય છે શું ? એ કાયમ રહેતો નથી. એ આવે છે અને જાય છે. તો આવો આવ-જા કરનારો દોષ (સાધકને) પોતાનામાં કેવી રીતે હોઈ શકે ? હું વારંવાર તમને લોકોને કહું છું કે પોતાનામાં દોષને માની લેવો એ મોટી ભૂલ છે. એવડી મોટી ભૂલ છે કે દોષને નિમંત્રણ દઈને બોલાવી રહ્યા છીએ કે આપણી પાસેથી એ ક્યાંય ચાલ્યો ન જાય ! આ પ્રકારે તમે દોષને આગ્રહપૂર્વક નિમંત્રણ આપીને સાચવી રાખો છો.

મૂળમાં દોષ (સાધકમાં) પોતાનામાં નથી; કારણ કે—

ઈસ્વર અંસ જીવ અબિનાસી । ચેતન અમલ સહજ સુખરાસી ॥

(માનસ ૭ । ૧૧૭ । ૧)

જીવ પોતે ઈશ્વરનો અંશ, હમેશાં રહેવાવાળો, ચેતન, જ્ઞાનસ્વરૂપ છે. એ નિર્મળ છે, એટલે કે એનામાં મળ નથી અને સ્વાભાવિક રીતે સુખનો ઢગલો છે. સહજ સ્વાભાવિક જ સુખનો ઢગલો હોવા છતાં પણ જે આ બીજા પાસેથી (સંયોગથી ઉત્પન્ન થનારા) સુખની ચાહના કરે છે, તે ભૂલ કરે છે. જ્યારે બીજાની તરફથી વૃત્તિ હટીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરશે, ત્યારે એ સહજ સુખનો અનુભવ થશે.

ના સુખ કાજી પંડિતાઁ, ના સુખ ભૂપ ભયાઁ ।
સુખ સહજાઁ હી આવસી તૃષ્ણા રોગ ગયાઁ ॥

બીજાની પાસેથી સુખની ઇચ્છા, લોલુપતાના મટી જવાથી જ સહજ સુખ પ્રગટ થશે અને સહજ સુખથી મન સ્થિર થશે. ગોસ્વામી મહારાજ (તુલસીદાસજી) કહે છે—

નિજ સુખ બિનુ મન હોઇ કિ થીરા ।

(માનસ ૭ । ૯૦ । ૪)